વિધવાવિવાહ.

શાસ્ત્રાધાર.

વિધવાવિવાહ.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના

મૂળ ગ્રંથ ઉપરથી,

વિષ્ણુ પરશરામ શાસ્ત્રી પંડિતે

મરાઠીમાં ભાષાન્તર કર્યું છે,

તે ઉપરથી

લાલશંકર ઉમિયાશંકર ત્રવાડીએ

ગુજરાતીમાં આ ભાષાંતર કર્યું.

આવૃત્તિ બીજી.

અમદાવાદ,

આર્યોદય પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૬૧. સને ૧૯૦૫.

કિમ્મત ૬ આના.

પ્રસ્તાવના.

પરમેશ્વરે અકલ આપી છે તેનો ખરો ઉપયોગ કરવાથી, સારા સારા માણસોનાં ભાષણ સાંભળવાથી, તે વિષય પર રચયાલા નિબંધો વાંચવાથી, અને વિધવાઓનાં અસહ્ય દુઃખ જોવાથી, મારા મનની સંપૂર્ણ ખાતરી થઇ, કે બાળવિધવા વિવાહ કરવાનો ચાલ પાડવો એ ઘણુંજ અગત્યનું છે. આપણા શાસ્ત્રોમાં તેની છુટ આપી છે કે નહીં તેનો મેં સારીપેઠે વિચાર કર્યો નહોતો. અમદાવાદમાં જ્યારે પુનર્વિવાહોત્તેજક મંડળી સ્થાપવાની વાત ચાલી, ત્યારે એ વિશે વધારે માહિતી મેળવવાની મને ખાએશ થઇ. એક દિવસ એ વિષયપર વાતચીત કરતાં મારા એક મિત્રે મને આ મરાઠી પુસ્તક વાંચવાની ભલામણ કરી, અને મેહેરબાની કરી તે પુસ્તક મને વાંચવાને આણી આપ્યું. મેં જ્યારે એ પુસ્તક બરોબર ધ્યાન દેઇને વાંચ્યું ત્યારે મારા મનની બધી શંકાઓ દૂર થઇ, અને મને લાગ્યું કે જો એ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થાય, તો શાસ્ત્રથી અજાણ એવા ગુજરાતીઓ તેની ખરી માહિતી મેળવે, પોતાની શંકાઓ દૂર કરે, અને પોતે જલદી દુઃખમાંથી છુટે.

તારીખ ૪ થી ડીસેમ્બર સન ૧૮૬૬ ને રોજ જ્યારે "અમદાવાદ બાળ વિધવાવિવાહોત્તેજક મંડળીના વ્યવસ્થાપક ગૃહસ્થોની સભા" ભરાઇ હતી, ત્યારે આ પુસ્તકના ભાષાંતરની બહુ જરૂર છે એવું ઘણા જણે કહ્યું, તે ઉપરથી તેનું ભાષાંતર કરવાને સભા આગળ મેં કબુલ કર્યું.

પુનર્વિવાહ ઉપર આજ સુધી જે ભાષણો થયાં છે, અને જે નિબંધો લખાયા છે, તે કરતાં આ ભાષાંતર જુદીજ રીતનું છે. ધર્મના આધાર વગરની એકે વાત લોકો માનતા નથી. માટે આ પુસ્તકમાં ધર્મ સંબંધી વાદવિવાદથી સિદ્ધ કરી આપ્યું છે કે વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે. આ પુસ્તક પેહેલેથી તે છેલે સુધી જે કોઈ નિષ્પક્ષપાતપણે બરોબર ધ્યાન આપીને વાંચશે તેની વિધવાવિવાહ સશાસ્ત્ર છે એવી ખાત્રી થયા સિવાય રહેશે નહીં.

સાધારણ લોકોમાં એવો દૃઢ નિશ્ચય થઈ ગયો છે કે, ઉત્તમ

વર્ણુંમાં કળિયુગમાં પુનર્વિવાહ કરવાને આપણા ભવિષ્યવાદી પ્રાચીન ઋષિયોએ બીલકુલ મનાઇ કરી છે. આ બોલવું જો કે દેખાઇતું તો ખરૂં લાગે છે, પણ આપણા જગમિત્ર અને શુદ્ધ ધર્મને અપમાન પમાડનારૂં અને કેવળ નિરાધાર છે એવું, કલકત્તાની સંસ્કૃત કાલેજના પ્રીન્સીપાલ મહા વિદ્વાન બાબુ ઇશ્વિરચંદ્ર વિદ્યાસાગરે ફતેહમંદીથી સિદ્ધ કર્યું છે. માન્ય કરવા લાયક જુના સ્મૃતિકારોનાં વચન પોતાની તરફેણમાં એકઠાં કરી, ખરેખરા ન્યાયથી વિધવાવિવાહ સશાસ્ત્ર છે, એ તેમણે સિદ્ધ કર્યું છે. તેમનાં પ્રમાણોનું મહત્ત્વ, તેમની તકરાર લેવાની રીતભાત વગેરેમાં જરાએકે શક ભરેલું એમણે રાખ્યું નથી.

ઉપરની ફરજ બજાવવામાં સદરહુ ગ્રંથકારે પોતાના મનની ખાત્રી ઉપર પોતાની તકરારના ખરા ખોટાપણાનો ભરોસો રાખ્યો નથી, પણ તેમણે હાલના બીજા ઘણા વિદ્વાન બંગાળી પંડિતોની પણ સલાહ લીધી હતી. તે બધાઓએ લખી આપ્યું હતું કે તેમનો મત બીલકુલ ખરો છે.

બધા લોકો શાસ્ત્ર જાણતા નથી તેથી, અથવા જુદા જુદા સ્મૃતિકારોનાં દેખીતાં વિરૂદ્ધ મતોનું તોલન કરવાની શકિત ખરેખરી ન હોવાથી ગરીબ અનાથ વિધવાઓ, તેમાં વિશેષે કરીને બાળરાંડો, વગર કારણે સંસાર સુખ તજીને અસહ્ય દુઃખો ભોગવે છે, એ ગ્રંથકારે સારી રીતે બતાવી આપ્યું છે.

આ ગ્રંથમાં પુનરૂક્તિ અથવા એકની એક વાત અમસ્તી ફરીને લખવાનો દોષ કેટલાએક મુકશે. પરંતુ વિષયના સ્વરૂપ ઉપરથી તેને શાસ્ત્રનાં પ્રમાણ લગાડવાં પડયાં, અને તેથી તેમાં કેટલાએક સંસ્કૃત શબ્દ, અને વિવાદપદ્ધતિ ગ્રહણ કરવાની તથા લેવાની જરૂર પડી. વળી હાલના ઘણાખરા સાધારણ વાંચનારાઓને શાસ્ત્રવચનોથી વાદવિવાદ સમજવો જરા કઠણ પડે, અને એક બીજાને સંબંધ હોય એવી વાતનાં લાંબાં પ્રમાણોનું અનુસંધાન ધ્યાનમાં લાવવું તે તેનાથીએ કઠણ પડે, માટે મૂળ ગ્રંથકર્તા અને ભાષાંતર કર્ત્તાઓએ પુનરૂક્તિ તરફ લક્ષ ન આપતાં આ વિષય જેમ બને તેમ સહેલો અને સમજી શકાય તેવો કરવાને મહેનત લીધી છે.

મરાઠી ગ્રંથમાંથી મેં અક્ષરે અક્ષરનું ભાષાંતર કર્યું નથી. તેમ તે-માંનો કોઇ મુખ્ય ભાગ ભાષાંતર કર્યા વગર રહેવા પણ દીધો નથી. કેટલેક ઠેકાણે ગુજરાતને લાગુ ન પડે એવા દાખલા હતા તેનું ભાષાંતર કર્યું નથી. મૂળ ગ્રંથકર્ત્તાએ બંગાળીમાંથી અંગ્રેજી કર્યું ત્યારે બંગાળીમાં-ના કેટલાએક અધ્યાય અંગ્રેજી વાંચનારને અનુપયોગી જાણીને તે અંગ્રે-જીમાં લીધા નથી. અને તેથી તે ગુજરાતીમાં પણ લીધા નથી.

વિધવાવિવાહ વિશે શાસ્ત્રના આધારથી કેટલાક સુધારાવાળા બરો-બર જાણીતા નહોતા, તેથી તેમની સાથે વાદવિવાદ કરવામાં આજ સુધી સુધારાના વિરોધીઓએ ઘણા ફાયદા અને જય મેળવ્યાછે. શાસ્ત્રા-ધારની બીનમાહિતીને લીધે સુધારાવાળાઓને આજ સુધી એવી બીક હતી કે, જો આપણે લોકોને કંઇ કહીશું તો શાસ્ત્રીઓ જુના ઋષિઓનાં વચન વિરૂદ્ધમાં કહાડીને લોકોને ભરમાવશે; અને તેથી લોકો આપણું કંઇ માનશે નહીં. ઇશ્વિરકૃપાથી એ ધાસ્તો હવે દૂર થઇ છે, અને આપણા પરોપ-કારી, ઉત્તમ શાસ્ત્રોની કુંચી સર્વ સુધારાવાળાઓના હાથમાં આવવા માંડી છે. હવે ફક્ત વખતને વાસ્તેજ પંચાત રહી છે. જેમ હઠીલા લોકો વધારે હઠીલાઇ કરશે તેમ તેમના વંશજ તેમને નિંદશે અને સુધારાને વાર થશે; પણ સુધારો તો થવાનોજ એમાં કંઇ શક નહીં. અરે અભાગા વિધવાઓ! તમે ખરા અંતઃકરણથી ઇશ્વિરનું સ્મરણ કરજો કે તે જલદીથી તમારા દુઃખનો અંત આણે.

સને ૧૮૬૭ લા૦ ઉ૦ ત્ર૦

અનુક્રમણિકા.

વિધવાવિવાહ.

વિધવાઓનો વિવાહ ન કરવાના ચાલથી જે અનેક પ્રકારના અનર્થ થાય છે, તે વિશે ઘણા હિંદુ લોકોની સારીપેઠે ખાતરી થએલી છે. કેટલાએક લોકો પોતાની વિધવા થએલી છોકરી, બેન, વગેરેનો વિવાહ કરી નાખવાને હમણાં તૈયાર છે, અને કેટલાએક હજીસુધી તૈયાર નથી; તોપણ વિધવાઓનો વિવાહ થવાની વાત ઘણી જરૂરની છે એવું તો તેઓ માને છે.

વિધવાવિવાહ આપણા શાસ્ત્ર પ્રમાણે છે કે નહીં એ વાતનો વિચાર કેટલાએક દિવસ પહેલાં બંગાળાના કેટલાએક મુખ્ય મુખ્ય પંડિતોએ કર્યો છે. પરંતુ હિંદુસ્તાનના હાલના પંડિતોનો એવો કંઇ ચમત્કારિક સંપ્રદાય પડી ગયો છે કે, કોઇ એકાદ વિષય ઉપર વાદવિવાદ કરવા લાગ્યા, તો પોતાનો પક્ષ સ્થાપન કરી જય મેળવવાને એટલું બધું તેઓ અભિમાન રાખે છે કે, તે વિષયનો ખરેખરો વિચાર બિલકુલ છોડી દેવો પડેછે. માટે પંડિતોની સભા ભરીને કોઇ વાતનો ખરેખરો નિર્ણય કરવાનું મનમાં લાવીએ તો તે થવાની આશા નહીં. વિધવાવિવાહ શાસ્ત્ર પ્રમાણે છે કે નહીં, એ વિશે બંગાળાના પંડિતોએ વિચાર કર્યો એવું ઉપર લખ્યું, પરંતુ તે વિચારમાં એવું થયું કે, દરેક પક્ષના લોકો, પોતાનો જય થયો અને સામા પક્ષનો પરાજય થયો, એવું માનવા લાગ્યા. આ ઉપરથી તે વિચારમાં શો નિર્ણય થયો હશે તે સુહેજ સમજાય છે. એટલે તેનું કંઇ પરિણામ નિપજ્યું નહીં. તોપણ તેથી એક મોટો ફાયદો એ થયો કે, તે દિવસથી બંગાળાના ઘણા લોકોને એ વિષયનો ખરો નિર્ણય જાણવાની ઘણી આતુરતા થઈ. તે આતુરતા જોઇને આ ગ્રંથનો મૂળ રચનાર કલકત્તાનો એક પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વિધવાને પરણાવવામાં કંઇ બાધ છે કે નહીં, તેનો વિચાર કરવા લાગ્યો. અને તે વિશે જે નિર્ણય તેને સંશયરહિત માલમ પડ્યો તે તેણે બંગાળી તથા અંગ્રેજી ભાષાઓમાં છપાવી પ્રગટ કર્યો. તે અંગ્રેજી ગ્રંથ ઉપરથી કેટલા-

એક અધ્યાયનું લખાણું પરશુરામ શાસ્ત્રી પંડિતે મરાઠીમાં ભાષાન્તર કર્યું છે, અને તે ઉપરથી આ ગુજરાતીમાં ભાષાન્તર કર્યું છે, તે નિષ્પક્ષપાતપણે પહેલેથી છેલ્લેસુધી વાંચી, પછી વિધવાવિવાહનો સંપ્રદાય ચાલુ કરવાની જરૂરછે કે નહીં, તેનો હિંદુ લોકોએ નિર્ણય કરવો.

આજ હજારો વર્ષ થયાં વિધવાવિવાહનો ચાલ બંધ પડ્યો છે, તે હમણાં ચલાવવો એ કેવળ નવીજ વાત છે, માટે તે સંપ્રદાય વ્યાજબી છે એ પ્રમાણો સહિત બતાવવું જોઇએ. કેમકે જો તેમ નહીં કરીએ તો ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારા લોક તે ચાલ પાડવાનો મત નહીં આપે. માટે પહેલેથીજ એ સંપ્રદાયનું ખરાપણું સિદ્ધ કરવું જોઇએ, પણ ફકત યુકિતથીજ એ વાત સિદ્ધ કરવામાં શું ફળ થવાનું ? ધર્મ સંબધી બાબતોમાં શાસ્ત્રના આધાર વગર ફકત યુકિતથી કંઇ કરીશું તો તે આપણા લોક કદી માનનાર નહીં, કેમકે એવી બાબતમાં હિંદુઓ શાસ્ત્ર ઉપરજ મજબુત આધાર રાખે છે અને ધર્મશાસ્ત્ર પ્રમાણે જે વાત હોય તે વ્યાજબી છે એવું તેઓ માને છે. માટે વિધવાવિવાહ શાસ્ત્ર પ્રમાણે છે કે નહીં, તેનો પ્રથમ નિર્ણય કરવો જોઇએ.

કયા કયા ગ્રંથોને ધર્મશાસ્ત્ર ગણવાં એ વિશે યાજ્ઞવલ્કય સંહિતાના પહેલા અધ્યાયમાં કહ્યું છે કેઃ—

मन्वत्रिविष्णुहारीतयाज्ञवल्क्योशनोऽङ्गिराः ।
यमापस्तम्बसंवर्त्ताः कात्यायनबृहस्पती ॥
पराशरव्यासशंखलिखिता दक्षगोतमौ ।
शातातपो वसिष्ठश्च धर्मशास्त्रप्रयोजकाः ॥

અર્થ—"મનુ, અત્રિ, વિષ્ણુ, હારીત, યાજ્ઞવલ્કય, ઉશના, અંગિરા, યમ, આપસ્તંબ, સંવર્ત્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, વ્યાસ, શંખ લિખિત, દક્ષ, ગોતમ, શાતાતપ, અને વસિષ્ઠ એ ધર્મશાસ્ત્રના ગ્રંથકર્ત્તા છે."

ઉપર કહેલા ઋષિઓનાં કરેલાં શાસ્ત્રોને ધર્મશાસ્ત્ર કહેવાં.* આ શાસ્ત્રોમાં જે ધર્મ કહ્યા છે તે હિંદુલોકો માને છે. કોઈ પણ વાત આ

---

* એ સિવાય નારદ, બોધાયન, વગેરે બીજા ચૌદ ઋષિઓનાં કરેલાં શાસ્ત્રને પણ ધર્મશાસ્ત્ર કહે છે.

શાસ્ત્રો પ્રમાણે હોય તે વ્યાજબી, અને તેમના પ્રમાણે ન હોય તે ગેર વ્યાજબી, એમ તેઓ ગણેછે. માટે વિધવાવિવાહ જો એ શાસ્ત્રોમાં કહ્યા-હશે તો તેનો અંગીકાર થશે, અને નહીં કહ્યો હોય તો તેનો પરિત્યાગ કરવો પડશે.

બધાં ધર્મશાસ્ત્રોમાં કહેલા ધર્મ બધા યુગમાં આચરવા કે જુદા જુદા યુગમાં તેમાં કંઈ ફેરફાર થાયછે તે વિશે મનુસ્મૃતિમાં નીચે પ્રમાણે છે:—

अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरेऽपरे ।
अन्ये कलियुगे नृणां युगह्रासानुरूपतः ॥

અર્થ, "કૃતયુગથી કળિયુગસુધી માણસના મનની શકિત ઓછી ઓછી થતી જાય છે. માટે કૃતયુગના ધર્મ જુદા, ત્રેતાયુગના જુદા, દ્વાપરયુગન જુદા. અને કળિયુગના જુદા" એટલે, પહેલા ત્રણ યુગોમાં લોકો જે ધર્મ પ્રમાણે ચાલતા હતા, તે મુજબ કળિયુગના લોકો ચાલતા નથી. કેમકે માણસના મનની શકિત દરેક ઉતરતા યુગમાં ઓછી થાય છે. ત્રેતાયુગના લોકોને સત્યયુગના* ધર્મ આચરવાની શકિત નહોતી; દ્વાપરયુગના માણસોને સત્ય અને ત્રેતાયુગના ધર્મ આચરવાની શકિત નહોતી; અને કળિયુગના લોકોને, સત્ય, ત્રેતા, અને દ્વાપર એ ત્રણે યુગના ધર્મ આચરવાની શકિત નથી.

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, કળિયુગના લોક પહેલાના ત્રણ યુગના ધર્મ આચરવાને અસમર્થ છે. ત્યારે હવે કળિયુગના લોકોએ કયા ધર્મ આચરવા? મનુએ તો ફકત જુદા જુદા યુગમાં જુદા જુદા ધર્મ છે એટલુંજ કહેલું છે, પણ તે જુદા જુદા ધર્મ કયા તે કંઇ કહ્યું નથી. અત્રિ, વિષ્ણુ, હારીત વગેરેના ગ્રંથોમાં પણ તે પૃથક પૃથક રીતે કહ્યા નથી. આ બધાએ કેટલાએક ધર્મ કહ્યા છે, પરંતુ જુદા જુદા યુગમાં માણસની શકિત કમિ થાયછે માટે કયા યુગમાં કયા ધર્મ આચરવા, તેનો વિચાર કરવો જોઇએ તે કર્યો નથી. તે વિવેક તો ફકત પરાશર સંહિતામાંજ કરેલો જણાય છે. પરાશર સંહિતાના પહેલા અધ્યાયમાં નીચે પ્રમાણે છે.

---

* કૃતયુગ અને સત્યયુગ એ બંને એકજ છે.

कृते तु मानवा धर्मास्त्रेतायां गौतमाः स्मृताः ॥
द्वापरे शंखलिखिताः कलौ पाराशराः स्मृताः ॥

અર્થ, " **મનુસ્મૃતિમાં** કહેલા ધર્મ સત્યયુગમાં આચરવા; **ગોતમસ્મૃતિમાં** કહેલા ધર્મ ત્રેતાયુગમાં આચરવા; **શંખ અને લિખિતની** સ્મૃતિમાં કહેલા ધર્મ દ્વાપરયુગમાં આચરવા; અને **પરાશરસ્મૃતિમાં** કહેલા ધર્મ કળિયુગમાં આચરવા."

એટલે સત્ય, ત્રેતા, અને દ્વાપર, એ ત્રણે યુગના લોકોએ **મનુ, ગોતમ, અને શંખ**, તથા લિખિતે કહેલા ધર્મ અનુક્રમે આચર્યા. અને કળિયુગના લોકોએ પરાશરના કહેલા ધર્મ આચરવા.* આ ઉપરથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જ્યારે પરાશરે કળિયુગને માટે ધર્મ કહ્યા છે ત્યારે તેના શાસ્ત્રને અનુસરીને કળિયુગના લોકોએ ચાલવું જોઇએ.

પરાશર સંહિતાની પ્રસ્તાવના નીચે લખેલી છે તે વાંચી જોયાથી સાફ માલમ પડે છે કે, કળિયુગના ધર્મ કહેવાનોજ પરાશરનો હેતુ છે.

अथातो हिमशैलाग्रे देवदारुवनालये ।
व्यासमेकाग्रमासीनमपृच्छन्नृषयः पुरा ॥
मानुषाणां हितं धर्मं वर्तमाने कलौ युगे ।
शौचाचारं यथावच्च वद सत्यवतीसुत ॥
तच्छ्रुत्वा ऋषिवाक्यन्तु सशिष्योऽग्न्यर्कसन्निभः ।
प्रत्युवाच महातेजाः श्रुतिस्मृतिविशारदः ॥

---

* મનુના કહેલા ધર્મ સત્યયુગમાં, ગોતમના કહેલા ત્રેતાયુગમાં, શંખ અને લિખિતના કહેલા દ્વાપરયુગમાં, અને પરાશરના કહેલા કળિયુગમાં આ પ્રમાણે ધર્મ આચરવાનું કહ્યું, ત્યારે બીજા ઋષિયોએ કહેલા ધર્મ ક્યારે આચરવા? જ્યારે મન્વાદિકના ધર્મ સત્યાદિકયુગને વાસ્તે જ અનુક્રમે વિશેષ કરીને કહ્યા છે, ત્યારે એ સ્મૃતિયોથી વિરૂદ્ધ ન હોય એવા બીજા ઋષિયોના ધર્મ બધા યુગમાં આચરવા જોઈએ.

न चाहं सर्व्वतत्त्वज्ञः कथं धर्मं वदाम्यहम् ।
अस्मत्पितैव प्रष्टव्य इति व्यासः सुतोऽवदत् ॥
ततस्ते ऋषयः सर्व्वे धर्मतत्त्वार्थकाङ्क्षिणः ।
ऋषिं व्यासं पुरस्कृत्य गता बदरिकाश्रमम् ॥
नानावृक्षसमाकीर्णं फलपुष्पोपशोभितम् ।
नदीप्रस्रवणाकीर्णं पुण्यतीर्थैरलंकृतम् ॥
मृगपक्षिगणाढ्यं च देवतायतनावृतम् ।
यक्षगन्धर्व्वसिद्धैश्च नृत्यगीतसमाकुलम् ॥
तस्मिन्नृषिसभामध्ये शक्तिपुत्रं पराशरम् ।
सुखासीनं महात्मानं मुनिमुख्यगणावृतम् ॥
कृतांजलिपुटो भूत्वा व्यासस्तु ऋषिभिः सह ।
प्रदक्षिणाभिवादैश्च स्तुतिभिः समपूजयत् ॥
अथ सन्तुष्टमनसा पराशरमहामुनिः ।
आह सुस्वागतं ब्रूहीत्यासीनो मुनिपुंगवः ॥
व्यासः सुस्वागतं ये च ऋषयश्च समन्ततः ।
कुशलं कुशलेत्युक्त्वा व्यासः पृच्छत्यतः परम् ॥
यदि जानासि मे भक्तिं स्नेहाद्वा भक्तवत्सल ।
धर्मं कथय मे तात अनुग्राह्यो ह्यहं तव ॥
श्रुता मे मानवा धर्मा वासिष्ठाः काश्यपास्तथा ।
गार्गेया गौतमाश्चैव तथा चौशनसाः स्मृताः ॥
अत्रेर्विष्णोश्च सांवर्त्ता दाक्षा आंगिरसास्तथा ।
शातातपाश्च हारीता याज्ञवल्क्यकृताश्च ये ॥
कात्यायनकृताश्चैव प्राचेतसकृताश्च ये ।

आपस्तम्बकृता धर्माः शंखस्य लिखितस्यच ॥
श्रुता ह्येते भवत्प्रोक्ताः श्रुतार्थास्ते न विस्मृताः ।
अस्मिन् मन्वन्तरे धर्माः कृतत्रेतादिके युगे ॥
सर्वे धर्माः कृते जाताः सर्वे नष्टाः कलौ युगे ।
चातुर्वर्ण्यसमाचारं किंचित् साधारणं वद ॥
व्यासवाक्यावसाने तु मुनिमुख्यः पराशरः ।
धर्मस्य निर्णयं प्राह सूक्ष्मं स्थूलं च विस्तरात् ॥

અર્થ, "પુરાતનકાળમાં ઋષિયોએ વ્યાસને વિનંતિ કરી કે, હે સત્યવતીના પુત્ર વ્યાસ, કળિયુગમાં માણસોનું હિત કરે એવા ધર્મ અને આચાર કયા તે કહો. ઋષિયોનું આ ભાષણ સાંભળીને વ્યાસ બોલ્યા કે, સઘળી વાતનું તત્ત્વ મારા જાણવામાં નથી માટે કળિયુગના ધર્મ હું શી રીતે કહું? એ ધર્મ કહેવાને મારા પિતા પરાશરની પ્રાર્થના કરવી જોઇએ. પછી બધા ઋષિયો વ્યાસની સાથે પરાશરના મુકામપર ગયા. અને હાથ જોડી, પ્રદક્ષિણા નમસ્કાર કરી પરાશરની સ્તુતિ કરી. પરાશરે પ્રસન્ન થઇ તેમનો આદરસત્કાર કરી ખેમકુશળતાના સમાચાર પુછ્યા. તે ઉપરથી બધાએ કહ્યું કે અમે કુશળ છીએ. પછી વ્યાસ બોલ્યા કે, હે પિતા ! સત્ય, ત્રેતા, અને દ્વાપરયુગના મનુ આદિયે કહેલા વિશેષ ધર્મ તમારી પાસે મેં સાંભળ્યા છે તે હું ભુલી ગયો નથી. સત્યુગમાં સર્વે ધર્મ ઉત્પન્ન થયા, અને કળિયુગમાં તેઓનો નાશ થયો, ત્યારે હવે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિ, અને શુદ્ર એ ચારે વર્ણના છેક સાધારણ ધર્મ કયા તે કહો. આ પ્રમાણે વ્યાસનું ભાષણ થઇ રહ્યા પછી પરાશર વિસ્તારીને કળિયુગના ધર્મ કહેવા લાગ્યા."

પરાશર સંહિતાના બીજા અધ્યાયના પ્રારંભમાં પણ, કળિયુગના જ વિશેષ ધર્મ કહેવાનો પરાશરનો નિશ્ચય છે એવું સાફ જણાય છે તે નીચે પ્રમાણે:—

अतः परं गृहस्थस्य धर्माचारं कलौ युगे ।

धर्मं साधारणं शक्यं चातुर्वर्ण्याश्रमागतम् ॥
संप्रवक्ष्याम्यहं पूर्वं पराशरवचो यथा ॥

અર્થ, " ગૃહસ્થે (એટલે ગૃહસ્થાશ્રમીએ) કળિયુગમાં કયા ધ-ર્મ અને કયા આચાર પાળવા તે હવે હું કહુંછું. ચાર વર્ણના અને ચા-ર આશ્રમના લોકોથી આચરી શકાય એવા જે સાધારણ ધર્મ તે મેં આગળ કહ્યા હતા તેવાજ આજે કહુંછું."

એ ઉપરથી સાફ જણાય છે કે, કળિયુગના ધર્મ અને આચારનો નિર્ણય કરવાનેજ પરાશર સંહિતા છે. એમાં જરાએ સંશય નથી.

હવે પરાશર સંહિતાના ચોથા અધ્યાયમાં વિધવાના ધર્મ અને આચાર કહ્યા છે તે નીચે પ્રમાણેઃ—

नष्टे मृते प्रव्रजिते क्लीबेच पतिते पतौ ।
पञ्चस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥
मृते भर्तरि या नारी ब्रह्मचर्य्ये व्यवस्थिता ।
सा मृता लभते स्वर्गं यथा ते ब्रह्मचारिणः ॥
तिस्रः कोट्योर्द्धकोटी च यानि लोमानि मानवे ।
तावत् कालं वसेत् स्वर्गं भर्त्तारं यानुगच्छति ॥

અર્થ, "ધણીનો પત્તો ન લાગતો હોય, ધણી મરી ગયો હોય, સ-ન્યાસી થયો હોય, નપુંસક હોય, અથવા પતિત થયો હોય તો, એ પાંચે વખતે સ્ત્રીએ બીજો વર કરવો. જે સ્ત્રી પતિના મરણ પછી બ્રહ્મચર્ય વ્રત પાળે તેને બ્રહ્મચારી પ્રમાણે સ્વર્ગનું સુખ મળે, જે સ્ત્રી ધણીના મરણ પછી તેની સાથે સતી થાયછે તેને, માણસના અંગ ઉપર સાડા ત્રણ કરોડ રૂઆં છે તેટલા કાળ સુધી (એટલે કરોડો વરસ) સ્વર્ગ-વાસ મળે છે."

આ પ્રમાણે વિધવાવિવાહ, બ્રહ્મચર્ય, અને સતી થવું એ ત્રણ પ્ર-કારના ધર્મ પરાશરે કહ્યા છે. તેમાંનો સતી થવાનો ચાલ તો હાલની સ-રકારના હુકમથી બંધજ થયો છે. હવે વિધવાવિવાહ, અને બ્રહ્મચર્ય એ

એજ ધર્મ રહ્યા છે. પરંતુ કળિયુગમાં બ્રહ્મચર્યથી રહેવું એ વિધવાઓને ઘણુંજ કઠણ છે. એવું અંતઃકરણથી સમજીને જગતનું હિતકર્ત્તા પરાશર ઋષિયે પેહેલો પ્રકાર પરણવાનો કહ્યો. અસ્તુ. એનો તાત્પર્ય એકે કળિયુગમાં ઉપર કહેલા પાંચ પ્રકારની અડચણ પડે તો સ્ત્રીએ પુનર્વિવાહ કરવો, એવું પરાશરનું કહેવું છે; માટે કળિયુગમાં વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે.

કળિયુગમાં વિધવાવિવાહ સશાસ્ત્ર છે એ સિદ્ધ થયા પછી, હમણાં વિધવાના પુનર્વિવાહ પછી થએલા છોકરાને પૌનર્ભવ[1] કહેવો કે નહીં, એ વાતનો નિર્ણય પરાશર સંહિતામાંજ કર્યો છે. પહેલાના યુગમાં જુદા જુદા બાર પ્રકારના છોકરા ધર્મશાસ્ત્ર પ્રમાણે અધિકારી ગણેલા છે.

પરંતુ કળિયુગમાં પરાશરે તેમાંના ત્રણ રાખીને બાકીના રદ કર્યા. ત્રણ રાખ્યા તે નીચે પ્રમાણે:--

औरसः क्षेत्रजश्चैव दत्तः कृत्रिमकः सुतः

અર્થ, "ઔરસ, દત્તક, અને કૃત્રિમ"[2]

આ પ્રમાણે કળિયુગમાં પરાશરે ત્રણ પ્રકારના પુત્ર કહ્યા. એક ઔરસ એટલે પેટે થએલો, એક દત્તક એટલે પાલણ પોષણ કરવાને ખોળામાં લીધેલો, અને એક કૃત્રિમ એટલે કૃતિથી કરેલો. પૌનર્ભવનું તો તે કહેતોજ નથી. પણ જ્યારે તે વિધવાવિવાહની આજ્ઞા કરે છે, ત્યારે તેનાથી થએલો છોકરો યથાશાસ્ત્ર એટલે કાયદા પ્રમાણે વારસ છે, એવો તેનો ભવાર્થ છે.

હવે એ છોકરાને શું કહેવું? ઔરસ, દત્તક, કે કૃત્રિમ, એ વિશે શંકા થાય છે. દત્તક અથવા કૃત્રિમ એ બેમાંથી તો એકે એને ન કહી શકાય. કેમકે બીજા માણસોનો છોકરો શાસ્ત્રવિધિ પ્રમાણે પાળવા-

---

૧ "વિધવાના ફરી લગનથી થએલો પુત્ર." પ્રાચીન યુગમાં પૌનર્ભવને નીચી પ્રતીનો પુત્ર માનતા હતા.

૨ મૂળ વાકયમાં ચાર પ્રકારના પુત્ર કહ્યા છે, પરંતુ દત્તકમીમાંસામાં નંદ પંડિતે, એ વાકયની વ્યાખ્યા કરીને કળિયુગમાં ઔરસ, દત્તક, અને કૃત્રિમ, એવા ત્રણજ પુત્ર છે એવું સ્થાપન કર્યું છે. તેનુંજ અનુસરણ અહિંયાં કર્યું છે.

પરાશર સંહિતામાં વિધવાવિવાહની આજ્ઞા કરી છે અને બાર પ્રકારના છોકરામાંથી કળિયુગમાં ત્રણ પ્રકારનાજ છોકરા કાયદા પૂર્વક છે એમ કહ્યુંછે. તેમાંથી દત્તક અને કૃત્રિમ એ બંનેનાં ઉપર કહેલાં લક્ષણ સ્વજાતીની વિધવા સાથે પરણ્યા પછી તેને પેટે થએલા છોકરાને જરાએ લાગુ પડતાં નથી, અને ઔરસપુત્રનાં લક્ષણ બધી રીતે લાગુ પડેછે, માટે તેને ઔરસપુત્ર કહેવાને પક્કો આધાર છે. પહેલાંના યુગમાં પૌનર્ભવ કરીને એક પ્રકારનો છોકરો હતો, તેજ પૌનર્ભવ શબ્દ, વિવાહિત વિધવાથી થએલા છોકરાને લગાડવાનો પરાશરનો અભિપ્રાય હોય એવું તો કહી શકાતુંજ નથી. કેમકે, કળિયુગમાં ઉપર કહેલા પ્રકારના પુત્રને પૌનર્ભવ નામ આપવાનો તેનો ઈરાદો હોત તો તેણે કળિયુગમાં જુદા જુદા પ્રકારના કાયદા પૂર્વક છોકરાઓ કહ્યા, તેમાં તેનું પણ નામ ખચિત લખ્યું હોત, પણ આખી પરાશર સંહિતામાં પૌનર્ભવ શબ્દજ બિલકુલ જડતો નથી. માટે પોતાની જાતની વિધવા સાથે વિવાહ કરવાથી પોતાવડે તે વિધવાને પેટે થએલા છોકરાને પૌનર્ભવ ન ગણતાં ઔરસજ માનવો જોઇએ.

ઉપરનાં પ્રમાણોથી કળિયુગમાં વિધવાવિવાહ શાસ્ત્ર સંમતછે એ સિદ્ધ થયું. હવે પરાશર સંહિતા વગર ધર્મશાસ્ત્રના બીજા કોઇ ગ્રંથમાં કળિયુગમાં વિધવાવિવાહનો નિષેધ કર્યો છે કે શી રીતે તે જોવું જોઈએ. કેમકે ઘણાઓનું કહેવું એવું છે કે, પહેલાંના યુગોમાં વિધવાવિવાહનો ચાલ હતો પણ કળિયુગમાં તેનો નિષેધ કર્યો છે. પણ કળિયુગનેજ લાગુ પડે તેવા ધર્મ પરાશર સંહિતામાં કહ્યા છે, અને તે ધર્મમાં વિધવાવિવાહ કરવા વિશે સ્પષ્ટ કહેલું છે, માટે કળિયુગમાં વિધવાવિવાહ નિષેધ છે એવું સાબીત થઇ શકતું નથી. ત્યારે હવે વિધવાવિવાહ ન કરવા વિશે સબળ પ્રમાણ કયાં હશે તે તો ફક્ત નિષેધવાદીનેજ ખબર. સ્માર્ત ભટ્ટાચાર્ય રઘુનંદનના વિવાહ વિશેના નિબંધમાં બૃહન્નારદીય અને આદિત્યપુરાણોમાંથી લીધેલાં વચન કળિયુગમાં વિધવાવિવાહનો નિષેધ કરનારાં છે, એવું કેટલાએક લોકોનું મત છે, માટે તે વચનો નીચે ઉતારી તેની વ્યાખ્યા તથા તાત્પર્ય લખુંછું.

બૃહન્નારદીય પુરાણ.

समुद्रयात्रास्वीकारः कमंडलुविधारणम् ।

૧૩૨૩

द्विजानामसवर्णासु कन्यासूपयमस्तथा ॥
देवरेणसुतोत्पत्तिर्मधुपर्के पशोर्वधः ।
मांसादनं तथा श्राद्धे वानप्रस्थाश्रमस्तथा ॥
दत्तायाश्चैव कन्यायाः पुनर्दानं परस्य च ।
दीर्घकालं ब्रह्मचर्यं नरमेधाश्वमेधकौ ॥
महाप्रस्थानगमनं गोमेधं च तथा मखम् ।
इमान् धर्मान् कलियुगे वर्ज्यानाहुर्मनीषिणः ॥

અર્થ, "સમુદ્રપર્યટન કરવું, સંન્યાસ ગ્રહણ લેવું, વિજાતીય કન્યા સાથે દ્વિજે વિવાહ કરવો, ભોજાઇને પેટે દીયરે પુત્રોત્પત્તિ કરવી, મધુ-પર્કમાં એટલે અતિથિને જમાડવા સારૂ પશુ મારવાં, શ્રાદ્ધમાં માંસ ખાવું, વાનપ્રસ્થાશ્રમ લેવો, એકને આપેલી કન્યા ફરીને બીજાને આપવી, બ-હુ કાળસુધી બ્રહ્મચારી રહેવું, નરમેધ, અશ્વમેધ અને ગોમેધ યજ્ઞ કરવા, પ્રાણ જાય ત્યાંસુધી યાત્રા કરવી, એ ધર્મનો કળિયુગમાં નિષેધ છે. એવું વિદ્વાનોનું (ઋષિયોનું) મત છે."

આ વચનોમાં વિધવાવિવાહના નિષેધનું એકે વચન નથી. "એકને આ પેલી કન્યા બીજાને ફરી આપવી નિષિદ્ધ છે" એ વચનના જોરથી જેઓ નિષેધ સ્થાપન કરવા ઇચ્છે છે, તેઓ એ વાકયનો અર્થ સમજ્યા નથી. આગળના યુગોમાં એવો ચાલ હતો કે, એક વરને આપેલી કન્યા તેના કર-તાં સારા ગુણનો બીજો વર મળ્યાથી તેને આપતા તે વિશે વચનઃ—

सकृत् प्रदीयते कन्या हरंस्तां चौरदंडभाक् ॥
दत्तामपि हरेत् पूर्वात् श्रेयांश्चेद्वर आव्रजेत् * ॥

અર્થ, "કન્યાનું દાન એકજ વાર કરવું, એક વખત આપેલી ક-ન્યા પાછી લેવી તે ચોરના દંડને લાયક થાય છે. પરંતુ પહેલાંના વર કરતાં બીજો વર વિશેષ સારો હોય તો (તેને આપવાને) તે આપેલી કન્યા પાછી લેવી."

---

* યાજ્ઞવલ્કય સંહિતા. અધ્યાય ૧.

વાચાદત્ત આપેલી કન્યા, બીજો વધારે સારો વર મળે તો તેને આપવાનો શાસ્ત્રપૂર્વક ચાલ પહેલાંના યુગમાં ચાલુ હતો. તેનો નિષેધ ફક્ત બૃહન્નારદીય પુરાણમાં કર્યો છે. માટે એ વચનનો અર્થ તાણી તુશીને કળિયુગમાં વિધવાવિવાહના નિષેધ ઉપર લાવવો એ અસંભવિત છે. બીજું એ કે, પરાશર સંહિતામાં વિધવાવિવાહનું સ્પષ્ટ વિધાન કર્યું છે તે છતાં તેનાથી વિરૂદ્ધ પુરાણવચનનો અર્થ કાઢવો એ કેવળ ઉલટું છે.

આદિત્ય પુરાણ.

दीर्घकालं ब्रह्मचर्य्यं धारणं च कमंडलोः ॥
देवरेण सुतोत्पत्तिर्दत्ता कन्या प्रदीयते ॥
कन्यानामसवर्णानां विवाहश्च द्विजातिभिः ।
आततायिद्विजाग्र्याणां धर्म्ययुद्धेन हिंसनम् ॥
वानप्रस्थाश्रमस्यापि प्रवेशो विधिदेशितः ।
व्रतस्वाध्यायसापेक्षमघसंकोचनं तथा ॥
प्रायश्चित्तावधानंच विप्राणां मरणांतिकम् ॥
संसर्गदोषः पापेषु मधुपर्के पशोर्वधः ॥
दत्तौरसेतरेषांतु पुत्रत्वेन परिग्रहः ॥
शूद्रेषु दासगोपालकुलमित्रार्द्धसीरिणाम् ॥
भोज्यान्नता गृहस्थस्य तीर्थसेवातिदूरतः ॥
ब्राह्मणादिषु शूद्रस्य पक्वतादिक्रियापि च ॥
भृग्वग्निपतनं चैव वृद्धादिमरणं तथा ॥
एतानि लोकगुप्त्यर्थं कलेरादौ महात्मभिः ॥
निवर्त्तितानि कर्माणि व्यवस्थापूर्वकं बुधैः ॥

અર્થ, "બહુ વખત સુધી બ્રહ્મચારી રહેવું, સંન્યાસ લેવો, ભોજાઇને પેટે દીયરે પુત્રોત્પત્તિ કરવી, આપેલી કન્યા ફરીને આપવી, વિજાતીય કન્યાની સાથે દ્વિજે વિવાહ કરવો, નાશ કરવાને ઉદ્યુક્ત થયલા

બ્રાહ્મણ જોડે ધર્મયુદ્ધ કરીને તેને મારવો, વાનપ્રસ્થાશ્રમ લેવો, વેદની વિદ્વત્તા અને પોતાના પવિત્રપણાના પ્રમાણમાં અશૌચ પાળવાનો કાળ કમી કરવા, બ્રાહ્મણને દેહાંત પ્રાયશ્ચિત્ત દેવું, પતિતની જોડે સંસર્ગ કરવાનો દોષ મુકવો, મધુપર્કમાં પશુ મારવાં, દત્તક અને ઔરસ વગર બીજા પુત્રનું પુત્રત્વે કરીને ગ્રહણ કરવું, શૂદ્ર જાતિમાંના દાસ, ગોવાળ, કુળમિત્ર, અને અર્ધસીરયે આપેલું અન્ન ગૃહસ્થાશ્રમમાં રહેનારા દ્વિજે ખાવું, દૂરદેશની તીર્થયાત્રા કરવી, બ્રાહ્મણાદિકનું શૂદ્રે રાંધવું, અગ્નિપ્રવેશ કરવો, વૃદ્ધ વગેરે માણસોએ મરવાનો નિશ્ચય કરીને હાથે મરવું, એટલી વાતો વિચારવંત અને મહાત્મા પુરૂષોએ લોકના કલ્યાણને અર્થે કળિના આરંભમાં નિષેધ કરી બંધ પાડી છે. ”

આ વચનોમાં પણ વિધવાનો વિવાહ કોઈ ઠેકાણે નિષેધ કર્યો જણાતો નથી. આપેલી કન્યા ફરીને આપવી નહીં, એ વિધવાવિવાહને લાગતું નથી, એ બૃહન્નારદીય પુરાણના સજાતીય વાક્યનો વિચાર કરતી વેળા બતાવ્યું છે.

ઔરસ અને દત્તક એ બે પ્રકારના પુત્ર વગર બીજાઓને પુત્ર કરવાનો નિષેધ આદિત્ય પુરાણમાં છે; માટે વિધવાવિવાહનો નિષેધ સિદ્ધ છે એવું કેટલાએક લોકોનું કહેવું છે. તે નિષેધ સિદ્ધ કરવાનો પ્રકાર, “વિવાહિત વિધવાથી થએલા પુત્રને પહેલાંના યુગમાં પૌનર્ભવ કહેતા હતા. કળિયુગમાં ઔરસ અને દત્તક વગર બીજા પુત્રોનો સ્વીકાર કરવાનો નિષેધ છે તે પૌનર્ભવ પુત્રને પણ લાગુ પડે છે જ. હવે વિવાહનો હેતુ પુત્રપ્રાપ્તિ થવાનો છે, અને વિવાહિત વિધવાથી થએલા પુત્રનો પુત્રત્વે કરીને સ્વીકાર કરવાનો નિષેધ છે માટે વિધવાવિવાહ નિષિદ્ધ થયોજ.” આ કહેવું ઉપર ઉપરથી જોતાં તો સયુક્તિક જણાય છે; અને પરાશરસંહિતાનું વચન ન હોત તો, આ યુક્તિથી વિધવાવિવાહનો નિષેધ સ્થાપન થયો હોત. પરંતુ જેમનું ઉપર પ્રમાણે બોલવું છે તેમણે પરાશરસંહિતા જોઇ ન હોય એમ લાગે છે. વિવાહિત વિધવાથી થએલા છોકરાને પહેલાંના યુગમાં પૌનર્ભવ કહેતા હતા એ વાત ખરી, પણ કળિયુગમાં તે પુત્રને પૌનર્ભવ શબ્દ લગાડવો કે નહીં તે વિશે પહેલાં જે લખ્યું છે તે ઉપરથીજ, પૌનર્ભવ અને ઔરસ વચે

ક્રમણું બિલકુલ તફાવત નથી, એ સિદ્ધ થાય છે. માટે જ્યારે શાસ્ત્ર પ્રમાણે વિવાહિત વિધવાથી થએલા પુત્રને કળિયુગમાં પૌનર્ભવ ન માનતાં ઔરસજ માન્યો, ત્યારે પછી, ઔરસ અને દત્તક વગર બાકીના પુત્રોના સ્વીકારનો કળિયુગમાં નિષેધ છે, તે ઉપરથી કળિયુગમાં વિધવાવિવાહનો નિષેધ કેમ સિદ્ધ થશે ?

બૃહન્નારદીય અને આદિત્ય પુરાણનાં વચન લેઇને તેના તાત્પર્યનો વિચાર ઉપર કર્યો; તે ઉપરથી તેઓ કળિયુગમાં વિધવાવિવાહનો નિષેધ કરતા નથી એવું સ્પષ્ટ જણાય છે. પરંતુ ઉપરના વિચારથી નિષેધવાદીયોના મનનું સમાધાન ન થતાં, સદરહુ વચનોથી વિધવાવિવાહ શાસ્ત્ર વિરૂદ્ધ છે એવું તેઓ કહે તો, તેમને નીચે પ્રમાણે ઉત્તર આપવો જોઇએ.

વિધવાવિવાહની પરાશર સંહિતામાં આજ્ઞા આપી છે; પરંતુ બૃહન્નાદીય અને આદિત્ય પુરાણોમાં તેનો નિષેધ કર્યો છે. એ બંનેમાં બળવાન આધાર કોનો ? વિધવાવિવાહ પરાશરની આજ્ઞા પ્રમાણે શાસ્ત્રસંમત માનવો કે બૃહન્નારદીય અને આદિત્ય પુરાણના નિષેધ પ્રમાણે શાસ્ત્રવિરૂદ્ધ માનવો ?

આ વાતનો ફેંસલો પાડવાને, એક બીજાથી વિરૂદ્ધ એવા બે જાતનાં પ્રમાણ હોય તો, તેમાંનું અમુક બળવત્તર માનવું એ વિશે, આપણા શાસ્ત્રકર્ત્તાઓનો કંઇક નિર્ણય છે, તે જોવો જોઇએ. વેદવ્યાસે પોતાની સ્મૃતિમાં તેનો નીવેડો કર્યો છે, તે નીચે પ્રમાણે.

श्रुतिस्मृतिपुराणानां विरोधो यत्रदृश्यते ॥
तत्र श्रौतं प्रमाणं तु तयोर्द्वैधे स्मृतिर्वरा ॥

અર્થ, " વેદ, સ્મૃતિ, અને પુરાણ એમની વચ્ચે એક બીજાની સાથે વિરોધ પડે તો વેદ બળવત્તર, અને સ્મૃતિ તથા પુરાણ વચ્ચે વિરોધ પડે તો સ્મૃતિ બળવત્તર."

એટલે વેદની આજ્ઞા એક પ્રકારની, સ્મૃતિની આજ્ઞા બીજા પ્રકારની, અને પુરાણની આજ્ઞા ત્રીજા પ્રકારની હોય ત્યારે શું કરવું ? કયું પ્રમાણ ખરૂં માનવું ? માણસે તો તે ત્રણે માનવાં જોઇએ તેમાંથી

એકનેજ જો તે અનુસરે તો બીજા બંનેની સાથે તે વિરૂદ્ધ થશે, અને શાસ્ત્રની અવગણના કર્યા પ્રમાણે તેને પાપ લાગશે એવી અડચણ છે. એનો ખુલાસો વેદવ્યાસે એવો કર્યો કે, વેદ સ્મૃતિ, ને પુરાણ એક બીજાથી વિરૂદ્ધ પડે તો સ્મૃતિ અને પુરાણની આજ્ઞા ન માનતાં વેદની આજ્ઞા પ્રમાણે ચાલવું, અને સ્મૃતિમાં તથા પુરાણનો એક બીજા સાથે વિરોધ પડે તો પુરાણની આજ્ઞા ન માનતાં સ્મૃતિની આજ્ઞા પ્રમાણે ચાલવું.

હવે જુઓ, પ્રથમ તો બૃહન્નારદીય અને આદિત્ય પુરાણનું તાત્પર્ય ઉપર કહ્યું તે ઉપરથી તે વિધવાવિવાહનો નિષેધ કરનારાં હોય એવું જણાતુંજ નથી; બીજું તાણીતુશીને તેનો અર્થ એવો બેસાડીએ કે તે વિધવાવિવાહ નિષેધ કારકજ છે, તો બૃહન્નારદીય અને આદિત્ય પુરાણો તથા પરાશર સંહિતા એ બે વચે ઉઘાડો વિરોધ પડયો. એટલે પરાશર સંહિતા કળિયુગમાં વિધવાવિવાહનું વિધાન કરે છે, અને બૃહન્નારદીય તથા આદિત્ય પુરાણ નિષેધ કરે છે. પરંતુ પરાશર સંહિતા એ સ્મૃતિ છે અને બૃહન્નારદીય તથા આદિત્ય પુરાણો એ પુરાણ છે. અને સ્મૃતિ તથા પુરાણમાં તફાવત પડે તો પુરાણને એક કોરે મુકી સ્મૃતિ પ્રમાણે ચાલવું એવું પુરાણ કર્તાનુંજ વચન છે. માટે બૃહન્નારદીય અને આદિત્ય પુરાણો કળિયુગમાં વિધવાવિવાહનો નિષેધ કરે તો તે છોડી દેઇને, પરાશર સંહિતામાં વિધવાવિવાહની આજ્ઞા કરી છે, તેનો અંગીકાર આપણે કરવો.

વિધવાઓનો વિવાહ આપણા શાસ્ત્ર પ્રમાણે છે તે આ ઉપરથી નિર્વિવાદ સિદ્ધ થયું. પરંતુ હવે બીજી હરકત એવી છે કે, વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે પણ તે રૂઢીથી વિરૂદ્ધ છે માટે તે કરાય નહીં. આ હરકત દૂર કરવાને, રૂઢી કયે ઠેકાણે માનવી એ જોવું જોઇએ. વસિષ્ઠે પોતાની સ્મૃતિમાં એ વાતનો નિવેડો કર્યો છે તે નીચે પ્રમાણે:

लोके प्रेत्य वा विहितो धर्मः ।
तदलाभे शिष्टाचारः प्रमाणम् ॥

અર્થ, "આ લોક અથવા પરલોક સંબંધી બાબતોમાં શાસ્ત્ર

પ્રમાણે ધર્મનું આચરણ કરવું. પરંતુ શાસ્ત્રની વિધિ ન હોય તો રૂઢિનું પ્રમાણ લેવું " એટલે શાસ્ત્રમાં કહેલા ધર્મનું માણસે આચરણ કરવું. અને જે વાત વિશે શાસ્ત્રમાં આજ્ઞાએ ન હોય અને નિષેધ પણ ન હોય, પરંતુ આપણા પૂર્વજ પરંપરા કરતા આવ્યા હોય તો, તે વાત શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રમાણ કરવા લાયક સમજવી.

હવે કળિયુગમાં વિધવાવિવાહની આજ્ઞા પરાશર સંહિતામાં સ્પષ્ટ રીતે કરેલી છે ત્યારે, તે રૂઢી વિરૂદ્ધ છે એટલાજ ઉપરથી તે વિધિપૂર્વ નથી તે કહેવું સયુક્તિક ને શાસ્ત્ર પ્રમાણે નથી; કેમકે જ્યાં શાસ્ત્રનો આધાર ન હોય ત્યાંજ રૂઢીનું પ્રમાણ લેવું એવું વસિષ્ઠે કહેલું છે. આ ઉપરથી કળિયુગમાં વિધવાવિવાહ કરવા વિશે જરાએ હરકત ન રહી એ ઉઘાડુંજ છે.

બાળપણામાં વિધવા થવાથી જે અસહ્ય દુઃખો થાય છે, તેની કલ્પના જેની છોકરી, બેહેન, અથવા બીજા પાસેના કોઇ સગાની સ્ત્રી બાળપણમાંથી વિધવા થાય છે તેનાજ મનમાં આવશે. બ્રહ્મચર્ય ધર્મ પ્રમાણે ચાલવાનું કઠણ હોવાથી સેંકડો વિધવાઓ જાર રમે છે, અને ગર્ભનાશ કરીને પોતાના માબાપ ને પતિના કુળને બટો લગાડે છે. વિધવાવિવાહ ચાલુ કર્યો હોય તો વિધવા મરતાસુધી જે અસહ્ય દુખ ભોગવે છે તેનો નાશ થાય, જારકર્મ ને ગર્ભનાશનો ક્ષુનો કમી થાય, અને અનેક કુળની અપ્રતિષ્ઠા થઇને તેમને જે કલંક બેસે છે તે ન બેસે. જ્યાં સુધી આ હિતકારક ચાલનો અંગીકાર નહિ કરે ત્યાંસુધી કસબણીનો વ્યાપાર, વ્યભિચાર, ભ્રૂણહત્યા (ગર્ભનાશ) ના ક્ષુના એક પછી એક નિરંતર વધતા જવાના, કુળના કલંક વધતાં જવાનાં, અને વિધવાઓનો દુઃખાગ્નિ વધારે વધારે પસરવાનો.

છેવટે હું લોકોને નમ્રતા પૂર્વક એવી વિનંતિ કરૂં છું કે આ વાત તરફ તેઓએ સારૂં લક્ષ આપવું, અને વિધવાઓનો વિવાહ શાસ્ત્રસંમત છે એ વિશે જે ઉપર વાત લખી તેનો સારી પેઠે વિચાર કરી, પછી વિધવાવિવાહ ચાલુ કરવો કે નહીં તેનો નિર્ણય કરવો.

પ્રત્યુત્તર.

વિધવાઓનો વિવાહ કરવાનો ચાલ ચલાવવાનો વિચાર જ્યારે મે હિંદુ લોકોને પ્રથમ જાહેર કર્યો, ત્યારે મને એવી મોટી બીક હતી, કે લોકો મારી નિંદા કરશે; અને તે વિષય ઉપર છાપીને પ્રસિદ્ધ કરેલા મારા ગ્રંથનો હેતુ અને નામ જાણતાં વારનેજ તે વાંચવાને આચકો ખાશે. અને તેથી મારી મેહેનત બિલકુલ નિષ્ફળ જશે. પણ એ મારા અનુમાનથી કેવળ ઉલટું થયું. કેમકે હિંદુ લોકોની આ ગ્રંથ લેવાની એટલી બધી આતુરતા દેખાઇ કે, એ છપાઇને પ્રસિદ્ધ થયા પછી એક અઠવાડીઆમાં પેહેલી આવૃત્તિની બે હજાર પ્રતો ખપી ગઇ. ત્યારે મોટી ખુશીથી બીજી આવૃતિની ત્રણ હજાર પ્રત છપાવી; તે પણ ઘણું કરીને થોડા વખતમાં ખપી ગઇ. લોકોની એટલી બધી ખુશી જોઇને મારી મેહેનતનું સારૂં ફળ થયું એવું હું માનુછું.

બધા શાસ્ત્રીઓ અને બીજા લોકો જે વિશે મશ્કરી અને તિરસ્કાર કરશે એવી બીક હતી તે ઉપર મારા લખેલા ગ્રંથમાંની બાબતોના ઉત્તરો તેઓએ મેહેરબાની કરીને આપ્યા; અને તેમ કરવામાં તેઓએ ઘણી મેહેનત લીધી અને ઘણા પૈસા ખરચ્યા, તે જોઇને મને ઘણો સંતોષ થયો. ઉત્તર આપનારાઓમાંના ઘણા લોકો દેશમાં મોટા નામાંકિત, પ્રતિષ્ઠિત, ગૃહસ્થ અને વિદ્વાન છે, તેથી કરીને મને વળી વધારે સંતોષ થયો.

પરંતુ ઉત્તર દેનારાઓમાંના ઘણા જણ આવી બાબત ઉપર વાદવિવાદ કરવાની રીતથી અજાણ્યા હતા, તેથી હું ઘણો દલગીર થયો. કેટલાક લોકો વિધવાવિવાહ એ શબ્દ સાંભળતાંજ એટલા તપી ગયા કે, તેઓ ખરી તકરારને એક કોરે મુકી બેઠા. અને વાદવિવાદમાં તપી ગયાથી મારા લખાણનું તાત્પર્ય સમજવા તરફ તેઓનું મન પુરેપુરૂં લાગ્યું નહીં, એવું તેમના ઉત્તર ઉપરથી સાફ જણાય છે. કેટલાક જણે તો પોતાની બુદ્ધિ પ્રમાણે તે વિશે સારા નઠારાનો વિચાર કરવો છોડી દેઇને નકામી વગર પાયાની અનેક હરકતો કાઢી, તોપણ તેઓનો હેતુ કેટલેક દરજ્જે સિદ્ધ થયો. આ દેશમાંના ઘણા લોકોને શાસ્ત્રોની માહિતગારી ન હોવાથી શાસ્ત્ર સંબંધી વાદવિવાદમાં વાદીપ્રતિવાદીએ આણેલાં પ્રમાણો અને

આધાર ઉપર વિચાર કરી કોઈ પણ એકાદા વિષયનું તાત્પર્ય સમજવાનું તેઓમાં સામર્થ્ય નથી. કોઇ જો કંઈ એકાદ નકામી હરકત કાઢે તોપણ તેઓ વેહેમમાં પડીને કેવળ ગુમ થઈ જાય છે. કેટલાએકને મારો ગ્રંથ વાંચ્યા પછી, મેં જે વિષય ઉપર વાદવિવાદ કરેલો છે તે શાસ્ત્રસંમત છે એવું માલમ પડયું; પણ તે ઉપર લોકોએ કેટલાંએક દૂષણો કાઢયાં એટલે તે પણ તેમને ખરાં લાગ્યાં. વળી આ દેશના ઘણા લોકોને સંસ્કૃત ભાષા ન આવડવાથી સંસ્કૃત વચનોનો અર્થ અને તેઓની મતલબ પણ તેમને પોતાની મેળે સમજાતી નથી; તેથી તેઓનું ભાષાન્તર દેશી ભાષામાં કરેલું હોય, ત્યારેજ તેઓ તેમાં સમજે છે. અને આવા પ્રકારના વાદવિવાદનું પરિણામ તેમને સમજવાને તે ભાષાન્તરજ સાધન છે. કેટલાએક ઉત્તર આપનારાઓને એજ વાત હિતકારક થઈ. તેઓએ પોતાના ગ્રંથોમાં દાખલ કરેલાં વચનોનો અર્થ ખેંચી તાણીને મનગતો કર્યો, અને જેમને સંસ્કૃત આવડતું નહોતું એવા વાંચનારાઓને તેમનો તેજ અર્થ ખરેખરો લાગ્યો. તોપણ એ દોષ વાંચનારાઓનો નથી. કારણ કે, ધર્મ સંબંધી વાદવિવાદમાં પડેલા લોકો ધુતારાપણું અને લુચ્ચાઇ કરીને ઋષિઓનાં વાકયોને મળતા જ અર્થ કરશે, અથવા તે નિર્ભયપણે છાપીને લોકોમાં પ્રસિદ્ધ કરશે, એવું સેહેજ કોઇને માલમ નહીં પડે.

કેટલાએક ઉત્તર આપનારાઓને અમથુંજ હસવું અને નઠારી ગાળો દેવામાંજ સંતોષ થાય છે. એ વાત ઘણીજ નઠારી છે. ધર્મ સંબંધી બાબતના વાદવિવાદમાં હસવું અથવા નઠારી ગાળો દેવી એ ઘણાંજ હલકાં છે, એવું મને માલમ હતું. એ ઉત્તર દેનારાઓએ હાસ્ય વગેરે ન કરતાં તે વિષયની યોગ્યતા જોઇને તે બાબતના ખરાખોટાનો વિચાર કરવાનો હતો. એવા પ્રકારના ઉત્તરો આપનારાના જુદા જુદા ગ્રંથોનો ખપ, તેઓમાં જે જે રીતે હાસ્ય અને નઠારી ગાળો છે તે તેજ રીતે થએલો છે, એ વાત ઘણી આશ્ચર્ય પામવા જોગ છે. ઘણા ઉત્તર દેનારાઓએ એ પ્રકારે કરેલું જોઇને મને ઘણુંજ નઠારૂં લાગ્યું. પણ પછી મેં એક ગ્રંથ વાંચ્યો અને તે ઉપરથી મને માઠું લાગેલું તે મટી ગયું. એ ગ્રંથ વર (ઘણી) એ સહીથી લખેલો મારા ગ્રંથનો ઉત્તર હતો. આ ઉત્તર આપનાર વયે વૃદ્ધ અને આ દેશમાં મોટા નામાંકિત અને શાણો છે. તેણે પોતાના ગ્રંથમાં કેટલેક ઠેકાણે ઘણીજ હલકા·

ઈ વાપરેલી છે. એ ઉપરથી મને એવો નિર્ણય થયો કે, ધર્મ સંબંધી વાતોના વાદવિવાદમાં ઉલટા પક્ષના માણુસો વિશે હલકી ભાષાએ લખવું એટલે વિદ્વત્તાનું માપ જણાય છે. કારણ કે, એવું ન હોય તો આંવો મોટો અને ઘરડો માણુસ જેને સઘળા લોક ઉત્તમ વિદ્વાન એવું કહે, તે એવી વાત કદી કરે નહીં.

અસ્તુ, ગમે તે પ્રકારના ઉત્તરો હોય. પણ ઉત્તર આપનારાઓનો મારા ઉપર ઉપકાર થાય છે તે કબુલ કરીને હું તેમનો પ્રસિદ્ધપણે મોટો આભાર માનુંછું. મારા ગ્રંથના ઉત્તર આપવાની તસદી તેઓ ન લે તો એવું માલમ પડે, કે વિદ્વાન અને આબરૂદાર લોકોને મારો ગ્રંથ ખરેખર તુચ્છ અને ઉત્તર ન આપવા લાયક લાગ્યો હશે. પરંતુ તેઓના ઉત્તર ઉપરથી અંતે એટલું સ્પષ્ટ સમજાય છે કે, મેં જે વિષય પકડેલો છે તે કેવળ ધિક્કારીને છોડી દેવા લાયક નથી. એ ઉત્તર આપનારા જો છાનામાના બેશી રહ્યા હોત તો નક્કી મારો મનોભંગ થાત. વિધવાવિવાહ શાસ્ત્રવિરૂદ્ધ છે, એ સિદ્ધ કરવાને જેટલાં પ્રમાણો અને આધાર મળ્યાં તેટલાં ઘણી મેહેનતે શોધી કાઢીને તેઓએ પોત પોતાના ગ્રંથમાં દાખલ કરેલાં છે. અને વિધવાવિવાહને અનેક પ્રકારની અડચણો આણવા વિશે જુદા જુદા લોકોએ અનેક પ્રકારે પોતાથી બનતી પરાકાષ્ઠા કરેલી છે. માટે તેઓને વિરૂદ્ધ બોલવાનાં બધાં પ્રમાણ પુરાં થયાં, એવું અનુમાન કરવાને મને કંઈ હરકત નથી. આ બધી અડચણોનો વિચાર કર્યો એટલે વિધવાવિવાહની ચાલ શાસ્ત્રસંમત છે કે નહીં એ વિશેનો બધો સંશય દૂર થશે.

મારાથી વિરૂદ્ધ પક્ષના લખનારાઓએ પોતાના ગ્રંથોમાં આ વિષયને લાગુ ન પડે એવી વાતો ઘણી લખેલી છે. તે છોડી દેઇને મને જે લાગુ પડે એવું લાગ્યું તેઓના ઉત્તરો મેં આપેલા છે એ આપવાવિશે મેં મારી પોતાની તરફથી પુષ્કળ મહેનત કરેલી છે; માટે વાચનારાઓને મારી એટલી વિનંતી છે કે, તેઓએ આ ગ્રંથ જરૂર એકવાર તો પેહેલેથી તે છેલ્લે સુધી વાંચી જોવો, એટલે મારી મેહેનત સફળ થઇ એવું હું માનીશ.

अध्याय १ लो.

પરાશરનાં વચન પ્રત્યક્ષ વિવાહિત (એટલે જે પરણેલી હોય તેવી) સ્ત્રીનેજ લાગુ પડે છે, ફક્ત વાગ્દાન કરેલી કન્યાનેજ લાગુ નથી.

" ધણીનો પત્તો ન લાગે ઇત્યાદિ " સંકટની વખતે બીજો પતિ કરવા વિષે જે પરાશરનાં વચન છે, તે પ્રત્યક્ષ વિવાહિત (વિવાહ થયેલી) સ્ત્રી વિશે નથી, પણ વાગ્દાન કરેલી (પરણ્યાની પહેલાં આંલો કરવા જાય છે અને તે વખતે કન્યા આપતા નથી, પણ મોંઢેથી કહે છે કે કન્યા આપીશ, તેને વાગ્દાન કહે છે.) કન્યા વિશે છે, એવો કેટલાએક પ્રતિપક્ષિઓએ નિર્ણય કર્યો છે, માટે તે નિર્ણય ખરો છે કે નહીં તે જોવું જરૂરનું છે.

પહેલું તો પરાશરસંહિતાની ટીકામાં વિવાહ બ્રહ્મચર્ય અને સતી થવું, એ વિશે પરાશરનાં વચન લખતાં, માધવાચાર્યે જે હરકત દેખાડી છે તે ઉપરથી, વિવાહવિધાયક વચન વાચાદત્ત કન્યા વિશે નથી તે નીચે પ્રમાણે સ્પષ્ટ છેઃ--

परिवेदनपर्य्याधानयोरिव स्त्रीणां पुनरुद्वाहस्यापि प्रसंगात् क्विदभ्यनुज्ञां दर्शयति.

અર્થ, " પરિવેદન (મોટાભાઇ પહેલાં નાનો ભાઈ પરણે તે) અને પર્યાધાન (મોટાભાઇ અગ્નિહોત્ર લે તેની પહેલાં નાના ભાઇએ અગ્નિહોત્ર લેવો તે) વિશે કહીએ તેજ પ્રમાણે સ્ત્રીઓના પુનર્વિવાહનો પણ પ્રસંગ છે, માટે કેટલેક પ્રસંગે પુનર્વિવાહ શાસ્ત્રસંમત છે, એવું બતાવે છે તે નીચે પ્રમાણેઃ--

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥*
पुनरुद्वाहमकृत्वा ब्रह्मचर्यव्रतानुष्ठाने
श्रेयोतिशयं दर्शयति ॥"

અર્થ, " ધણીનો પત્તો ન લાગતો હોય, ધણી મરી ગયો હોય સંન્યાસી થયો હોય, નપુંસક થયો હોય, અથવા પતિત થયો હોય તો એ

---

* આના અર્થ માટે પાનું ૭ મું જોવું.

પાંચે પ્રસંગે સ્ત્રીએ બીજો પતિ કરવો. પુનર્વિવાહ ન કરતાં બ્રહ્મચર્ય વ્રતથી રહે તો તેને વિશેષ પુણ્ય છે." તે નીચે પ્રમાણેઃ--

मृते भर्तरि या नारी ब्रह्मचर्य्ये व्यवस्थिता ।

सा मृता लभते स्वर्गं यथा ते ब्रह्मचारिणः ॥ *

ब्रह्मचर्य्याद्प्याधिकं फलं अनुगमेन दर्शयति ॥

અર્થ, " પતિના મરણ પછી જે સ્ત્રી બ્રહ્મચર્ય વ્રત પાળીને રહે છે, તેને બ્રહ્મચારી પ્રમાણે સ્વર્ગનું સુખ થાય છે. "

" બ્રહ્મચર્ય પાળવાથી જે પુણ્ય થાય છે તેનાં કરતાં પણ સતી થવાથી વિશેષ પુણ્ય થાય છે" તે નીચે પ્રમાણેઃ—

तिस्रः कोट्योऽर्द्धकोटी च यानि कोमानि मानवे ।

तावत् कालं वसेत् स्वर्गं भर्तारं यनुगच्छति ॥*

અર્થ, " પતિના મરણ પછી જે સ્ત્રી તેની સાથે સતી થાય છે તે, માણસના શરીર ઉપર સાડાત્રણ કરોડ રૂવાં છે, તેટલા કાળ સુધી (એટલે કરોડો વરસ) સ્વર્ગમાં રહે છે. "

પરાશર એવું કહે છે કે પહેલું પુનર્વિવાહ સશાસ્ત્ર છે, બીજું બ્રહ્મચર્યથી રહેવું તે પુનર્વિવાહ કરતાં વધારે સારૂં છે, અને ત્રીજું, સતી થવું તે સૌથી ઉત્તમ છે. આ ઉપરથી એવું જણાય છે કે, આ ત્રણે વાતો એકજ સ્ત્રીને લાગુ પડે છે. ત્યારે વિવાહવિધિ જો વાચાદત્ત કન્યાને લાગુ પડતી હોય તો બ્રહ્મચર્ય પાળવું, અને સતી થવું એ પણ તેજ કન્યાને લાગુ પડવાં જોઇએ પણ કળિયુગમાં એટલે હમણાનાં કાળમાં વરને કન્યા ફક્ત વાચાદત્ત આપીએ તે વર પરણ્યાની પહેલાં મરી જાય અથવા પાંચમાંની એકાદ આપત્તિ આવી પડે તો જીવતાં સુધી બ્રહ્મચર્ય પાળે અથવા સતી થાય એવું કહેવું તે ન્યાયપૂર્વક અને સયુક્તિક નથી.

વળી એવો પણ એક વિચાર છે, કે જો સદરહુ વચન વાચાકન્યા વિશે કોઈ પણ રીતે લાગુ પડી શકે, તો વિવાહવિધાયક વચન કળિયુગ વગર બીજા યુગને વાસ્તે છે, એવો માધવાચાર્યનો કટાક્ષ પૂર્વક નીચેનો લેખ તેણે લખ્યો ન હોત.

---

* એનો અર્થ ૭ મે પાને લખ્યો છે તે જોવો.

अयं च पुनरुद्वाहो युगांतरविषयः

અર્થ, " એ પરાશરની પુનર્વિવાહની આજ્ઞા કળિયુગ વગર બીજા યુગને વાસ્તે સમજવી જોઈએ. "

માધવાચાર્યની વ્યાખ્યા ઉપરથી અને આ પુનર્વિવાહની આજ્ઞા બીજા યુગવિશે છે એ તેના કહેવા ઉપરથી પરાશરનાં વિધવાવિધાયક વચન વાચાદત્ત કન્યાને લાગુ પડતાં નથી એમાં જરાએ શક નથી.

નારદ સંહિતા જોઇએ તો " પતિનો પત્તા ન લાગતો હોય ઇત્યાદિ" અર્થના વચનોમાં કહેલી પુનર્વિવાહની આજ્ઞા વાચાદત્ત કન્યા વિશે છેજ નહીં, એ સ્પષ્ટ થશે તે નીચે પ્રમાણેઃ—

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥
अष्टौ वर्षाण्यपेक्षेत ब्राह्मणी प्रोषितं पतिम् ।
अप्रसूता तु चत्वारि परतोऽन्यं समाश्रेयत् ॥
क्षत्रिया षट् समास्तिष्ठेदप्रसूता समात्रयम् ।
वैश्याप्रसूता चत्वारि द्वे वर्षेत्वितरा वसेत् ॥
न शूद्रायाः स्मृतः काल एष प्रोषितयोषिताम् ।
जीवति श्रूयमाणे तु स्यादेष द्विगुणो विधिः ॥
अप्रवृत्तौ तु भूतानां दृष्टिरेषा प्रजापतेः ।
अतोऽन्यगमने स्त्रीणामेष दोषो न विद्यते ॥ *

અર્થ, " પતિનો શોધ ન લાગતો હોય, તે મરી ગયો હોય સંન્યાસી થયો હોય, નપુંસક અથવા પતિત ઠરે તો સ્ત્રીએ બીજો પતિ કરવો એવી આજ્ઞા છે. દેશાવર ગએલા ધણીની રાહ, બ્રાહ્મણ સ્ત્રીએ આઠ વરસ સુધી જોવી, તે અપ્રસૂતા હોય તો ચાર વર્ષ વાટ જોવી, પછી તેણે બીજો પતિ કરવો, ક્ષત્રી સ્ત્રીએ છ વરસ સુધી વાટ જોવી, અને તે પ્રસૂતા ન હોય તો ત્રણજ વર્ષ વાટ જોવી, વાણીઆની સ્ત્રીએ જોવી તે અપ્રસૂતા હોય તો ચાર વર્ષ અને ન હોય તો બે વર્ષ

* નારદ સંહિતા અધ્યાય ૧૨ મો.

વાટ જોવી. શૂદ્રની સ્ત્રીએ દેશાવર ગએલા પતિની વાટ અમુક વરસસુધી જોવી, એવી કાળ મર્યાદા છેજ નહીં, પતિ જીવે છે એટલીજ ખબર મળે તો ઉપર કહેલી કાળ મર્યાદાની બમણાઈ લેવી, એવો નિયમ છે. જી-વતો હોવાની બાતમી ન હોય તો ઉપર કહેલીજ કાળ મર્યાદા સમજવી. એ પ્રમાણે બ્રહ્મદેવનો મત છે. માટે તે કાળમર્યાદા પછી સ્ત્રી બીજો પતિ કરે તેનો દોષ નથી. ”

હવે આ ઉપરથી જણાય છે કે, ઉપરનાં વિવાહ વિશેનાં વચન વાચાદત્ત કન્યાને બીલકુલ લાગુ પડતાં નથી. નાશી ગએલા પતિની વાટ સ્ત્રીએ ક્યાં સુધી જોવી તેની મર્યાદા તેને છોકરો થયો હોય અથવા ન થયો હોય, તેના પ્રમાણમાં જુદી જુદી કહેલી છે. વાચાદત્ત કન્યા વિશે આ નિયમ હોત તો તેનો પત્તો લાગે અથવા ન લાગે એ કહેવું અશક્ય થશે.

આ ઉપર કહેલાં વચન વાચાદત્ત કન્યાને લાગુ નથી, એ સાફ ઉઘાડી રીતે સિદ્ધ થયું. ઉપરનાં પરાશરનાં વચન વિવાહ થએલી કન્યા વિશે નથી, પણ વાચાદત્ત વિશે છે, એવી ખટપટ કેટલાએક કરી છે, તેનું કારણ નીચે પ્રમાણેઃ—

વિવાહ થએલી સ્ત્રીના વિવાહનો નિષેધ છે એવાં કેટલાંક વચનો છે, માટે પરાશરનાં વચન વિવાહ થએલી સ્ત્રીનો વિવાહ કરવા વિશે છે એમ કહીએ તો તે વચનોનો એક બીજા સાથે વિરોધ થશે. પણ વા-ચાદત્ત કન્યાનો વિવાહ બીજા પતિની સાથે કરવા વિશે બીજા વચનોની આજ્ઞા છે. માટે પરાશરનાં વચન પણ વાચાદત્ત કન્યાને લગાડીશું તો વિરોધ પડશે નહીં આટલાસારૂ પરાશરનાં વચનોનો અર્થ વાગ્દાન કરેલી કન્યાને લગાડવાનેજ તેઓ પ્રયત્ન કરે છે. પરંતુ મારૂં કહેવું એવું છે કે, વિવાહ થએલી સ્ત્રીના વિવાહનો નિષેધ કરનારાં વચન છે તેમજ વાચાદત્તના પણ વિવાહનો નિષેધ કરનારાં વચન કશ્યપનાં છે તે નીચે પ્રમાણેઃ—

सप्त पौनर्भवाः कन्या वर्ज्जनीयाः कुलाधमाः ।

वाचादत्ता मनोदत्ता कृतकौतुकमंगला ॥

उदकस्पर्शिता या च या च पाणिगृहीतिका ।
अग्नि परिगता या च पुनर्भूप्रभवा च या ।
इत्येताः काश्यपेनोक्ता दहंति कुलमग्निवत् ॥

અર્થ, " સાત પ્રકારની પુનર્ભૂ કન્યા કુળમાં અધમ ગણાય છે, તેની સાથે લગ્ન કરવું નહીં. વાચાદત્તા એટલે શબ્દવડે સોગન ખાઈ કોઇને અપેલી કન્યા, મનોદત્તા એટલે માબાપે અથવા વાલીએ પોતાના મનમાં કોઇને આપવાને કલ્પેલી, કૃતકૌતુકમંગળા, એટલે જેના હાથમાં વિવાહ સંબંધી કંકણ બાંધ્યાં હોય તે, ઉદકસ્પર્શિતા એટલે સુવર્ણાભિષેક થએલી, પાણિગૃહીતિકા, એટલે જેનો હસ્ત મેળાપ થયો છે તે, અગ્નિપરિગતા, એટલે જેનો વિવાહહોમ થયો છે તે, અને પુનર્ભૂપ્રભવા, એટલે પુનર્ભૂ સ્ત્રીથી ઉત્પન્ન થએલી, કાસ્યપે કહેલી એ સાત કન્યાઓ પરણે તો પરણનારનું કુળ અગ્નિ પ્રમાણે બળે છે. "

હવે, જુઓ, જેની સાથે વિવાહ ન થઇ શકે એવી કન્યાઓમાં વાચાદત્ત કન્યાને ગણીને, પુનર્ભૂ એટલે બીજી વખતના વિવાહની એ નામ તેને કાસ્યપે આપેલું છે, માટે તેના વિવાહનો પણ નિષેધ છેજ. વિવાહ થએલી સ્ત્રી અને વાચાદત્ત એ બંનેનો નિષેધ કાસ્યપે સરખી રીતે કર્યો છે. માટે, વિવાહ થએલી સ્ત્રીના વિવાહનાં નિષેધકારક વચનો છે તેથી, વિવાહવિધાયક પરાશરના વચનનો અર્થ મારા (ગ્રંથકાર) લખ્યા પ્રમાણે ન કરવો, એવું કહીએ તો તેજ પ્રમાણે, વાચાદત્ત કન્યાના વિવાહનો નિષેધ કાસ્યપે કર્યો છે, તેથી તેને પણ વિવાહ વિશેનાં પરાશરનાં વચન લગાડી શકાતાં નથી આ ઉપરથી પરાશરના વચનની વાચાદત્ત કન્યાને લાગુ પડનારી વ્યાખ્યા કરીએ તો બધી સ્મૃતિઓના વિવાહ વિષયની સાથે તે વ્યાખ્યાનું એકપણું થતું નથી, અને એક વાક્યપણું કરવાનો એ માર્ગ પણ નથી એકવાક્યતા કરવાને નીચે પ્રમાણે કરવું જોઇએ.

વિવાહ થએલી સ્ત્રીના વિવાહની આજ્ઞા અથવા નિષેધ વિશેનાં કાશ્યપ અને બીજા ઋષિઓનાં વચનોમાં, તે આજ્ઞા અથવા નિષેધ કોઇ અમુક યુગમાં સમજવો, એવું વિશેષે કરીને કહ્યું નથી. માટે તે બધા યુગને

સરખી રીતે લાગુ પડે છે. વિવાહ થએલી સ્ત્રીના વિવાહની વિધિ અથવા નિષેધનાં વચન કળિયુગને વાસ્તે કહ્યાં હોય, તેજ કળિયુગનો વિશેષ નિયમ માનવો જોઇએ; અને જે વિશે આપણે હમણાં વાત કરીએ છીએ તે ફક્ત કળિયુગને વાસ્તે જ વિશેષ નિયમ છે, માટે તેની સાથે તે વિશેના સામાન્ય નિયમનું એકવાક્યતાપણું કરવાની જરાએ જરૂર નથી. અને એકવાક્યતાપણું થઇ શકતું પણ નથી; કેમકે વિશેષ નિયમથી સામાન્ય નિયમને બાધ નડે છે, એ બધા કબુલ કરેછે. હવે કળિયુગ વિશેજ જે વિશેષ નિયમ હોય તે બધાનું એકબીજાની સાથે એકવાક્યપણું થવું જોઇએ, એની ફક્ત જરૂર છે. અને કળિયુગમાં વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે કે શાસ્ત્રવિરૂદ્ધ એનો નિર્ણય કરવાનું એ એકવાક્યતા ઉપરજ છે. એ એકવાક્યતા કરવાને કળિયુગમાં સ્ત્રિઓના પુનર્વિવાહ નિષેધક વચન છે તે પ્રથમ લખુંછું.

આદિ પુરાણ.

ऊढायाः पुनरुद्वाहं ज्येष्ठांशं गोवधं तथा ।
कलौ पंच न कुर्वीत भ्रातृजायां कमंडलुम् ॥ *

અર્થ—"વિવાહ થએલી સ્ત્રીનો પુનર્વિવાહ કરવો, ઉત્તમ ભાગ મોટા ભાઇને આપવો, ગોવધ કરવો, ભોજાઇને પેટે પુત્રોત્પત્તિ કરવી, સંન્યાસ લેવો, એ પાંચ કામ કળિયુગમાં કરવાં નહીં."

ક્રતુસંહિતા.

देवराच्च सुतोत्पत्तिर्दत्ता कन्या न दीयते ।
न यज्ञे गोवधः कार्य्यः कलौ न च कमंडलुः ॥

અર્થ—"કળિયુગમાં ભોજાઇએ દિયરથી પુત્રોત્પત્તિ કરવી નહીં; એક વખત આપેલી કન્યા બીજાને આપવી નહીં, યજ્ઞ કામમાં ગાય મારવી નહીં, અને સંન્યાસ ગ્રહણ કરવો નહીં."

બૃહન્નારદીય પુરાણ.

दत्तायाश्चैव कन्यायाः पुनर्दानं परस्य च ।

* પરાશર સંહિતાની વ્યાખ્યામાં માધવાચાર્યે લખ્યું છે.

અર્થ—" કળિયુગમાં આપેલી કન્યાનું દાન બીજા વરને આ-પવું નહીં."

આદિત્ય પુરાણ.

दत्ता कन्या प्रदीयते ।

અર્થ—"કળિયુગમાં એક વખત આપેલી કન્યાનું દાન નિષિદ્ધ છે."

આ પ્રમાણે આદિ પુરાણ, ક્રતુસંહિતા, બૃહન્નારદીય પુરાણ અને આદિત્ય પુરાણમાં સ્ત્રીઓના પુનર્વિવાહનો સામાન્ય શબ્દોથી નિષેધ ક-ર્યો છે. પરંતુ પરાશર સંહિતામાં નીચે પ્રમાણે છેઃ—

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

અર્થ—"ધણીનો પત્તો લાગતો ન હોય, તે મરી ગયો હોય, સંન્યાસી થયો હોય, નપુંસક થયો હોય, અથવા પતિત થયો હોય, તો એ પાંચે પ્રસંગે સ્ત્રીએ બીજો પતિ કરવો." એટલે એ પાંચ આપત્તિ-માંની કોઇએક સ્ત્રીને આવી તો તેને પુનર્વિવાહ કરવાને છુટ છે.

આવી રીતે કળિયુગમાં સ્ત્રીઓના પુનર્વિવાહની વિધિ અને નિ-ષેધ બંને બતાવનારાં વચનો આપણા મોઢા આગળ છે. એ એક બીજા-થી વિરૂદ્ધ દેખાતાં વચનોની એકવાક્યતા નીચે પ્રમાણે થાય છે.

ઉપર લખેલા આદિપુરાણ વગેરે ગ્રંથના વચનમાં કળિયુગમાં વિવાહ થએલી સ્ત્રીના વિવાહનો નિષેધ સામાન્ય રીતે કર્યો છે. પરાશર સંહિતામાં જુદા જુદા પ્રકારની પાંચ આપત્તિમાંથી કોઈ પણ આવે તો પુનર્વિવાહ કરવાની આજ્ઞા વિશેષ આપી છે; અને જો એક વાત વિશે સામાન્ય અને વિશેષ બંને નિયમ લાગુ પડે તો, તેમાં કહેલી વિશેષ વાતનેજ વિશેષ નિયમ લાગુ પાડવો. આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે, પરાશરની વિશેષ આજ્ઞા પાંચ પ્રકારની આપત્તિની વખતે લાગુ કરવી, અને આદિત્યપુરાણ વગેરેનો નિષેધ બધી સામાન્ય વાતોને લાગુ કરવો. આવી રીતે કરવાથી એક બીજાથી વિરૂદ્ધ દેખાતાં વચનોનું એક વાક્યપણું

થયું અને વિધિ તથા નિષેધ એ બંને કાયમ રહ્યાં એજ વિશે હવે વિશેષ વિચાર કરીએ.

કાત્યાયન કહે છે,

सतु यद्यन्यजातीयः पतितः क्लीब एव च ।
विकर्मस्थः सगोत्रो वा दासो दीर्घामयोऽपि वा ॥
ऊढापि देया सान्यस्मै सहाभरणभूषणा ॥ *

અર્થ—" વિવાહ થયા પછી પતિ બીજી જાતનો, પતિત, નપુંસક, ખરૂં ખોટું ન જોતાં ગમે તેવું કરનારો, એકજ ગોત્રનો, દાસ એટલે ગુલામ, અથવા સદારોગી હોય તો (તેની સાથે) લગ્ન થએલી સ્ત્રી વસ્ત્રઅલંકાર સુધાં બીજા વરને આપવી."

વસિષ્ઠ કહે છે,

कुलशीलविहीनस्य षंढादिपतितस्य च ।
अपस्मारिविधर्मस्य रोगिणां वेषधारिणाम् ॥
दत्तामपि हरेत् कन्यां सगोत्रोढां तथैव च ॥ ×

અર્થ—" નીચા કુળનો, નીચ આચરણનો, નપુંસક, પતિત, ફેર આવતા હોય એવો, ખરૂં ખોટું ન જોતાં ગમે તેવું કરનારો, રોગી, વેશધારી એટલે નટ, અથવા એકજ ગોત્રનો વર હોય તો તેને આપેલી કન્યા પાછી લેવી." મતલબ કે લેઇને બીજાને આપવી.

નારદ કહે છે,

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

* પરાશરભાષ્ય અને નિર્ણયસિંધુ એ ગ્રંથોમાં આ ઉતારો છે.
× એ વચન ઉદ્વાહતત્વમાં લીધેલું છે.

અર્થ—"ધણીનો પત્તો લાગતો ન હોય, તે મરી ગયો હોય, સંન્યાસી થયો હોય, નપુંસક થયો હોય, અથવા પતિત થયો હોય, તો એ પાંચે પ્રસંગે સ્ત્રીએ બીજો પતિ કરવો."

આ પ્રમાણે કાત્યાયન, વસિષ્ઠ અને નારદે કોઇ યુગ વિશે, વિશેષ ન કહેતાં, પતિ અવિચારી, રોગી, પતિત, નપુંસક, અપસ્મારી, નીચાકુળનો, નીચ સ્વભાવનો, દાસ, એકગોત્રી, અથવા જુદી જાતનો નિકળે, સંન્યાસી થાય અથવા મરી જાય તો તેની સાથે પરણેલી સ્ત્રીનો પુનર્વિવાહ કરવો એવી સામાન્ય આજ્ઞા કરી છે.

આદિપુરાણ.

ऊढायाः पुनरुद्वाहं ज्येष्ठांशं गोवधं तथा ।
कलौ पंच न कुर्वीत भ्रातृजायां कमंडलुम् ॥

કતુસંહિતા.

देवराच्च सुतोत्पत्तिर्दत्ता कन्या न दीयते ।
न यज्ञे गोवधः कार्य्यः कलौ न च कमंडलुः ॥

બૃહન્નારદીય પુરાણ.

दत्तायाश्चैव कन्यायाः पुनर्दानं परस्य च ।

આદિત્યપુરાણ.

दत्ता कन्या प्रदीयते ॥

પરંતુ, પરાશરસંહિતા.

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।
पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधियते ॥

અર્થ "ધણીનો પત્તો લાગતો ન હોય, તે મરી ગયો હોય, સંન્યાસી, નપુંસક, અથવા પતિત થયો હોય તો એ પાંચે પ્રસંગે સ્ત્રીએ બીજો પતિ કરવો."

આ પ્રમાણે આદિપુરાણ વગેરે ગ્રંથ, વિવાહ થએલી સ્ત્રીના પુ-

નર્વિવાહનો કળિયુગમાં નિષેધ કરે છે. અને પરાશર વિશેષ પ્રકારની પાંચ આપત્તિ કહીને તેમાંની એકાદ પણ આવે તો કળિયુગમાં તેના વિવાહની વિશેષ આજ્ઞા કરે છે.

કાત્યાયન વગેરે કેટલાએક ઋષિઓએ વિશેષ યુગ વિશે ન લખતાં, કેટલેક પ્રસંગે વિવાહ થએલી સ્ત્રીના પુનર્વિવાહની આજ્ઞા કરી છે. એજ આજ્ઞા બધા યુગને સરખી ઉપયોગી પડત. પરંતુ આદિપુરાણ વગેરે ગ્રંથમાં કળિયુગમાં તે વિવાહનો નિષેધ કર્યો છે. માટે તે યુગ વિશે વિશેષ નિષેધ થયો. એટલે કાત્યાયન વગેરે ઋષિઓની આજ્ઞા કળિયુગ વગર બીજા ત્રણ યુગને લાગુ પડે છે.

ફરીને, આદિપુરાણ વગેરે ગ્રંથોમાં કેટલાએક પ્રસંગને વિશે વિશેષ ન લખતાં સામાન્ય રીતે કળિયુગમાં સ્ત્રિઓના પુનર્વિવાહનો નિષેધ કર્યો છે. પરંતુ પરાશરે કેટલાએક વિશેષ પ્રસંગ કહ્યા છે, અને તે પ્રસંગે કળિયુગમાં પુનર્વિવાહ કરવો સશાસ્ત્ર છે એમ કહ્યું છે. માટે પરાશરની આજ્ઞા ઉપર કહેલા પાંચ પ્રસંગે વિશેષ છે. અને આદિપુરાણ વગેરેનો નિષેધ પરાશરે કહ્યા વગરના જે પ્રસંગ રહ્યા તે બધાને લાગુ પડે છે.

સામાન્ય અને વિશેષ આજ્ઞા અથવા નિષેધ એક ઠેકાણે આવી પડે તો તેની ગોઠવણ કરવાની રીતિ હમેશાં એજ છે, તે નીચે પ્રમાણે જુઓ.

अहरहः सन्ध्यामुपासीत ।

અર્થ, "દરરોજ સંધ્યા કરવી."

સંધ્યા કરવા વિશે વેદમાં એ સાધારણ નિયમ લખ્યો છે. પરંતુ,

संध्यां पंच महायज्ञान् नैत्यकं स्मृतिकर्म च ।
तन्मध्ये हापयेत्तेषां दशाहान्ते पुनः क्रिया ॥ *

અર્થ "સંધ્યા, પંચમહાયજ્ઞ અને સ્મૃતિમાં કહેલાં નિત્ય કર્મ તે અશૌચ એટલે સુતક અને વરતસુવાળામાં કરવાં નહીં. અશૌચ થઇ રહ્યા પછી તે ફરીને કરવાં."

* આ જાબાલી વચન શુદ્ધિતત્વમાં છે

અહિંઆં અશૌચકાળમાં, જાબાલી સંધ્યા કરવાનો નિષેધ કરેછે. હવે જુઓ દરરોજ સંધ્યા કરવાની વેદમાં સામાન્ય આજ્ઞા કરી, પણ જાબાલીએ વિશેષ પ્રસંગે તેનો નિષેધ કર્યો છે, માટે તે પ્રસંગે એટલે અશૌચના વખતમાં સંધ્યા વગેરે કરતા નથી. ફરીને,

મનુસ્મૃતિ.

पूर्व्वां सन्ध्यां जपंस्तिष्ठेत् सावित्रीमार्कदर्शनात् ।
पश्चिमान्तु समासीनः सम्यगृक्षविभावनात् ॥
न तिष्ठति तु यः पूर्व्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्यः सर्वस्माद्द्विजकर्मणः ॥

અર્થ, " પ્રાતઃસંધ્યામાં સૂર્ય નજરે દેખાય ત્યાં સુધી દ્વિજે ઉભા રહીને ગાયત્રીનો જપ કરવો. અને સાયંસંધ્યામાં સ્વચ્છ નક્ષત્ર દેખાય ત્યાંસુધી બેસીને તેનો જપ કરવો. અને જે પ્રાતઃસંધ્યામાં ઉભો રહીને જપ નથી કરતો, તથા સાયંસંધ્યામાં બેશીને નથી કરતો, તેને દ્વિજના કામમાંથી શૂદ્રની માફક ગણીને બહિષ્કૃત કરવો. " પરંતુઃ--

संक्रान्त्यां पक्षयोरन्ते द्वादश्यां श्राद्धवासरे ।
सायं सन्ध्यां न कुर्व्वीत कृते च पितृहा भवेत् * ॥

અર્થ, " સંક્રાત, પુનેમ, અમાવાસ્યા, બારસ, અને શ્રાદ્ધતિથિ, એટલા દિવસમાં સંધ્યાકાળે સંધ્યા કરવી નહીં. કરે તો પિતૃહત્યા કર્યા જેટલું પાપ લાગે છે. "

જુઓ હવે, દરરોજ પ્રાતઃકાળમાં અને સાયંકાળે સંધ્યા કરવાની સામાન્ય આજ્ઞા, અને ન કરે તો દોષ બેસે, એવું મનુસ્મૃતિમાં કહ્યું છે. પણ વ્યાસના કહેલા વિશેષ નિષેધથી કેટલાએક દિવસમાં સામાન્ય આજ્ઞાને બાધ લાગે છે, અને તેથી સંધ્યા તે દિવસે કરાતી નથી. અને વ્યાસે કહેલા વિશેષ દિવસ વગર બીજા દિવસોને દહાડે તે સામાન્ય આજ્ઞા પ્રમાણે ચલાય છે. વળી વેદમાં એક ઠેકાણે:—

---

* આ વ્યાસવચન તિથિતત્વમાં ઉતારી લીધું છે.

मा हिंस्यात् सर्व्वभूतानि ।

અર્થ, " પ્રાણી મારવાં નહીં. " આવી એક સામાન્ય આજ્ઞા છે. પરંતુ બીજે ઠેકાણે નીચે લખ્યા પ્રમાણે છે:—

अश्वमेधेन यजेत ।

અર્થ, " ઘોડો મારીને તેના માંસવડે યજ્ઞ કરવો. "

पशुना रुद्रं यजेत ।

અર્થ, " પશુ મારીને તેના માંસ વડે રૂદ્રયાગ કરવો. "

अग्नीषोमीयं पशुमालभेत ।

અર્થ " અગ્નિ અને સોમના ઉદ્દેશ પ્રમાણે યજ્ઞ કરવાનો તે પશુ મારીને તેના માંસથી કરવો. "

वायव्यं श्वेतमालभेत ।

અર્થ, " વાયુના ઉદ્દેશવડે યજ્ઞ કરવાનો તે ધોળો બકરો મારી તેના માંસથી કરવો. "

જુઓ હવે, વેદમાં એક ઠેકાણે પ્રાણી મારવાં નહીં, એવો સ્પષ્ટ સામાન્ય નિષેધ કર્યો છે. અને વેદમાંજ બીજે ઠેકાણે અમુક યજ્ઞમાં અમુક પશુ મારવાં એવી વિશેષ આજ્ઞા છે તેથી તે મારવાનું પુણ્યનું કામ માનેલું છે. એટલે, તે વિશેષ આજ્ઞા ઉપરથી વેદમાં કહેલા અશ્વમેધાદિ યજ્ઞને વાસ્તે પશુ મારવાં, અને બીજે બધે ઠેકાણે પશુહિંસાનો સામાન્ય નિષેધ કર્યો છે તે માન્ય કરવો. એજ વિષય ઉપર મનુનો મત નીચે પ્રમાણે છે.

मधुपर्के च यज्ञे च पितृदैवतकर्मणि ।
अत्रैव पशवो हिंस्या नान्यत्रेत्यब्रवीन्मनुः ॥

અર્થ, " શ્રાદ્ધ, મધુપર્ક, અને યજ્ઞમાંજ ફક્ત પશુ મારવાં બીજે ઠેકાણે નહીં. આ પ્રમાણે મનુ કહે છે. "

આ ઉપરથી એવો વિચાર કરવો કે, ઉપરની વાતમાં જ્યાં સામાન્ય નિયમ એક પ્રકારનો છે અને વિશેષ નિયમ તેનાથી વિરૂદ્ધ

હોય તો આપણે વિશેષ નિયમ પ્રમાણે ચાલીએ છીએ. અને જ્યાં વિશેષ નિયમનો સમાવેશ ન થાય ત્યાં સામાન્ય નિયમ કબુલ રાખીએ છીએ. હવે કલિયુગમાં સ્ત્રિયોના પુનર્વિવાહનો સામાન્ય નિષેધ છે પણ પાંચ પ્રકારની અપત્તિની વખતે પરાશરે પુનર્વિવાહ કરવાની વિશેષ આજ્ઞા કરી છે માટે તે પહેલી માનવી જોઇએ. આદિપુરાણ વગેરે ગ્રંથનો સામાન્ય નિષેધ, પાંચ આપત્તિ વગર બીજે ઠેકાણે લેવો. પુનર્વિવાહ પ્રકરણમાં એક બીજા સાથે વિરૂદ્ધ દેખાતાં વચનોની એકવાક્યતા કરવા વિશે સહેલો અને સયુક્તિક રસ્તો આજ છે એવું મને લાગેછે.

અધ્યાય ૨ જો.

પરાશરનાં પુનર્વિવાહ વિશેનાં વચન કળિયુગમાંજ લાગુ પડે છે, બીજા યુગને લાગુ નથી પડતાં.

સ્ત્રીઓના પુનર્વિવાહ વિશે પરાશરના વચનની વ્યાખ્યા કરીને પછી માધવાચાર્ય એવો સિદ્ધાંત કરે છે કેઃ—

अयं च पुनरुद्वाहो युगान्तरविषयः । तथा चादिपुराणम्

ऊढायाः पुनरुद्वाहं ज्येष्टांशं गोवधं तथा ।

कलौ पंच न कुर्व्वीत भ्रातृजायां कमंडलुम् ॥

અર્થ, " આ પરાશરની પુનર્વિવાહ વિશેની આજ્ઞા કલિયુગ વગર બીજા યુગમાં સમજી લેવી; વળી આદિપુરાણમાં કહે છે કે વિવાહિત સ્ત્રીનો પુનર્વિવાહ કરવો, ઉત્તમ ભાગ મોટા ભાઇને આપવો, ગાયનો વધ કરવો, ભોજાઇને પેટે પુત્રોત્પતિ કરવી, સંન્યાસ ગ્રહણ કરવો; એ પાંચ કામ કળિયુગમાં કરવાં નહીં. "

માધવાચાર્યનું આ કહેવું, ખરૂં અને યોગ્ય છે કે નહીં, તેનો વિચાર કરવો જોઇએ, અને તેને વાસ્તે પ્રથમ પરાશરનો હેતુ કેવો છે તેનો, એની સંહિતાની મતલબ, અને તે ઉપર માધવાચાર્યની પોતાની વ્યાખ્યાનો તે ઉપરથી નિર્ણય કરવો જોઇએ.

પરાશર સંહિતાઃ—

अथातो हिमशैलाग्रे देवदारुवनालये ।
व्यासमेकाग्रमासीनमपृच्छन्नृषयः पुरा ॥
मानुषाणां हितं धर्मं वर्तमाने कलौ युगे ।
शौचाचारं यथावच्च वद सत्यवतीसुत ॥

અર્થ, " માટે, પુરાતનકાળમાં વ્યાસમુનિ હિમાલયના શિખર ઉપર દેવદાર વૃક્ષના વનમાં એકાગ્ર ચિત્તથી બેઠા હતા તેમને, ઋષિઓએ પછી વિનંતી કરી કે, હે સત્યવતીના પુત્ર, કલિયુગમાં મનુષ્યનું હિત કરે એવા ધર્મ અને આચાર (સંપ્રદાય) કયા તે અમને કહો. "

માધવાચાર્યની વ્યાખ્યા.

वर्त्तमाने कलाविति विशेषणात्
युगान्तरधर्मज्ञानानन्तर्य्यम् ।

અર્થ, " પછી (એટલે સત્ય, દ્વાપર ને ત્રેતાયુગના ધર્મ ઋષિઓને કહ્યા ત્યાર પછી) તેઓએ કળિયુગના ધર્મ કહેવાની વ્યાસને વિનંતિ કરી.

अतःशब्दो हेत्वर्थः यस्मादेकदेशाध्यायिभो
नाशेषधर्मज्ञानं यस्माच्च युगान्तरधर्ममवगत्य
म कलिधर्मावगतिस्तस्मादिति ।

" માટે (એટલે એક ભાગનું અધ્યયન કરનારાને સંપૂર્ણ ધર્મનું જ્ઞાન થતું નથી, માટે) ઋષિઓએ વિનંતિ કરી.

આ ઉપરથી એ સ્પષ્ટ જણાય છે કે કળિયુગના આરંભમાં ઋષિઓને સત્ય, ત્રેતા, અને દ્વાપર યુગના ધર્મ માહિત હતા, અને કળિયુગના ધર્મ જાણવાની તેમની ઇચ્છા થઈ તે સાંભળવાને વ્યાસની પાસે જઇને તેમણે વિનંતિ કરી.

પરાશર સંહિતાઃ—

तच्छ्रुत्वा ऋषिवाक्यन्तु सशिष्योऽग्न्यर्कसन्निभः ।

प्रयुवाच महातेजाः श्रुतिस्मृतिविशारदः ॥
न चाहं सर्व्वतत्त्वज्ञः कथं धर्मं वदाम्यहम् ।
अस्मत्पितैव प्रष्टव्य इति व्यासः सुतोऽब्रवीत् ॥

અર્થ, " ઋષિઓનું તે વાક્ય સાંભળીને, જેની આસપાસ શિષ્ય બેઠેલા છે, જે અગ્નિ અને સૂર્યની પેઠે મહાતેજસ્વી છે, અને જે શ્રુતિ તથા સ્મૃતિમાં કુશળ છે, એવા (વ્યાસ) મુનિ બોલ્યાઃ— ' હું **બધી વાતનાં તત્વ જાણુતો નથી.** માટે હું (કળિ) ધર્મ કેમ કહું ? **મારા બાપનેજ એ વિશે પુછવું જોઇએ.** ' આ પ્રમાણે પરાશરના પુત્ર વ્યાસ બોલ્યા."

માધવાચાર્યની વ્યાખ્યા.

न चाहमिति वदतो व्यासस्यायमाशयः । सम्प्रति कलिधर्माः पृच्छयन्ते तत्र न तावदहं स्वतःकलिधर्मतत्त्वं जानामि अस्मत् पितुरेव तत्र प्रावीण्यात् अत एव कलौ पाराशराः स्मृता इति वक्ष्यते । यदि पितृप्रसादान्ममतदभिज्ञानं तर्हि स एव पिता प्रष्टव्यः । न हि मूलवक्तरि विद्यमाने प्रणालिका युज्यत इति ।

" **હું બધી વાતનાં તત્વ જાણુતો નથી.** એવું કહેવાનો વ્યાસનો હેતુ એ કે, તમે મને કળિધર્મ પૂછોછો, પરંતુ હું પોતે કળિધર્મનાં તત્વ જાણુતો નથી. મારો બાપજ તેમાં કુશળ છે. (એટલામાટેજ પરાશર સ્મૃતિમાં કહેલા ધર્મ કળિયુગમાં આચરવા એવું આગળ કહેવાનું છે). અને જ્યારે તેનું જ્ઞાન મારા બાપનાજ પ્રસાદથી થયું છે, ત્યારે તે વિશે તે બાપનેજ પુછવું. વિષયનો મૂળ કહેનાર જીવતો હોય તો બીજા શિખનારા પાસેથી તે સમજી લેવો એ સારૂં નહીં. "

एवकारेणान्यस्मर्त्तारो व्यावर्त्यन्ते । यद्यपि मन्वादयःकलिधर्माभिज्ञास्तथापि पराशरस्यास्मिन् विषये तपोविशेषबलात् असाधारणः कश्चिदतिशयो द्रष्टव्यः । यथा काण्वमाध्यन्दिनकाठक-

कौथुमतैत्तिरीयादिशाखासु काण्वादीनामसाधारणत्वं तद्वदत्रावगन्तव्यम् । कलिधर्मसम्प्रदायोपेतस्यापि पराशरसुतस्य यदा तद्धर्मरहस्याभिवदने संकोचः तदा किमु वक्तव्यमन्येषामिति ।

અર્થ, " મારા બાપનેજ આ વિશે પૂછવું જોઇએ. આવું કહેવાથી બીજા સ્મૃતિકર્ત્તા બીલકુલ છોડી દેવા જોઇએ. (એટલે તેમને એ વિશે પુછવાથી કંઇ ફળ થવાનું નથી.) મનુ અને બીજા સ્મૃતિકર્ત્તા કળિધર્મ જાણે છે તોપણ કંઇ વિશેષ તપના બળથી કળિધર્મ વિશે પરાશરજ મુખ્ય છે, એમ સમજવું જોઇએ. જેમ કાણ્વ, માધ્યંદિન કઠક, કૌથુમ, તૈત્તિરીય, ઇત્યાદિ શાખાઓમાં કાણ્વ અને બીજા કેટલાએક મુખ્ય છે, તેમજ કળિધર્મ વિશે બીજા બધા સ્મૃતિકર્ત્તાઓમાં પરાશરજ મુખ્ય છે એમ જાણવું. કલિયુગના ધર્મ અને આચાર કહેવા વિશે પરાશરનો છોકરો વ્યાસ પોતેજ જ્યારે પરાશર જીવતો છતાં કળિધર્મ તત્વ કહેવાને સંકોચાય છે ત્યારે બીજા ઋષિઓ વિશે તો શું કહેવું !

આ ઉપરથી જણાય છે કે, કલિધર્મ વિશે મનુ અને બીજા સ્મૃતિકારોમાં પરાશર મુખ્ય, અને કળિધર્મ વિશે તેનીજ સ્મૃતિ મુખ્ય.

પરાશર સંહિતા.

यदि जानासि मे भक्तिं स्नेहाद्वा भक्तवत्सल ।
धर्मं कथय मे तात अनुग्राह्योह्यहं तव ॥

" હે બાપ તારો ભક્તો ઉપર પ્રેમ છે. જો તુ મારી ભક્તિ જાણુતો હોય, અને મારા ઉપર તારી માયા હોય, તો તુ મને ધર્મ કહે. હું તારા પ્રસાદને લાયક છું " આ પ્રમાણે વ્યાસે બાપને વિનંતિ કરી.

માધવાચાર્યની વ્યાખ્યા.

ननु सन्ति बहवो मन्वादिभिः प्रोक्ता धर्माः तत्र को धर्मो भवता बुभुत्सित इत्याशंक्य बुभुत्सितं परिशेषयितुमुपन्यस्यति॥

" મનુ અને બીજા સ્મૃતિકર્તાઓએ કહેલા બહુ ધર્મ પ્રસિદ્ધ છે,

તેમાંનો કયો ધર્મ જાણુવાની તારી ઇચ્છા છે, એ પરાશર કદાપિ પુછશે એવી વ્યાસના મનમા શંકા આવવાથી જે જે ધર્મનું અધ્યયન તેણે પહેલાં કર્યું હતું, તે બધા ગણાવીને જે ધર્મ જાણુવાની હાલ તેની ઇચ્છા છે તે છેવટ કહેવા એવી મતલબથી તે શરૂ કરે છે.

પરાશર સંહિતા.

श्रुता मे मानवा धर्मा वासिष्ठाः काश्यपास्तथा ।
गार्गेया गौतमाश्चैव तथाचौशनसाः स्मृताः ॥
अत्रेर्विष्णोश्च सांवर्त्ता दाक्षा आङ्गिरसास्तथा ।
शातातपाश्च हारीता याज्ञवल्क्यास्तथैव च ॥
आपस्तम्बकृता धर्माः शङ्खस्य लिखितस्य च ॥
कात्यायनकृताश्चैव प्राचेतसकृताश्च ये ॥
श्रुता ह्येते भवत्प्रोक्ताः श्रुतार्थास्ते न विस्मृताः ।
अस्मिन् मन्वन्तरे धर्माः कृतत्रेतादिके युगे ॥

અર્થ, " મનુ, વસિષ્ઠ, કશ્યપ, ગર્ગ, ગોતમ, ઉશના, અત્રિ, વિષ્ણુ, સંવર્ત, દક્ષ, અંગિરા, શાતાતપ, હારીત, યાજ્ઞવલ્કય, આપસ્તંબ, શંખ, લિખિત, કાત્યાયન, અને પ્રચેતા એઓએ કહેલા ધર્મ તારી પાસેથી મેં સાંભળ્યા અને તે હું ભુલી ગયો નથી, તે ધર્મ સત્ય, ત્રેતા અને દ્વાપ૨ યુગના છે. "

માધવાચાર્યની વ્યાખ્યા.

इदानीं परिशिष्टं बुभुत्सितं पृच्छति ।

અર્થ, " જે ધર્મ તેને સમજી લેવાનો તે વિશે હવે પુછે છે."

પરાશર સંહિતા.

सर्वे धर्माः कृते जाताः सर्वे नष्टाः कलौ युगे ।
चातुर्वर्ण्यसमाचारं किंचित् साधारणं वद ॥

અર્થ, " સત્યયુગમાં બધા ધર્મ ઉત્પન્ન થયા, અને કળિયુગમાં

તે બધા નાશ પામ્યા, માટે ચારે વર્ણના (બ્રાહ્મણ ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્રના) સાધારણ કેટલાક ધર્મ કહો."

માધવાચાર્યની વ્યાખ્યા.

विष्णुपुराणे,

वर्णाश्रमाचारवती प्रवृत्तिर्न कलौ नृणाम् ।

आदिपुराणेऽपि,

यस्तु कार्त्तयुगे धर्मो न कर्त्तव्यः कलौ युगे ।
पापप्रसक्तास्तु यतः कलौ नार्य्यो नरास्तथा ॥

अतः कलौ प्राणिनां प्रयाससाध्ये धर्मे प्रवृत्त्यसम्भवात् सुकरो धर्मोऽत्र बुभुत्सितः ।

અર્થ, "વિષ્ણુ પુરાણમાં એવું કહેલું છે કે ચારે વર્ણના અને ચારે આશ્રમના (બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ એ ચાર આશ્રમના) વિશેષ ધર્મનાં આચરણ કરવા વિશે કળિયુગમાં માણસની શક્તિ નથી. આદિપુરાણમાં પણ એવું કહેલું છે કે, કૃતયુગના ધર્મનું આચરણ કળિયુગમાં થતું નથી, કેમકે (કળિયુગમાં) સ્ત્રી પુરૂષોની પ્રવૃત્તિ પાપ તરફ બહુ છે. જે ધર્મ આચરવાને કઠણ તે કળિયુગમાં માણસો આચરશે એ અસંભવિતછે, માટે સુખથી આચરાય એવા ધર્મ કયા તે જાણવાની વ્યાસની ઇચ્છા થઈ."

આ બધા ઉપરથી, મનુ આદિએ કહેલા ધર્મ સત્ય, ત્રેતા અને દ્વાપર યુગનેજ લાગુ પડે છે, અને તે બધાનું આચરણ કળિયુગમાં થવું અસંભાવ્ય, એ ઉઘાડુંજ છે. એજ હેતુથી વ્યાસે, કળિયુગમાં સહેલથી આચરાય એવા ધર્મ કહેવાને પારાશરને વિનંતિ કરી.

પારાશર સંહિતા.

व्यासवाक्यावसाने तु मुनिमुख्यः पराशरः ।
धर्मस्य निर्णयं प्राह सूक्ष्मं स्थूलं च विस्तरात् ॥

અર્થ, "વ્યાસનું ભાષણ થઈ રહ્યા પછી, મુનિઓમાં શ્રેષ્ઠ એવા પરાશર, ધર્મનાં સાધારણ તત્વ અને બારિક વાતોનો નિર્ણય વિસ્તારથી કરવા લાગ્યા."

આ ઉપરથી એવું જણાય છે કે પોતાના પ્રિયપુત્ર વ્યાસની વિનંતિથી પરાશર કળિયુગના ધર્મ તેને કહેવા લાગ્યા.

હવે ઉપર લખેલાં પરાશરનાં મૂળ વચન અને તે ઉપર ખુદ માધવાચાર્યની વ્યાખ્યા એ ઉપરથી વાંચનારાઓએ વિચાર કરવો કે, કળિયુગમાં ધર્મનો નિર્ણય કરવાનોજ, એક પરાશર સંહિતાનો હેતુ છે, એવું નિઃસંશય સિદ્ધ થાય છે કે નહીં અને એ સિદ્ધ થયું એટલે તે બધો ગ્રંથ કળિયુગ વિશેજ છે, એ અવશ્ય કબુલ કરવું પડશે. ત્યારે વિધવા અને બીજી સ્ત્રીઓના વિવાહ વિશેનાં વચન બીજા યુગ વિશે છે, એવી કલ્પના કરવી એ કેવળ અશકય છે. કળિયુગના આરંભમાં વ્યાસ અને બીજા ઋષિઓએ, અમે પહેલાંના યુગના ધર્મનું જ્ઞાન મેળવ્યું છે, એવું સ્પષ્ટ કહીને, 'અમને કળિયુગના ધર્મનો ઉપદેશ કરો' એવી પરાશરને પ્રાર્થના કરી, અને તે ઉપરથી પરાશર પોતાના બધા ગ્રંથોમાં એજ યુગના ધર્મ કહે છે, તે છતાં એમાં એક વચન બીજા યુગના ધર્મ વિશે કહે, એ કલ્પના કરવી જરા પણ યોગ્ય લાગતી નથી. માટે પરાશરે સ્ત્રીઓના પુનર્વિવાહ વિશે જે આજ્ઞા કરી તે ફક્ત કળિયુગનો જ ધર્મ છે એમાં જરાએ શક નથી.

ઉપર કહ્યું કે પરાશર સંહિતાનો મતલબ કળિધર્મનો નિર્ણય કહેવાનો જ છે, એવું માધવાચાર્યે પોતાની વ્યાખ્યામાં સિદ્ધ કર્યું છે, માટે તે સંહિતાના હેતુથી ઉલટો, અને પોતાના વ્યાખ્યાનથી પણ વિરૂદ્ધ એવો એક બીજો સિદ્ધાંત તે વ્યાખ્યાકારક કરે તો તે સંભવિત અથવા યોગ્ય છે એવું કોઈ નહીં કહે.

વિવાહવિષયક વચન કળિયુગ વગર બીજા યુગને લાગુ છે એમ કહીએ તો, વિવાહ, બ્રહ્મચર્ય, અને સતી થવું એ વિશે પરાશરના વચન ઉપર, નીચે લખેલા અભિપ્રાયની માધવાચાર્યની વ્યાખ્યા વિરૂદ્ધ થશે,

"કેટલીએક આપત્તિની વખતે સ્ત્રીઓનો પુનર્વિવાહ કરવો એ વિહિત એટલે શાસ્ત્ર પ્રમાણે છે."

"પુનર્વિવાહ કર્યા કરતાં સ્ત્રીઓને બ્રહ્મચર્યથી રહેવું એ વધારે ઉત્તમ છે."

"બ્રહ્મચર્યથી રહેવા કરતાં સતી થવું એ સઉથી સત્તમછે."

માધવાચાર્યના મત પ્રમાણે પુનર્વિવાહ પહેલાંના યુગોમાં કહેલો છે, અને બ્રહ્મચર્ય તથા સતી થવું એ કળિયુગમાં કહેલું છે. ત્યારે પુનર્વિવાહ વિધાયક અને બ્રહ્મચર્ય તથા સતી વિધાયક એ વચનોનો એક બીજા સાથે કંઇ સંબંધ રહ્યો નહીં. હવે પુનર્વિવાહ વિશેનાં વચન પહેલાંના યુગને વાસ્તે જ છે, એવો માધવાચાર્યે સિદ્ધાંત કર્યો, એ ઉપરથી કળિયુગની વિધવાઓને પુનર્વિવાહનો અધિકારજ નથી, ત્યારે કળિયુગની વિધવાઓને ઉદ્દેશીને પુનર્વિવાહ કરતાં બ્રહ્મચર્યથી રહેવું સ્ત્રીઓને વધારે ઉત્તમ છે, એ પ્રમાણે મુકાબલે ઉત્તમતા કહી તે બિલકુલ વિરૂદ્ધ અને અસંભાવ્ય થઈ. પ્રથમ, કળિયુગમાં પુનર્વિવાહ થઇ શકે છે; બીજું, પુનર્વિવાહ કરતાં બ્રહ્મચર્યથી રહેવું એ વધારે ઉત્તમ છે; અને ત્રીજું સતી થવું એ સૌથી ઉત્તમ; એ પ્રમાણે વચનોનો એકબીજા સાથે ઉઘાડો સંબંધ જણાય છે, તે ઉપરથી એવું સિદ્ધ થાય છે કે એ ત્રણે વચન એકજ યુગને વિશે છે. ત્યારે પુનર્વિવાહ જો પહેલાંના યુગ વિશે કહિએ તો બ્રહ્મચર્ય અને સતી થવું એ પણ તેજ યુગ વિશે કહેવાં જોઇએ. અને જો બ્રહ્મચર્ય તથા સતી થવું એ કળિયુગનાં ગણીએ તો પુનર્વિવાહ પણ કળિયુગને વાસ્તેજ ગણવો જોઇએ. એ વચનોનો એક બીજા સાથેનો સંબંધ નાશ પામે તો તેના અર્થનું મુખ્ય વજન જતું રહે. મતલબ કે, વિધવાવિવાહ પહેલાંના યુગનો ધર્મ છે એ સ્થાપન કરવાના જોસ્સામાં માધવાચાર્યે ફક્ત સંહિતા કરનાર પરાશરના અભિપ્રાયથીજ વિરૂદ્ધ વ્યાખ્યાન કર્યું છે, એટલુંજ નહીં પરંતુ, તેના પોતાના વ્યાખ્યાનથી પણ વિરૂદ્ધ વ્યાખ્યાન કર્યું એ બધાને કબુલ કરવું પડશે.

જે ધર્મ આચરવાનો કઠણ છે તે કળિયુગના લોકોથી આચરી શકાશે નહીં, માટે પરાશર સંહિતાનો હેતુ કળિયુગમાં સુખથી આચરી શકાય એવા સહેલા ધર્મ કહેવાનો છે. આ પ્રમાણે માધવાચાર્યે પોતેજ કહ્યું છે, તેથી પુનર્વિવાહ એ સહેલો ધર્મ સમજીને વિધવાઓ-

ને વાસ્તે તે પહેલો કહ્યો. બ્રહ્મચર્યથી રહેવું એ પુનર્વિવાહથી કઠણ છે, માટે જેની ખુશી હોય તેણે બ્રહ્મચર્યથી રહેવું, અને તેને વાસ્તે તેને સ્વર્ગના સુખની પ્રાપ્તિ થશે એ બીજો પક્ષ કહ્યો. અને સતી થવું એ ઘણુંજ કઠણ માટે તે કરવાની હીમત જેને હોય તેણે સતી થવું, અને તેને વાસ્તે અનંત કાળ સુધિ સ્વર્ગપ્રાપ્તિ થશે, એ ત્રીજો પક્ષ કહ્યો. આ પ્રમાણે છે તોપણ પુનર્વિવાહ જે સૌથી સહેલો ધર્મ છે, તે માધવાચાર્યે પહેલાંના યુગોને વાસ્તે લગાડયો અને બ્રહ્મચર્ય તથા સતી થવું જે ઘણા કઠણ તે કળિયુગને વાસ્તે લગાડયા. હવે, “ કઠણ ધર્મ કળિયુગમાં આચરી શકાશે નહીં, માટે પરાશરનો હેતુ કળિયુગને વાસ્તે છેક સહેલા ધર્મ કહેવાનો છે, ” એવી માધવાચાર્યે પહેલાં જે વ્યાખ્યા કરી તેની સાથે પુનર્વિવાહ, બ્રહ્મચર્ય અને સતી થવા વિશેની તેની ઉપરની વ્યવસ્થા મળતી આવે છે કે નહીં તેનો વિચાર વાંચનારાએ કરવો. પહેલાંના યુગના માણસો ઘણા દૃઢ નિ-શ્ચયના હતા, છતાં તેમને જે અતિશય સહેલા ધર્મ આચરવાની સ્વ-તંત્રતા હતી તેની મનાઇ કળિયુગના અશક્ત અને અસ્થિર મનના માણસોને કરવી એ કલ્પના ઘણીજ ચમત્કારિક છે. ખરેખરૂં જોઇએ તો કળિયુગના લોકો પહેલાંના યુગના પોતાના પૂર્વજો કરતાં શરીર અને મન બંનેમાં ઘણાજ અશક્ત થયા છે. માટે કઠણ ધર્મ આચ-રવાને તેમનામાં સામર્થ્ય નથી,* અને પરાશરે કળિધર્મ કહેવાનો આરંભ કરીને સામાન્યરીતે બધી વિધવાઓ વિશે બધાથી સહેલો પુ-નર્વિવાહ તેજ પ્રથમ કહ્યો છે, એ વાતનો વિચાર કરીએ તો એવો

---

* એજ કારણથી તપ, ઈશ્વરીય જ્ઞાન, યજ્ઞ, અને દાન કરવું, એ ચારમાંનો સૌથી સહેલો ‘ દાન કરવું ’ એ મુખ્ય ધર્મ મનુએ કળિયુગ-ને વાસ્તે કહેલો છે, તે નીચે પ્રમાણેઃ—

तपः परं कृतयुगे त्रेतायां ज्ञानमुच्यते ।
द्वापरे यज्ञमित्याहुर्दानमेकं कलौ युगे ॥

અર્થ, “ સત્યયુગનો ધર્મ તપશ્ચર્યા, ત્રેતાયુગનો ધર્મ ઈશ્વરીય જ્ઞાન, દ્વાપરયુગનો ધર્મ યજ્ઞ, અને કળિયુગનો ધર્મ ફક્ત દાન કરવું.

સિદ્ધાંત થાય છે, કે પુનર્વિવાહની આજ્ઞા કળિયુગની વિધવાઓને વાસ્તે કરેલી છે. અને તેનાથી માધવાચાર્યની કલ્પના, સંહિતાકર્ત્તાની મૂળ મતલબની સાથે, અને યુક્તિની સાથે પણ મળતી આવતી નથી માટે તે ખોટી છે.

નીચે ભટ્ટોજી દીક્ષિતનું મત લખ્યું છે. તે ઉપરથી પણ માધવાચાર્યની વ્યાખ્યા પરાશરના મૂળ અભિપ્રાયથી વિરૂદ્ધ છે તે સ્પષ્ટ જણાય છે.

न च कलिनिषिद्धस्यापि युगान्तरीयधर्मस्यैव नष्टे मृते इत्यादि पराशरवाक्यं प्रतिपादकमिति वाच्यं । कलावनुष्ठेयान् धर्मानेव वक्ष्यामीति प्रतिज्ञाय तत्ग्रन्थप्रणयनात् । *

અર્થ, " કળિયુગમાં જેનો નિષેધ કર્યો છે એવા વિવાહની વિધિ કળિયુગ વગર બીજા યુગમાં કહેવાને પરાશરનાં વચન છે, એવું કહી શકાતું નથી. કેમકે કળિયુગમાં જે ધર્મ આચરવાના તેજ કહેવાના મતલબથી તેણે સંહિતા કરી છે. "

ઉપર લખેલી યુક્તિથી અને બીજા ગ્રંથોના પ્રમાણ ઉપરથી માધવાચાર્યની વ્યાખ્યા પરાશર સંહિતાના હેતુ સાથે અને પુનર્વિવાહ, બ્રહ્મચર્ય, તથા સતી થવું એ વિશે વચનોની તેની પોતાની વ્યાખ્યાની સાથે મળતી આવતી નથી એ સ્પષ્ટ છે. હવે પુનર્વિવાહ કલિયુગને વાસ્તે યોજેલો નથી એ કલ્પનાને તે જે આધારના જોરથી કહે છે તેનું વજન કેટલું છે તે જોઇએ.

સ્ત્રીઓનો પુનર્વિવાહ કળિયુગ વગર બીજા યુગો વાસ્તે છે, એવું કહેવાને પરાશર સંહિતાનો અથવા નષ્ટે મૃતે ઇ. વચનોનો જે છેક ઉઘાડો અર્થ છે તેનો આધાર માધવાચાર્યને કંઈ મળ્યો નહિં; માટે ફક્ત આદિપુરાણના એક વચન ઉપરથી તેણે એવું કહ્યું. તેનો મતલબ એવો જણાય છે કે જ્યારે પરાશરસંહિતા ફક્ત કલિયુગના ધર્મ કહેવાને વાસ્તેજ થઈ છે, અને તેમાં જ્યારે સ્ત્રીઓના પુનર્વિવાહની આજ્ઞા કહી છે, ત્યારે આદિપુરાણમાં વિવાહ થએલી સ્ત્રીના પુનર્વિવાહનો

* ચતુર્વિંશતિ સ્મૃતિ વ્યાખ્યા વિવાહ પ્રકરણ.

કળિયુગમાં નિષેધ કર્યો છે, માટે પરાશરની આજ્ઞા કળિયુગ વગર પહેલાનાં યુગ વિશે છે એમ જાણવું.

ઉપર કહેલા વિચારને ત્રણ મજબુત બાધક નડે છે. પહેલું, માધવાચાર્યનું કહેલું જે વચન આદિપુરાણમાંથી લીધું છે તે વચન આદિપુરાણમાં બિલકુલ મળતું નથી; અને તે ગ્રંથના મૂળતત્વનો વિચાર કરીએ તો આવા પ્રકારનાં વચન મળવાનો તેમાં સંભવજ નથી એ સ્પષ્ટ જણાય છે. ત્યારે માધવાચાર્યે જે વચનનો ઉતારો કર્યો, તેને કંઇ આધાર નથી. અને એવાં વચન ઉપરથી કરેલો સિદ્ધાંત નિરાધાર છે. બીજું, તે વચન આદિપુરાણમાં છે, એવું માનીએ તો પણ તેના જોરથી પરાશરના વચનનો અર્થ ફેરવવો એ યોગ્ય નથી. કેમકે પરાશર **સંહિતા** એટલે સ્મૃતિ છે, અને આદિપુરાણ એ **પુરાણ ગ્રંથ** છે. હવે સ્મૃતિ તથા પુરાણ વચ્ચે વિરોધ પડે તો સ્મૃતિ બળવત્તર (વધારે બળવાન) સમજવી. માટે આવે ઠેકાણે પુરાણની આજ્ઞા ન માનતાં, સ્મૃતિની આજ્ઞા પ્રમાણે ચાલવું એવું પહેલાં (૧૪ મા પૃષ્ઠમાં) સ્પષ્ટ બતાવ્યું છે. ત્રીજું, વિશેષ આજ્ઞાના પ્રબળપણા વિશે પહેલાં જે રીત બતાવી છે, તે ઉપરથી આદિ પુરાણના વચન વડે પરાશર સ્મૃતિના અર્થનો સંકોચ ન થતાં, ઉલટો પરાશર સ્મૃતિથી આદિપુરાણના વચનના અર્થનો સંકોચ કરવો જોઇએ. આદિપુરાણનો નિષેધ સામાન્ય છે, અને પરાશરસંહિતાની આજ્ઞા વિશેષ છે; માટે સામાન્ય નિયમ, વિશેષ નિયમને બાધ ન લગાડતાં ઉલટો વિશેષ નિયમ, સામાન્ય નિયમને બાધ લગાડશે.

હવે એ ઉપરથી જુઓ કે, સ્ત્રીઓના પુનર્વિવાહ વિશે પરાશરનાં વચન કળિયુગ વગર બીજા યુગને લાગુ છે, એ માધવાચાર્યનું કહેવું, (૧) સંહિતાના મતલબ અને તાત્પર્યથી વિરૂદ્ધ છે, (૨) તેની પોતાની વ્યાખ્યાથી વિરૂદ્ધ છે, (૩) જે વચનથી તે એ પ્રમાણ કાઢે છે, તે આદિપુરાણમાં નથી, (૪) તે વચન આદિપુરાણમાં છે, એવું માનીએ તોપણ સ્મૃતિ અને પુરાણ વચે વિરોધ થયો માટે સ્મૃતિ વધારે બળવાન હોવી જોઇએ તેથી પણ એ ઉલટું છે, (૫) અને વિશેષ નિયમ વડે સામાન્ય નિયમને બાધ પોહોચે છે, એ સર્વ શાસ્ત્રપ્રસિદ્ધ નિયમ તેનાથી

પણ એ વિરૂદ્ધ છે. મતલબ કે પરાશરનાં વિધવાવિવાહ વિશેનાં વચન કળિયુગ વગર બીજા યુગને લાગુ છે એવું કેવું કેવળ લુલું છે.

કોઈ એવું કહેશે કે માધવાચાર્ય મોટો વિદ્વાન હતો. સારા નરતાનો કંઇ વિચાર ન કરતાં તેનું જે મત હોય તે અમારે માન્ય કરવું. તો એ ઉપર મારૂં એટલુંજ કહેવું છે કે, માધવાચાર્ય ખરેખર વિદ્વાન હતો, અને બધી વાતે તે માન્ય હતો, પરંતુ તે કદી ચુકતો નહીં, એમ નહોતું. અને તેનું મત પણ હમેશાં પ્રમાણ કરવા લાયકજ હોય છે, એવું પેહેલાંના ગ્રંથમાં માનેલું નથી. તેના કહેવામાં જ્યારે ચુકો માલમ પડે છે, ત્યારે તેની પછી થએલા ગ્રંથકાર તેની ભુલ કહાડી તેના મતનું ખંડન કરે છે તે નીચે પ્રમાણે.

यत्तु माधवः। यस्तु वाजसनेयी स्यात् तस्य सान्धिादिनात्पुरा । न काप्यन्वाहितिः किन्तु सदा सान्धिादिने हि सा ॥ इत्याह तत् कर्कभाष्य देवजानीश्रीअनन्तभाष्यादिसकलतच्छाखीयग्रन्थविरोधाद्बहूनादराच्चोपेक्ष्यं * ।

અર્થ, "માધવાચાર્યનું આ કહેવું પ્રમાણ કરવા લાયક જણાતું નથી. કેમકે તે કર્કભાષ્ય, દેવજાની, શ્રી અનંતભાષ્ય, ઇત્યાદિ વાજસનેયી શાખાના ગ્રંથથી વિરૂદ્ધ છે. અને ઘણા ગ્રંથકારોએ તે અમાન્ય કર્યું છે."

माधवस्तु सामान्यवाक्यान्निर्णयं कुर्वन् भ्रांत एव ।*

અર્થ, "માધવાચાર્યે સામાન્ય વાક્ય ઉપરથી આ વાતનો નિર્ણય કર્યો છે, એ તેની ભુલજ થઇ છે."

कृष्णा पूर्वोत्तरा शुक्ला दशम्येवं व्यवस्थितेति माधवः वस्तुतस्तु मुख्या नवमी युतैव ग्राह्या । दशमी तु प्रकर्त्तव्या सदुर्गाद्विजसत्तमेत्यापस्तम्बोक्तेः * ।

અર્થ, "માધવાચાર્યે આ નિયમ લખ્યો, પરંતુ એ ખરો નથી. માટે આપણે બીજો નિયમ માનવો જોઇએ."

---

* નિર્ણયસિંધુ, પ્રથમ પરિચ્છેદ.

मासि चाश्वयुजे शुक्ले नवरात्रे विशेषतः ।
सम्पूज्य नवदुर्गां च नक्तं कुर्य्यात् समाहितः ।
नवरात्राभिधं कर्म नक्तव्रतमिदं स्मृतम्

आरम्भे नवरात्रस्येत्यादिस्कान्दात् माधवोक्तश्च नक्तमेव प्रधानमिति चेत् न । नवरात्रोपवासतः इत्यादेरनुपपत्तेः । §

અર્થ, " આ વિધિ સ્કંદપુરાણમાં છે, અને માધવાચાર્યે પણ કહેલી છે. માટે તે મુખ્ય છે, એવું કહેવાને બીજા શાસ્ત્રોની સાબીતિ નથી મળતી માટે તે ખોટી થશે. "

अत्र यामत्रयादर्व्वाक् चतुर्दशीसमाप्तौ तदन्ते तदूर्ध्वगामिन्यान्तु प्रातस्तिथिमध्य एवेति हेमाद्रिमाधवादयो व्यवस्थामाहुः तन्न । तिथ्यन्ते तिथिभान्ते वा पारणं यत्र चोदितम् । यामत्रयोर्ध्वगामिन्यां प्रातरेव हि पारणेत्यादि सामान्यवचनैरेव व्यवस्थासिद्धेरुभयविधवाक्यवैयर्थ्यस्य दुष्परिहारत्वात् । §

અર્થ, " હેમાદ્રિ, માધવાચાર્ય વગેરેએ આ વ્યવસ્થા કરી છે, પણ તે માનવી નહીં. કેમકે માનીશું તો બંને વિધિવાક્યોને હરકત નડશે, અને તે દૂર કરવાનો એકે રસ્તો નહીં રહે. "

न च यदि प्रथमनिशायामेकतरवियोगस्तदापि ब्रह्मवैवर्तादिवचनाद्दिवापारणमनन्तभट्टमाधवाचार्योक्तं युक्तमिति वाच्यं न रात्रौ पारणं कुर्यादृते वै रोहिणीव्रतात् निशायां पारणं कुर्यात् वर्जयित्वा महानिशामिति संवत्सरप्रदीपधृतस्य न रात्रौ पारणं कुर्य्यादृते वै रोहिणीव्रतात् अत्र निश्यपि तत् कार्यं वर्जयित्वा महानिशामिति ब्रह्माण्डोक्तस्य च निर्विषयत्वापत्तेः।*

અર્થ, " અનંત ભટ્ટ, અને માધવાચાર્યે કહેલા સિદ્ધાંતજ પ્રમાણ

§ નિર્ણયસિંધુ, દ્વિતીય પરિચ્છેદ. * તિથિતત્વ.

કરવા લાયક એમ કહીએ તો સંવત્સરપ્રદીપ અને બ્રહ્માંડપુરાણમાંનાં વચનને કંઇ જગા નહીં મળે." આ પ્રમાણે માધવાચાર્યના મતમાં જે ચુકો માલમ પડી તેનું કમળાકર ભટ્ટ અને રઘુનંદને ખંડન કર્યું માટે માધવાચાર્યનાં કહેવામાં કંઇ ચૂક હોય તો તે કહેવું પ્રમાણ કરવા લાયકજ છે એવું કહી શકાતું નથી.

અધ્યાય ૨ જો.

પરાશરનાં વિધવાવિષયક વચન મનુસ્મૃતિથી વિરૂદ્ધ નથી.

આપણા કેટલાએક પ્રતિપક્ષીઓ અંતે એવું કહે છે, કે વિધવાવિવાહ મનુસ્મૃતિથી વિરૂદ્ધ છે, અને તેથી એવો મત આપેછે કે, પરાશરનાં વચન કળિયુગમાં વિધવાવિવાહવિધાયક છે, પણ તે મનુસ્મૃતિથી વિરૂદ્ધ છે; માટે નીચે લખેલા બૃહસ્પતિના વચનથી તે ત્યાગ કરવા લાયક છે.

वेदार्थोपनिबन्धृत्वात् प्राधान्यं हि मनोः स्मृतं ।
मन्वर्थविपरीता या सा स्मृतिर्न प्रशस्यते ॥ *

અર્થ, "મનુએ પોતાની સંહિતામાં વેદાર્થનોજ સંગ્રહ કર્યો છે. માટે તેની સંહિતા મુખ્ય પ્રમાણ છે. અને તે સંહિતાથી વિરૂદ્ધ જે સ્મૃતિયો હોય તે પ્રમાણ કરવા લાયક નથી"

આ ઉપરનું કહેવું સયુક્તિક લાગતું નથી. બૃહસ્પતિ કહે છે કે મનુસંહિતા મુખ્ય પ્રમાણ અને તેનાથી વિરૂદ્ધ જે સ્મૃતિયો છે તે અપ્રમાણ, પરંતુ તે સંહિતા મુખ્ય પ્રમાણ કયા યુગમાં માનવી એવું વિશેષ તે કંઇ કહેતો નથી. અને તે પ્રમાણેજ મહાજ્ઞાની પરાશર એવું કહે છે કે, મનુસંહિતા ફક્ત સત્યયુગમાં પ્રમાણ છે બીજા યુગમાં નથી. પરાશરે આ વિશેષ ન કહ્યું હોત તો આપણા પ્રતિપક્ષિઓના કહેવા પ્રમાણે બૃહસ્પતિનુંજ કહેવું બધા યુગમાં સામાન્ય રીતે સરખે સરખું લાગુ પડત, પણ પરાશરે વિશેષ કહ્યું છે માટે મનુસંહિતા ફક્ત સત્યયુગમાંજ મુખ્ય પ્રમાણ, બીજા યુગમાં નહીં એ માન્ય કરવું જોઈએ. વળી

---

* આ કલ્લુક ભટ્ટે ઉતારી લીધું છે.

મનુસ્મૃતિથી વિરૂદ્ધ એવી સ્મૃતિઓને અનુસરીને હાલ બહુ વાતના સંપ્રદાય લોકોમાં ચાલુ છે, એ ઉપરથી ઉઘાડું સિદ્ધ થાય છે કે મનુસંહિતા કળિયુગમાં મુખ્ય પ્રમાણ નથી. ઉપર લખેલા સંપ્રદાયમાંના કેટલાએક દાખલા નીચે પ્રમાણે.

મનુએ કહ્યું છે કેઃ—

त्रिंशद्वर्षो वहेत् कन्यां हृद्यां द्वादशवार्षिकीं ।
त्र्यष्टवर्षोष्टवर्षां वा धर्मे सीदति सत्वरः ॥ ९. ९४.

અર્થ," ત્રીશ વરસના પુરૂષે બાર વરસની પોતાને ગમે તેવી કન્યા પરણવી, અથવા ચોવીશ વરસના પુરૂષે આઠ વરસની કન્યા પરણવી, આ નિયમ તોડનારાને પાતક લાગે છે."

अष्टवर्षा भवेद्गौरी नववर्षा तु रोहिणी ॥
दशमे कन्यका प्रोक्ता अत ऊर्ध्वं रजस्वला ॥
तस्मात् संवत्सरे प्राप्ते दशमे कन्यका बुधैः ॥
प्रदातव्या प्रयत्नेन न दोषः कालदोषतः ॥*

અર્થ, "આઠ વરસની છોકરીને ગૌરી, નવ વરસનીને રોહિણી અને દશ વરસનીને કન્યા કહે છે. અને દશવરસ પછીની કન્યા રજસ્વલા કહેવાય છે. માટે દશમું વરસ બેઠું એટલે કન્યાનો ગમે તેમ કરીને વિવાહ કરી નાંખવો. આવી રીતનો વિવાહ જો નિષિદ્ધકાળે (મુહૂર્ત વગર) કર્યો તોપણ તેનાથી જરાએ દોષ લાગતો નથી." આઠમે, નવમે, અથવા દશમે વર્ષે છોકરીનું લગ્ન કરવું, એટલે છોકરીનો લગ્નકાળ એ વર્ષોમાં છે, એ પ્રમાણે ઉપર અંગિરા ઋષિએ કહ્યું. અને દશ વરસ થઈ જાય તો પછી તેણે જન્મસુધી પરણ્યા વગર રહેવું પડશે, એવા ભયને લીધે તે એવું કહે છે કે, દશ વરસની કન્યાનું લગ્ન, જે દિવસોમાં લગ્નનો નિષેધ છે તે દિવસોમાં કરીએ તોપણ તેની કંઇ હરકત નથી. પરંતુ વિવાહમાં પુરૂષ ચોવીશ, ત્રીશ, અથવા બીજા કોઇ વરસનો કહી તેની કાળમર્યાદા તેણે બાંધી નથી. હવે વિચાર કરવો જોઇએ કે ઉપર લખેલાં મનુ અને અંગિરાનાં વચન એક બીજાથી વિરૂદ્ધ છે કે નહીં, અ-

---

* આ વચન ઉદ્વાહતત્વમાં છે.

ને કોનું વચન કળિયુગમાં મનાય છે. છોકરીનો લગ્નકાળ આઠ અને બાર વરસનો છે, તે વગર બીજા કાળમાં લગ્ન કરવું એ દોષકારક છે, એ મનુ કહે છે. અને અંગિરા કહે છે કે છોકરીનું લગ્ન આઠ, નવ, અથવા દશ વરસમાં કરવું. દશમું વરસ એ તેમની અવધિ છે. એ પછી છોકરીને પરણ્યા વગરની રાખવી એ કામનું નથી. એટલે તેના મત પ્રમાણે બારમું વરસ એ લગ્નનો યોગ્યકાળ બીલકુલ છેજ નહીં. હમણાંનો સંપ્રદાય અંગિરાના મત પ્રમાણે ચાલે છે, મનુના મત પ્રમાણે કંઈ ચાલતો નથી.

આ વાતમાં મનુની આજ્ઞા પ્રમાણે કરીએ તો આઠ વરસની છોકરી ચોવીશ વરસના વરને અને બાર વરસની ત્રીશ વરસના વરને આપવી પડશે, નહીં તો નિયમ તુટવાનો. પણ હમણાંના વખતમાં એ નિયમ કોઈ પણ ઠેકાણે ચાલુ હોય એમ જણાતુ નથી. અને આઠ, નવ, અથવા દશ વરસમાંજ છોકરીના લગ્નનો યોગ્યકાળ એ અંગિરા ઋષિનો નિયમ (આ દેશમાં) ઘણું કરીને બધે ચાલુ હોય એમ જણાય છે. માટે વિવાહકાળના નિર્ણય વિશે મનુના નિયમ ન માનતાં તેના વિરૂદ્ધ અંગિરા ઋષિનો બધા અંગીકાર કરે છે.

બીજું મનુ એવું કહે છે કે:—

एक एवौरसःपुत्रः पित्र्यस्य वसुनः प्रभुः ।
शेषाणामानृशंस्यार्थं प्रदद्यात्तु प्रजीवनम् ॥ ९.१६३.
षष्ठन्तु क्षेत्रजस्यांशं प्रदद्यात् पैतृकाद्धनात् ।
औरसो विभजन् दायं पित्र्यं पंचममेव वा ॥ ९.१६४.
औरसक्षेत्रजौ पुत्रौ पितृरिक्थस्य भागिनौ ।
दशापरे तु क्रमशो गोत्ररिक्थांशभागिनः ॥ ९ १६५.

અર્થ, "બાપની માલમતાનો વારસ એક ઔરસ પુત્ર ફકત છે. તેણે બાકીના પુત્રોની ઉપજીવિકા કરવાને અન્ન વસ્ત્ર ફક્ત આપવાં."

"ઔરસ પુત્રે બાપની માલમતાની વેંચણી કરવાને, પોતાના બાપના ક્ષેત્રજ પુત્રને તેનો એક પંચમાંશ અથવા ષષ્ઠાંશ આપવો."

" ઔરસ અને ક્ષેત્રજ એ બે છોકરા બાપની માલમતાના વા-
રસ થાય છે. બાકીના દશ જાતના છોકરા ગોત્ર (કુળ કુળાચાર) અને વડીલોએ મેળવેલી માલમતાના ભાગના અનુક્રમે વારસ થાય છે."

આ ઉપરથી મનુના મત પ્રમાણે જોતાં, એક માણુસને ઔરસ, ક્ષેત્રજ, દત્તક, ઇત્યાદિ, અનેક પ્રકારના છોકરા હોય તો ક્ષેત્રજ પુત્રને બાપની માલમતામાંથી પંચમાંશ, અથવા ષષ્ઠાંશ આપીને બાકીની બધી માલમતાનો વારસ ઔરસ પુત્ર થાય, અને દત્તક વગેરે છોકરાઓને તે મેહેરબાની કરીને અન્ન વસ્ત્ર ફક્ત આપે. ઔરસ પુત્ર ન હોય તો ક્ષેત્રજ પુત્ર બધી માલમતાનો વારસ થાય, ક્ષેત્રજ પુત્ર ન હોય તો દત્તક પુત્ર વારસ થાય, એ પ્રમાણે અનુક્રમે બીજા પુત્રો વિશે છે. એટલે પહેલાંનો ન હોય તો પછીનો વારસ થાય.

પરંતુ કાત્યાયન કહે છે કે:—

उत्पन्ने त्वौरसे पुत्रे तृतीयांशहराः सुताः ।
सवर्णा असवर्णास्तु ग्रासाच्छादनभागिनः * ॥

અર્થ, " ઔરસ પુત્ર ઉત્પન્ન થયો એટલે બીજા છોકરા બાપની જાતિના હોય તો તેમને બાપની માલમતામાંથી તૃતીયાંશ મળે છે. પરંતુ જુદી જુદી જાતિના હોય તો તે અન્ન વસ્ત્રના ફકત અધિકારી થાય છે."

આ ઉપરથી, કાત્યાયન મત પ્રમાણે ક્ષેત્રજ, દત્તક, વગેરે જે છોકરાઓ બાપની જાતિના હોય તે, તે બાપની માલમતાના ત્રીજા ભાગના અધિકારી છે. પણુ જુદી જાતના હોય તો ફકત અન્ન વસ્ત્રના અધિકારી થાય છે. હવે મનુ અને કાત્યાયન એ બેના મત આ વિશે એક બીજાથી વિરૂદ્ધ છે કે નહીં તે જુઓ. મનુ ક્ષેત્રજ પુત્રને ફકત બાપની માલમતામાંથી પંચમાંશ અથવા ષષ્ટાંશ આપીને બાકીના બધા પ્રકારના છોકરાઓને અન્ન વસ્ત્ર આપવાનું ફક્ત કહે છે. અને કાત્યાયન ક્ષેત્રજ વગેરે છોકરાઓ બાપની જ્ઞાતિના હોય તે બધાઓને બાપની માલમતાનો તૃતીયાંશ આપવાનું કહે છે. મનુના મત પ્રમાણે જોતાં, ઔરસ પુત્ર હોય તો દત્તક પુત્ર અન્ન વસ્ત્રનો ફકત અધિકારી થાય

* દાયભાગમાં ઉતારી લીધું છે.

છે.[1] પરંતુ કાત્યાયનના મત પ્રમાણે તો તે ત્રીજા હીસ્સાનો વારસ થાય છે. આ વિશે લોકોનો ચાલુ સંપ્રદાય જોઇએ તો, તેઓ મનુની આજ્ઞા ન માનતાં તેથી વિરૂદ્ધ કાત્યાયનની આજ્ઞા માને છે. એટલે હમણાંનાં વખતમાં ઔરસ પુત્ર હોય, તોએ દત્તક પુત્ર કેવળ અન્ન વસ્ત્રનો અધિકારી નથી થતો, પણ બાપની માલમતાના ત્રીજા ભાગનો અધિકારી થાય છે. કળિયુગમાં પણ મનુથી વિરૂદ્ધની બધી સ્મૃતિઓ તજવા લાયક છે એવો જો બૃહસ્પતિનો અભિપ્રાય હોત તો ઉપરની વાતમાં કાત્યાયનસ્મૃતિ કેમ પ્રબળ મનાત ?

વળી ત્રીજું ઉદાહરણ.

મનુ કહે છે,

यस्या म्रियेत कन्याया वाचा सत्ये कृते पतिः ।
तामनेन विधानेन निजो विंदेत देवरः ॥ ९.६९.
यथाविध्यधिगम्यैनां शुक्लवस्त्रां शुचिव्रताम् ।
मिथो भजेदाप्रसवात् सकृत् सकृदृतावृतौ ॥ ९.७०.
न दत्वा कस्याचित् कन्यां पुनर्दद्याद्विचक्षणः ।
दत्वा पुनः प्रयच्छन् हि प्राप्नोति पुरुषोनृतं ॥ ९ ७१.

અર્થ, "કન્યા વાચાદત્ત થયા પછી તેના વિવાહ થયાની પહેલાં તેનો વર મરી જાય, તો તે વરના ભાઇએ (દીયરે) તે કન્યાને પેટે પુત્રોત્પત્તિ કરવાને તેનો નીચે પ્રમાણે સ્વીકાર કરવો."

"તે સ્ત્રીએ ધોળાં વસ્ત્ર પહેરવાં, અને પવિત્ર તથા સદાચારી રહેવું,

---

૧. પરંતુ પુત્રને અંગે ઉત્તમ પ્રકારના ગુણ હોય તો તે ઔરસની પેઠે માલમતાનો વારસ થાય છે. તે નીચે પ્રમાણે.

उपपन्नो गुणैः सर्व्वैः पुत्रो यस्य तु दात्रिमः ॥
स हरेतैव तद्रिक्थं संप्राप्तोऽप्यन्यगोत्रतः ॥

અર્થ, "સર્વે સદ્ગુણવાળો છોકરો બીજા ગોત્રમાંનો હશે તોપણ તે, જેણે દત્તક લીધો છે તેની માલમતાનો વારસ, થશેજ થશે."

આ પ્રમાણે તેનો સ્વીકાર પુત્રોત્પત્તિ સારૂ કરીને, દરેક ઋતુના યોગ્યકાળ-માં એક એક વખત, એ પ્રમાણે પુત્ર થાય ત્યાં સુધી તેણે તેના સાથે ગમન કરવું."

"સુજ્ઞ માણુસોએ પોતાની કન્યા એક માગનારને એક વખત વાણીએ કરીને આપી પછી (વિવાહ થયાના પહેલાં તે માગનારો મરી ગયો તો) તે ફરીને બીજાને આપવી નહીં, કેમકે પહેલાં આપેલી ક-ન્યા જે બીજાને આપે છે તેને કન્યા ચોરવાનો દોષ લાગે છે."

જે વરને કન્યા વાચાદત્ત આપી તે મરી ગયા પછી તે કન્યાનો વિવાહ કરવાને મનુ ઉપર કહ્યા પ્રમાણે ના કહેછે. તે વરના ભાઇએ એનો યથાવિધિ સ્વીકાર કરીને તેને પુત્રોત્પત્તિ કરી આપવી, અને પુ-ત્રોત્પત્તિ થયા પછી તેણે મરતાસુધી વિધવાધર્મથી રહેવું એવી આજ્ઞા કરે છે. માટે એ મત પ્રમાણે વાચાદત્ત કન્યાનો વર વિવાહની પહેલાં મુઓ તો, તે વિવાહને લાયક નથી. અને વરની સંતતિનો નાશ ન થાય માટે દીયરથી તેને પુત્ર થયો એટલે જન્મારા સુધી વિધવાજ રહે છે.

પરંતુ વસિષ્ઠ કહે છે કેઃ—

अद्भिर्वाचा च दत्तायां म्रियेताथो वरो यदि ।
न च मंत्रोपनीता स्यात् कुमारी पितुरेव सा ॥
यावच्चेदाहृता कन्या मंत्रैर्यदि न संस्कृता ।
अन्यस्मै विधिवद्देया यथा कन्या तथैव सा ॥ અ० १७.

અર્થ, "અભિષેકથી અથવા વાણીથી કન્યાદાન આપ્યા પછી તે-નો વર મરી જાય પણ તેનું વિવાહમંત્રથી દાન થયું ન હોય તો તે કન્યા પહેલાંની પેઠે બાપનીજ છે."

"વિવાહ સંબંધી મંત્રોનો સંસ્કાર ન કરતાં ફકત વાણીથીજ કન્યા આપી હોય તેનું દાન યથાવિધિ બીજા વરને કરવું. ફકત વાણી-થી આપી એટલે તેનું કન્યાપણું જતું રહેતું નથી."

આ પ્રમાણે વાણીએ આપેલી કન્યાનો વર વિવાહ થયા પહેલાં

મરી જાય તો તેના મરણથી તેનું કન્યાપણું જતુ રહેતું નથી, એવું માનીને તેનું દાન શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બીજા વરને કરવું એમ વસિષ્ઠ કહે છે.

હવે મનુ અને વસિષ્ઠની સ્મૃતિઓમાં એ વિશે મોટો વિરોધ થયો કે નહીં તે જુઓ. મનુ કહે છે કે કન્યા માગનારો વર વિવાહની પહેલાં મરી જાય તો તેનો વિવાહ કરવો નહીં, અને દીયરથી એક પુત્ર થયા પછી જન્મારા સુધી વિધવા રહેવું. અને એજ આપત્તિએ વસિષ્ઠ કહે છે કે, તેનો વિવાહ કરવો.

દેશમાંનો હમણાં ચાલતો સંપ્રદાય વસિષ્ઠસ્મૃતિ પ્રમાણેજ જણાય છે. એટલે જેને કન્યા આપવાનું ઠર્યું હોય તે વિવાહની પહેલાં મરી જાય તો તે કન્યા વસિષ્ઠસ્મૃતિ પ્રમાણે બીજા વરને આપી શકાય છે, પણ મનુસ્મૃતિ પ્રમાણે જન્મારા સુધી વિધવા રહેતી નથી. અને દીયરથી પુત્રોત્પત્તિ પણ કરતી નથી. મનુસ્મૃતિથી વિરૂદ્ધ એવી સ્મૃતિઓને અનુસરીને ચાલે એવા કળિયુગમાં આવા ઘણા સંપ્રદાય મળી આવે છે. અને મનુના કહેલા ધર્મ ફકત સત્યયુગનાજ છે એવું પરાશર કહે છે; માટે મનુસ્મૃતિનું પ્રમાણ અને તેની વિરૂદ્ધની બીજી સ્મૃતિઓનું અપ્રમાણ, એ બૃહસ્પતિનું કહેવું ફકત સત્યયુગને વાસ્તેજ સમજવું જોઇએ, નહીં તો " મનુએ વેદાર્થનો સંગ્રહ પોતાની સ્મૃતિમાં કર્યો છે. માટે તેજ મુખ્ય સ્મૃતિકર્ત્તા," એ બૃહસ્પતિનું વચન અસંભવિત થશે. વેદાર્થનો સંગ્રહ એકલા મનુએજ પોતાની સ્મૃતિમાં કર્યો છે ત્યારે શું યાજ્ઞવલ્ક્ય, પરાશર અને બીજા ઋષિઓએ તો તે સંગ્રહ નહીં કર્યો હોય કેમ ? તેમણે તો પોતાની સ્મૃતિઓમાં મનકલ્પિત અને વેદ વિરૂદ્ધ ધર્મ કલ્પ્યા હશે કેમ ? તેઓ વેદ સમજતા નહોતા અથવા તેઓએ પોતાની સંહિતામાં વેદના અર્થનો સંગ્રહ કર્યો નથી એવી કલ્પના થઈ શકેજ નહીં. માટે વેદનો મતલબ જેવો મનુએ પોતાની સ્મૃતિમાં દેખાડ્યો છે તેવાજ તેમણે પોતપોતાની સંહિતામાં દેખાડેલો છે.

હવે મનુની સ્મૃતિને પ્રબળ કરવાને જે કારણ બૃહસ્પતિએ લગાડ્યું છે તેજ બીજાઓની સ્મૃતિને પણ લાગુ પડે છે; માટે મનુ શ્રેષ્ઠ

અને બીજા બધા તેનાથી હલકા એ તેનો સિદ્ધાંત ખરો કેમ કહેવાશે? જે વાતથી એક ગ્રંથનું મુખ્યત્વપણું માન્યું તેજ બીજા ગ્રંથને લાગુ પડે તો તે ગ્રંથ પણ જરૂર તેટલોજ મુખ્ય માનવો જોઇએ, મતલબ કે, લોકો બધા ઋષિઓને સરખા વિદ્વાન અને વિચારશીલ માને છે, અને તે બધાઓએ પોતપોતાના ગ્રંથોમાં વેદના અર્થનો સંગ્રહ કર્યોછે; માટે બધાનું એક સરખુંજ શ્રેષ્ઠપણું માનવું જોઇએ.

બધા ઋષિઓનું શ્રેષ્ઠપણું સરખુંજ માનવું જોઇએ એ મારો એકલાનો સિદ્ધાંત નથી. પરાશરસંહિતા ઉપરની વ્યાખ્યામાં માધવાચાર્યે પણ એવોજ સિદ્ધાંત કર્યો છે, તે નીચે પ્રમાણે.

अस्तु वा कथंचिन्मनुस्मृतेः प्रामाण्यं तथापि प्रकृतायाः पराशरस्मृतेः किमायातं तेन । न हि मनोरिव पराशरस्य महिमानं कश्चिद्वेदः प्रख्यापयति तस्मात्तदीयस्मृतेर्दुर्निरूपं प्रामाण्यम् ॥

અર્થ, "આ પ્રમાણે મનુસ્મૃતિ પ્રમાણ કરવા લાયક હોય તો હો, પરંતુ તેથી કરીને હમણાં પરાશરસ્મૃતિને શું વિશેષ થયું છે. મનુના શ્રેષ્ઠપણાની પેઠે પરાશરનું શ્રેષ્ઠપણું વેદમાં કોઇ ઠેકાણે વર્ણવ્યું નથી; માટે તેની સ્મૃતિને પ્રમાણ કરવા લાયક ઠરાવવી એ કઠણ છે."

આવી શંકા લેઇને પછી તેણે તેનું નિવારણ કર્યું છે તે નીચે પ્રમાણે.

न च पराशरमहिम्नोऽश्रौतत्वं स होवाच व्यासः पाराशर्य इति श्रुतौ पराशरपुत्रत्वमुपजीव्य व्यासस्य स्तुतत्वात् । यदा सर्वप्रतिपन्नमहिम्नो वेदव्यासस्य स्तुतये पराशरपुत्रत्वमुपजीव्यते तदा किमु वक्तव्यमचिंत्यमहिमा पराशर इति । तस्मात् पराशरोऽपि मनुसमान एव एष एव न्यायो वशिष्ठात्रियाज्ञवल्क्यादिषु योजनीयः ।

અર્થ "પરાશરનું શ્રેષ્ઠપણું વેદમાં કહ્યું નથી એમ નહીં; 'પરાશરના પુત્ર વ્યાસે કહ્યુ છે' એ (અર્થના શ્રુતિના) વાક્યમાં વ્યાસનું શ્રેષ્ઠપણું પરાશરના પુત્ર એ સંબંધી માન્યું છે. મૂળે વ્યાસનુંજ શ્રેષ્ઠપણું

સર્વ સંમતછે, અને પરાશરનો પુત્ર એ સંબંધીજ જ્યારે એને વેદમાં મોટું માન આપ્યું છે, ત્યારે પરાશરના પોતાના શ્રેષ્ઠપણા વિશે કંઇ સંશય રહ્યો જ નહીં. માટે પરાશર પણ મનુ પ્રમાણે જ શ્રેષ્ઠ છે. વશિષ્ઠ અત્રિ, યાજ્ઞવલ્કય, ઇત્યાદિ ઋષિ વિશે, એજ પ્રમાણે યોજના કરવી એટલે તેમનું પણ શ્રેષ્ઠપણું વેદમાં વર્ણવેલું છે માટે તે પણ મનુના જેવાજ શ્રેષ્ઠ છે."

આ ઉપરથી ખરેખરો એવો નિર્ણય થાય છે કે, જ્યારે સંહિતાના બધા કરનારાઓ એક સરખાજ મહાજ્ઞાની અને વિચારશીલ માનેલા છે; જ્યારે બધાએ પોતપોતાના ગ્રંથોમાં વેદનોજ અર્થ સંગ્રહ કરલો છે; અને જ્યારે એ બધાને વેદમાં માન આપેલું છે; ત્યારે તે બધાને આપણે એક સરખી રીતે સન્માન આપવું જોઇએ. એમાં વિશેષ એટલુંજ કે, એક એક સ્મૃતિનું પ્રબળપણું એક એક યુગમાં વિશેષ છે. અને તેથીજ સત્યયુગમાં મનુસ્મૃતિ, ત્રેતાયુગમાં ગોતમસ્મૃતિ, દ્વાપરયુગમાં શંખ ને લિખિતની સ્મૃતિ પ્રબળ હતી; અને હમણાં કળિયુગમાં પરાશરસ્મૃતિ પ્રબળ છે.

મનુ ને પરાશરની સ્મૃતિઓ બે જુદા જુદા યુગને વાસ્તે છે, માટે તેમનો એક બીજા સાથે કંઇ વિરોધ નથી. બૃહસ્પતિએ કહેલી મનુસ્મૃતિની પ્રબળતા, અને તેથી વિરૂદ્ધ હોય તે સ્મૃતિઓની દુર્બળતા, એ ફક્ત સત્યયુગને વાસ્તેજ છે, મનુસ્મૃતિથી વિરૂદ્ધ એવી સ્મૃતિઓ હાલના યુગમાં પ્રમાણભૂત માનેલી છે. માટે પરાશરે કહેલો જે વિધવાપુનર્વિવાહથી મનુસ્મૃતિ જો કદાપિ વિરૂદ્ધ હોય તોપણ તે કરવાને બીલકુલ હરકત નથી.

હવે વિધવા અને બીજી સ્ત્રીઓના વિવાહ વિશેનાં પરાશરનાં વચન મનુ, અને બીજા ઋષિઓની સ્મૃતિથી વિરૂદ્ધ છે કે નહીં તેનો વિચાર કરવો જોઇએ.

મનુ કહે છે,

या पत्या वा परित्यक्ता विधवा वा स्वयेच्छया ।
उत्पादयेत् पुनर्भूत्वा स पौनर्भव उच्यते ॥ ९.१७५.

અર્થ, "વિધવા થએલી અથવા ધણીએ પોતાની ઇચ્છાથી કહાડી મુકેલી સ્ત્રી (શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) પુનર્વિવાહ કરે તો તે વિવાહથી થએલા છોકરાને પૌનર્ભવ કહે છે.",

વિષ્ણુ કહે છે,

अक्षता भूयः संस्कृता पुनर्भूः । अ. १९.

અર્થ, "વિવાહ થયા પછી પણ, પુરૂષનો સંગ ન થયો હોય એવી સ્ત્રીનો પુનર્વિવાહ સંસ્કાર થાય તો, તે પુનર્ભૂ કહેવાય છે"

યાજ્ઞવલ્કય કહે છે,

अक्षता च क्षता चैव पुनर्भूः संस्कृता पुनः १.६७.

અર્થ, "પુરૂષનો સંગ થયો હોય અથવા ન થયો હોય પણ જે સ્ત્રીનો પુનર્વિવાહ સંસ્કાર થાય તેને પુનર્ભૂ કહે છે."

વસિષ્ઠ કહે છે,

या च क्लीबं पतितमुन्मत्तं वा पतिमुत्सृज्य अन्यं पतिं विन्दते मृते वा सा पुनर्भूर्भवति. अ. १७.

અર્થ, "નપુંસક, પતિત, અથવા ઉન્મત્ત (ગાંડો) એવા ધણીને છોડીને અથવા પતિના મરણ પછી, જે સ્ત્રી બીજો પતિ કરે છે તે પુનર્ભૂ કહેવાય છે."

આ ઉપરથી એવું જણાય છે કે મનુ, વિષ્ણુ, યાજ્ઞવલ્કય અને વસિષ્ઠ એમણે, ધણી પતિત થાય, નપુંસક થાય, ઉન્મત્ત (ગાંડો) થાય, અથવા મરણ પામે એ ચાર અડચણોની વખતે સ્ત્રીનો પુનર્વિવાહ કરવાનું માન્ય કર્યું છે.

મનુ અને બીજા સ્મૃતિકર્તાઓએ પૌનર્ભવ (સ્ત્રીના દ્વિતીય વિવાહથી તેને થએલો છોકરો) એ શબ્દ લખ્યો તે ઉપરથી એ છોકરો સશાસ્ત્ર (શાસ્ત્રે માન્ય કરેલો) એવું કહેવાનો તેમનો અભિપ્રાય નથી, પણ એવા પ્રકારનો છોકરો થાય તો તેને પૌનર્ભવ કહેવો એટલુંજ કહેવાનો તેમનો અભિપ્રાય છે,એવું વિરૂદ્ધ પક્ષના કેટલાએક લોકોનું કહેવું છે. પરંતુ એ કેવળ પોતાની ઇચ્છાથી જોડી કાઢેલું છે. તેને બી-

લકુલ આધાર નથી, કેમકે જુદા જુદા પ્રકારના છોકરાઓ વિશે જે સ્મૃતિકર્તાઓએ વચનનો લખ્યાં છે એ બધાએ પૌનર્ભવ એ સશાસ્ત્ર (શાસ્ત્રે માન્ય કરેલો) વારસ ગણેલો છે.

ઔરસ વગેરે બાર પ્રકારના છોકરાઓનાં લક્ષણ કહીને છેવટે મનુ એવું કહે છે કેઃ—

क्षेत्रजादीन् सुतानेतानेकादश यथोदितान् ।

पुत्रप्रतिनिधीनाहुः क्रियालोपान्मनीषिणः ॥ ९.१८०.

અર્થ, "ઔરસપુત્ર ન હોય તો બાપના શ્રાદ્ધપક્ષનો લોપ ન થાય માટે ક્ષેત્રજ વગેરે અગીઆર પ્રકારના છોકરા કહ્યા તે અનુક્રમે ઔરસ પુત્રના પ્રતિનિધિ થાય છે, એવું ઋષિઓએ માન્યું છે." અનેઃ—

श्रेयसः श्रेयसोऽभावे पापीयानृक्थमर्हति ९.१८४.

અર્થ, "કોઇ પણ પ્રકારનો પુત્ર ન હોય તો તેનાથી નીચેના પ્રકારનો છોકરો બાપની માલમતાનો વારસ થાય છે. એટલે ઔરસ ન હોય તો ક્ષેત્રજ વારસ, ક્ષેત્રજ ને ઔરસ બન્ને ન હોય તો ક્ષેત્રજ પછી ત્રીજા પ્રકારનો છોકરો હોય તે વારસ."

યાજ્ઞવલ્કય પણ ઔરસાદિ પુત્રનાં લક્ષણ કહીને પછી એવું ક-કહે છે કેઃ—

पिंडदोंऽशहरश्चैषां पूर्वाभावे परः परः । २.१३२.

અર્થ, "આ બાર પ્રકારના છોકરાઓમાં ઉપરની પ્રતિના છોકરા ન હોય તો તેથી પછીના છોકરાઓ બાપની માલમતાના અનુક્રમે કાયદા પ્રમાણે વારસ, અને બાપના પિંડ મુકનારા થાય છે."

આ પ્રમાણે મનુ અને યાજ્ઞવલ્કયે પૌનર્ભવ છોકરાને કાયદા પ્રમાણે વારસનો હક, અને શ્રાદ્ધ કરવાનો અધિકાર કહ્યો છે, તે છતાં તેને બેકાયદાસર અથવા અશાસ્ત્ર કહેવો તે બીલકુલ અનુપયોગી છે.

મનુ, યાજ્ઞવલ્કય, વિષ્ણુ અને વસિષ્ઠ એમણે કેટલીક આપત્તિ વખતે સ્ત્રીઓનો પુનર્વિવાહ કરવાનું કહ્યું છે. માટે વિધવાવિવાહ મનુ અને બીજા સ્મૃતિકારોના મતથી વિરૂદ્ધ છે; એવું કહેવું તે કેવળ નિરા-

ધાર છે, અને એ કહેવું જેમણે મનુ વગેરે બીજા સ્મૃતિકારોની સ્મૃતિઓનો સારી પેઠે અભ્યાસ ન કર્યો હોય તેમનુંજ હોય એમ લાગે છે, કેમકે તે સ્મૃતિઓનું સારી પેઠે જ્ઞાન હોય તો આવા નિરાધાર અને ખોટા મતનો સિદ્ધાંત કોઈ કરે એમ લાગતું નથી.

વિધવાવિવાહ મનુ આદિ સ્મૃતિકર્ત્તાઓના મતથી ખરેખરી રીતે જોઇએ તો વિરૂદ્ધ છેજ નહીં. ફક્ત એટલીજ વાત સમજવી જોઇએ કે, બીજી વખત વિવાહ થએલી સ્ત્રીઓને તેઓ પુનર્ભૂ કહેતા. અને પરાશરના મત પ્રમાણે આવી સ્ત્રીઓને તથા એવા છોકરાઓને કળિયુગમાં તે નામો નથી, એટલોજ ફરક પરાશર અને બીજા સ્મૃતિકારોના મતમાં છે. પરાશરના મતમાં કળિયુગમાં તે સંજ્ઞા ચલાવવાનું હોત તો તેણે એવી સ્ત્રીઓને પુનર્ભૂ શબ્દ લગાડયો હોત, અને કહેલા પુત્રોના પ્રકારમાં પૌનર્ભવ પુત્રને પણ ગણ્યો હોત. કળિયુગમાં એવી સ્ત્રીઓને પુનર્ભૂ શબ્દ લગાડયો નથી, અને તેનાથી થએલા છોકરાને પૌનર્ભવ ન માનતાં ઔરસજ માનેલા છે, એવું ચાલુ સંપ્રદાય ઉપરથી પણ સિદ્ધ થાય છે. જુઓ કે, વાણીથી એક પુરૂષને કન્યા આપ્યા પછી લગ્ન થયાની પહેલાં તે પુરૂષ મરે અથવા બીજા કારણોથી તે વિવાહ ભાગે તો તે કન્યા બીજા પુરૂષ સાથે પરણી શકે છે. પહેલાંના યુગમાં એવી સ્ત્રીઓને પૂનર્ભુ અને તેનાથી થએલી સંતતિને પૌનર્ભવ કહેતા તે નીચે પ્રમાણેઃ—

सप्त पौनर्भवाः कन्या वर्ज्जनीयाः कुलाधमाः ।
वाचादत्ता मनोदत्ता कृतकौतुकमंगला ॥
उदकस्पर्शिता या च या च पाणिगृहीतिका ।
अग्निं परिगता या च पुनर्भूप्रभवा च या ।
इत्येताः काश्यपेनोक्ता दहंति कुलमाग्निवत् ॥

અર્થ, "વાચાદત્તા, મનોદત્તા, કૃતકૌતુકમંગળા, ઉદકસ્પર્શિતા, પાણિગૃહીતિકા, અગ્નિપરિગતા અને પુનર્ભૂપ્રભવા એટલે પુનર્ભૂ સ્ત્રીથી ઉત્પન્ન થએલી, એ સાત પ્રકારની કાશ્યપે કહેલી પુનર્ભૂ કન્યા કુળમાં અધ-

મ ગણાય છે. માટે તેમની સાથે લગ્ન કરવું નહીં; જો કરે તો પરણુ નારનું કુળ અગ્નિની પેઠે બળે છે."

હાલના વખતમાં ઉપર કહેલી સાત પ્રકારની પુનર્ભૂ કન્યાઓથી વાગ્દત્તા, મનોદત્તા, કૃતકૌતુકમંગલા, અને પુનર્ભૂપ્રભવા એ ચાર પ્રકારની પુનર્ભૂનો વિવાહ ધડાકાથી ચાલુ છે. આવી સ્ત્રીઓને જ્યારે પહેલાંના યુગમાં પુનર્ભૂ કહેતા ત્યારે હમણાં તેમને જુદું વિશેષણ લાગે નહીં. અને બધી વાતમાં તેમને, જેનો પહેલોજ વિવાહસંબંધ થયો હોય તેની માફક ગણેલી છે. અને તેમનાથી થએલા પુત્રને પૌનર્ભવ ન ગણતાં બધી વાતમાં ઔરસજ ગણેલા છે. માબાપના પિંડ મુકવા, તેમની માલમતાના વારસ થવું વગેરે છોકરાઓને કરવાની બાબતો તેઓ ઔરસ પ્રમાણે જ કરે છે. તેમને ભૂલમાં પણ કોઇ દિવસ કોઈ પૌનર્ભવ કહેતું નથી.

હવે એવો વિચાર કરવો જોઇએ કે, પહેલાંના યુગની સાત પ્રકારની પુનર્ભૂમાંથી ચાર પ્રકારની પુનર્ભૂનો વિવાહ હમણાં ચાલુ છે. અને પ્રથમ વિવાહ સંબંધની સ્ત્રી પ્રમાણેજ તે માન્ય અને પવિત્ર ગણાય છે; માટે તેમને જુદા પ્રકારનું વિશેષણ પણ નથી અને તેમની સંતતિને ઔરસ વગર બીજું નામ પણ આપતા નથી. હવે જો રહેલા ત્રણ પ્રકારની પુનર્ભૂનો વિવાહ પ્રચારમાં આવે, તો ઉપરની યુક્તિવડે તેમને પણ પ્રથમ વિવાહ સંબંધની સ્ત્રીઓ પ્રમાણેજ માનવા વિશે, અને તેમના છોકરાને ઔરસ માનવા વિશે કંઇપણ અડચણ નડવાની નહીં.

આ ઉપરથીજ પરાશર, પ્રાચીન યુગની પુનર્ભૂને પ્રથમ વિવાહ સંબંધની સ્ત્રીના, અને પ્રાચીનકાળના પૌનર્ભવ પુત્રને ઔરસ પુત્રના હક અને અધિકાર આપે છે, અને પ્રાચીન યુગની ચાર પ્રકારની પુનર્ભૂ તથા પૌનર્ભવને અનુક્રમે પ્રથમ વિવાહ થએલી સ્ત્રી તથા ઔરસપુત્ર ગણવાનો ચાલ પણ હાલ ચાલે છે. માટે પુનર્વિવાહ કરેલી વિધવા અને તેનાં છોકરાં પ્રાચીન યુગમાં પુનર્ભૂ અને પૌનર્ભવ નામથી પ્રસિદ્ધ હતાં પણ હાલ કળિયુગમાં પ્રથમ વિવાહની સ્ત્રી અને ઔરસ પુત્રથી તેમને જુદાં ગણી શકાતાં નથી.

પુનર્વિવાહ થએલી વિધવાનો છોકરો કળિયુગમાં ઔરસ પુત્રજ કહેવાય છે, તે મહાભારત ઉપરથી પણ સિદ્ધ થાય છે. તે એવી રીતે કે નાગરાજ ઐરાવતે પોતાની વિધવા કન્યા અર્જુનને આપી, અને તેનાથી ઇરાવાન નામનો પુત્ર થયો, તેને અર્જુનનો ઔરસ પુત્ર ગણેલોછે.

अर्जुनस्यात्मजः श्रीमानिरावान्नाम वीर्यवान् ।
सुतायां नागराजस्य जातः पार्थेन धीमता ॥
ऐरावतेन सा दत्ता ह्यनपत्या महात्मना ।
पत्यौ हते सुपर्णेन कृपणा दीनचेतना ॥[1]

અર્થ, "નાગરાજ ઐરાવતની કન્યાના પતિને સુપર્ણે માર્યા પછી તે મહાત્મા નાગરાજ ઐરાવતે, પેલી દુઃખિત થએલી અને પેટે સંતાન નહીં એવી ગરીબ કન્યાનો વિવાહ કરીને અર્જુનને આપી, પછી અર્જુનથી તે કન્યાને ઇરાવાન નામે એક સુંદર અને પરાક્રમી છોકરો થયો."

अजानन्नर्जुनश्चापि निहतं पुत्रमौरसम् ।
जघान समरे शूरान् राज्ञस्तान् भीष्मरक्षिणः ॥

અર્થ, "પોતાનો ઔરસપુત્ર મુઓ છે એવું ન જાણતાં અર્જુને પણ ભીષ્મનું રક્ષણ કરનારા ઘણા શૂરા રાજાઓને માર્યા."

આ ઉપરથી એવું જણાય છે કે પ્રથમના યુગના પૌનર્ભવ પુત્રને કળિયુગના* આરંભથી ઔરસ પુત્રમાં ગણેલો છે. આપણા વિરૂદ્ધ પક્ષના લોકોએ, વિધવાવિવાહ મનુના મતથી વિરૂદ્ધ છે એવું દેખાડવાને મનુનાં વચનો ઉતાર્યાં છે તેનો ખરેખરો અર્થ અને હેતુ શો છે એનો હવે વિચાર કરીએ. તેઓએ પોતાનો મતલબ સાધવાને મનુવચનોનો નીચે

---

૧ ભીષ્મપર્વ, અધ્યાય ૯૧.

* शतेषु षट्सु सार्द्धेषु त्र्यधिकेषु च भूतले ।
कलेर्गतेषु वर्षाणामभवन् कुरुपाण्डवाः ॥

કળિયુગના આરંભ પછી ૬૫૩ વર્ષે કુરૂ અને પાંડવ થયા. કહ્લણની રાજતરંગિણી, તરંગ ૧.

પ્રમાણે અર્થ લખ્યો છે:—

न द्वितीयश्च साध्वीनां क्वचिद्भर्तोपदिश्यते । ९.१६२.

અર્થ, "સારી સ્ત્રીને બીજો પતિ છે એવું કોઇ પણ શાસ્ત્રમાં કહ્યું નથી."

પરંતુ આ વાકયનો ખરેખરો અર્થ અને તેની પહેલાં લખેલા ભાગનું તાત્પર્ય એનો વિચાર કરીએ તો આપણા પ્રતિપક્ષીઓનો હેતુ પાર પડે તેમ નથી.

मृते भर्त्तरि साध्वी स्त्री ब्रह्मचर्ये व्यवस्थिता ।
स्वर्गं गच्छत्यपुत्रापि यथा ते ब्रह्मचारिणः ॥ ९.१६०.
अपत्यलोभाद्या तु स्त्री भर्तारमतिवर्त्तते ।
सेह निन्दामवाप्नोति पतिलोकाच्च हीयते ॥ ९.१६१.
नान्योत्पन्ना प्रजास्तीह न चाप्यन्यपरिग्रहे ।
न द्वितीयश्च साध्वीनां क्वचिद्भर्तोपदिश्यते ॥ ९.१६२.

અર્થ, "પુત્ર ન હોય તોએ, બ્રહ્મચારીને જેવી સ્વર્ગપ્રાપ્તિ થાય છે, તેજ પ્રમાણે પતિના મરણ પછી જે સારી સ્ત્રી બ્રહ્મચર્ય વ્રતથી રહે છે, તેને પણ પુત્ર ન હોય તોએ સ્વર્ગપ્રાપ્તિ થાય છે."

"છોકરાને વાસ્તે જે સ્ત્રી ધણી વગર બીજા પાસે જાય છે તેની આ લોકમાં નિંદા થાય છે અને મરી ગયા પછી સ્વર્ગલોકપ્રાપ્તિ થતી નથી."

"કોઇ સ્ત્રીને પેટ બીજા પુરૂષથી થએલું છોકરૂં, તે સ્ત્રીની પ્રજા ગણાતી નથી, અને બીજાની સ્ત્રીને પેટ જે પુરૂષથી છોકરૂં ઉત્પન્ન થાય છે તે પુરૂષની પણ તે પ્રજા કહેવાતી નથી, અને કોઇ શાસ્ત્રમાં સારી સ્ત્રીના સંબંધવડે બીજા પુરૂષને પતિ કહેલો નથી."

વસિષ્ઠ કહે છે.

अनंताः पुत्रिणा लोकाः नापुत्रस्य लोकोऽस्तीति श्रूयते । अ.१७.

"પુત્રવાળાને અનંતકાળ સુધી સ્વર્ગપ્રાપ્તિ છે, અને પુત્ર વગરનાને સ્વર્ગપ્રાપ્તિ બીલકુલ નથી એવું વેદમાં કહેલું છે."

આ વચન ઉપરથી છોકરા વગરની વિધવા સ્ત્રી પોતાને સ્વર્ગપ્રાપ્તિ નહીં થાય એવી બીક રાખે છે, અને સ્વર્ગપ્રાપ્તિ થવાને પુત્ર જોઇએ; માટે બીજા પુરૂષ પાસે જાય તે સ્ત્રીની આ લોકમાં નિંદા થાય છે, અને તે સ્વર્ગલોક ખુવે છે. કેમકે અશાસ્ત્ર રીતે પારકા પાસેથી થએલો પુત્ર, શાસ્ત્રમાં તે સ્ત્રીનો કાયદા પ્રમાણે પુત્ર ગણ્યો નથી. તે છોકરાને ઉત્પન્ન કરનારને તેનો પતિ કેમ ન કહેવો એવી શંકા લેઇને મનુ કહે છે કે, એવાને સારી સ્ત્રીના સંબંધથી કોઈ પણ શાસ્ત્રમાં પતિ કહેલો નથી, એટલે સ્વર્ગપ્રાપ્તિ થવાને વાસ્તે પોતાને પેટે પુત્રોત્પત્તિ કરવી એવા ઇરાદાથી કોઇ સ્ત્રી ફક્ત પોતાની ઇચ્છાથી અશાસ્ત્ર રીતે પારકા પુરૂષ પાસે જાય તો તે પુરૂષ કોઇ પણ શાસ્ત્ર પ્રમાણે તેનો પતિ કહેવાશે નહીં, કેમકે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જે પુરૂષનો જે સ્ત્રીની સાથે વિવાહ થયો તેનેજ તે સ્ત્રીના સંબંધમાં પતિ એ શબ્દ શાસ્ત્રમાં લગાડેલો છે.

માટે આપણા પ્રતિપક્ષીઓના અર્ધા વચનનો વાસ્તવિક અર્થ એવો છે કે સ્વર્ગપ્રાપ્તિને વાસ્તે પુત્ર થવાના ઇરાદાથી ઉત્સુક થએલી વિધવા બીજા પુરૂષ પાસે જાય તો તે બીજો પુરૂષ તે સ્ત્રીનો પતિ કહેવાતો નથી. નહીં તો જ્યારે સ્ત્રીએ શાસ્ત્ર પ્રમાણે બીજા પુરૂષ સાથે લગ્ન કર્યું ત્યારે તેને બીજો પતિ થતો નથી એવો તે વચનોનો અર્થ હોત તો મનુએ પોતે પૌનર્ભવ પુત્ર વિશે જે આજ્ઞા કહેલી છે તેનાથી તે વિરૂદ્ધ થાત. પૌનર્ભવ પુત્રને, માબાપના પિંડ મુકવાનો અને તેમની માલમતાના વારસ થવાનો અધિકાર મનુએ કહેલો છે.

મનુના બીજા એક અર્ધા વચનનો, તેની પહેલાંના સંબંધ ઉપરથી જે ખરેખરો અર્થ થાય છે તેનો વિચાર ન કરતાં, જુદો અર્થ લેઇને, મનુના મત પ્રમાણે વિધવાવિવાહનો નિષેધ છે એવું સિદ્ધ કરવાને પ્રતિપક્ષીઓએ બીજો વળી પ્રકાર લખ્યો છે, તે નીચે પ્રમાણે.

न विवाहविधावुक्तं विधवावेदनं पुनः । ९.६२.

અર્થ, " લગ્નની વિધિમાં વિધવાના પુનર્વિવાહ વિશે કોઇ ઠેકાણે લખ્યું નથી."

હવે આ વચનથી ખરેખરી વિધવાના વિવાહનો નિષેધ માનીએ તો, પૌનર્ભવ પુત્ર વિશે મનુએજ કહેલી આજ્ઞા વિરૂદ્ધ થશે, એ કંઇ પ્રતીપક્ષીઓના મનમાં આવ્યું નહીં. ઉપર લખેલું અધુંજ વચન લેઇને જોઇએ તો તેમના કહ્યા પ્રમાણે એનો અર્થ થશે ખરો, પરંતુ આગળ પાછળના વાક્યનો સંબંધ, ગ્રંથકર્ત્તાનો હેતુ, અને પ્રસંગ, એ બધાનો વિચાર કરીએ તો, ઉપર લખેલો અર્થ અને હેતુ કદી સ્થાપન થઇ શકનાર નથી, તે નીચે પ્રમાણે.

देवराद्वा सपिण्डाद्वा स्त्रिया सम्यङ् नियुक्तया ।
प्रजेप्सिताधिगन्तव्या संतानस्य परिक्षये ॥ ९.५९.
विधवायां नियुक्तस्तु घृताक्तो वाग्यतो निशि ।
एकमुत्पादयेत् पुत्रं न द्वितीयं कथंचन ॥ ९.६०.
द्वितीयमेके प्रजनं मन्यन्ते स्त्रीषु तद्विदः ।
अनिर्वृत्तं नियोगार्थं पश्यंतो धर्म्मतस्तयोः ॥ ९ ६१.
विधवायां नियोगार्थे निर्वृत्ते तु यथाविधि ।
गुरुवच्च स्नुषावच्च वर्तेयातां परस्परम् ॥ ९.६२.
नियुक्तौ यौ विधिं हित्वा वर्तेयातान्तु कामतः ।
तावुभौ पतितौ स्यातां स्नुषागगुरुतल्पगौ ॥ ९ ६३.
नान्यस्मिन् विधवा नारी नियोक्तव्या द्विजातिभिः ।
अन्यस्मिन् हि नियुंजाना धर्म्मं हन्युः सनातनम् ॥ ९ ६४.
नोद्वाहिकेषु मंत्रेषु नियोगः कीर्त्यते क्वचित् ।
न विवाहविधावुक्तं विधवावेदनं पुनः ॥ ९.६५.
अयं द्विजैर्हि विद्वद्भिः पशुधर्मो विगर्हितः ।
मनुष्याणामपि प्रोक्तो वेणे राज्यं प्रशासति ९.६६.

स महीमखिलां भुंजन् राजर्षिप्रवरः पुरा ।
वर्णानां संकरं चक्रे कामोपहतचेतनः ॥ ९.६७.
ततः प्रभृति यो मोहात् प्रमीतपतिकां स्त्रियम् ।
नियोजयत्यपत्यार्थे तं विगर्हन्ति साधवः ॥ ९.६८.

અર્થ—"પતિના પેટનું સંતાન ન થાય તો, યથાવિધિ નિયુક્ત (અધિકાર આપેલી) સ્ત્રીએ, પોતાના દીયરથી અથવા બીજા કોઇ સપિંડ સગાવહાલાથી ઇચ્છેલો પુત્ર પોતાને પેટે ઉત્પન્ન કરવો."

"વિધવાને પુત્રોત્પત્તિ કરી આપવા વિશે નિયુક્ત એટલે મુકરર કરેલા પુરૂષે, પોતાને શરીરે ઘી ચોપડી, રાત્રે મુગા રહી, તે વિધવાને પેટે એક પુત્ર ઉત્પન્ન કરવો, બીજો કરવો નહીં."

"એકજ પુત્રની ઉત્પત્તિથી નિયોગનો કાયદા પ્રમાણે હેતુ પાર પડનાર નહીં, એવું જાણીને કેટલાએક નિપુણ ઋષિઓએ નિયોગના નિયમમાં વિધવાને પેટે બીજો પણ પુત્ર ઉત્પન્ન કરવા વિશે કહ્યું છે."

"વિધવાનો નિયોગ કર્યા પછી તેનો હેતુ પાર પડયો તો (પુત્રોત્પત્તિ થઇ તો) તે બંને જણે (વિધવા અને પુત્રોત્પત્તિ કરનાર) એક બીજા સાથે દીકરાની વહુ, અને સસરા પ્રમાણે વર્તવું."

"ઉપર કહેલા હેતુને વાસ્તે ઠરાવેલાં સ્ત્રી પુરૂષ વિધિ છોડીને કામવાસનાથી એક બીજા સાથે વર્તશે તો તે પતિત થશે, અને છોકરાની સ્ત્રીએ સસરા સાથે લગ્ન કર્યું, અને સસરાએ દીકરાની વહુ વેરે લગ્ન કર્યું એમ ગણાશે."

"દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રી, અને વૈશ્યે) બીજા પાસેથી ગર્ભ ધારણ કરવા સારૂ વિધવાનો સંગ કરાવવો નહીં. બીજા પાસેથી ગર્ભ ધારણ કરવાની યોજના કરી તો બરોબર ચાલનારી પતિવ્રતાના ધર્મનો ભંગ થશે."

"વિવાહમંત્રમાં નિયોગ કોઈ ઠેકાણે કહ્યો નથી. અને વિવાહની વિધિમાં (પુત્રોત્પત્તિને વાસ્તે) વિધવાનો અંગીકાર કરવા વિશે કોઇ ઠેકાણે કહ્યું નથી."

"જ્ઞાની દ્વિજોયે આ સંપ્રદાય ફક્ત પશુજાતિનેજ યોગ્ય જાણીને

તેની નિંદા કરી છે; અને વેણુ નામનો રાજા રાજ્ય કરતો હતો ત્યારે માણસોમાં આ સંપ્રદાય ચાલુ હતો એવું કહ્યુ છે."

"વેણુ રાજા બધી પૃથ્વીનું રાજ્ય ભોગવ્યા પછી કામવાસનાથી અંધ થઈને બધી જ્ઞાતિ એક કરવા લાગ્યો."

"તે વખતથી પુત્રોત્પત્તિને વાસ્તે મોહથી વિધવાની સોબત કરનારા પુરૂષને, સાધુપુરૂષ દૂષણ દેછે."

હવે આ વચનોનો બરોબર રીતે વિચાર કરીએ તો એવું જણાય છે કે, તે વિધવાવિવાહ વિશેના વચન નથી. પણ ક્ષેત્રજ (બીજાની સ્ત્રીને પેટે ઉત્પન્ન કરેલા) પુત્ર વિશે છે. એમાં પેહેલા વચનથીજ ક્ષેત્રજ પુત્રના વિચારનો આરંભ કર્યો છે, છેલ્લા વચનમાં તેની સમાપ્તિ થઇ છે, અને વચ્ચેનાં બધાં વચનોમાં પણ તેજ વિષયનો સંબંધ છે. માટે એ બધું પ્રકરણ બીજાની સ્ત્રીને પેટે પુત્ર ઉત્પન્ન કરવો કે ન કરવો તે વિશે છે. હવે આપણા પ્રતિપક્ષીઓ જે વચનના આધારથી, વિધવાવિવાહ મનુના મતથી વિરૂદ્ધ છે એવું કહે છે, તે વચન ઉપરના પ્રકરણમાંજ છે. તે વિશે મારૂં કહેવું એવું છે કે તે વચનના પૂર્વાર્ધમાં નિયોગ શબ્દ છે, અને તેનો અર્થ ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિની વિધિ એવોજ થાય છે, એમાં કંઈ શક નથી. માટે તે વચનના ઉત્તરાર્ધમાં શક ભરેલો જે **વેદન** શબ્દ છે, તેનો પણ અર્થ પૂર્વના સંબંધ ઉપરથી ક્ષેત્રજ પુત્ર ઉત્પન્ન કરવાને બીજાની સ્ત્રીનો અંગીકાર કરવો એવોજ માનવો જોઈએ. વેદન એ શબ્દ વિદ્ ધાતુ ઉપરથી નિકળ્યો છે અને વિદ્ ધાતુના અર્થ બે થાય છે; એક તો જોવું અને બીજો અંગીકાર કરવો. ત્યારે વેદન શબ્દનો અર્થ સ્ત્રીના હાથનો અંગીકાર કરવો, પછી ગમે તો તે વિવાહમાં હોય અથવા ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ કરવાને હોય. વેદન શબ્દ વિવાહપ્રકરણમાં આવે તો તેનો અર્થ વિવાહ અને ક્ષેત્રજ પુત્રના પ્રકરણમાં આવે તો ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ સારૂ સ્ત્રીનો અંગીકાર થાય એવું માનવું જોઈએ. તેનાં ઉદાહરણઃ—

न सगोत्रां न समानप्रवरां भार्यां विंदेत । *

અર્થ, "વરે પોતાના ગોત્રની અને પોતાના પ્રવરની સ્ત્રી પોતે (**ન વિંદેત**) પરણવી નહીં." એટલે એવી સ્ત્રીનું પાણિગ્રહણ કરવું નહીં. આ વચન વિવાહપ્રકરણનું છે માટે વિદ્ ધાતુના **વિંદેત** રૂપ-

---

* વિષ્ણુસંહિતા, અધ્યાય ૪ થો.

નો અર્થ વિવાહમાં પાણિગ્રહણ કરવું એવો થયો. ફરીને,

यस्या म्रियेत कन्याया वाचा सत्ये कृते पतिः ।
तामनेन विधानेन निजो विन्देत देवरः ॥

यथाविध्यधिगम्यैनां शुक्लवस्त्रां शुचिव्रताम् ।
मिथो भजेदाप्रसवात् सकृत् सकृदृतावृतौ ॥

અર્થ, "વાગ્દાન થયા પછી અને વિવાહવિધિ થયા પેહેલાં કન્યાનો પતિ મરી જાય તો, તે પતિના ભાઇએ તે કન્યા (વિંદેત) પુત્રોત્પત્તિ કરવાને અંગીકાર કરવી." "તેણે ધોળાં વસ્ત્ર પેહેરવાં, અને પવિત્ર તથા સદાચારી રહેવું. એમ પુત્રોત્પત્તિ સારૂ તેનો સ્વીકાર કરીને દરેક ઋતુમાં યોગ્યકાળે એક એક વખત એ પ્રમાણે પુત્ર થાય ત્યાં સુધી તેણે તેની સાથે ગમન કરવું."

આ વચનો સાફ ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ કરવા વિશેજ છે, માટે વિદ્ એ ધાતુના વિંદેત એ રૂપનો અર્થ ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિને વાસ્તે સ્ત્રીનો સ્વીકાર કરવો એમ થયો. આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે,

न विवाहविधावुक्तं विधवावेदनं पुनः ।

અર્થ, "વિવાહની વિધિમાં વિધવાનું વેદન કહ્યું નથી."

ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ વિશેના આ વાકયમાં વિદ્ ધાતુના વેદન રૂપથી તેનો અર્થ ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ કરવા સારૂ સ્ત્રીનો અંગીકાર કરવો, એવો જરૂર કરવો જોઇએ. નહીં તો ગ્રંથનો હેતુ અને પાછળનો સંબંધ નાશ પામે છે. આ બન્નાં વચનોનાં બે વ્યાખ્યાનોમાંથી યોગ્ય અને શુદ્ધ કયું તેનો વાંચનારને નિર્ણય કરવા સારૂ તે બંને એક બીજાની સામે નીચે લખ્યાં છે.

"વિવાહમંત્રમાં નિયોગ એટલે ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ વિશેની આજ્ઞા કોઇ ઠેકાણે કરી નથી, અને વિવાહવિધિમાં ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ સારૂ વિધવાનો અંગીકાર કરવા વિશે પણ કહ્યું નથી."	"વિવાહમંત્રમાં નિયોગ એટલે ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ વિશેની આજ્ઞા કોઇ ઠેકાણે કરી નથી. અને વિવાહવિધિમાં વિધવાના લગ્ન વિશે પણ કહ્યું નથી."

આ વાક્યમાં મનુએ નિયોગ ધર્મનો (ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિનો) નિષેધ કહ્યો છે. માટે તે સ્પષ્ટ કહે છે કે બધા વિવાહમંત્રોમાંથી એકેમાં નિયોગ કહ્યો નથી. અને વિવાહની વિધિમાં વેદન (પુત્રોત્પતિ કરવા સારૂ વિધવા સ્ત્રીનો સ્વીકાર કરવો) કહ્યું નથી. એટલે નિયોગ એ ફક્ત સંતતિ ઉત્પન્ન કરવાનું સાધન છે, અને જ્યારે પ્રજા ઉત્પન્ન કરવી એજ વિવાહનો મુખ્ય મતલબ છે ત્યારે નિયોગ અને વેદન એ એક પ્રકારના વિવાહ છે એમ મનુ માને છે. અને વિવાહના મંત્ર તથા વિધિમાં તે વિશે કંઇ લખ્યું નથી માટે તે અશાસ્ત્ર છે એવો સિદ્ધાંત કરે છે. નિયોગ પ્રકરણમાં એક સ્મૃતિના પૂર્વાર્ધમાં ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિનો નિષેધ કરીને, તેનાજ ઉત્તરાર્ધમાં કંઇ પ્રસંગ વગર અને ચાલ વગર વિધવાવિવાહનો નિષેધ મનુ કરે એ કંઈ સયુક્તિક દેખાતું નથી. વિવાહમંત્રમાં નિયોગ ધર્મ કહ્યા નથી એ કહેવું નિયોગ વિશેના પ્રકરણને બીલકુલ લાગુ નથી. પરંતુ વિવાહવિધિમાં વિધવાઓના પુનર્વિવાહ વિશે કહેલું નથી એ કહેવું તે પ્રકરણના વિષય અને હેતુથી સંબંધરહિત છે. સ્મૃતિકાર નિયોગ ધર્મનો વિચાર કરે તો તેમાં એકાએક વચ્ચે વિધવાવિવાહ વિશે શું કામ લખે? ઉપરના વચનમાં **વેદન** શબ્દ લીધો છે, વિવાહ શબ્દ લીધો નથી. **વેદન** શબ્દના બે અર્થ થાય છે:—'વિવાહમાં પાણિગ્રહણ કરવું,' અને નિયોગ પ્રકરણમાં, 'પ્રજાની ઉત્પત્તિ કરવા સારૂ પાણિગ્રહણ કરવું,' તેમાંથી ઉપરના વચનમાં સંબંધ પ્રમાણે બીજોજ અર્થ લેવાનો છે. **વેદન** શબ્દનો અર્થ વિવાહ કરીને વિધવાવિવાહનો નિષેધ સ્થાપન કરવાની ખટપટ જેઓ કરે છે તેઓ સ્મૃતિના મર્મ વિશે પોતાનું અજ્ઞાનપણું ફક્ત પ્રગટ કરે છે.

એ પ્રકરણ નિયોગ વિશેજ છે. વિધવાવિવાહ વિશે નથી. એવું દેવગુરૂ બૃહસ્પતિએ એ સ્મૃતિ વિશે જે લખ્યું છે, તે ઉપરથી પણ નિશ્ચય થાય છે; તે નીચે પ્રમાણેઃ—

उक्तो नियोगो मनुना निषिद्धः स्वयमेव तु ।
युगह्रासादशक्योऽयं कर्तुमन्यैर्विधानतः ॥
तपोज्ञानसमायुक्ताः कृतत्रेतादिके नराः ।

द्वापरे च कलौ नृणां शक्तिहानिर्हि निर्म्मिता ॥
अनेकधा कृताः पुत्रा ऋषिभिर्य्ये पुरातनैः ।
न शक्यास्तेऽधुना कर्तुं शक्तिहीनैरिदंतनैः ॥ *

અર્થ "નિયોગ એ મનુએ પોતેજ કહેલો છે અને તેનો નિષેધ પણ તેણેજ કર્યો છે. જુદા જુદા યુગોમાં માણુસની શક્તિ કમી થાય છે માટે નિયોગનો નિયમ યથાશાસ્ત્ર રાખવાનું તેના હાથમાં નથી. સત્ય ત્રેતા અને દ્વાપર યુગમાં માણુસ તપસી અને વિશેષ જ્ઞાની હતાં. પરંતુ માણુસની શક્તિ કળિયુગમાં કમી કરી છે. પેહેલાંના ઋષિ અનેક પ્રકારના પુત્ર ઉત્પન્ન કરતા, હાલના દુબળા માણુસોથી તે કરવાનું અશક્ય છે."

એટલે નિયોગ પ્રકરણુમાં, પેહેલી પાંચ સ્મૃતિમાં નિયોગનું વિધાન કરીને, પછીની પાંચ સ્મૃતિમાંજ તેનો સ્પષ્ટ રીતે નિષેધ કર્યો છે. એ કજ ઠેકાણે એકજ વાતનું વિધાન કરીને લાગલોજ તેનો નિષેધ કરવો તે છેક ગેરવાજબી જણાય છે.

આ અડચણુનો ખુલાસો બૃહસ્પતિએ એવી રીતે કર્યો છે કે, મનુએ નિયોગનું વિધાન સત્ય, ત્રેતા, અને દ્વાપર યુગ વિશે કર્યું, અને કળિયુગમાં તેનો નિષેધ કર્યો; માટે મનુસ્મૃતિના નિયોગ પ્રકરણુ વિશે બૃહસ્પતિનું જે કહેવું છે તે ઉપરથી તે બધું પ્રકરણુ નિયોગ વિશે જ છે, એવું ખચિત સિદ્ધ થાય છે,

આ ઠેકાણે વળી એવું કહુંછું કે નારદસ્મૃતિ, મનુસ્મૃતિનો એક ભાગ છે. મનુની મોટી સંહિતાનો નારદે સંક્ષેપ કર્યો છે, તે સંક્ષેપને નારદસંહિતા કહે છે. મનુસંહિતા નામનો હાલ જે ગ્રંથ લોકોમાં પ્રસિદ્ધ છે તે ભૃગુએ બરોબર ગોઠવ્યો માટે તેને કોઇ કોઈ વખત ભૃગુસંહિતા પણુ કહે છે. તેમજ નારદના સંક્ષેપને નારદસંહિતા કહે છે. નારદસંહિતાના આરંભમાં નીચે લખેલાં વચનો મળે છે:

---

* કુલ્લૂક ભટ્ટે પોતાના ગ્રંથમાં આ સ્મૃતિ લીધી છે.

भगवान् मनुः प्रजापतिः सर्व्वभूतानुग्रहार्थमाचारस्थितिहेतुभूतं शास्त्रं चकार। तदेतत् श्लोकशतसहस्रमासीत्। तेनाध्यायसहस्रेण मनुः प्रजापतिरुपनिबध्य देवर्षये नारदाय प्रायच्छत् स च तस्मादधीत्य महत्वान्नायं ग्रन्थः सुकरो मनुष्याणां धारयितुमिति द्वादशभिः सहस्रैः संचिक्षेप तच्च सुमतये भार्गवाय प्रायच्छत्। स च तस्मादधीत्य तथैवायुर्ह्रासादल्पीयसी मनुष्याणां शक्तिरिति ज्ञात्वा चतुर्भिः सहस्रैः संचिक्षेप। तदेतत् सुमतिकृतं मनुष्या अधीयते। विस्तरेण शतसाहस्रं देवगन्धर्व्वादयः यत्रायमाद्यः श्लोको भवति

आसीदिदं तमोभूतं न प्राज्ञायत किंचन।
ततः स्वयंभूर्भगवान् प्रादुरासीच्चतुर्मुखः॥

इत्येवमाधिकृत्य क्रमात् प्रकरणात् प्रकरणमनुक्रान्तम्। तत्र तु नवमं प्रकरणं व्यवहारो नाम यस्येमां देर्विषनारदः सूत्रस्थानीयां मातृकां चकार।

અર્થ, "બધા પ્રાણીઓ ઉપર દયા કરવાને તેમનો આચાર શુદ્ધ રાખવાનું શાસ્ત્ર (સંહિતા) ભગવાન પ્રજાપતિ જે મનુ તેણે કર્યું. તેના એક લાખ શ્લોક અને એક હજાર અધ્યાય હતા. મનુએ તે શાસ્ત્ર દેવર્ષિ નારદને આપ્યું, અને નારદે તેમની પાસેથી તેનું અધ્યયન કર્યું. તે શાસ્ત્ર ઘણું મોટું હતું, માટે તે સંપાદન કરવાનું માણસોને કઠણ પડશે એવું જાણીને તેનો સંક્ષેપ, બાર હજાર શ્લોકમાં કરીને નારદે તે ભૃગુ વંશના સુમતિને આપ્યો. સુમતિએ નારદ પાસેથી તેનું અધ્યયન કર્યું. અને માણસોના આયુષ્યની મુખ્ય મર્યાદા કમી થઇ માટે તેમની શક્તિ ક્ષીણ થવાની એવું જાણીને તેનો સંક્ષેપ ચાર હજાર શ્લોકમાં કર્યો, એ સુમતિએ કરેલું શાસ્ત્ર માણસો ભણે છે. અને મૂળનું લાખ શ્લોકનું શાસ્ત્ર દેવ અને ગાંધર્વ ભણે છે, તેના આરંભનો શ્લોક એ છે કે 'આ વિશ્વ તમોમય હતું, તેમાં કંઇ ઇંદ્રિયગોચર નહતું. પછી ચાર મુખના

ભગવાન સ્વયંભૂ બ્રહ્મદેવ પ્રગટ થયા.' આ આરંભના શ્લોક પછી, એક પછી એક વિષયનાં પ્રકરણ અનુક્રમે લખ્યાં તેમાંનું નવમું પ્રકરણ વ્યવહાર બદ્દલ છે, તેની રચના દેવર્ષિ નારદે એ પ્રમાણે કરી છે."

માટે નારદની સ્મૃતિ મનુસ્મૃતિનોજ ભાવાર્થ છે એ ઉઘાડું છે. કેમકે નારદે મનુની એક લાખ સ્મૃતિનોજ સંક્ષેપ કર્યો છે. એ મનુસંહિતાના નારદકૃત સંક્ષેપમાં "પતિનો પત્તો લાગે નહીં" ૪૦ પાંચ આપત્તિની વખતે સ્ત્રીઓનો પુનર્વિવાહ કરવા વિશે આજ્ઞા છે, એવું પેહેલાં એક ઠેકાણે દેખાડયું છે; માટે આ આજ્ઞા પરાશરેજ કહેલી છે, એવું ન માનતાં મનુએ પણ આપી છે એવું માનવું જોઇએ. પતિનો પત્તો લાગતો ન હોય ઇત્યાદિ વચનના અર્થ ઉપર માધવાચાર્યની વ્યાખ્યામાં લીધેલું વચન મનુસંહિતાનું જાણીનેજ લીધું છે, તે નીચે પ્રમાણે:—

मनुरपि,

नष्टे मृते प्रव्रजिते क्लीबे च पतिते पतौ ।

पंचस्वापत्सु नारीणां पतिरन्यो विधीयते ॥

અર્થ, "ધણીનો પત્તો ન લાગતો હોય, તે મરી ગયો હોય, સંન્યાસી, નપુંસક, અથવા પતિત થયો હોય તો એ પાંચે આપત્તિની વખતે સ્ત્રીએ બીજો પતિ કરવો."

આ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે વિધવાવિવાહ મનુના મતથી વિરૂદ્ધ નથી, પણ બધી રીતે તેના મતને અનુસરતોજ છે. અને પરાશરે ઉપરનું વાકય શબ્દે શબ્દ અને અક્ષરે અક્ષર મનુમાંથીજ લીધું છે; માટે વિધવાવિવાહ મનુસ્મૃતિથી વિરૂદ્ધ છે, એ સ્થાપન કરવાની ખટપટ કરવી કેવળ નિષ્ફળ છે.

અધ્યાય ૪ થો.

પરાશરનાં વિધવાવિવાહવિધાયક વચન વેદથી વિરૂદ્ધ નથી.

સ્ત્રીઓના પુનર્વિવાહ વિશેની પરાશરની આજ્ઞા વેદથી વિરૂદ્ધ છે, એવું સિદ્ધ કરવાને સામા પક્ષવાળાઓએ મેહેનત કરેલી છે. આ કરવામાં તેમનો હેતુ એવો છે કે, આ દેશમાં વેદ એ સર્વેથી શ્રેષ્ઠ પ્રમાણ ગણાય છે. અને જ્યારે પરાશરનાં વચન તેનાથી વિરૂદ્ધ થયાં, એટલે તે વચનો કોઇ માનનાર નહીં, કેમકે વેદવ્યાસે એવો સિદ્ધાંત કર્યોછે કે,

श्रुतिस्मृतिपुराणानां विरोधो यत्र दृश्यते ॥
तत्र श्रौतं प्रमाणं तु तयोर्द्वैधे स्मृतिर्वरा ॥

અર્થ, "વેદ, સ્મૃતિ અને પુરાણ એઓની વચ્ચે અરસપરસ વિરોધ થાય તો વેદમાં કહેલું તે બળવત્તર (વધારે બળવાન) માનવું. જો સ્મૃતિ અને પુરાણ વચ્ચે વિરોધ પડે તો સ્મૃતિ બળવત્તર."

વેદનાં જે વાકયોથી પરાશરનાં વચન વિરૂદ્ધ છે, એવું જે સામા પક્ષના કહે છે તે વાકયો નીચે પ્રમાણે:—

यदेकस्मिन् यूपे द्वे रशने परिव्ययति तस्मादेको द्वे जाये विंदेत । यन्नैकां रशनां द्वयोर्यूपयोः परिव्ययति तस्मान्नैका द्वौ पती विंदेत ॥

અર્થ, "જેમ એક યજ્ઞસ્તંભની આસપાસ બે રશના* બાંધી શકાય છે, તેમજ એક પુરૂષથી બે સ્ત્રીઓ થઇ શકે છે; પરંતુ એક રશના જેમ બે સ્તંભની આસપાસ નથી બાંધી શકાતી તેમ એક સ્ત્રીથી બે પતિ થઇ શકતા નથી."

વિધવાવિવાહ વેદની વિરૂદ્ધ છે એ એમનું કહેવું કેવળ આજ વચનોના આધાર ઉપર છે. "એક સ્ત્રીથી બે પુરૂષ થઇ શકતા નથી" આ વાકય જોતાંજ વિધવાવિવાહ વેદવિરૂદ્ધ છે, એવા સિદ્ધાંત પર એકદમ આપણા પ્રતિપક્ષીઓ ઉડી પડયા. પરંતુ તે વેદવાકયોનો ખરેખરો મતલબ એવો નથી. એનો મતલબ નીચે પ્રમાણે છે.

---

* રશના—એ યજ્ઞમાં નિયમિત લંબાઇની એક દોરી છે.

જેમ એક યજ્ઞસ્તંભની આસપાસ બે રશનાઓ **એકજ વખતે** બાંધી શકાય છે, તેમ એક પુરૂષથી **એકજ વખતે** બે સ્ત્રીઓ થઇ શકે છે; પણ જેમ એક રશના **એકજ વખતે** બે યજ્ઞસ્તંભની આસ-પાસ બાંધી શકાતી નથી, તેમજ એક સ્ત્રીથી **એકજ વખતે** (એક ધણી જીવતો હોય તે છતાં બીજો પુરૂષ કરીને કુલ) બે પતિ થઇ શકતા નથી, (પણ જેમ એક રશનાથી બાંધેલો સ્તંભ નાશ પામે તો તેજ રશનાએ બીજો સ્તંભ બાંધી શકાય છે, તેમ એક સ્ત્રીનો એક પુરૂષ મરી જાય તો પછી તેનાથી બીજો પુરૂષ થઈ શકે). એક પુરૂષ મરી ગયા પછી પણ બીજો પુરૂષ ન થઇ શકે, એવો કંઇ એ વેદ વાકયોનો મતલબ નથી. આ મારી કલ્પના કેવળ મારાજ મનનીજ જોડી કહાડેલી હોય એમ નથી. મહાભારત ઉપર ટીકા કરનાર નીલકંઠ એમણે વેદમાંનુંજ એક વાકય લેઇને તે ઉપર વ્યાખ્યા કરી છે તે ઉ-પરથી, અને મૂળ વાકય ઉપરથી ઉપર કહેલોજ અર્થ નકી થાય છે. નીલકંઠે જે વાકય લીધું છે તે નીચે પ્રમાણેઃ—

नैकस्या बहवः सह पतयः । *

અર્થ, " એક સ્ત્રીથી, **એકજ વખતે** બહુ પતિ થતા નથી. "

વ્યાખ્યા.

सहेति युगपद्बहुपतित्वनिषेधो विहितो न तु समयभेदेन ।[1]

અર્થ, " આ વેદવાકયમાંના 'સહ' શબ્દથી, સ્ત્રીયોને એકજ વખતે બહુ પતિ કરવાનો નિષેધ કર્યો છેઃ પરંતુ જુદી જુદી વખતે બહુ પતિ કરવાનો નિષેધ નથી."

આ પ્રમાણે વિધવાવિવાહ વેદવિરૂદ્ધ છે એવો જે પ્રતિપક્ષીઓ-નો મત છે તે બીલકુલ ખોટો છે, વેદનો મતલબ આપણી સ્મૃતિઓ-માં ઋષિઓએ લીધેલો છે એ બધા કબુલ કરે છે. હવે જો વિધવાવિ-વાહ વેદવિરૂદ્ધ હોત તો આપણા સ્મૃતિકારો તે પોતાની સ્મૃતિમાં દા-ખલ કરતજ નહીં. અને તેનો ચાલ પ્રાચીનકાળમાં કદી ચાલતજ નહીં. આ વાતનો તેમણે વિચાર કરવો જોઇતો હતો.

---

* આ વાકય પરાશરસંહિતાની વ્યાખ્યામાં માધવાચાર્યે પણ લીધેલું છે.

[1] આદિપર્વ, અધ્યાય ૧૯૫.

અધ્યાય ૯ મો.

(મૂળ ગ્રંથમાં અધ્યાય ૮ મો.)

દીર્ઘતમાનો નિષેધ વિધવાવિવાહને લાગુ નથી.

નીચે લખેલાં મહાભારતનાં વચનોના આધારથી સ્ત્રીને આ દુનિયામાં એકજ પતિ હોય એવું કેટલાએક પ્રતિપક્ષિઓનું કહેવું છે.

દીર્ઘતમા ઉવાચ.

अ प्रभृति मर्यादा मया लोके प्रतिष्ठिता ।
एक एव पतिर्नार्य्या यावज्जीवं परायणम् ॥
मृते जीवति वा तस्मिन्नापरं प्राप्नुयान्नरम् ।
अभिगम्य परं नारी पतिष्यति न संशयः ॥

આ વચનોનો અર્થ તેઓ કરે છે કે: "દીર્ઘતમા કહે છે, સ્ત્રીથી આખા જન્મારામાં એકજ પતિ કરાય. તે જીવતો છતાં અને મુવા પછી પણ સ્ત્રીએ બીજા પુરૂષની સાથે સંબંધ કરવો નહીં. જો બીજા પુરૂષની સાથે સંબંધ કરશે તો તે પતિત થશે, એમાં કંઇ શક નથી." આ વ્યાખ્યા જો ખરી હોત તો વિધવાપુનર્વિવાહ વિશે તેમની અડચણ કદાપિ ખરી ઠરી હોત. પરંતુ તે વાક્યોનો અર્થ પ્રથમથીજ બીલકુલ જુદો છે. તેમનો અર્થ એવો છે કે "સ્ત્રીએ જન્મારા સુધી ફક્ત પોતાના પતિની સાથેજ રહેવું; તે જીવતો છતાં અથવા તેના મરણ પછી પણ તેણે બીજા પુરૂષ પાસે જવું નહી ઇ." પ્રાચીનકાળમાં વ્યભિચારનો સંપ્રદાય ઘણો ચાલ્યો હતો, તે વ્યભિચારનો નિષેધ આ વાક્યોથી કરેલો છે, કંઈ પુનર્વિવાહનો નિષેધ નથી.

પુરાતનકાળમાં વ્યભિચારનો સંપ્રદાય ઘણો ચાલ્યો હતો તે મહાભારતના બીજા એક ભાગમાં કહેલો છે, તે નીચે પ્રમાણેઃ—

ऋतावृतौ राजपुत्रि स्त्रिया भर्ता पतिव्रते ।
नातिवर्त्तव्य इत्येवं धर्म्मं धर्म्मविदो विदुः ॥
शेषेष्वन्येषु कालेषु स्वातंत्र्यं स्त्री किलार्हति ।

धर्म्ममेवं जनाः सन्तः पुराणं परिचक्षते ॥ *

પાંડુ કુંતાને કહે છે—" હે પતિવ્રતા રાજકન્યા, ધર્મ જાણનારા પુરૂષોનો મત એવો છે કે પ્રત્યેક ઋતુકાળમાં[1] સ્ત્રીએ પોતાના પતિ શિવાય બીજા પુરૂષ પાસે જવું નહી. બાકીના વખતમાં સ્ત્રી પોતાની ઇચ્છાથી બીજા પુરૂષ પાસે જાય તો ફીકર નહીં. એવો આ પુરાતન ધર્મ (સંપ્રદાય) છે. એવું સાધુ પુરૂષો કહે છે."

એનું કારણ એજ છે કે પોતાની ઉત્પન્ન થનારી પ્રજા પતિનાજ પેટની છે એવી ખાત્રી થવાને વાસ્તે સ્ત્રીએ ગર્ભધારણ કરવાના દિવસમાં પતિ શિવાય બીજા પુરૂષ પાસે જવું નહીં. બીજા દિવસોમાં તેને જોઇએ તો બીજા પાસે જઇ રહેવું. આ ચાલ પ્રાચીનકાળમાં ધર્મિષ્ઠ પુરૂષોએ માન્ય કર્યો હતો. આ પ્રમાણે સ્ત્રીઓનો બહુ દિવસથી ચાલતો આવેલો સ્વેચ્છાચાર બંધ કરવાને વાસ્તે દીર્ઘતમાએ એનો નિષેધ કર્યો છે. માટે સ્ત્રીઓએ બીજા પુરૂષ સાથે સંબંધ રાખવાનો આ નિષેધ તે વ્યભિચાર વિશે છે, પણ શાસ્ત્ર પ્રમાણે પુનર્વિવાહ કરવા વિશેનો એ કંઇ નિષેધ નથી. આ વચનના પેહેલાં તથા પછી જે કહેલું છે તે ઉપરથી પણ એજ માલમ પડે છે, તે નીચે પ્રમાણે:—

पुत्रलाभाच्च सा पत्नी न तुतोष पतिं तदा ।
प्रद्विषन्तीं पतिर्भार्य्यां किं मां द्वेक्षीति चाब्रवीत् ॥

प्रद्वेष्युवाच ।

भार्य्याया भरणाद्भर्त्ता पालनाच्च पतिः स्मृतः ।
अहं त्वां भरणं कत्वा जात्यन्धं ससुतं सदा ।
नित्यकालं श्रमेणार्त्ता न भरेयं महातपाः ॥
तस्यास्तद्वचनं श्रुत्वा ऋषिः कोपसमन्वितः ।
प्रत्युवाच ततः पत्नीं प्रद्वेषीं ससुतां तदा ।
नीयतां क्षत्रियकुलं धनार्थश्च भविष्यति ॥

---

* મહાભારત, આદિપર્વ, અધ્યાય ૧૨૨. [1] રજસ્વળા થાય ત્યારથી ૧૫ દિવસ સુધી ગર્ભધારણ કરવાના ઋતુ (કાળ) છે તે દિવસમાં.

प्रद्वेष्युवाच ।

त्वया दत्तं धनं विप्र नेच्छेयं दुःखकारणम् ।
यथेष्टं कुरु विप्रेन्द्र न भरेयं यथा पुरा ॥

दीर्घतमा उवाच ।

अद्यप्रभृति मर्य्यादा मया लोके प्रतिष्ठिता ।
एक एव पतिर्नार्य्या यावज्जीवं परायणम् ॥
मृते जीवति वा तस्मिन्नापरं प्राप्नुयान्नरम् ।
अभिगम्य परं नारी पतिष्यति न संशयः ॥
अपतीनां तु नारीणामद्यप्रभृति पातकम् ।
यद्यस्ति चेद्धनं सर्व्वं वृथा भोगा भवन्तु ताः ।
अकीर्तिः परिवादाश्च नित्यं तासां भवन्तु वै ॥
इति तद्वचनं श्रुत्वा ब्राह्मणी भृशकोपिता ।
गंगायां नीयतामेष पुत्रा इत्येवमब्रवीत् ॥
लोभमोहाभिभूतास्ते पुत्रास्तं गोतमादयः ।
बध्द्वोडुपे परिक्षिप्य गंगायां समवासृजन् ॥
कस्मादन्धश्च वृद्धश्च भर्तव्योऽयमिति स्म ह ।
चिन्तयित्वा ततः क्रूराः प्रतिजग्मुरथो गृहान् ॥

અર્થ, "દીર્ઘતમાની સ્રીને છોકરા થયા પછી તે પોતાના પતિની ઇચ્છા તૃપ્ત કરી શકી નહીં, તેથી પતિ દીર્ઘતમાએ પુછયું કે તું મારા ઉપર દ્વેષ કેમ કરે છે. સ્રીએ જવાબ આપ્યો કે ધણી સ્રીનું પેટ ભરે છે માટે તેને તે સ્રીનો ભર્તા કહે છે, અને પાલન કરે છે માટે પતિ કહે છે. તું જન્મનો આંધળો છે, અને તારૂં તથા તારા છોકરાઓનું પાલણપોષણ કરવાને મને ઘણું દુઃખ પડે છે, માટે હવે હું તારૂં પોષણ કરનાર નથી. આ સાંભળી તે ઋષિને ક્રોધ ચઢયો. અને તેણે તે સ્રી તથા છોકરાઓને કહ્યું કે મને રાજા પાસે લેઇ જાઓ એટલે

તમને ધન મ..શે. સ્ત્રીએ કહ્યું, તારૂં મેળવેલું દ્રવ્ય દુઃખનું કારણ છે, તે મારે ન જોઇએ. તારી નજરમાં આવે તે તું કર. મેં આજ સુધી કર્યું તે પ્રમાણે હવેથી તારૂં પોષણ કરનાર નથી. દીર્ઘતમાએ કહ્યું: આ દુનિયામાં હું હવે એવી આજ્ઞા કરૂંછું કે સ્ત્રીએ મરતા લગી પતિનીજ પાસે રહેવું. તે જીવતો છતાં અથવા તેના મરણ પછી તેણે બીજા પુરૂષ સાથે સંબંધ રાખ.. નહીં. અને જે રાખશે તે નકી પતિત થશે. પોતાના પતિનું અ.માન કરીને આજથી બીજા પુરૂષ સાથે સંબંધ રાખનારી સ્ત્રી પાપી ગણાશે. તેની પાસે ધન હશે તો તેનો તેનાથી ઉપયોગ થશે નહીં. અને નિરંતર તેની અપકીર્તિ રહેશે. આ તેનું ભાષણ સાંભળી તે સ્ત્રીએ ચીડાઇને છોકરાઓને કહ્યું કે આને (પોતાના ધણીને) ગંગામાં નાંખી દો. મોહ અને લોભથી આંધળા થએલા ગોતમ આદિ પુત્રોએ તે હુકમ માન્ય કર્યો. આંધળા અને ઘરડા બાપનું રક્ષણ અમસ્તુંજ શા વાસ્તે કરવું એવું મનમાં લાવી તેઓએ તેને ત્રાપા સાથે બાંધીને ગંગામાં નાંખી દીધો."

આ ઉપર કહેલા મજકુર ઉપરથી એવું જણાય છે કે સ્ત્રીએ પોષણ કરવાની ના કહી માટે તેને શિક્ષા કરવાને દીર્ઘતમાએ એવું ઠરાવ્યું કે સ્ત્રીએ ધણીનીજ સાથે રહેવું, અને ધણીની સાથે ટંટો ફીસાદ કરશે તે સ્ત્રી પાપિષ્ઠ થશે. પોતાની સ્ત્રીએ તિરસ્કાર કર્યો માટે તેને એવું લાગ્યું કે બીજા પુરૂષની સાથે જવાને તે મને છોડે છે, અને તેથી ક્રોધ આણીને ઘણા દિવસથી ચાલતા આવેલા સ્ત્રીઓના સ્વેચ્છાવ્યવહારની બંધી કરવા સારૂ તેણે નિષેધ કર્યો. પ્રાચીનકાળમાં ધર્મિષ્ઠ લોકો, આ ચાલ રીતિસર જાણીને એના ઉપર કોઇ દૂષણ મુકતા નહોતા. તે વખતે દીર્ઘતમાની સ્ત્રી તે સંપ્રદાય પ્રમાણે ચાલત તો તેને કંઈ દોષ ન લાગત; માટે (તેના ઉપર દોષ મુકવા સારૂ) દીર્ઘતમાએ એવી આજ્ઞા કરી કે વ્યભિચાર કરનારી સ્ત્રી પતિત અને દોષિત ઠરશે. કોઈ પણ આપત્તિનો વખતે શાસ્ત્રવિધિ પ્રમાણે પુનર્વિવાહ ન કરવો, અને બીજા પુરૂષની સાથે સંબંધ ન રાખવો એવો તેના વચનનો અર્થ હોત તો ઉપર કહેલી વાત બન્યા પછી તરતજ બળિ રાજા-

ની રાણી સુદેષ્ણાને પેટે દીર્ઘતમાએ પોતેજ ક્ષેત્રજ નામે પુત્ર ઉત્પન્ન કર્યો તે કેમ થાત ? એ પુત્ર કેવી રીતે ઉત્પન્ન કર્યો તે નીચે પ્રમાણે.

सोऽपि स्रोतस्तदा विप्रः प्लवमानो यदृच्छया ।
जगाम सुबहून् देशानन्धस्तेनोडुपेन ह ॥
तन्तु राजा बलिर्नाम सर्वधर्मविदां वरः ।
अपश्यन्मज्जनगतः स्रोतसाभ्यासमागतम् ॥
जग्राह चैनं धर्मात्मा बलिः सत्यपराक्रमः ।
ज्ञात्वैवं स च वव्रेऽथ पुत्रार्थे भरतर्षभ ॥
सन्तानार्थं महाभाग भार्य्यासु मम मानद ।
पुत्रान् धर्मार्थकुशलानुत्पादयितुमर्हसि ॥
एवमुक्तः स तेजस्वी तं तथेत्युक्तवानृषिः ।
तस्मै स राजा स्वां भार्य्यां सुदेष्णां प्राहिणोत्तदा ॥

અર્થ, " તે આંધળો બ્રાહ્મણ પેલા ત્રાપા સહિત પ્રવાહમાં તણાતો ઘણા ઘણા દેશમાં થઇને ગયો. પછી ધર્મ જાણનારા બધા લોકોમાં શ્રેષ્ઠ એવો જે બળિરાજા તેણે ગંગામાં સ્નાન કરતાં પેલા બ્રાહ્મણને તણાતો તણાતો પોતાની પાસે આવતો જોયો. તેણે તે તણાતા બ્રાહ્મણને થોભાવીને તેની બધી વાત સાંભળી, અને વિનંતિ કરી કે, આપ મારી સ્ત્રીને પેટે ધર્મ અને અર્થ (પૈસો) બંનેમાં કુશળ થાય એવા પુત્ર ઉત્પન્ન કરાવો. આ વિનંતિ માન્ય કરવાથી રાજાએ પોતાની રાણી સુદેષ્ણાને તેની પાસે મોકલી. "

પતિ શિવાય બીજા પુરૂષ પાસે જવા વિશે જે નિયમ કહેલા છે તે પ્રમાણે જવાને પણ તે દીર્ઘતમાએ નિષેધ કર્યો હોત તો બળિરાજાની રાણીને પેટે ક્ષેત્રજ નામે પુત્ર ઉત્પન્ન કરવાનું માન્ય કરીને દીર્ઘતમા પોતે પોતાનો બાંધેલોજ નિયમ કોઈ દિવસ તોડત નહીં. અને ક્ષેત્રજ પુત્ર ઉત્પન્ન કરવાને વાસ્તે બીજા પુરૂષ પાસે રાણીને મોકલવા વિશે તેણે રાજાને ખચીત ના કહી હોત. મહાભારતમાંથી વળી એવું

મળે છે કે નાગરાજ ઐરાવતની વિધવા છોકરીની સાથે અર્જુને વિવાહ કર્યો. વિધવાવિવાહ વિશે દીર્ઘતમાનો નિષેધ હોત તો, નિષેધ થયા પછી ઐરાવત નાગરાજે પોતાની વિધવા થએલી કન્યાનો અર્જુનની સાથે વિવાહ કરવાનો વિચાર કર્યો ન હોત. મતલબ કે બીજા પુરૂષથી ક્ષેત્રજ પુત્રની ઉત્પત્તિ કરવી, અને પતિના મરણ પછી પુનર્વિવાહ કરવો, એ બે વાતો શાસ્ત્રથી વિરૂદ્ધ નહીં, પણ શાસ્ત્ર પ્રમાણે છે. અને ઘણા દિવસથી ચાલતો આવેલો શાસ્ત્ર વિરૂદ્ધ જે વ્યભિચાર તેનો નિષેધ દીર્ઘતમાએ કર્યો છે. એ નિષેધને સદરહુ બે વાતોની સાથે કંઇ સંબંધ નથી. અને ઉપરનાં દીર્ઘતમાનાં વચન વ્યભિચારનિષેધને વાસ્તેજ છે એ ઉઘાડું છે.

હવે ઉપરનાં વચનોનો બીજી રીતે વિચાર કરીએ. તે પુનર્વિવાહનિષેધક છે એવું લેઇએ તો, દીર્ઘતમાનાં નિષેધકારક વચનનું એટલું વજન પડવાનું નહીં કે તે હમણાંના વખતમાં પુનર્વિવાહનો અટકાવ કરી શકે. કેમકે તે વચનો વિશેષ કોઈ અમુક) યુગને વાસ્તે ન લગાડતાં બધા યુગને સાધારણ રીતે લાગુ પડે છે તેથી તે સામાન્ય છે; અને પાછળ કહ્યા પ્રમાણે પરાશરના વચન કેવળ કળિયુગમાંજ લાગુ પડે છે, માટે તે વિશેષ છે. સામાન્ય અને વિશેષ વચનો વચ્ચે ભેદ પડયો તો વિશેષનું સામાન્ય ઉપર જોર વધારે છે એ નિયમ પ્રમાણે પરાશરનાં વચનવડે દીર્ઘતમાનાં વચનનું વજન હલકુ પડે છે. દીર્ઘતમાનાં વચન કળિયુગ વિશેજ છે એવું લેઇએ તોપણ બધી રીતે સ્ત્રીઓના પુનર્વિવાહનો અટકાવ કરવો એવો તે વચનોનો અર્થ થનાર નથી. કેમકે તેમનો નિષેધ કેવળ સામાન્ય છે. અને પરાશરે તો પાંચ આપત્તિને વખતે પુનર્વિવાહનું લખ્યું છે, એટલે તે વિશેષ છે. અને વિશેષ નિયમવડે સામાન્ય નિયમ નબળો પડવો જોઇએ.

અધ્યાય ૬ ઠો.

(મૂળ ગ્રંથનો અધ્યાય ૧૦ મો.)

પરાશરસંહિતામાં બીજા યુગના ધર્મો નથી કહ્યા પણ ફક્ત કળિયુગનાજ ધર્મો કહેલા છે.

કેટલાએકોનું કહેવું એવું છે કે પરાશરસંહિતામાં કહેલા ધર્મ કેવળ કળિયુગને વાસ્તેજ છે એમ નહીં, પરંતુ બીજા યુગને વાસ્તે પણ છે. આવું જેઓ કહે છે તેમનો મતલબ એ છે કે, પરાશરસંહિતામાં કળિયુગના ધર્મ સિવાય બીજા યુગના ધર્મ કહેલા છે એવું સિદ્ધ થયું એટલે, વિધવા અને બીજી વિવાહ થએલી સ્ત્રીઓના પુનર્વિવાહ વિશે પરાશરનો લખેલો નિયમ કળિયુગમાં શાસ્ત્ર પ્રમાણે નથી એવું સિદ્ધ થશે. અશ્વમેધ કરવો, શૂદ્રજાતિમના દાસ, હજામ, અને ગોવાળ વગેરેનું અન્ન ખાવું, બ્રહ્મચારીએ અશૌચનો કાળ કમી કરવો, ઇત્યાદિ બાબતો પરાશરસંહિતામાં કહી છે, તે સત્ય, ત્રેતા અને દ્વાપર યુગના ધર્મ છે, કળિયુગના નથી, એમ સમજીને પ્રતિપક્ષીઓએ આ હરકત કહાડી છે; પરંતુ પાછળ સિદ્ધ કર્યા પ્રમાણે કળિધર્મ કહેવાનોજ ફક્ત પરાશરનો મતલબ છે એવી ખાતરી થાય છે, માટે એ સંહિતામાં બીજા યુગના ધર્મ કહ્યા હશે એવું કહેવાને જગાએ આધાર નથી. અશ્વમેધાદિ બાબતો કેવળ બીજા યુગમાંનાજ ધર્મ છે, એવું આ ઉપરથી અને એ સંહિતાના હેતુ ઉપરથી સિદ્ધ થતું નથી. આદિપુરાણ, બૃહન્નારદીયપુરાણ, અને આદિત્યપુરાણમાં કળિયુગમાં અશ્વમેધાદિકનો નિષેધ કર્યો છે માટે તે બીજા યુગના ધર્મ છે; એવું સામા પક્ષવાળા લોકોએ સિદ્ધ કર્યું એ વિશે તેઓનું અનુમાન એવું છે કે "પેહેલાંના યુગોમાં અશ્વમેધાદિ કરવાની છુટ હતી અને તે થતાં પણ હતાં, પરંતુ કેટલાએક ગ્રંથોમાં તે કર્મો કળિયુગમાં આચરવાની ના કહી છે. માટે તે કળિયુગના ધર્મ નથી, અને જેવી રીતે એ ધર્મો (જો કે કળિયુગ સિવાય બીજા યુગના છે) પરાશરસંહિતામાં છે તેવીજ રીતે કળિયુગ વગર બીજા યુગોમાંના બીજા ધર્મો પણ પરાશરસંહિતામાં કહેલા છે.

આનો વિચાર કરવાને વાસ્તે, આદિ, બૃહન્નારદીય અને આદિત્ય પુરાણોમાંનો નિષેધ કળિયુગમાં માને છે કે નહીં તે જોવું જોઇએ. આપણા દેશની રીતભાતનો ઇતિહાસ આપણામાં નથી માટે એ વાતની સંપૂર્ણ માહિતી મેળવવાનું અશક્ય છે. પરંતુ જે છે તેમાંથી બારીક શોધ કરતાં એવું સાફ માલમ પડે છે, કે ઉપર કહેલાં પુરાણોમાંનો નિષેધ કોઈ માનતું નથી. એ ત્રણે ગ્રંથમાં નિષેધ કરેલા કેટલાક ધર્મ કળિયુગમાં ચાલે છે તેને વિશે સારાં પ્રમાણ છે.

આ પ્રમાણે નિષેધ છતાં તે ધર્મોનું આચરણ કળિયુગમાં થાય છે, ત્યારે કળિયુગમાં તેમનો નિષેધ છે એવું કેમ સિદ્ધ થશે? વિવાહ થએલી સ્ત્રીનો પુનર્વિવાહ, મોટા ભાઇને ઉત્તમ ભાગ, સમુદ્રમાં મુસાફરી કરવી, સંન્યાસગ્રહણ લેવું દ્વિજની (બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્યની) જુદી જુદી જાતની કન્યાઓની સાથે વિવાહ, દિયરથી પુત્રની ઉત્પત્તિ કરવી, મધુપર્કમાં પશુનો વધ કરવો, શ્રાદ્ધમાં માંસભક્ષણ કરવું, વાનપ્રસ્થાશ્રમ ધારણ કરવું, એકને આપેલી કન્યાનું ફરીને દાન કરવું, ઘણાં વર્ષસુધી બ્રહ્મચર્ય પાળવું, નરમેધ, અશ્વમેધ, અથવા ગોમેધ કરવો, મરતાલગી જાત્રા કરવી, અગ્નિમાં પ્રવેશ, બ્રાહ્મણને દેહાંત પ્રાયશ્ચિત્ત દત્તક અને ઔરસ સિવાય બીજા પ્રકારના છોકરાને પુત્રની પેઠે ગણવા, વેદની વિદ્વત્તા અને પોતાના પવિત્રપણાના પ્રમાણમાં સુતકનો કાળ કમી કરવો, શૂદ્રજાતિના દાસ થવું, હજામ અને ગોવાળ વગેરેનું આપેલું અન્ન ખાવું, વગેરે કેટલાએક ધર્મો આદિ, બૃહન્નારદીય અને આદિત્યપુરાણમાં કળિવર્જમાં કહેલા છે. આમાંથી અશ્વમેધ, અગ્નિમધ્યે પ્રવેશ સંન્યાસ, બહુ વર્ષ સુધી બ્રહ્મચર્ય, સમુદ્રપર્યટન, દૂરની તીર્થયાત્રા અને વિધવાપુનર્વિવાહ, એ ધર્મો કળિયુગમાં થતા હતા, તે વિશે સ્પષ્ટ પ્રમાણ છે, તે નીચે પ્રમાણે:—

કળિયુગ શિરૂ થયા પછી ૬૫૩ વરસે પાંડવ ઉત્પન્ન થયા તેમણે અશ્વમેધ અને દૂરદેશની યાત્રા પણ કરી. આ વાત બધા લોકોને એવી તો માહિત છે કે તેનાં પ્રમાણ કહેવાની જરૂર નથી. એ વગર નાગરાજ ઐરાવતની વિધવા કન્યાની સાથે અર્જુને વિવાહ કર્યો તે પહેલાં (૫૮ મે પાને) કહેલું છે.

વિક્રમાદિત્યની પહેલાં આશરે પાંચસે સાતસે વરસ ઉપર શૂદ્રક નામે રાજા થયો હતો, તેણે અશ્વમેધ અને અગ્નિપ્રવેશ કર્યો તેનું સ્પષ્ટ પ્રમાણ છે તે નીચે પ્રમાણેઃ—

ऋग्वेदं सामवेदं गणितमथ कलां वैशकीं हस्तिशिक्षां
ज्ञात्वा शर्व्वप्रसादाद्व्यपगततिमिरे चक्षुषी चोपलभ्य ।
राजानं वीक्ष्य पुत्रं परमसमुदयेनाश्वमेधेन चेष्ट्वा
लब्ध्वा चायुः शताब्दं दशदिनसहितं शूद्रकोऽग्निं प्रविष्टः ।[1]

અર્થ "તે શૂદ્રક ઋગ્વેદ, સામવેદ, ગણિત, ચોસઠ કળા અને હાથી કેળવવાની વિદ્યામાં કુશળ હતો. અને શિવની કૃપાથી તેની મંદ દૃષ્ટિ જતી રહીને સાફ થઇ હતી. તેણે પોતાનો છોકરો રાજ્યપદ ઉપર બેઠેલો જોઇને, અશ્વમેધ યાગ કર્યો, અને સો વરસ દસ દિવસ જીવીને છેવટે તેણે અગ્નિપ્રવેશ કર્યો."*

---

[1] મૃચ્છકટિક નાટક, ઉપોદ્‌ઘાત.

* સ્કંદપુરાણમાં ભવિષ્ય કહેવાના અધ્યાયમાં એ શૂદ્રક રાજા વિશે નીચે પ્રમાણે લખ્યું છે.

त्रिषु वर्षसहस्रेषु कलेर्यातेषु पार्थिव ।
त्रिशते च दशन्यूने ह्यस्यां भुवि भविष्यति ।
शूद्रको नाम वीराणामधिपः सिद्धसत्तमः ॥
नृपान् सर्व्वान् पापरूपान् वर्द्धितान् यो हनिष्यति ।
चर्व्वितायां समाराध्य लप्स्यते भूभरापहः ॥
ततस्त्रिषु सहस्रेषु दशाधिकशतत्रये ।
भविष्यं नंदराज्यं च चाणक्यो यान् हनिष्यति ।
शुक्लतीर्थे सर्व्वपाप निर्मुक्तिं योऽभिलप्स्यते ॥
ततस्त्रिषु सहस्रेषु सहस्राभ्यधिकेषु च ।
भविष्यो विक्रमादित्यो राज्यं सोऽत्र प्रलप्स्यते ॥

પ્રવરસેન રાજાએ ચાર વખત અશ્વમેધ યજ્ઞ કર્યા તે વિશે સારાં પ્રમાણ છે. તે રાજાએ દેવશર્માચાર્ય નામના બ્રાહ્મણને ઇનામ જમીન આપી તેની સનદમાં એવું સાફ લખ્યું છે કેઃ—

चतुरश्वमेधयाजिनः विष्णुरुद्रसगोत्रस्य सम्राजः काटकानां महाराजश्रीप्रवरसेनस्य इत्यादि ।*

અર્થ, "વિષ્ણુરૂદ્ર રાજાના વંશજ, ચાર અશ્વમેધ કરનારા કાટકાનો રાજા જે પ્રવરસેન, ઇત્યાદિ."

એજ સનદમાં પ્રવરસેનના પૂર્વજોએ દશ વખત અશ્વમેધ કર્યા હતા તે વિશે એવું લખ્યું છે કેઃ—

दशाश्वमेधावभृथस्नातानाम् ।*

અર્થ, "દશ વખત અશ્વમેધ કરેલા."

કાશ્મીર દેશના રાજા મિહિરાકુલે અગ્નિપ્રવેશ કર્યો તે વિશે એવું લખ્યું છે કેઃ—

स वर्षसप्ततिं भुक्त्वा भुवं भूलोकभैरवः ।
भूरिरोगार्हितवपुः प्राविशज्जातवेदसम् ॥ [૧]

અર્થ, "અનેક રોગથી પીડા થઈ માટે ૭૦ વર્ષ રાજ્ય કરીને મોટા ભયંકર સ્વભાવના મિહિરાકુલ રાજાએ અગ્નિપ્રવેશ કર્યો. મિહિરાકુલ રાજાએ સિંહલદ્વીપ સૈન્ય મોકલીને ત્યાંના રાજાને પદભ્રષ્ટ કર્યો. આ ઉપરથી જણાય છે કે, તે વખતે સમુદ્રપર્યટનનો નિષેધ નહોતો. તે નીચે પ્રમાણેઃ—

અર્થ, "કળિયુગ થયા પછી ૩૨૯૦ વર્ષે આ પૃથ્વી ઉપર શૂદ્રક નામે રાજા થશે. તે બધા વીરોમાં આગેવાન અને બધા સિદ્ધોમાં મુખ્ય થશે, તે બધા પાપરૂપી બળવાન રાજાઓનો નાશ કરશે, આરાધના કર્યા પછી તેની યોગસિદ્ધિ થશે. તે પછી ૨૦ વર્ષે (કળિયુગ થયા પછી ૩૩૧૦ વર્ષે) નંદકુળમાં રાજા બળિષ્ઠ થશે, તેનો વધ ચાણક્ય નામનો રાજા કરશે, અને શુકલતીર્થમાં ઈશ્વરની આરાધના કરીને તે પાપથી મુક્ત થશે, તે પછી ૬૯૦ વિક્રમાદિત્ય રાજા થશે.

[૧] સન ૧૮૩૬ ના નવેમ્બર મહિનાના એશીઆટીક સોસાઇટીના જર્નલ નામના પુસ્તકને ૬૨૮ મે પાને જુઓ.

स स्मातु देवीं संवीतसिंहलांशुककंचुकाम् ।
हैमपादांकितकुचां दृष्ट्वा जज्वाल मन्युना ॥ २९६
सिंहलेषु नरेंद्रांघ्रिमुद्रांकः क्रियते पटः ।
इति कंचुकिना पृष्टेनोक्तो यात्रां व्यधात्ततः ॥ २९७
तत्सेनाकुंभिदानांभो निम्नगाकृतसंगमः ॥
यमुनालिंगनप्रीतिं प्रपेदे दक्षिणार्णवः २९८
स सिंहलेन्द्रेण समं संरम्भादुदपाटयत् ।
चिरेण चरणस्पृष्टप्रियालोकनजां रुषम् ॥ २९९ १

અર્થ, "સિંહલદ્વીપમાં વણેલા કપડાની ચોળી રાણીએ પેહેરી હતી. તે કાપડ ઉપર પગની આકૃતિના સોનાના છુટ્ટા હતા. તેમાંના કેટલાએક છુટ્ટા રાણીના સ્તન ઉપર આવ્યા હતા, તે જોઇને રાજાને મોટો ક્રોધ ચઢયો અને અંતઃપુરના સેવકોને પુછયું ત્યારે તેમણે કહ્યું કે, સંહલદ્વીપમાં રાજાના પગની આકૃતિના છુટ્ટાનુ કાપડ વણે છે. આ સાંભળીને રાજાએ સિંહલદ્વીપ ઉપર સ્વારી કરી. એ વખતે તેના સૈન્યના હાથીના મોંમાંથી બહાર પડેલો પાણીનો ધોધ દક્ષિણ સમુદ્રને મળ્યો, માટે તે સમુદ્રને જમના નદીનું આલિંગન કર્યા પ્રમાણે હર્ષ થયો. મિહિરાકુલ રાજાએ સિંહલદ્વીપના રાજા સાથે યુદ્ધ કર્યું, અને તેથી પોતાની પ્રિયાના સ્તન ઉપર રાજાના પગ પડયાનો જે તેને ગુસ્સો લાગ્યો હતો, તે શાંત થયો."

જયવિર રાજાએ પોતાનો વકિલ સિંહલદ્વીપ મોકલ્યો હતો તે વિશે સારાં પ્રમાણ છે. એ ઉપરથી તેના વખતમાં સમુદ્રપર્યટન હમેશાં કરતા હતા, તે વિશે વળી આ વધારે પુરાવો મળે છે. લખેલાં પ્રમાણો તે નીચે પ્રમાણેઃ—

सांधिविग्रहिकः सोऽथ गच्छन् पोतच्युतोंऽबुधौ ।
प्राप पारं तिमिग्रासात्तिमिमुत्पाट्य निर्गतः ॥ २०१ *

---

१ કલ્હણની રાજતરંગિણી, તરંગ ૧.
* કલ્હણની રાજતરંગિણી, તરંગ ૪.

અર્થ, "તે વકીલ જતાં જતાં વહાણમાંથી સમુદ્રમા પડયો. તેને માછલાએ ગળ્યો પરંતુ માછલાનું શરીર ફાડીને તે બહાર નિકળ્યો."

કાશમીરના રાજા માતૃગુપ્તે સંન્યાસગ્રહણ લીધું હતું એમ માલમ પડે છે, તે નીચે પ્રમાણેઃ—

अथ वाराणसीं गत्वा कृतकाषायसंग्रहः ।

सर्व्वं संन्यस्य सुकृती मातृगुप्तोऽभवद्यतिः + ३२२

અર્થ, "તે પછી માતૃગુપ્ત રાજા બધી સંસારી વાતોનો ત્યાગ કરીને કાશીક્ષેત્રમા ગયો. અને કાષાય વસ્ત્ર પેહેરીને સંન્યાસ અથવા ચતુર્થાશ્રમ લીધો. [1]

વિક્રમ સંવત્સરના ૧૦૧૮ ના વર્ષમાં સુવસ્તુ નામના રાજાએ શિવાલય બંધાવીને તેમાં હર્ષદેવ નામે શિવની સ્થાપના કરી. તે શિવાલયમાં ભીંત ઉપર ખોદેલો લેખ છે. તેમાં એવું સ્પષ્ટ લખેલું છે કે, સુવસ્તુએ જીવતા સુધી બ્રહ્મચર્ય વ્રત પાળ્યું, તે નીચે પ્રમાણેઃ—

आजन्मब्रह्मचारी दिगमलवसनः संयतात्मा तपस्वी
श्रीहर्षाराधनैकव्यसनशुभमतिस्त्यक्तसंसारमोहः ।
आसीद्यो लब्धजन्मा नवतरवपुषां सत्तमः श्रीसुवस्तु–
स्तेनेदं धर्म्मवित्तैः सुघटितविकटं कारितं हर्षहर्म्यम् ॥ *

અર્થ, "સુવસ્તુ જીવતા સુધી બ્રહ્મચારી હતો, અને તેવી રીતે દિગંબર, જીતેંદ્રિય, તપસ્વી, શ્રીહર્ષનો મોટો ભક્ત, સંસાર સંબંધી બધા મોહ છોડેલો, મનુષ્યજન્મનું સાર્થક કરનારો, અને અત્યંત સુરૂપ હતો, તેણે મોટું વિસ્તીર્ણ અને સુંદર હર્ષદેવ નામનું શિવમૂર્તિનું દેવાલય બાંધ્યું."

आसीन्नोष्टकल्पो यो दीप्तपाशुपतव्रतः । *

+ રાજતરંગિણી, તરંગ ૩.

૧ હાલ સંન્યાસાશ્રમ લેવાનું હિંદુસ્તાનના બધા ભાગમાં ચાલુ છે

* એશિઆટીક સોસાઇટીનું જર્નલ, જુલૈ ૧૮૩૫, પાનું ૩૭૮–મું જુઓ.

"તેણે જીવતા સુધી બ્રહ્મચર્ય વ્રત પાળ્યું, અને તે પૂર્ણ શૈવ હતો."

આ બધી વાત ઉપરથી એવું સ્પષ્ટ જણાય છે કે, અશ્વમેધ, દૂરની તીર્થયાત્રા, અગ્નિપ્રવેશ, સંન્યાસગ્રહણ, સમુદ્રપર્યટન, બહુ વર્ષ સુધી બ્રહ્મચર્ય, અને પરણેલી સ્ત્રીનો પુનર્વિવાહ, એ ધર્મો કળિયુગમાં આચરવામાં આવે છે. કળિયુગમાં પ્રાચીનકાળના લોકોને શાસ્ત્રનું જ્ઞાન અને તેમની શાસ્ત્રો ઉપર નિષ્ઠા એ બંને હમણાના લોકો કરતાં વધારે હતાં, એવું અનુમાન કરવાને જરાએ હરકત નથી; એવું છતાં પણ આદિપુરાણ વગેરે ગ્રંથોના નિષેધ ન માનતાં અશ્વમેધ, અગ્નિપ્રવેશ, ઇત્યાદિ વાતો તે કરતા આવ્યા. માટે એ ઉઘાડું છે કે, પુરાણમાં નિષેધ કરેલાં પણ સ્મૃતિમાં કહેલાં આચરણ પ્રાચીન કાળના હિંદુ લોકો ખુશીથી કરતા. આદિત્યપુરાણમા કહેલું છે કેઃ—

एतानि लोकगुप्त्यर्थं कलेरादौ महात्मभिः ।
निवर्त्तितानि कर्म्माणि व्यवस्थापूर्व्वकं बुधैः ॥

અર્થ, "લોકના સંરક્ષણસારૂ આ અશ્વમેધાદિ કામો કળિયુગને આરંભે વિદ્વાન અને મહાત્મા પુરૂષોએ વિચાર કરીને બંધ કર્યાં."

વળી વિદ્વાન અને મહાત્મા પુરૂષોએ જે કહ્યું તેને મજબુતાઈ આપવાને એવું લખ્યું છે કેઃ—

समयश्चापि साधूनां प्रमाणं वेदवद्भवेत् ।

અર્થ, "સાધુઓએ (સારા પુરૂષોએ) કરેલા નિયમ વેદની પેઠે પ્રમાણ કરવા લાયક છે."

આ વચન ખરેખરૂં ઉઘાડું છે, તોપણ પુરાણમાં કહેલા નિષેધ તરફ જરાએ લક્ષ ન આપીને અશ્વમેધાદિ કામ પ્રાચીનકાળના લોકો ધડાકાથી કરતા આવ્યા. માટે તે નિષેધ તેઓ માનતા નહોતા, એમાં જરાએ શક નહીં. દત્તક અથવા ઔરસ એ બે પ્રકારના પુત્રો વગર બીજા પ્રકારના પુત્રોનું પુત્રની પેઠે પરિગ્રહણ કરવાને આદિત્યપુરાણમાં નિષેધ છે. પરંતુ કાશીક્ષેત્રના અને તેની આસપાસના મુલખમાં કૃત્રિમ પુત્રનું પરિગ્રહણ કરવાનો સંપ્રદાય ચાલુ છે. અને તેથીજ નંદ પંડિતે

પોતાની દત્તકમીમાંસામાં એવું લખ્યું છે કેઃ—

दत्तपदं कृत्रिमस्याप्युपलक्षणम् । औरसः क्षेत्रजश्चैव दत्तः कृत्रिमकः सुत इति कलिधर्म्मप्रस्तावे पराशरस्मरणात् ।

અર્થ, "ઔરસ પુત્ર ન થયો હોય તો દત્તકની પેઠે કૃત્રિમ પુત્ર પણ લેવો; કેમકે પરાશરે એવું લખ્યું છે કે કળિયુગમાં ઔરસ, દત્તક, અને કૃત્રિમ એ ત્રણ પ્રકારના પુત્ર કાયદા પ્રમાણે છે."

હવે આદિત્યપુરાણના નિષેધ પ્રમાણે તો, કળિયુગમાં ઔરસ અને દત્તક એ બેજ પ્રકારના પુત્ર ગ્રહણ કરવા લાયક છે, પરંતુ પરાશરે કળિધર્મમાં કૃત્રિમ પુત્રનું ગ્રહણ કરવા વિશે આજ્ઞા કરી છે; માટે તે પણ શાસ્ત્ર પ્રમાણે છે આદિત્યપુરાણમાં દૂરની યાત્રાનો નિષેધ છે, પરંતુ ઘણા લોક હમણાં દૂરની યાત્રા કરે છે, એ બધાને માહીત છે. બ્રાહ્મણોને દેહાંત પ્રાયશ્ચિત્તનો નિષેધ છે, તેનો કોઇએ કોઇ દિવસ અમલ કર્યો નથી.

વાદવિવાદમાં બૌદ્ધ લોકોના મતનું ખંડન કરીને વેદધર્મની સ્થાપના કરનાર મહા પ્રખ્યાત ઉદયનાચાર્ય, એણે અગ્નિપ્રવેશ કર્યો. છેક હમણાંનો એક પ્રસિદ્ધ પુરૂષ કૈલાસવાસી શામચરણ બનર્જીયા એણે બધાં પાપના પ્રાયશ્ચિતને સારૂ, કાશીના પંડિતોના અનુમતથી, દેહાંત પ્રાયશ્ચિત્તનું નકી કરીને મરતા સુધી ખાવાનું તજ્યું હતું.

કળિયુગમાં અશ્વમેધ યાગ કરવા વિશે પરાશરે આજ્ઞા કરી છે, અને કળિયુગમાંજ જુદા જુદા વખતના રાજાઓએ તે કર્યો એ વિશે પ્રમાણો છે. માટે અશ્વમેધ યાગ બીજા યુગો પ્રમાણે કળિયુગમાં પણ કરવો એવું હતું. અશૌચકાળને ટુંકો કરવો એ પરાશરસંહિતામાં કળિધર્મમાં કહેલું છે. માટે એ કળિધર્મ છે એમાં જરાએ સંશય નથી. અર્વાચીનકાળના બ્રાહ્મણો અશૌચકાળને ઓછો કરતા હોય એમ લાગતું નથી. એનું કારણ એજ કે, જે નિરંતર અગ્નિહોત્રી અને વેદાધ્યાયી છે તેનેજ ઓછો કરવાની આજ્ઞા પરાશરે કહી છે, તે નીચે પ્રમાણેઃ—

एकाहात् शुध्यते विप्रो योऽग्निवेदसमन्वितः ।
त्र्यहात् केवलवेदस्तु द्विहीनो दशभिर्दिनैः ॥

અર્થ, "દરરોજ હોમહવન, અને વેદાધ્યયન એ બંને કરનારો બ્રાહ્મણ એક દિવસમાં અશૌચથી (સુતકથી) મુક્ત થાય છે. કેવળ વેદાધ્યયન કરનારો બ્રાહ્મણ ત્રણ દિવસમાં મુક્ત થાય છે. હોમ હવન ન કરનારો અને વેદાધ્યયન પણ ન કરનારો બ્રાહ્મણ દશ દિવસે મુક્ત થાય છે."

હમણાંના વખતમાં તો દરરોજનો હોમ હવન, અને વેદાધ્યયન એ ચાલમાંથી છેક જતાં રહ્યાં, માટે અશૌચકાળનો ઘટાડો કરવાનો સંપ્રદાય પણ પાછળ પડ્યો. શૂદ્ર જાતિમાંથી દાસ, નાપિત, ગોવાળ, ઇત્યાદિએ આપેલા અન્નનું ભક્ષણ કરવું, એ પરાશરસંહિતામાં કળિધર્મમાં કહ્યું છે, તેથી તે કળિધર્મ છે એમાં જરાએ સંશય નહીં. દાસ વગેરેએ આપેલું અન્ન પરાશરસંહિતામાં કહ્યા પ્રમાણે કળિયુગમાં ખાવાની છુટ છે એવું કહીએ તો, ઊંચી વર્ણના લોકો (બ્રાહ્મણ, ક્ષત્રી, અને વૈશ્ય) શું તેમનું અન્ન ખાય છે? આ પ્રશ્ન કોઇ પુછશે. એ પ્રશ્ન ઉપર મારો ઉત્તર એવો છે કે, તેઓને ખાવાની છુટ છે, અને સામાન્ય રીતે તેઓ ખાય પણ છે. પરાશરે જે વચનમાં એ છુટ આપી છે તેનો અને તેની પહેલાંના બે વચનોનો મતલબ શો છે, એનો સારી પેઠે વિચાર કરીએ તો આપણા પ્રતિપક્ષી પણ એ ઉત્તર માન્ય કરશે એમાં કાંઇ શક નથી. તે વચનો નીચે પ્રમાણેઃ—

शुष्कान्नं गोरसं स्नेहं शूद्रवेश्मन आगतम् ।
पक्कं विप्रगृहे पूतं भोज्यं तन्मनुरब्रवीत् ॥

અર્થ, "કોરૂં (ન રાંધેલું) અન્ન, ગોરસ, દૂધ વગેરે, અને તેલ એ પદાર્થ શૂદ્રને ઘેરથી આવ્યા હોય અને તે બ્રાહ્મણને ઘેર રાંધેલા હોય તો તે શુદ્ધ થાય છે. તે ખાવાને મનુએ છુટ આપી છે."

આ વચનનો અર્થ એવો છે કે શૂદ્રે બ્રાહ્મણને ચોખા વગેરે આપ્યા હોય તો બ્રાહ્મણ તે ચોખા પોતાને ઘેર આણી રાંધીને ખુશીથી ખાય, તેને એનો બાધ જરાએ લાગનાર નથી. આ ઉપરથી એવું અનુમાન થાય છે કે શૂદ્રના ઘરમાં રાંધીને ખાઇએ તેનો દોષ લાગે છે.

आपत्काले तु विप्रेण भुक्तं शूद्रगृहे यदि ।
मनस्तापेन शुध्येत द्रुपदां वा शतं जपेत् ॥

અર્થ, "આપત્કાળે બ્રાહ્મણ શૂદ્રને ઘેર ભોજન કરે તો તે પશ્ચાત્તાપથી અથવા દ્રુપદ મંત્રનો સો વખત જપ કરવાથી શુદ્ધ થાય છે."

આ વચન ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, આપત્તિકાળે શૂદ્રને ઘેર રાંધેલું અન્ન ખાય તો બ્રાહ્મણને મોટો દોષ લાગતો નથી. માટે એવું અનુમાન થાય છે કે, આપત્તિકાળ વગર બીજી વખતે શૂદ્રને ઘેર રાંધેલું ખાઇએ તો દોષ બેસે છે.

दासनापितगोपालकुलमित्रार्द्धसीरिणः ।
एते शूद्रेषु भोज्यान्ना यश्चात्मानं निवेदयेत् ॥

અર્થ, "શૂદ્ર જાતિમાંના દાસ, નાપિત, ગોપાળ, કુળમિત્ર, અને અર્ધસીરી એ ઉપજાતિયોનું અને આપણી સહાયતાને વાસ્તે આવી રહેલા માણસનું અન્ન (એટલે એમણે આપેલા ચોખા વગેરે ધાન્ય) એમનેજ ઘેર રાંધીને ખાવાની ચિંતા નથી."

આ ઉપરનાં ત્રણ વચનથી એ સ્પષ્ટ જણાય છે કે, શૂદ્રે તાંદુલ વગેરે કોઇ ધાન્ય આપ્યું હોય તોપણ બ્રાહ્મણ જો તે શૂદ્રને ઘેર રાંધીને ખાશે તો તે શૂદ્રને ઘેર ખાધા બરોબર થશે. શૂદ્રે આપ્યું તેજ ધાન્ય બ્રાહ્મણ પોતાને ઘેર લાવી રાંધીને ખાશે તો શૂદ્રાન્ન થશે નહીં, તોપણ આપત્કાળે, તેજ ધાન્ય શૂદ્ર આપે અને તેને ઘેર રાંધીને ખાય તો ચાલશે. પરંતુ દાસ, નાપિત, ગોવાળ ઇત્યાદિએ આપેલું ધાન્ય આપત્કાળે અથવા બીજી વખતે પોતાને ઘેર રાંધીને ખાય તો તેની હરકત નથી.

ત્યારે હવે ઉપર કહ્યું તેવું શૂદ્રનું અન્ન લેવાને શી ચિંતા છે તેનો વિચાર અમારા વાંચનારાઓએ કરવો. શૂદ્રાન્ન (શૂદ્રનું અન્ન) એ શબ્દનો અર્થ શૂદ્રે રાંધેલું અન્ન એવું કેટલાએક સમજેલા છે. પણ આ ઠેકાણે એ શબ્દનો અર્થ એવો થતોજ નથી. જો એવો અર્થ હો-

ત તો આદિત્યપુરાણમાં શૂદ્રમાંથી* દાસ, નાપિત, ઇત્યાદિનું અન્ન ખાવા-નો નિષેધ કહીને લાગલોજ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમનું અન્ન શૂદ્રે રાંધવાનો નિષેધ કહ્યો છે, તે ન કહત. એક પછી એક કહેલા એ નિષેધમાંથી બીજો નિષેધ શૂદ્રે અન્ન રાંધવા વિશેનોજ છે, એ તો સ્પ-ષ્ટ છે ત્યારે પેહેલો નિષેધ અર્થ પ્રમાણે, ન રાંધેલા અન્ન વિશેજ છે, એ સાફ ઉઘાડું છે. વળી બીજું એ છે કે, શૂદ્રના તાંદુળ વગેરે ધાન્યને શાસ્ત્રમાં શૂદ્રાન્નજ ગણેલું છે તે નીચે પ્રમાણેઃ—

आमं शूद्रस्य पक्वान्नं पक्वमुच्छिष्टमुच्यते । ×

અર્થ, "શૂદ્રનું ન રાંધેલું અન્ન રાંધ્યા જેવું છે, અને રાંધેલું અન્ન છાંડેલા અન્નના જેવું છે."

પાછળ શૂદ્રાન્ન એ શબ્દનો જે અર્થ કર્યો છે તેજ, સ્માર્ત ભ-ટ્ટાચાર્ય રઘુનંદનનો તે વિષય ઉપર ગ્રંથ છે, તે ઉપરથી પણ નક્કી થાય છે. તે નીચે પ્રમાણેઃ—

आममन्नं दत्तमपि भोजनकाले तद्गृहावस्थितं शूद्रान्नं ।

तथाचांगिराः

शूद्रवेश्मनि विप्रेण क्षीरं वा यदि वा दधि ।
निवृत्तेन न भोक्तव्यं शूद्रान्नं तदपि स्मृतम् ॥

निवृत्तेन शूद्रान्नान्निवृत्तेम । अपि शब्दात् साक्षात् घृततंडुलादि । स्वगृहागते पुनरंगिराः

---

* शूद्रेषु दासगोपालकुलमित्रार्द्धसीरिणाम् ।
भोज्यान्नता गृहस्थस्य तीर्थसेवातिदूरतः ॥
ब्राह्मणादि शूद्रस्य पक्वत्रादिक्रियापि च ।

અર્થ, "ગૃહસ્થાશ્રમી દ્વિજે શૂદ્રમાંના દાસ, ગોવાળ, કુળમિત્ર અને અર્ધસીરી એ જ્ઞાતિઓએ રાંધેલું અન્ન ખાવું, દૂરની તીર્થયાત્રા કરવી, બ્રાહ્મણનું અન્ન શૂદ્રે રાંધવું"

(આ વાતોનો કળિયુગમાં નિષેધ છે.)

× તિથિતત્વ; દુર્ગાપૂજાતત્વ.

यथा यतस्ततो ह्यापः शुद्धिं यान्ति नदीं गताः ।
शूद्राद्विप्रगृहेष्वन्नं प्रविष्टं तु सदा शुचि ॥
प्रविष्टेऽपि स्वीकारापेक्षामाह पराशरः

तावद्भवति शूद्रान्नं यावन्न स्पृशति द्विजः ।
द्विजातिकरसंस्पृष्टं सर्वं तद्धविरुच्यते ॥

स्पृशति गृह्णातीति कल्पतरुः । तच्च संप्रोक्ष्य ग्राह्यमाह विष्णुपुराणम्.

संप्रोक्षयित्वा गृह्णीयात् शूद्रान्नं गृहमागतं ।
तच्च पात्रान्तरेण ग्राह्यमाहांगिराः
स्वपात्रे यच्च विन्यस्तं दुग्धं यच्छति नित्यशः ।
पात्रान्तरगतं ग्राह्यं दुग्धं स्वगृह आगतं ॥

एतेषु स्वगृह आगतस्यैव शुद्धत्वं तद्गृहगतस्य शूद्रान्नदोषभागित्वं प्रतीयते । १

અર્થ, " શૂદ્રે કોઈ ધાન્ય આપ્યું પણ તે તેને ઘેર (રાંધીને) ખાઇએ તો તે શૂદ્રાન્નજ થાય છે. કેમકે અંગિરાએ એવું કહ્યું છે કે, જે બ્રાહ્મણે શૂદ્રાન્ન તજેલું છે તેણે શૂદ્રને ઘેર દુધ અથવા દહીં પણ ખાવું નહીં. કેમકે તે પણ શૂદ્રાન્નજ છે. ન રાંધેલું અન્ન ઘેર લાવવા વિશે અંગિરાએ ફરીને એવું કહ્યું છે કે, ગમે ત્યાંથી પાણી આવ્યું હોય પણ તે નદીને મળ્યું એટલે શુદ્ધ થાય છે, તેમજ શૂદ્રના ઘરનું ન રાંધેલું અન્ન બ્રાહ્મણના ઘરમાં આવ્યું એટલે તરત શુદ્ધ થાય છે. બ્રાહ્મણ તેનો સ્વીકાર કરે ત્યાર પછી શુદ્ધ થાય છે. એને વાસ્તે પરાશરે કહ્યું છે કે, બ્રાહ્મણ શૂદ્રના અન્નનો સ્વીકાર કરે ત્યાં સુધી તે શૂદ્રાન્નજ રહે છે, અને તેના હાથના સ્પર્શથી તે પવિત્ર થાય છે. શૂદ્રાન્નનો સ્વીકાર કરવો હોય તો તે ધોઇને અથવા પાણી છાંટીને પછી કરવો. એ

૧ આહ્નિકતત્વ.

વિશે વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે, 'શૂદ્રાન્ન કોઈ એકને ઘેર આવ્યું તો તેને પાણી છાંટીને પછી તેનો સ્વીકાર કરવો.' શૂદ્રાન્ન જે પાત્રમાં આણ્યું હોય તેમાંથી જુદા પાત્રમાં તે નાંખીને લેવું, એ વિશે અંગિરાએ કહ્યું છે કે, 'શૂદ્ર દુધ અથવા દહીં પોતાના વાસણમાં ઘાલીને, કોઈ બીજાને ઘેર લાવી તેને મફત આપે તો લેનારાએ તે બીજા વાસણમાં ઘાલીને લેવું.' આ પદાર્થોમાંથી જે દ્વિજને ઘેર આવે તેજ શુદ્ધ અને શૂદ્રને ઘેર હોય તે શૂદ્રાન્ન અને તેથી તે અશુદ્ધજ છે, એવું આ ઉપરથી સિદ્ધ થાય છે."

આ બધા ઉપરથી એ ઉઘાડું સિદ્ધ થાય છે કે, અશ્વમેધાદિ કર્મ કળિયુગના ધર્મ નથી એવી જે પાયા વગરની કલ્પના તે ખરી માની તે ઉપરથી 'જેવી રીતે આ કળિવર્જ્ય ધર્મ પરાશરસંહિતામાં કહ્યા છે, તેવીજ રીતે બીજા પણ કળિવર્જ્ય ધર્મ તે સ્મૃતિમાં છે, ફક્ત કળિધર્મ એવું નહીં, માટે પરાશરસંહિતા ફક્ત કળિયુગમાં આચરવાના ધર્મનીજ નથી:' એવો સિદ્ધાંત કરવો તે કોઈ પણ પ્રકારે સયુક્તિક નથી. માટે, પરાશરસંહિતા ફકત કળિધર્મ કહેવાને વાસ્તેજ છે.

અધ્યાય ૭ મો.

(મૂળ ગ્રંથમાંનો અધ્યાય ૧૫ મો.)

મનુસંહિતામાં ચાર યુગના જુદા જુદા ધર્મનું પૃથક પૃથક વર્ણન કર્યું નથી.

પેહેલા ભાગમાં—ધર્મશાસ્ત્ર પ્રમાણે ગ્રહણ કરવા લાયક ગ્રંથો કયા એ વાતનો યાજ્ઞવલ્ક્યના મત પ્રમાણે વિચાર કરતાં મેં લખ્યું છે કે, બધા ધર્મશાસ્ત્રમાં કહેલા ધર્મ બધા યુગોમાં આચરવા કે જુદા જુદા યુગોમાં, તેને વાસ્તે કંઈક વ્યવસ્થા છે. એ વિશે મનુસ્મૃતિમાં નીચે પ્રમાણે લખ્યું છે.

अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरेऽपरे ।
अन्ये कलियुगे नृणां युगह्रासानुरूपतः ।

અર્થ, "કૃતયુગથી કળિયુગ સુધીમાં મનુષ્યની શક્તિ ઓછી ઓછી થતી જાય છે, માટે કૃતયુગના ધર્મ જુદા, ત્રેતાયુગના જુદા, દ્વા-પરયુગના જુદા, અને કળિયુગના જુદા."

ત્યારે હવે કળિયુગના લોકોએ કયા ધર્મ માનવા? મનુએ તો ફક્ત જુદા જુદા યુગમાં જુદા જુદા ધર્મ છે એટલુંજ કહેલું છે. પણ તે જુદા જુદા ધર્મ કયા તે કહ્યું નથી. એનો ખુલાસો તો ફકત પરા-શરસંહિતામાંજ કહેલો માલમ પડે છે.

આ લેખ કેટલાએક પ્રતિપક્ષીઓને ખરો નહીં લાગવાથી તેઓ મારા (આ ગ્રંથકાર) વિશે એવું બોલે છે કે "જુદા જુદા યુગમાં આચરવાના જુદા જુદા ધર્મ મનુસ્મૃતિમાં પૃથક પૃથક કહેલા નથી, એવું આ (ગ્રંથકાર) શા ઉપરથી કહે છે? મનુષ્યની શક્તિઓ જુદા જુદા યુગમાં ઓછી થતી જાય છે ઈ. અર્થવાળું પરચુરણ વાક્ય જોઇ-નેજ એણે પોતાની બે આંખ મીચીનેજ એવું કહેલું છે કે કેમ? મનુ-એ પોતે લખેલી સ્મૃતિની પછીનીજ સ્મૃતિમાં કયા યુગમાં કયા ધર્મ આચરવા એ કહેલું છે, પણ તે સ્મૃતિ કઈ તે તો એણે (આ ગ્રંથ કર-નારે) બીલકુલ જોઇજ નહીં, તે નીચે પ્રમાણે.

तपः परं कृतयुगे त्रेतायां ज्ञानमुच्यते ।
द्वापरे यज्ञमित्याहुर्दानमेक कलौ युगे ॥

અર્થ, "સતયુગનો ધર્મ, તપશ્ચર્યા, ત્રેતાયુગનો ધર્મ, ઇશ્વિરીય જ્ઞાન, દ્વાપરયુગનો ધર્મ, યજ્ઞ, અને કળિયુગનો ધર્મ, ફકત દાન, એ પ્ર-માણે કહેલું છે."

આપણા પ્રતિપક્ષીઓનો સદરહુ પ્રમાણે કહેવાનો અભિપ્રાય એ-વો જણાય છે કે, મનુએ "**અન્યે કૃતયુગે ધર્માઃ**" એ સ્મૃતિમાં જુ-દા જુદા યુગમાં જુદા જુદા ધર્મ છે એવું કહીને, તેની પછીની જ સ્મૃતિમાં જુદા જુદા ધર્મ કયા તે એણે કહ્યું છે. એવી તેમની સારી પેઠે ખાતરી થાય છે. અને તે ઉપરથી પછી અર્થ એવો કે "મનુ-સંહિતામાં જુદા જુદા કાળના જુદા જુદા ધર્મ કહેલા નથી," એ મારૂં લખવું કેવળ ખોટું છે, એવો તેમણે સિદ્ધાંત કર્યો. આના ઉપર મારૂં

કહેવું એવું છે કે આ તેમનો સિદ્ધાંત બધી રીતે યુક્તિવિરૂદ્ધ છે. એ વિશે બારીકાઇથી વિચાર કરીએ તો સાફ જણાય છે, કે જુદા જુદા યુગમાં જુદા જુદા ધર્મ છે, એવું પેહેલાંની સ્મૃતિમાં લખતાં જે વિશેષ ધર્મ મનુને માલમ છે તેજ તેણે પછીની સ્મૃતિમાં કહેલા છે, એ આપણા પ્રતિપક્ષીઓનું કહેવું ગમે તે થાય તોપણ કોઇ દિવસ તેમનાથી સિદ્ધ થનાર નથી વળી બીજું એ છે કે પછીની સ્મૃતિનો તેઓએ જે અર્થ કર્યો છે તે બરોબર નથી. માટે વાંચનારને આ વાતનો નિર્ણય થાય તેટલા સારૂ બંને સ્મૃતિનાં વચન તેના ખરેખરા અર્થ સહિત નીચે લખું છું.

अन्ये कृतयुगे धर्मास्त्रेतायां द्वापरेऽपरे ।
अन्ये कलियुगे नृणां युगह्रासानुरूपतः ॥

અર્થ, "કૃતયુગથી કળિયુગ સુધી મનુષ્યની શક્તિ કમી કમી થતી જાય છે તેના પ્રમાણમાં કૃતયુગના ધર્મ જુદા, ત્રેતાયુગના જુદા, દ્વાપરયુગના જુદા, અને કળિયુગના જુદા."

तपः परं कृतयुगे त्रेतायां ज्ञानमुच्यते ।
द्वापरे यज्ञमित्याहुर्दानमेकं कलौ युगे ॥

અર્થ, "સત્યયુગમાં મુખ્ય ધર્મ તપશ્ચર્યા, ત્રેતાયુગમાં મુખ્ય ધર્મ ઇશ્વિરીયજ્ઞાન, દ્વાપરયુગમાં મુખ્ય ધર્મ યજ્ઞ યાગ, અને કળિયુગમાં મુખ્ય ધર્મ દાન, આ પ્રમાણે કહેલું છે."

હવે જુદા જુદા યુગમાં જુદા જુદા ધર્મ છે, એવું પેહેલાંની સ્મૃતિમાં કહીને તેનીજ પછીની સ્મૃતિમાં તે ભિન્ન ભિન્ન ધર્મ મનુએ કહેલા છે કે નહીં તેનો નિકાલ અમારા વાંચનારાઓએ કરવો. પેહેલાંની સ્મૃતિમાં જુદા જુદા યુગમાંના ધર્મ જુદા જુદા છે, એવું કહીને પછીની સ્મૃતિમાં પ્રત્યેક યુગમાંના મુખ્ય મુખ્ય ધર્મ ફકત કહેલા છે. પેહેલાંની સ્મૃતિમાં જુદા જુદા ધર્મ કરીને જે કહેલું છે તેજ પછીની સ્મૃતિમાં કહેલું છે એવું જણાતું નથી દરેક યુગના મુખ્ય ધર્મ કહ્યા એટલે દરેક યુગના બધા ધર્મ કહ્યા એમ કહેવાતું નથી. આ વગર વ-

આ પેહેલાંની સ્મૃતિમાં ધર્મ શબ્દનું ધર્માઃ એ બહુવચન વાપરેલું છે. તેનો અર્થ દરેક યુગના બધા ધર્મ એવો છે. ત્યારે દરેક યુગનો એક એક મુખ્ય ધર્મ કહ્યો એટલે તે ઉપરથી તે યુગના બધા ધર્મ કહ્યા એમ કેમ કહેવાય? માટે પછીનીજ સ્મૃતિમાં જુદા જુદા યુગના જુદા જુદા ધર્મ મનુએ કહ્યા છે એ કહેવું બિલકુલ ભુલું છે.

સામા પક્ષના માણુસોએ "કળિયુગનો ધર્મ ફક્ત દાન કરવું એજ છે," એવું પેહેલાં કહ્યું છે, એ ઉપરથી એવું જણાય છે કે તે વગર બીજા કળિયુગના ધર્મ નથી; એટલે ઉપોષણ, ભજન, દેવપૂજા, યાત્રા ઇત્યાદિ કળિયુગના ધર્મ નથી. પણ આ તે વચનના અર્થથી બિલકુલ બધી રીતે વિરૂદ્ધ છે, માટે તે સ્મૃતિનો ખરેખરો અર્થ એવો છે કે, તપશ્ચર્યા વગેરે ધર્મ સામાન્ય રીતે બધાએ યુગને લાગુ છે. અને તે દરેક યુગમાં તે ધર્મો અનુક્રમે મુખ્ય છે. ઉપર કહેલી સ્મૃતિમાં પર અને એક એ શબ્દ તપશ્ચર્યાદિક વિશેષ્યવાચક શબ્દોના વિશેષણ છે. આ બંને વિશેષણોનો અર્થ કોઇ વખત "મુખ્ય" એવો થાય છે, અને કોઇ વખત "એકજ" એવો થાય છે. અને મને એવું લાગે છે કે, પ્રતિપક્ષીઓએ તે શબ્દનો બીજો અર્થ કરી ઉપર પ્રમાણે ખોટું વ્યાખ્યાન કર્યું છે. પરંતુ એ સ્મૃતિમાં એ બંને શબ્દોનો અર્થ "મુખ્ય" એવો છે, "એકજ" એવો નથી. કુલ્લૂકભટ્ટની વ્યાખ્યા ઉપરથી પણ એવુંજ માલમ પડે છે.

यद्यपि तपःप्रभृतीनि सर्वाणि सर्वयुगेष्वनुष्ठेयानि तथापि सत्ययुगे तपः प्रधानं महाफलमिति ज्ञाप्यते, एवमात्मज्ञानं त्रेतायुगे, द्वापरे यज्ञः, दानं कलौ ।

અર્થ, "તપશ્ચર્યાદિક ધર્મ એવા છે કે તે બધાએ પ્રત્યેક યુગમાં આચરવા, તોપણ તપશ્ચર્યા સતયુગમાં મુખ્ય ધર્મ છે, એટલે સતયુગમાં તપશ્ચર્યાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે, તેજ પ્રમાણે ઇશ્વરીય જ્ઞાન ત્રેતાયુગમાં, યજ્ઞયાગ દ્વાપરયુગમાં, અને દાન કળિયુગમાં એ મુખ્ય ધર્મ છે."

અધ્યાય ૮ મો.

(મૂળ ગ્રંથમાંનો અધ્યાય ૨૦ મો.)

વિધવા થએલી કન્યાનું દાન બીજા વરને તેના બાપે આપવું.

કેટલાએક લોકોએ એવી અડચણ કાઢી છે કે, વિધવાવિવાહમાં વિધવાનું દાન (કન્યાદાન) કોણે કરવું ?

બાપે એક વખત એક વરને દાનમાં કન્યા આપી, એટલે લાગલુંજ તેનું પોતાપણું તે કન્યા ઉપરથી બીલકુલ જતું રહે છે, પછી તેના ઉપર તેની જરાએ સત્તા રહેતી નથી, ત્યારે તે બીજા વરને એ કન્યા શી રીતે આપી શકે ?

આપણા દેશમાં હાલ વિવાહના બે પ્રકાર ચાલુ છે. એક બ્રાહ્મ અને બીજો આસુર. એટલે એક કન્યાનું દાન, અને બીજો તેનો વિક્રય, (રૂપીઆ લેઇને કન્યા આપવી). 'દાન' અને 'વિક્રય' આ શબ્દોનો બીજે બધે ઠેકાણે જે અર્થ થાય છે તેજ ફક્ત આ ઠેકાણે નથી. સાધારણ રીતે જોઇએ તો જે વસ્તુ ઉપર જેનું માલીકપણું છે તેજ તે વસ્તુનું દાન કરી શકે છે, અથવા વિક્રય એટલે વેચી શકે છે, અને એકવાર તેણે એ વસ્તુનું દાન અથવા વિક્રય કર્યો એટલે તેનું તે ઉપરથી માલીકપણું નાશ પામે છે. મતલબ કે તેનું દાન અથવા વિક્રય તેનાથી ફરીને થતાં નથી. આ અનાદિ કાળથી જમીન, ઘરબાર, વસ્ત્ર, વસ્તુઓ, ઢોર ઇત્યાદિના દાન અને વિક્રય વિશેજ લાગુ પડે છે. અને આવા પદાર્થોના દાન વિક્રયમાં તથા કન્યાના દાન વિક્રયમાં સરખાપણું બીલકુલ છેજ નહીં. વિવાહમાં આપેલી કન્યાનું દાન એ એવી રાતનું ખરેખરૂં દાન જ નથી. કેટલીક રીતે જોતાં તે ફકત નામનુંજ દાન છે. વિવાહમાં વરને કન્યા આપવી તેને આપણા શાસ્ત્રકર્તાઓએ કન્યાદાન એવું નામ આપેલું છે. ગમે તે માણસ કન્યાનું દાન કરે તોપણ વિવાહ થાય છે. અને જે પુરૂષનું કન્યા ઉપર બીલકુલ માલેકપણું નથી તેણે કન્યાદાન કર્યું હોય તોપણ તે વિવાહ જેનું સંપૂર્ણ માલેકપણું હોય તેણે દાન કર્યું એવું ગણીને બીલ-

કુલ કાયમ રાખે છે. બીજા પદાર્થો વિશે તો, જે પદાર્થ ઉપર જેનું માલિકપણું નથી તે પદાર્થનું દાન તેનાથી થતું નથી.

કન્યાનું દાન ફક્ત સ્વજાતિના માણસોથીજ થાય છે. તે નીચે પ્રમાણેઃ—

पिता दद्यात् स्वयं कन्या भ्राता वानुमतः पितुः ।
मातामहो मातुलश्च सकुल्यो बांधवस्तथा ॥
माता त्वभावे सर्व्वेषां प्रकृतौ यदि वर्त्तते ।
तस्यामप्रकृतिस्थायां कन्यां दद्युः स्वजातयः ॥ *

અર્થ, "કન્યાનું દાન તેના બાપે પોતે કરવું અથવા બાપની આજ્ઞાથી તેના ભાઇએ કરવું, માતામહે એટલે કન્યાની માના બાપે, મામાએ, કન્યાના બાપના ગોત્રજે, અથવા સગાં સંબંધીએ તેનું દાન કરવું; આમાંનું કોઇ ન હોય ત્યારે મા જો બરોબર શુદ્ધિમાં હોય તો તેણે પોતાની કન્યાનું દાન કરવું, પરંતુ જો તે શુદ્ધિમાં ન હોય તો કન્યાની જાતિવાળાઓએ તેનું દાન કરવું."

હવે જુઓ કે જમીન, માલ વગેરે પદાર્થોના દાન વિશે જે નિયમ છે, તેજ કન્યાના દાન વિશે હોત, એટલે તેના ઉપર જેનું માલિકપણું હોય તેણેજ એનું દાન કરવું, એવો આપણા શાસ્ત્રકર્તાઓનો અભિપ્રાય હોત તો કન્યાની જાતિવાળા લોકોને તેનું દાન કરવાનો અધિકાર કેમ આપત? કન્યા ઉપર કોઈનું પણ માલિકપણું છે એવું જો માનીએ તો એ ફક્ત તેના માબાપનું જ છે; બીજાં ગમે તે સગાંનું તેના ઉપર બીલકુલ માલિકપણું નથી. જમીન, માલ ઇત્યાદિ પ્રમાણે તેના માલિકે જ તેનું દાન કરવું એમ હોય તો શાસ્ત્રકર્તા તેના માતામહ (માના બાપ) વગેરેને દાન કરવાનો અધિકાર ન કહે; અને તેની માને તેનું દાન કરવાનો અધિકાર રહ્યો તે બધાં સગાંવહાલાં પછી કહ્યો તે કેમ કહેત? જો માલિકપણા પ્રમાણે જોઇએ તો બાપની પછી માનેજ અધિકાર કહેવો હતો. ખરેખરૂં કહીએ તો જેવી રીતે જમીન વગેરે

* ઉદ્વાહતત્વમાં નારદસંહિતામાંનો ઉતારો છે.

ઉપર માણસની માલિકી છે તેવી કન્યા ઉપર છેજ નહીં. જો હોત તો બાપની આજ્ઞા અને અનુમત વગર વિવાહમાં બીજા કોઇએ તેની કન્યાનું દાન કર્યું તો તેની ઉપર તેની માલિકી નથી માટે તે રદજ થાય; પરંતુ આવું નક્કી થતું નથી.

એકની છોકરીનું કન્યાદાન બીજા લોકો કરે છે, એવા દાખલા હમેશાં મળે છે. તોપણ તે બધા વિવાહ કાયમ કેમ રહે છે? કન્યાનો બાપ દિવાની કોર્ટમાં ફરિયાદી કરીને જે માણસનું તે કન્યા ઉપર માલિકપણું નથી, તેવા માણસે કરેલું કન્યાદાન રદ કેમ નથી કરાવતો? એકની જમીન વગેરેનું દાન બીજો કોઈ કરે તે કાયમ રહેતું નથી. માલધણી દિવાની કોર્ટમાં ફરિયાદ કરે એટલે તે રદ થાય છે. આ બધી વાત ઉપરથી માલમ પડે છે કે કન્યાનું દાન ફક્ત નામનુંજ દાન છે, અને તેનો આધાર કંઇ તે કન્યાની માલિકી ઉપર નથી. હવે કન્યાનું દાન જ્યારે તેની માલિકી ઉપર નથી, અને તે ફક્ત નામનુંજ દાન છે માટે શાસ્ત્રકર્તાઓએ તે ફક્ત વિવાહના અંગનું એક કર્મ કહ્યું, ત્યારે શાસ્ત્રમાં કહેલા પતિના મરણ પછી, અથવા બીજી આપત્તિ વખતે જે પુનર્વિવાહ કરવાનો તેમાં કન્યાનું દાન કરવાને બાપને જરાએ હરકત નથી. પહેલાં લખેલી સ્મૃતિઓમાં કન્યાના પ્રથમ વિવાહમાં તેનું દાન કરવાનો અધિકાર લખ્યો છે, તેજ પ્રમાણે બીજી સ્મૃતિઓમાં કેટલીએક આપત્તિ ના વખતે કરવાના પુનર્વિવાહમાં પણ તેનું દાન કરવાનો અધિકાર લખ્યો છે, તે નીચે પ્રમાણે:—

स तु यद्यन्यजातीयः पतितः क्लीब एव च ।
विकर्मस्थः सगोत्रो वा दासो दीर्घामयोऽपि वा ॥
ऊढापि देया सान्यस्मै सहाभरणभूषणा ॥

અર્થ, "વિવાહ થયા પછી પતિ બીજી જાતનો, પતિત, નપુંસક, ખરૂંખોટું ન જોતાં ગમે તેમ કરનારો, એકજ ગોત્રનો, દાસ એટલે ગુલામ, અથવા સદારોગી માલમ પડે તો (તેની સાથે) લગ્ન થએલી સ્ત્રી વસ્ત્ર અને અલંકાર સુધાં બીજા વરને આપવી."

જુઓ. એક વખત વિવાહ થએલી કન્યાનું રીતિ પ્રમાણે પુનઃ દાન કરીને વિવાહ કરવાનો અધિકાર કહ્યો છે. એક વખત કન્યાનું દાન વિવાહમાં થયું એટલે પુનર્વિવાહમાં બીજી વખત તેનું દાન કરવાને ફક્ત હોત તો, મહા ઋષિ કાત્યાયને ધણિ પતિત, નપુંસક, સદારોગી ઇત્યાદિ પ્રકારનો નિકળવાથી તેનું દાન બીજા વરને આપવા વિશે સ્પષ્ટ આજ્ઞા કરી છે, તે ન કરત. વળી આ વિશે ફક્ત આજ્ઞા છે એટલુંજ નહીં, પણ વિધવા થએલી કન્યાના પુનર્વિવાહમાં તેનું દાન બાપે કર્યું તે વિશે ઉઘાડાં પ્રમાણ છે. તે નીચે પ્રમાણેઃ--

अर्जुनस्यात्मजः श्रीमानिरावान्नाम वीर्यवान् ।
सुतायां नागराजस्य जातः पार्थेन धीमता ॥
ऐरावतेन सा दत्ता ह्यनपत्या महात्मना ।
पत्यौ हते सुपर्णेन कृपणा दीनचेतना ॥

અર્થ, "મહાત્મા એવો જે નાગરાજ ઐરાવત એણે પોતાની કન્યાના પતિને સુપર્ણે માર્યા પછી, તે દુઃખિત થએલી અને સંતાન વગરની ગરીબ કન્યાનો વિવાહ કરીને અર્જુનને આપી. પછી અર્જુનથી તેને પેટે ઇરાવાન નામે એક સુંદર અને પરાક્રમી પુત્ર થયો."

જ્યારે પેહેલાં સિદ્ધ કર્યા પ્રમાણે કન્યાનું દાન તેની માલીકી ઉપર નથી માટે તે ફક્ત વિવાહના અંગનું એક કર્મ છે; જ્યારે પુનર્વિવાહ કરવામાં પ્રથમ વિવાહમાં જે વિધિ અને સંસ્કાર છે, તેજ પ્રમાણે કન્યાનું દાન કરવાની શાસ્ત્રમાં સ્પષ્ટ આજ્ઞા કહેલી છે; અને જ્યારે વિધવા થએલી કન્યાનું દાન, તેના પુનર્વિવાહમાં તેના બાપે કરવા વિશે સ્પષ્ટ પ્રમાણો છે; ત્યારે, કન્યાનું એક વખત દાન કર્યું એટલે બાપનું તેન ઉપરથી માલિકપણું જતું રહે છે, માટે પુનર્વિવાહમાં બીજી વખત તેનું દાન કરવાનો બાપને અધિકાર નથી, એ અડચણ છેક ઘુલી છે. સારાંશ એ કે શાસ્ત્ર પ્રમાણે જે પુરૂષને પ્રથમ વિવાહમાં કન્યાદાન કરવાનો અધિકાર છે, તેનેજ પુનર્વિવાહમાં પણ તે કન્યાનું દાન કરવાનો અધિકાર છે.

उत्पादयेत् पुनर्भूत्वा स पौनर्भव उच्यते ॥ ९.१७५.
सा चेदक्षतयोनिः स्याद्गतप्रत्यागतापि वा ।
पौनर्भवेन भर्त्रा सा पुनः संस्कारमर्हति ॥ ९.१७६

અર્થ, "વિધવા થયા પછી અથવા પતિએ કાઢી મુકયા પછી બીજા પુરૂષ સાથે વિવાહ કરે, તે વિવાહના સંબંધથી સ્ત્રીને જે છો કરો થાય તેને પૌનર્ભવ કહે છે. તેને ઋતુપ્રાપ્તિ ન થઈ હોય અથવા ઋતુપ્રાપ્તિની પહેલાં ધણી પાસેથી જતી રહીને ઋતુપ્રાપ્તિ પછી ફરીને તેની પાસે પાછી આવે તો તેનો પુનઃસંસ્કાર કરવો જોઇએ."

વસિષ્ઠ કહે છે,

पाणिग्रहे मृते बाला केवलं मंत्रसंस्कृता ।
साचेदक्षतयोनिः स्यात् पुनः संस्कारमर्हति ॥ अ. १७.

અર્થ, "વિવાહ થયા પછી જેનું કન્યાપણું ગયું નથી (એટલે જેનો પતિ સાથે સ્પર્શ થયો નથી) તેવી સ્ત્રીનો પતિ મરી જાય તો તેનો પુનઃસંસ્કાર કરવો'

વિષ્ણુ કહે છે,

अक्षता भूयः संस्कृता पुनर्भूः । अ. १५.

અર્થ, "વિવાહ થયા પછી પતિનો સ્પર્શ ન થયો હોય એવી જે સ્ત્રી પુનઃસંસ્કાર કરે તેને પુનર્ભૂ કહે છે."

યાજ્ઞવલ્કય કહે છે,

अक्षता च क्षता चैव पुनर्भूः संस्कृता पुनः १.६७.

અર્થ, "વિવાહ થયા પછી પતિનો સ્પર્શ થયો હોય અથવા ન થયો હોય એવી સ્ત્રી પુનઃસંસ્કાર કરે તો તેને પુનર્ભૂ કહે છે."

હવે જ્યારે મનુ, વસિષ્ઠ, વિષ્ણુ, યાજ્ઞવલ્કય, પરાશર, અને બીજા પણ કેટલાએક શાસ્ત્રકર્તાઓએ કેટલીએક આપત્તિને વખતે સ્ત્રીઓનો પુનર્વિવાહ કરવાની છુટ આપી છે; જ્યારે આવા વિવાહને તેમણે "પુનર્વિવાહસંસ્કાર" એવું કહેલું છે; જ્યારે સંસ્કાર એ શબ્દ સ્ત્રી પુરૂષના મંત્રરહિત ફકત લૌકિક સંબંધને લગાડી શકાતો નથી; જ્યાં

એવા વિવાહથી થએલી સંતતિ તે તેઓએ કાયદા પ્રમાણે વારસમાં ગણેલી છે; અને જ્યારે દ્વિતીય સંસ્કારમાં બીજા મંત્રોની યોજના કરી નથી; ત્યારે, જે મંત્રની યોજના પેહેલા સંસ્કારમાં છે તેનીજ યોજના બીજા વિવાહસંસ્કારમાં પણ કરવી જોઇએ. વળી બીજું એ છે કે સ્ત્રીઓના દ્વિતીય વિવાહને તે મંત્ર લાગુ નથી પડતા, એવું તે મંત્રોમાં કોઈ ઠેકાણે નથી; ત્યારે તે લગાડવામાં હરકત શાની રહી ?

નીચે લખેલા મનુસ્મૃતિના આધાર ઉપરથી પ્રથમ વિવાહના મંત્ર પુનર્વિવાહને લાગુ નથી પડતા, એવું કેટલાએક પ્રતિપક્ષી બોલે છે.

पाणिग्रहणिका मंत्राः कन्यास्वेव प्रतिष्ठिताः ।
नाकन्यासु क्वचिन्नृणां लुप्तधर्म्मक्रिया हि ताः ॥ ८.२२६.

અર્થ, " પાણિગ્રહણવિધાયક મંત્ર ફકત કન્યાનેજ (કન્યાના પાણિગ્રહણને) લાગુ પડે છે. અકન્યાને એટલે જેનું કન્યાપણું જતું રહ્યું છે એવી સ્ત્રીને લાગુ નથી. કેમકે તેઓ ધર્માચરણની બહાર જ છે."

મારૂં કહેવું એવું છે કે, ઉપર લખેલા વચનમાં વિધવાને અકન્યા શબ્દ લગાડવાનો મનુનો ઇરાદો નથી. પણ વિવાહની પેહેલાંજ પુરૂષની સાથે સંગ કરવાથી જેનું કન્યાપણું જતુ રહ્યું હોય તેને "અકન્યા" શબ્દ લગાડવાનો ઇરાદો છે એવું, "કેમકે તેઓ ધર્માચરણની બહાર છે," એ છેલ્લા વાક્ય ઉપરથી સાફ માલમ પડે છે. વિધવા ધર્માચરણની બહાર છે એવું એક પણ હિંદુના મોંમાંથી કદી નિકળવાનું નહીં; અને વળી શાસ્ત્રમાં કહેલું ઉલટું એવું છે કે પુનર્વિવાહ ન કરતાં વૈધવ્ય પસંદ કરીને રહેનારી સ્ત્રીએ બધો જન્મારો ધર્માચરણમાંજ ગાળવો. માટે જો "અકન્યા" શબ્દ વિધવાને લગાડવાનો મનુનો ઇરાદો હોત તો તે "તેઓ ધર્માચરણની બહાર છે" એવું કદી ન લખત. મતલબ કે "અકન્યા" શબ્દ વિધવાને નહીં પણ પરણ્યા પેહેલાં જેનું કન્યાપણું જતું રહે તેને લાગે છે.

અધ્યાય ૧૦ મો.

(મૂળ ગ્રંથનો અધ્યાય ૨૪ મો.)

વિવાહસંબંધ કરવામાં પંથ વર જેવો બીજ વરથી સારો ગણાય છે, તેવીજ રીતે પંથ કન્યા બીજ કન્યા કરતાં સારી ગણાય છે.

વિધવાવિવાહ વિશેજ આ વિચાર ચાલેલો છે, તેમાં અવિવાહિત કન્યાની સાથે વિવાહ કરવો એવું નીચેના યાજ્ઞવલ્કયના વચનમાં કહેલું છે તેનો વિચાર કરવો જોઇએ.

आविप्लुतब्रह्मचर्य्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ।
अनन्यपूर्विकां कांतामसपिण्डां यवीयसीम् ॥*

અર્થ, " બ્રહ્મચર્ય (એટલે વેદાધ્યયન કરવાના વખતની સ્થિતિ) થઇ રહ્યા પછી પુરૂષે અવિવાહિત, (એટલે જેનો વિવાહ ન થયો હોય તે) સારાં લક્ષણ વાળી, મનને ગમે તેવી, પોતાનાથી નાની, અને સપિંડમાં ન હોય એવી કન્યા સાથે વિવાહ કરવો."

આ અને આ વિષય ઉપરનાં બીજાં વચનોથી પ્રતિપક્ષીઓ વિવાહ થએલી કન્યાનો ફરીને વિવાહ કરવો નહીં એનું સ્થાપન કરવાને મંડી પડે છે. પરંતુ મનુ, યાજ્ઞવલ્કય, વિષ્ણુ, વસિષ્ઠ અને બીજા સ્મૃતિકારોએ પોતપોતાની સંહિતામાં કેટલીક અડચણોને વખતે વિવાહિત સ્ત્રીઓનો પુનર્વિવાહ કરવા વિશે આજ્ઞા આપી છે, તેમના તે નિયમ પ્રમાણે વિવાહ થએલી સ્ત્રીનો ફરી વિવાહ કરવો નહીં એ કહેવું કેવળ ઉલટું છે. કેમકે પ્રતિપક્ષીઓનું આ કહેવું કબુલ કરીએ તો ઉપર લખેલા સ્મૃતિકારોની આજ્ઞા અશકય અથવા બાધકારક થાય છે. ઉપર લખેલા યાજ્ઞવલ્કયના વચનનો ખરેખરો મતલબ એવો છે કે, પુરૂષને નવો વિવાહ સંબંધ કરવો હોય તો તેણે વિવાહિત (વિવાહ થએલી) સ્ત્રી કરતાં અવિવાહિત સ્ત્રી વધારે સારી સમજવી, એટલે કન્યા આપવામાં બીજ વર કરતાં પંથ વર જેમ સારો છે તેમ તે પણ છે. યાજ્ઞવ-

---

*યાજ્ઞવલ્કય સંહિતા, ૧, ૫૨.

લ્કયસ્મૃતિમાં પુરૂષે અવિવાહિત કન્યા પરણવી એવી જે આજ્ઞા આપેલી છે તેમજ નીચે લખેલા બૌધાયનસ્મૃતિના વાકયમાં કન્યાદાન પંથ વરને આપવું એવી આજ્ઞા છે, તે નીચે પ્રમાણેઃ-

श्रुतशीलिने विज्ञाय ब्रह्मचारिणेऽर्थिने देया ॥ *

અર્થ, "વેદાધ્યયનસંપન્ન, સદ્ગુણી, અને જ્ઞાતા એવા પંથ વરને કન્યા આપવા."

આ ઉપરથી બીજ વરને કન્યાદાન આપવાનો છેકજ નિષેધ છે, એવું અનુમાન કરીએ તો સ્ત્રીના મરણથી, તે વાંઝણી રહેવાથી અથવા બીજી કેટલીક અડચણોથી પુરૂષને પુનર્લગ્ન કરવાની છુટ બીજી સ્મૃતિઓમાં આપી છે એનાથી તે વિરૂદ્ધ થશે. આ જે સાધારણ વિરોધ જણાય છે, તેનો નિવેડો આણવાને એવો સિદ્ધાંત કરવો જોઇએ કે, એ સ્મૃતિમાં ફક્ત ઓછું વધતું સારાપણું બતાવેલું છે. અવિવાહિત કન્યાઓના વિવાહ વિશે પણ એજ સિદ્ધાંત કરવો જોઇએ.

ખરેખરી રીતે વિચાર કરીએ તો બીજ વરની સાથે વિવાહ કરવો એ સ્ત્રીને જેમ મધ્યમ પક્ષ છે, તેમજ વિવાહિત સ્ત્રીની સાથે લગ્ન કરવું એ પુરૂષને મધ્યમ પક્ષ છે, એમાં કંઇ ફેર નથી.

સ્માર્ત ભટ્ટાચાર્ય રઘુનંદન એણે પણ એજ સિદ્ધાંત કર્યો છે. તે નીચે પ્રમાણેઃ-

बौधायनः श्रुतशीलिने विज्ञाय ब्रह्मचारिणे ऽर्थिने देया । ब्रह्मचारिणे अजातस्त्रीसंपर्कायेति कल्पतरुयाज्ञवल्क्यदीपकालिके । जातस्त्रीसंपर्कस्य द्वितीयविवाहे विवाहाष्टकबहिर्भावापत्तेस्तदुपादानं प्राशस्त्यार्थमिति तत्वम् ॥ §

અર્થ, "બૌધાયન કહે છે, વેદાધ્યયનસંપન્ન, સદ્ગુણી, અને

* ઉદ્વાહતત્વ અને યાજ્ઞવલ્કયદીપકલિકા એમાંથી એ વાકય લીધું છે.

§ ઉદ્વાહતત્વ.

ગ્રાતા એવા પ્રથમ વરને (પંથ વરને) કન્યા આપવી. કલ્પતરૂ અને યાજ્ઞવલ્ક્યદીપકલિકા એ ગ્રંથોમાં બ્રહ્મચારિણે એનો અર્થ જેને સ્ત્રીનો સ્પર્શ થયો નથી એવો પુરૂષ એવો કરેલો છે, પણ એ શબ્દે શબ્દનો અર્થ છે. અને એજ અર્થ લેઇએ તો કન્યા ફકત પંથ વરનેજ આપવી એવું થશે. અને બીજવરના પુનર્વિવાહના આઠ પ્રકારમાંથી એકેમાં તેનો સમાવેશ થનાર નહીં. માટે પ્રથમ વર એ વિશેષણ આપવાનો બૌધાયનનો મતલબ એવો કે કન્યાદાન પ્રથમ વરને આપવું એ પક્ષ ઉત્તમ છે "

થોડોક વિચાર કરીએ તો એવું જણાય છે કે, આપણા શાસ્ત્રકર્ત્તાઓએ સ્ત્રી અને પુરૂષ એ બંને વચ્ચે આવી બાબતોમાં એક સરખોજ નિયમ ઠરાવ્યો છે, તે નીચે પ્રમાણેઃ—

કન્યાનો * નિશ્ચય કરવાની પેહેલાં તેનું કુળ વગેરે જોવું જેમ જ.

---

* अविप्लुतब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ।
अनन्यपूर्व्विकां कान्तामसपिण्डां यवीयसीम् ॥ ५२.
अरोगिणीं भ्रातृमतीमसमानार्षगोत्रजाम् ।
पंचमात् सप्तमादूर्ध्वं मातृतः पितृतस्तथा ॥ ५३.
दशपूरुषविख्यातात् श्रोत्रियाणां महाकुलात् ।
स्फीतादपि न संचारिरोगदोषसमन्वितात् ॥ ५४.
एतैरेव गुणैर्युक्तः सवर्णः श्रोत्रियो वरः ।
यत्नात् परीक्षितः पुंस्त्वे युवा धीमन् जनप्रियः ॥ ५५

અર્થ "બ્રહ્મચર્ય (એટલે વેદાધ્યયન કરવાના વખતની સ્થિતિ) થઇ રહ્યા પછી પુરૂષે અવિવાહિત, સુલક્ષણી, મનને ગમે એવી, પોતાથી નહાની, સપિંડમાં ન હોય એવી, અસાધ્ય રોગ ન હોય એવી, ભાઈવાળી, એકજ ગોત્ર અથવા એકજ પ્રવરમાં ન હોય એવી, માની તરફની પાંચ અને બાપની તરફની સાત કરતાં વધારે પેઢીઓવાળી કન્યાને પરણવું. જે કુળની પ્રખ્યાતિ દસ પેઢીઓ સુધી છે, જેમાં દરરોજ વેદા-

રૂરનું છે તેમજ વરને કન્યા આપવાનો નિશ્ચય કર્યાની પેહેલાં તેનું કુળ વગેરે જોવું જરૂરનું છે એવો નિયમ છે.

વળી એવું કહ્યું છે કે વિવાહ થયા પછી પુરૂષને* તૃપ્ત રાખવો એ જેવો સ્ત્રીનો ધર્મ છે, તેમજ સ્ત્રીને સંતુષ્ટ રાખવી એ પુરૂષનો ધર્મ છે. વ્યભિચાર કરવાનું પાપ જેવું સ્ત્રીને કહ્યું છે તેવુંજ પુરૂષને×

ધ્યયન થાય છે, જે કુળ મોટું નામાંકિત અને સંપત્તિમાન છે, પણ જો તે કુળમાં સંચારી (દરપેઢિથી ચાલતો આવેલો એક જાતનો) રોગ હોય અથવા તેને બીજું એકાદ કલંક હોય તો તે કુળમાંની કન્યા લેવી નહીં. જે ગુણ કન્યાને અંગે કહ્યા તેજ ગુણ વરને અંગે પણ હોવો જોઇએ. તે વર કન્યાની જાતનો અને દરરોજ વેદાધ્યયન કરનારો હોવો જોઇએ. એ વગર તેના પુરૂષપણા વિશે સારી પેઠે બારીકાઇથી ચોકશી કરવી ને તે જુવાન, બુદ્ધિમાન તથા લોકપ્રિય હોવો જોઇએ."

* सन्तुष्टो भार्य्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।

यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ ३६०

અર્થ, "જે કુટુંબમાં સ્ત્રી ધણીને સંતુષ્ટ રાખે છે ને ધણી સ્ત્રીને સંતુષ્ટ રાખે છે તેનું નિરંતર કલ્યાણ થાય છે." મનુ.

यत्रानुकूल्यं दंपत्योस्त्रिवर्गस्तत्र वर्धते ॥ १७३.

અર્થ, "જે કુટુંબમાં સ્ત્રી પુરૂષ એક બીજાને ખુશીમાં રાખે છે, ને એક બીજા સાથે પ્રેમથી વર્તે છે, તેમાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂપાર્થ વૃદ્ધિ પામે છે." યાજ્ઞવલ્કય.

× व्युच्चरंत्याः पतिं नार्य्या अद्यप्रभृति पातकम् ।

भ्रूणहत्यासमं घोरं भविष्यत्यसुखावहम् ।

भार्य्यां तथा व्युच्चरतः कौमारब्रह्मचारिणीम् ।

पतिव्रतामेतदेव भविता पातकं भुवि ।

અર્થ, "પતિથી ઉપરાંત થઇને વ્યભિચાર કરનારી સ્ત્રીને આજથી ભ્રૂણહત્યા જે મહા ઘોર પાપ તે લાગશે. અને સારા આચરણથી રહેનારી પતિવ્રતા સ્ત્રીથી ઉપરાંત થઇને વ્યભિચાર કરનારા પુરૂષને પણ તેજ પાપ લાગશે." મહાભારત, આદિપર્વ, અધ્યાય ૧૨૨.

પણ કહ્યું છે. એક સ્ત્રી મરી જાય અથવા વાંઝણી રહે વગેરે અડચ-ણોની વખતે બીજી સ્ત્રી કરવાની આજ્ઞા જેવી પુરૂષને આપેલી છે, તે-વીજ રીતે એક પુરૂષ મરી જાય અથવા નપુંસક નિપજે વગેરે અડચ-ણોને વખતે પુનર્લગ્ન કરવા વિશે સ્ત્રીને પણ આજ્ઞા આપેલી છે.

એક વખત વિવાહ થએલી સ્ત્રીની સાથે પુનર્લગ્ન કરવું એ જેમ પુરૂષને મધ્યમ પક્ષનો વિવાહ કહેલો છે, તેમજ એક વખત વિવાહ થ-એલા પુરૂષની સાથે પુનર્લગ્ન કરવું એ સ્ત્રીને પણ મધ્યમ પક્ષનોજ વિવાહ કહ્યો છે. પરંતુ પુરૂષ બધી રીતે બળવાન રહ્યો તેથી એ પો-તે જે બાબતનો અધિકાર લે છે, તેજ બાબતનો અધિકાર સ્ત્રી જાત બીચારી ગરીબ અબળા છે માટે તેમને આપતો નથી. તેણે બધાં શા-સ્ત્રો પોતાનાં હાથમાં રાખ્યાં છે, અને તેનો અર્થ અને વ્યાખ્યા પોતાને સુગમ પડે તેમ તે કરે છે. પોતાના સ્વાર્થમાંજ અક્કલ દોડાવવાથી અને અન્યાય કરવાથી સ્ત્રીજાતિ કેટલી નીચી સ્થિતિમાં આવી ગઈ છે, તેનો પુરૂષના મનમાં જરાએ વિચાર આવતો નથી આવી રીતના અન્યાયથી હિંદુસ્થાનની અર્વાચીન કાળની સ્ત્રીઓને જે દુઃખ ભોગવવું પડે છે તે ખરેખર અંતઃકરણને વીંધી નાખે એવું છે.

સ્ત્રી જાતને વિશેષ સન્માન આપવું અને તેને ઉત્તમ રીતે સુ-ખી કરવી એ વાત આપણા દેશમાં અજાણી છે, એમ કહીએ તોપણ ચાલે. વળી ઉલટું એવું પણ છે કે જે માણસો પોતાને શાણા ગણે છે અને જેમને બીજાઓ પણ શાણા ગણે છે તેઓ પણ સ્ત્રીઓની નીચી હાલત છે તે ઠીકજ છે એવું માને છે. મનુએ એવું કહ્યું છે કે,

पितृभिर्भ्रातृभिश्चैताः पतिभिर्देवरैस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहु कल्याणमीप्सुभिः ३.५५.
यत्र नार्य्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥
यत्रैतास्तु न पूज्यन्ते सर्व्वास्तत्राफलाः क्रियाः ॥ ३.५६.
शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत् कुलम् ।

न शोचन्ति तु यत्रैता वर्द्धते तद्धि सर्वदा ॥ ३.५७.
जामयो यानि गेहानि शपन्त्यप्रतिपूजिताः ।
तानि कृत्याहतानीति विनश्यन्ति समन्ततः ॥ ३.५८.

અર્થ. " સુખ અને સંપત્તિની ઇચ્છા કરનારા બાપ તથા ભાઇએ અને પતિએ તથા દીયરે સ્ત્રીને સન્માન આપવું, અને ઉત્તમ વસ્ત્રથી અને અલંકારથી તેને શણગારવી. જે કુટુંબમાં સ્ત્રીને સન્માન મળે છે તેમાં દેવતા સંતુષ્ટ થઇને રહે છે. પરંતુ જે કુટુંબમાં સન્માન મળતું નથી તેમાં યજ્ઞ, યાગ, તપ, દાન વગેરે સર્વ ક્રિયાઓ નિષ્ફળ જાય છે. જે કુળમાં સ્ત્રીઓ દુઃખી થાય છે તે કુળ જલદીથી નાશ પામે છે, ને જેમાં સ્ત્રીઓ સુખી છે તેમાં સુખ અને સંપત્તિની હમેશાં વૃદ્ધિ થાય છે. સ્ત્રીને યોગ્ય સન્માન ન મળવાથી તેઓ જે કુળમાં શાપ દે છે તે ઘણું કરીને નાશ પામે છે."

સ્ત્રીઓને સન્માન આપવા વિશે જે શાસ્ત્રાર્થ ઉપર લખ્યો તે સ્ત્રીઓના કમનસીબથી લોકોમાં ઘણું કરીને બિલકુલ ચાલતો નથી. અને આવો સર્વોત્કૃષ્ટ શાસ્ત્રાર્થ તોડવાથી નિપજનારાં દુષ્ટ પરિણામો તે લોકોમાં બધે ઠેકાણે ખુલ્લી રીતે જણાય છે.

अध्याय ११ मो.

(મૂળ ગ્રંથનો અધ્યય ૨૪ મો.)

શાસ્ત્ર કરતાં રૂઢીનું પ્રમાણ બળવાન નથી.

વિધવાવિવાહ શાસ્ત્ર પ્રમાણે નથી એ સિદ્ધ કરવાને પ્રતિપક્ષીઓએ જે શાસ્ત્રનાં વચન લખ્યાં હતાં એ બધાંનો ખરેખરો અર્થ અને હેતુ મેં મારી બુદ્ધિ પ્રમાણે સારી પેઠે વિચાર કરીને કહ્યો છે. હવે સ્ત્રીઓના પુનર્વિવાહનો સંપ્રદાય ચાલુ કરવા વિશે એક હરકત જે પ્રતિપક્ષીઓએ લીધી છે તેનો નિવેડો કરૂં છું. તેઓ કહે છે કે વિધવાઓનો વિવાહ શાસ્ત્ર પ્રમાણે છે તોપણ તે દેશની રૂઢીથી વિરૂદ્ધ છે, માટે તે ચાલુ ના કરવો. આવી રીતની હરકતો કોઈ પણ કાઢશે એવું જાણી-

તેજ વશિષ્ઠનું વચન પેહેલા ભાગમાં લખ્યું છે. તેનો અર્થ એવો છે કે રૂઢી કરતાં શાસ્ત્રનું પ્રમાણ બળવાન છે. તોપણ એક વચન છે માટે તે કંઇ મજબુત આધાર નથી એવું તેમને લાગશે માટે તે વિશે બીજાં પ્રમાણો નીચે લખું છું.

धर्मं जिज्ञासमानानां प्रमाण परमं श्रुतिः ।
द्वितीयं धर्मशास्त्रं तु तृतीयं लोकसंग्रहः ॥ ×

અર્થ, "ધર્મ કયો એ જાણવાની જેમની ઇચ્છા હોય તેઓએ એવું સમજવું કે શ્રુતિ એટલે વેદ એ પેહેલા દરજ્જાનું પ્રમાણ, સ્મૃતિ એટલે ધર્મશાસ્ત્ર એ બીજા દરજ્જાનું પ્રમાણ અને રૂઢી એટલે દેશાચાર એ ત્રીજા દરજ્જાનું પ્રમાણ છે."

આ ઉપરથી સાફ જણાય છે કે રૂઢી એ કેવળ કનિષ્ઠ પ્રકારનું પ્રમાણ છે, ને વેદ તથા સ્મૃતિ એ ઉત્તમ પ્રકારનાં પ્રમાણ છે.

न यत्र साक्षाद्विधयो न निषेधाः श्रुतौ स्मृतौ ।
देशाचारकुलाचारैस्तत्र धर्मो निरूप्यते ॥*

અર્થ, "જે વાત વિશે શ્રુતિ અથવા સ્મૃતિમાં આજ્ઞા અથવા નિષેધ એ બેમાનું એકે કહ્યું ના હોય તો તે વિશે દેશાચાર અને કુળાચાર એ પ્રમાણ કરવા લાયક છે" આમાં સ્પષ્ટ કહ્યું કે જે વિશે શ્રુતિ સ્મૃતિમાં કંઇ કહ્યું ન હોય તેજ વિશે ફક્ત કેટલુંક રૂઢીનું પ્રમાણ લેવું, બીજા કંઈ વિશે રૂઢીનું પ્રમાણ લેવું નહીં. વળીઃ—

स्मृतेर्वेदविरोधे तु परित्यागो यथा भवेत् ।
तथैव लौकिकं वाक्यं स्मृतिबाधे परित्यजेत् ॥×

અર્થ, "સ્મૃતિ વેદથી વિરૂદ્ધ હોય તો જેમ સ્મૃતિનો ત્યાગ કરીએ છીએ તેમ રૂઢી સ્મૃતિની વિરૂદ્ધ હોય તો તે રૂઢિનો ત્યાગ કરવો."

આ ઉપરથી જણાય છે કે શાસ્ત્ર અને રૂઢીનો અરસ્પરસ વિરોધ થાય તો રૂઢી પ્રમાણે વર્તવું નહીં પણ શાસ્ત્ર પ્રમાણે ચાલવું.

×મહાભારત, અનુશાસન પર્વ.

*સ્કંદપુરાણ.

હવે વિધવાના વિવાહ વિશે શાસ્ત્રમાં સ્પષ્ટ આજ્ઞા આપી છે તે છતાં તે રૂઢીથી વિરૂદ્ધ છે માટે તે ચાલુ ન કરવો એ સિદ્ધ કરવાને મેહેનત કરવી તેજ શાસ્ત્રકર્તાઓના મતથી અને તેમના નિયમથી બીલકુલ વિરૂદ્ધ છે.

અધ્યાય ૧૨ મો.

(મૂળ ગ્રંથનો અધ્યાય ૨૫ મો.)

સિદ્ધાંત.

આપણા દેશની અનાથ વિધવાઓને તેમાં વિશેષે કરીને જેઓનો પ્રિય પતિ જેમને કામાદિ ભયંકર પશુઓવાળા અઘોર વનમાં છેક અલ્પ વયમાંથી કેવળ નિરાધાર નાખા દેઇને પરલોકમાં ચાલતો થાય છે, તેઓને એટલે બાળવિધવાઓને જે દુઃખો ભોગવવાં પડે છે, તે કેટલાં અને કેવી રીતનાં અસહ્ય છે તે જેમને પરમેશ્વરે આંખને કાન એ બે ઈંદ્રિયો આપી છે તે બધાએ સારી પેઠે જાણે છે. વળી આ બધાં દુઃખોની શાન્ત કરનારો પુનર્વિવાહ તેનો અધિકાર તે બિચારી અનાથ વિધવાઓને દયાળુ શાસ્ત્રકર્ત્તાઓએ આપ્યો છે, તે છતાં તે ન કરવાના અર્વાચીન નિરાધાર સંપ્રદાયથી લોકોમાં કેટલો અનર્થ થાય છે તે પણ તેઓ જાણે છે. અરે સુજ્ઞ વાંચનારાઓ ! હું હાથ જોડીને તમને એટલી વિનંતિ કરૂંછું કે, આ વિષય પર તમારૂં મન લગાડી શાન્તપણે એનો સારી પેઠે સંપૂર્ણ રીતે વિચાર કરો. અને પછી, આપણે આપણા સર્વમાન્ય શાસ્ત્રકર્ત્તાઓના નિયમોનું બધી રીતે અપમાન કરી, પુનર્વિવાહપ્રતિબંધના દુષ્ટ ચાલના ગુલામ થઇને રહેવું, કે આપણા મનપર બેઠેલા તે દુષ્ટ ચાલને ફેંકી દેઇ શાસ્ત્ર આજ્ઞા ઉપર ભરોસો રાખી વિધવાવિવાહનો સંપ્રદાય આપણામાં શરૂ કરવો, અને તે બિચારીઓને ઉપર કહેલા દુઃખમાંથી મુક્ત કરવી, એ વિશે તમારો નિષ્પક્ષપાત મત આપો. સદરહુ વાતનો નિર્ણય કરવામાં આપણા દેશના ચાલ ન બદલાય તેવા નથી એ તમે સારી પેઠે ધ્યાનમાં રાખજો. એવું કોઇથી કહી શકાનાર નથી કે આપણા દેશના ચાલ કદી બદલાયા નથી.

હમણુાંના કેટલાક ચાલ આપણા પૂર્વજોના ચાલ સાથે સરખાવી જોઇ-શું તો ઉલટું એવું માલમ પડશે કે હાલના હિંદુ લોકો તેમના પૂર્વજો કરતાં બિલકુલ બધી વાતે જુદા છે. આ વાત ખરી છે એ સમજવાને એક ઉદાહરણ બસ છે. પ્રાચીનકાળમાં જે આસન ઉપર બ્રાહ્મણ બેસે તેજ આસન ઉપર શૂદ્ર બેસે તો તે શૂદ્ર મોટો અપરાધી ગણાતો, પરંતુ હાલના વખતમાં શૂદ્ર જે મોટા માનના ઉંચા આસન ઉપર બેસે છે, તેજ આસન પર બ્રાહ્મણ લોકો હલકા ચાકર પ્રમાણે ખુશીથી બેસે છે.[1]

છેક અર્વાચીન કાળમાં આપણા અનેક ચાલમાં ફેરફાર પડી ગએલો છે. બંગાળામાં વૈદ લોકોએ રાજા રાજવલ્લભના વખત પછી સૂતકની મર્યાદા કમી કરીને ૧૫ દિવસ સુધી આણી છે, અને જનોઇ ઘાલવાની નવી રીત પાડી છે. તે વખત પેહેલાં એ લોકોમાં અશૌચની કાળમર્યાદા એક મહિનાની હતી, અને જનોઇ ઘાલવાનો ચાલ નહોતો. આ નવો ચાલ કરનારાઓને કોઇએ નાત બહાર મુકયા નથી.

આજ સુધી બ્રાહ્મણ જાતિ સિવાય બિજી જાતના લોકોને સંસ્કૃત ભાષા શિખવાનો ચાલ ધર્મ વિરૂદ્ધ ગણાતો હતો. અને તેથી તે બિલકુલ ચાલતો નહોતો. પરંતુ હમણાં દશ વરસની અંદર સરકારની મોટી પાઠશાળાઓમાં જુના વિદ્વાન શાસ્ત્રીઓ રાખવાથી ગમે તે જાત-

---

૧. આ ચાલ શાસ્ત્ર વિરૂદ્ધ છે. અજ્ઞાન બ્રાહ્મણો અને શૂદ્ર એજ આ ચાલ પ્રમાણે હાલ વર્તે છે એમ નથી, પરંતુ જેઓ જ્ઞાતામાં ગણાય છે તે પણ એજ ચાલ પ્રમાણે વર્તે છે. અને તેમના મનમાં જરાએ તેની ખંત લાગતી નથી.

મનુએ કહ્યું છે કેઃ—

सहासनमभिप्रेप्सुरुत्कृष्टस्यापकृष्टजः ।

कट्यां कृतांको निर्वास्यः स्फिचं वास्यावकर्तयेत् ॥ ८२८

અર્થ, "બ્રાહ્મણ જે આસન ઉપર બેઠેલો હોય, તે આસન ઉપર શૂદ્ર બેસે તો તેના કુલા ઉપર તપાવેલા લોઢાનો ડામ દેઇને તેને હદ પાર કરવો, અથવા તેના કુલા કાપી નાંખવા."

ને સંસ્કૃત શિખવાનો નવો ચાલ પાડયો છે તે શાસ્ત્રીઓ વાણીઆ, કણબી, ઘાંચી, પારસી વગેરેને ખુલ્લી રીતે સંસ્કૃત ભાષા શિખવે છે. એ ભાષા બીજાઓને ન શિખવવા વિશે નિષેધ કર્યો છે, તે આ પ્રમાણેઃ—

नोच्चरेत्संस्कृतां गिरां ।

"(શૂદ્રની આગળ) સંસ્કૃત ભાષાનો શબ્દ બોલવો નહીં." આ નિષેધ લોકો જાણે છે, તોપણ તે નિષેધ હમણાં બિલકુલ રદ કરીને બીજી જાતિઓને શાસ્ત્રીઓ બેલાશક સંસ્કૃત ભાષા શિખવે છે. હવે તે શિખવનારાઓને ધર્મ વિરૂદ્ધ કામ કર્યાને વાસ્તે કોઇએ નાત બહાર મુકેલા નથી.

એજ પ્રમાણે સુમારે સોએક વરસ પેહેલાં બ્રાહ્મણોમાં યાવની ભાષા શિખવાનો ચાલ બિલકુલ નહોતો એમ કહીએ તોએ ચિંતા નહીં. અને તેને વાસ્તે

नवदेद्यावर्नीं भाषां प्राणैः कंठगतैरपि ।

અર્થ, " કંઠે પ્રાણ આવે તોએ (એટલે પાંચે પ્રાણ ઉપર સંકટ આવી પડે તોએ પણ) મ્લેચ્છ ભાષાનો શબ્દ મોંમાંથી કાઢવો નહીં."

આવો નિષેધ છે એવું બધાએ કહે છે, પરંતુ તે નિષેધ હમણાં કોઇના સ્વપ્નમાં પણ રહેલો છે? દિવસે દિવસે મ્લેચ્છ ભાષા (અંગ્રેજ ભાષા પણ મ્લેચ્છ ભાષામાંજ છે) શિખવાનો ચાલ ભૂમિતિ-પ્રમાણમાં વધતો જાય છે, એ નાના ને મોટા એ બધાએ જાણે છે. હવે એ ચાલ નવો છે કે નહીં?

એ પ્રમાણેજ આ દેશમાં સ્ત્રીવિદ્યાભ્યાસ વિશે પણ ધર્મશાસ્ત્રમાં નિષેધ છે, એવું કેટલાએક અલ્પવિચારીઓનું મત કેટલાક દિવસ સુધી પ્રબલ રહ્યું. પરંતુ તે ઈશ્વરકૃપાથી ઘણીજ ઝડપથી નાશ પામતું ગયું; ને ઉત્તમ વર્ગની છોકરીઓએ જથાબંધ બધે ઠેકાણે છોકરીઓની નિશાળમાં વિદ્યાભ્યાસ કરવા માંડયો છે. એટલે ઘણી નિશાળોનું કામ સ્વતંત્ર રીતે ચલાવે એવી વિદ્વાન અને કુશળ સ્ત્રીઓ જલદીથી તૈયાર

થશે એમાં કાંઇ શક નહીં. આ સ્ત્રીઓને શિખવવાનો ચાલ છેક નવો નથી ?

આ નવા ચાલોમાંના કેટલાએક તો લોકોએ પોતાની ઇચ્છા અને હોંસથી કાઢેલા છે. અને કેટલાએક મૂળનાં વચનો ઉપર નવી વ્યાખ્યાઓ કરીને તે પ્રમાણે પાડેલા છે. એ ચાલ વગર બધા લોકોને ચાલે એવુંજ નહોતું, અથવા તેમને કંઇ ભારે હરકત પડતી એવું તો જરાએ નહોતું. તોપણ તેથી કેટલાએક લોકોને સુગમતા થઇ, અથવા તેમની સમજુતી પ્રમાણે તેમને તે ખરૂં લાગ્યું. કેમકે સદહું વૈદોએ પોતાનો અશૌચકાળ ઓછો કર્યો નહોત, અથવા જનોઇ ઘાલી ન હોત, તો બધાને તેથી કાંઇ ફાયદો થાત નહીં તેમ નુકશાન પણ ન થાત. પરંતુ વિધવાવિવાહનો ચાલ ન હોવાથી આખો દેશ કેટલાં મહાભારત દુઃખો અને અડચણો ભોગવે છે ? આ ચાલ ન હોવાથી ખરેખર એટલાં તો દુઃખો પડે છે કે તેની બરોબર કલ્પના પણ થઇ શકતી નથી. હવે જુઓ કે ફક્ત થોડીએક સુગમતાને વાસ્તે આપણે જ્યારે ચાલ પાડીએ છીએ ત્યારે વિધવાઓના વિવાહ વિશે આપણાં શાસ્ત્રો આપણને ખરેખરી રીતે અનુકૂળ છે; માટે પુનર્વિવાહ ન કરવાના ભયંકર દુઃખનો નાશ કરવાને આપણી નજરમાં આવે તે નવો ચાલ પાડવાને કંઈ હરકત છે ?

પરંતુ એ ઘણી દિલગીરીની વાત છે કે આપણામાંના કેટલાએક લોકો વિધવાવિવાહની બાબતમાં, "ચાલ" અથવા "રૂઢી" એ શબ્દ કાને પડ્યો કે, તેમાં કંઇ ફેરફાર કરવો એજ પાતકનું કામ છે એવું માને છે. કેટલાએક લોકોના મનમાં તો વિધવાવિવાહનો ચાલ શરૂ કરવાનું છે, પરંતુ તે શરૂ કરવો એ શબ્દ મોંમાંથી બાહાર કાઢવાની તેમની છાતી ચાલતી નથી, કેમકે તે દેશાચાલથી વિરૂદ્ધ છે. અરેરે ! ! ! કેવી દુઃખની વાત ! ! ચાલ એ થાપનાર ને ઉથાપનાર બળવાન રાજા જેવોજ થઇને બેઠો છે. ચાલ એજ આપણો મુખ્ય ગુરૂ થઇ પડ્યો છે. ચાલનોજ અધિકાર બધા અધિકારોથી ઉત્તમ ગણાય છે, અને ચાલે જે હુકમ કર્યો તેજ સઘળાઓ માથું નમાવીને માને છે.

અરે ચાલ ! તું એક મોટો દેશનો આચાર્ય થઇને બેઠો છે.

તારો અમલ એટલો જલદ છે કે તે વિશે બોલવાની હિમતજ ચાલતી નથી. તારા ભક્તો ઉપર તારી સત્તા કેટલી બધી છે! શાસ્ત્રોને પણ તેં છેક પગતળે ચગદી નાંખ્યાં છે. સદ્‌ગુણને તો તેં છેક ઉંધો વાળ્યો છે. ખરૂં કયું, ખોટું કયું, સારૂં કયું, ને નઠારૂં કયું, એ જાણવાની શક્તિ તો તેં મુશકે બાંધીને પાતાળમાં નાંખી દીધી છે. તારા અમલનો વખત એવો કંઇ ચમત્કારિક છે કે, જે વાત ઘણું કરીને શાસ્ત્ર વિરૂદ્ધ છે, તે તારા ભક્તો સારી પેઠે માન્ય કરે છે; અને જે શાસ્ત્રને અનુસરતું છે, તેનો તેઓ પ્રસિદ્ધપણે તિરસ્કાર કરે છે. ધર્મ એટલે શું, અને અધર્મ એટલે શું, એવું જે લોકોને જરાએ જ્ઞાન નથી, અને જેમને ખરા ખોટાને વાસ્તે જરાએ કાળજી નથી, તે લોકો તારા અદ્‌ભુત સામર્થ્યથી ધર્મિષ્ઠ અને સદ્‌ગુણી ગણાઇને મોટું માન મેળવે છે; કેમકે તેઓ તારા (ચાલના) સંપૂર્ણ ગુલામ છે. અને જે ખરેખરા ધર્મિષ્ઠ અને સદ્‌ગુણી છે, તથા જેમનાં આચરણ છેક નિષ્કલંક છે, એવા લોકોએ જો તારી કંઇ અવગણના કરી તો તેમને તેઓ ભ્રષ્ટ, અવિચારી, નીચ અને નાસ્તિક કહે છે.

આપણા ધર્મશાસ્ત્રોની પણ આ શી દશા થવા માંડી છે! તેમની ખરી આજ્ઞા કોઇ માનતું નથી; જે આચરવાથી માણસ ધર્મભ્રષ્ટ અને કેવલ પતિત થાય છે એવું ઉઘાડી રીતે શાસ્ત્રોમાં વારેઘડીએ કહ્યું છે, તેવાં આચરણોમાં જે લોકો તેમનો આખો જન્મારો ગુમાવે છે, તે ધર્મિષ્ઠ, અને આચારવાળા કહેવાય છે. ખરેખરૂં શાસ્ત્રમાં શું છે, અને શું નથી એનો વિચાર બિલકુલ ન કરતાં કેવળ લૌકિક ચાલ ઉપર લક્ષ આપીને તે પ્રમાણે ચાલવું એ મોટો દુરાચાર છે. અને પેહેલાં એક વખતે સદાચારથી ભરપુર એવો આપણો પ્રિય દેશ તેજ હાલ આપણા દુર્ભાગ્યથી આજ દુરાચારમાં ગુલતાન થઈ ગયો છે.

અરેરે ! ! ! હિંદુસ્તાનની સ્ત્રીઓને હાલના દિવસ કેવા દુઃખના આવ્યા છે! આજ જમીનના લોકોના વિચાર વિશે બધા દેશોમાં ડંકો કેવો વાગ્યો હતો ! અને હમણાં આ ભૂમિ કેટલાક દુરાચારથી બગડઇ ગએલી છે, એવું તેજ દેશો માને છે. આ પ્રમાણે જોઇને અંતઃકરણ

છેક ફૂટી જાય છે. આ દેશની હાલની નીચી અવસ્થા જોતાં અને લોકોનો દુરાગ્રહ અને અવિચારનાં આચરણ જોતાં આ દેશ જલદી સુધરે એવું લાગતું નથી.

અરે ભાઇઓ! અરે મિત્રો! હવે તમે આ ખોટી જાળમાં ક્યાં સુધી રહેશો? એક વખત આંખો ઉઘાડો. અને, સદાચરણ તથા પાતિવ્રત્ય એ સદ્‌ગુણોમાં મુખ્ય એવો જે તમારો પ્રિય હિંદુસ્તાન દેશ તેમાં વ્યભિચાર, ભ્રૂણહત્યા, બાળહત્યા, વગેરે દુરાચરણોની નદીનો મોટો પ્રવાહ કેવો છે તે જુઓ. આ બાબતમાં તમારી કનિષ્ઠ હાલતની પરાકાષ્ઠા થઈ રહેલી છે. હું તમને કંઇ આડું અવળું કરવાનું કહેતો નથી. તમે ફકત પોતાના શાસ્ત્ર ઉપર ધ્યાન આપી તેનો માર્ગ સમજો, એટલે આ તમારા નામાંકિત દેશને લાગેલો બટ્ટો તમે તરત દૂર કરી શકશો. પણ અરે! અંધપરંપરાથી ચાલતા આવેલા ખોટા ચાલનો દુષ્ટ અમલ તમારા ઉપર હમણાં ઘણો ચાલે છે. ફકત લોકના રિવાજ અને રીતભાતના તમે કેવળ દાસજ બની ગયાછો, માટે તમે જલદી સારે માર્ગે લાગશો કે નહીં, અને તમારી ગુમાવેલી આબરૂ તમે ફરીને જલદીથી મેળવશો કે નહીં, તે વિશે મોટો સંશય રહે છે, અને અંતઃકરણમાં ઘણુંજ દુઃખ ઉત્પન્ન થાય છે. અનાથ વિધવાઓને દુઃખના દરીઆમાં ફેંકી દેઇને તમને રાત દિવસ તેમની નઠારી હાલત જોવાનો ચાલ પડી ગયો છે. માટે તમારી કુશાગ્રબુદ્ધિ અને દયા વગેરે ઉત્તમ મનોવિકાર એટલા તો મંદ પડ્યા છે, કે તેથી તે બીચારીઓના દુઃખ વિશે તમારા મનમાં વિચાર ઉપજાવવાનુંજ તમને ઘણું કરીને અસંભાવ્ય થયું. તે બિચારીઓના માથા ઉપર કામદેવનો માર પડે છે, તેથી તે સેહેજ પોતાના બ્રહ્મચર્યનો ભંગ કરીને કામદેવે દેખાડેલો માર્ગ પકડે છે. અને તમે પણ તેમનાં એવાં આચરણ વિશે બિલકુલ આંખો મીચો છો, અને પછી તમારા મનમાંથી તમારી નીતિ તથા ધર્મ નાશ પામે છે ફકત લોકમાં ગેરઆબરૂ ન થાય માટે તમે તેમના ગર્ભપાત અથવા બાળહત્યાના કામમાં આગેવાની કરી બહુ મેહેનત કરોછો. વારૂ તમે વિચાર કરો કે આપણાં શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ચાલીને તેમનાં

પુનર્લગ્ન કરવાં તેમના અસહ્ય દુઃખમાંથી તેમને બહાર કાઢવી, અને આપણુ પોતાને પણ અનેક પ્રકારના દુઃખમાંથી તથા પાપમાંથી દૂર રાખવા, એમાં તમે આટલા નાખુશ છો એ કેવું મોટું આશ્ચર્ય ! ! ! તમને કદાપિ એવું લાગતું હશે કે માણુસ જાતને હોઈ શકે તેવા કામાદિ વિકાર પતિના મરણુ સાથેજ સ્ત્રીના મનમાંથી નાશ પામે છે. પણ એવું હોય તો દરરોજ તમારી નજર આગળ જે અસંખ્ય ઉલટાં ઉદાહરણો થાયછે, તે ઉપરથી પણ તમારી ચૂક છે એવું તમને સેહેજ સમજાવું જોઇએ. અરેરે ! ! કલ્પવૃક્ષની પાસે બેશી, ફકત આંખો ઉઘાડીને વિચાર ન કરવાથી, તેનાં અમૃતફળ નથી તોડતા, અને પ્રત્યક્ષ વિષવૃક્ષનાં ફળ તોડો છો ત્યારે હવે તમને શું કહેવું ? અને આ તમારા અવિચારને બદલે ખેદ પણ કેટલો કરવો ? જે ઠેકાણે પુરૂષોને દયા કરૂણા નહીં, તે ઠેકાણે ખરૂં ખોટું કયું, અને સારૂં નઠારૂં કયું, એ કંઇ તેમને સમજાતું નથી. જે ઠેકાણે પુરૂષો એવું સમજે છે કે લોકાચાર અને લોકની રીતભાત રાખવી એજ પોતાનું ઉત્તમ કામ, એજ પોતાનો મોટો ધર્મ, અને એજ પોતાના સુનીતિ તે ઠેકાણે સ્ત્રીઓનો જન્મજ ન થાય એ ઘણુંજ ઉત્તમ, પણ એવું કેમ બને !

અરે અબળાઓ ! અનાથ સ્ત્રીઓ ! હિંદુસ્તાનમાં તમારા દુઃખોની જરાએ હદ નથી.

પરિશિષ્ટ.

ઋગ્વેદ સંહિતાના સાતમા અષ્ટકમાં આઠમા અધ્યાયના અઢારમા વર્ગમાં નીચે લખેલો મંત્ર દાખલ છે. તે ઉપરથી વિધવા બીજો વર કરી શકે છે એવું સ્પષ્ટ સિદ્ધ થાય છે. તે મંત્ર નીચે પ્રમાણેઃ—

कुहस्विद्दोषा कुह वस्तोरश्विना कुहाभिपित्वं करतः कुहोषतुः॥
को वां शयुत्रा विधवेव देवरं मर्यं न योषा कृणुते सधस्थ आ ॥

એ મંત્ર ઉપર નિરૂક્ત:

क्वस्विद्रात्रौ भवथः क्व दिवा क्वाभिप्राप्तिं कुरुथः क्व वसथः को वां शयने विधवेव देवरं । देवरः कस्माद्द्वितीयो वर उच्यते । विधवा विधातृका भवति विधवनाद्वा विधावनाद्वेति चर्मशिरा अपि वा धव इति मनुष्यनाम तद्वियोगाद्विधवा । देवरो दीव्यतिकर्मा मर्यो मनुष्यो मरणधर्मा । योषा यौतेराकुरुते सहस्थाने ॥ अथ निपाताः पुरस्तादेव व्याख्याताः । यथेति कर्मोपमा ॥

એ મંત્ર ઉપર સાયણાચાર્યનું ભાષ્ય:

अथ द्वितीया—कुहस्विदिति हे अश्विना अश्विनौ कुहस्वित क्व दोषा रात्रौ भवथ इति शेषः । कुह [illegible] क [illegible] दिवा भवथः कुह क्व वा अभिपित्वं अभिप्राप्तिं करतः कुरुथः कुह क्व वा ऊषतुः वसथः किंच वां युवां को यजमान सधस्थे सहास्थाने वेद्याख्ये आकृणुते परिचरणार्थं आत्माभिमुखीकरोति तत्र दृष्टांतौ दर्शयति । शयुत्रा शयने विधवेव यथा मृतभर्तृका नारी देवरं भर्तृभ्रातरं अभिमुखंकरोति मर्यं न यथा च सर्वं मनुष्यं योषा सर्वा नारी सभोगकाले अभिमुखीकरोति तद्वदित्यर्थः ॥

એ મંત્રનો ભાવાર્થ "અશ્વનિકુમારનો કોઇએક ભક્ત તેમની પ્રાર્થના કરતો હતો તોપણ તે જલદીથી આવ્યા નહીં તે માટે તે તેમને કહે છે. અરે અશ્વનિકુમાર, તમે રાત્રે ક્યાં રહોછો? દિવસે ક્યાં

રહોછો ? અભીષ્ટપ્રાપ્તિ ક્યાં કરી લ્યોછો ? વાસ ક્યાં કરોછો ? પોતાની મજ્જા ઉપર વિધવા સ્ત્રી પોતાના બીજા વરને, અથવા કોઈ સાધારણ સ્ત્રી પોતાના પતિને જેવી રીતે સંભોગની વખતે પોતાની સાથે ભેટ કરી લે છે, તેવી રીતે તમને કયો યાગકર્ત્તા પુરૂષ પોતાની સાથે ભેટ કરી લેછે ?"

આ ભાવાર્થ ઉપરથી સિદ્ધ થાય છે કે વિધવાઓનો વિવાહ કરવો એ વાત વેદમાં કેવળ સાધારણ છે આ ઠેકાણે "કયો યાગકર્ત્તા પુરૂષ તમને પોતાની સાથે ભેટ કરી લે છે" એ દાર્ષ્ટાંત છે. અને "પોતાની સજ્જા ઉપર વિધવા સ્ત્રી પોતાના બીજા વરને, અથવા કોઈ સાધારણ સ્ત્રી પોતાના પતિને જેવી રીતે સંભોગની વખતે પોતાની સાથે ભેટ કરી લેછે," એ દૃષ્ટાંત છે. દૃષ્ટાંત આપવાનો મુખ્ય હેતુ એકે તેનાથી દૃષ્ટાંતનો વિષય સ્પષ્ટ થાય છે. કોઈ અઘરી વાત સમજાવવી હોય તો તેને સાધારણ દૃષ્ટાંતથી સમજાવીએ છીએ. મતલબ કે દૃષ્ટાંતો આપીએ તે બધા સમજી શકે તેવાં છેક પ્રસિદ્ધ હોવાં જોઇએ. તેજ પ્રમાણે વિધવા બીજો વર કરી શકે છે, એ વાત પ્રસિદ્ધ હોવાથીજ એ આ ઠેકાણે દૃષ્ટાંતમાં લીધી છે.

આ મંત્રની વ્યાખ્યામાં યાસ્કે 'દેવર' શબ્દનો અર્થ "બીજો વર" એવો કર્યો છે. અને સાયણાચાર્યે તેનો અર્થ "પતિને ભાઈ એટલે દિયર" એવો કર્યો છે એ બેમાં યાસ્ક ઘણો પ્રાચીન છે, અને સાયણાચાર્ય છેક અર્વાચીન છે. માટે, પેહેલા મત પ્રમાણે વિધવાનો પુનર્વિવાહ અને બીજા મત પ્રમાણે વિધવાનો નિયોગ એ પેહેલાં કેવળ સાધારણ ચાલ હતો, એવું વેદ ઉપરથી સિદ્ધ થાય છે.

શ્રાદ્ધકર્મમાં અમુક જાતના બ્રાહ્મણોને આમંત્રણ કરવું નહીં, એ વિશે કેટલાએક નિયમ હેમાદ્રિ અને પૃથ્વીચંદ્રોદય ગ્રંથમાં, ભારતમાં, દાનધર્મપ્રકરણમાં, ચંદ્રિકા અને શ્રાદ્ધકૌશિકા વગેરે ગ્રંથોમાં કહેલા છે. કમલાકર ભટ્ટે નિર્ણયસિંધુમાં શ્રાદ્ધપ્રકરણમાં એને બદલે પોતાના કરેલા શ્લોક નાંખ્યા છે. અને તે વિશેનો આધાર હેમાદ્રિ તથા પૃથ્વીચંદ્રોદયનો આપ્યો છે. તે શ્લોક નીચે પ્રમાણેઃ—

अत्र मामकाः श्लोकाः। वर्ज्यान् प्रवक्ष्ये त्वथ रोगिवैरिहीनाधिकांगान् कितवान्कृतघ्नान्। नक्षत्रशास्त्रेण च जीवमानान्भैषज्यवृत्त्यापि च राजभृत्यान्॥ संगीतकायस्थकुसीदवृत्त्या वेदत्रयेणापि कवित्ववृत्त्या। देवार्चनेनापि च जीवमानान्स्वाध्यायदाराग्निसुतोज्झकाणान्॥ दुर्वालखल्वाटकुनख्यधर्मिनटांश्च पौनर्भवकृष्णदंतान्। अगारदाही गरदः समुद्रयायी च कुंडाश्यथ कूटकारी॥ बालांश्च योध्यापयते स्वपुत्रादवाप्तविद्यस्त्वथ कुंडगोलौ। अग्रेदिधिष्वाः पतिरस्त्रकर्त्ता सोमक्रयी तैलिककेकराक्षौ॥ युद्धाचार्यः पक्षिणां पोषकश्च स्वातोभेत्ता वृक्षसंरोपकश्च। मेषाणां वा माहिषाणां च पुष्ट्या स्वीयस्त्रीषु प्रहितैर्यश्च जारैः॥ जीवत्यध्येतुश्च दामानुयोगाद्द्रव्यप्राप्त्यै वेदमुद्घाटयंतः। ग्रामयाजिपशुकेशविक्रयिस्तेनाशिल्पपितृवादकारकान्। अर्थकामरतशूद्रयाजकश्मश्रुहीनजटिमुंडिनिर्घृणान्॥ यस्य चैव गृहिणी रजस्वला स्वार्थपाकतशापदायकान्। क्लीबकुष्ठयातिविलोहितेक्षणान् कुब्जवामनमृशाप्यभिशापिनः॥ पुत्रहीनमथ कूटसाक्षिणं प्रातिहारिकमयाज्ययाजकम्। स्वात्मदातृपरिवेत्तृजाग्रकस्तेनहिंसकमुखान्विवर्जयेत्॥ अत्र मूलं हेमाद्रौ पृथ्वीचंद्रोदये च ज्ञेयम् *॥

અર્થ, "રોગી, વેરી, ઓછા અથવા વધારે અવયવવાળો, ફાંસાંથી રમનારો, કૃતઘ્ની, જ્યોતિષી, વૈદ, રાજાનો નોકર, ગવૈયો, નરઘાં વગાડનાર, કારકુન, સરાફ, કવિતા ઉપર ઉપજીવિકા કરનાર, વેદ ઉપર ઉપજીવિકા કરનાર, દેવપૂજાથી ઉપજીવિકા કરનાર, વેદાધ્યયન છોડી દેનાર, સ્ત્રી અગ્નિ અથવા છોકરાને છોડી દેનાર, કાણો, ખરાબ વાળવાળો, તાલ પડેલો, નઠારા નખવાળો, અધર્મી, નટ, પૌનર્ભવ (વિધવાએ પુનર્વિવાહ કર્યા પછી તેને પેટ થએલો), કાળા દાંતનો, ઘરને આગ લગાડનારો, ઝેર દેનાર, સમુદ્રયાત્રા કરનાર, કુટણ, ખોટું કામ કરનાર, છોકરાં શિખવ-

---

* નિર્ણયસિંધુ, તૃતીય પરિચ્છેદ.

નાર, પોતાના પુત્રનો વિદ્યાર્થી, પતિના જીવતાં અથવા તેના મરણ પછી જારકર્મથી ઉત્પન્ન થએલો, જેનું પુનર્લગ્ન થયું હોય એવી સ્ત્રીનો પતિ, શસ્ત્ર કરનારો, સોમરસ અથવા તેલ વેચનારો, વાંકી દૃષ્ટિનો, યુદ્ધમાં મુખ્ય હોય તે, પોપટ વગેરે પક્ષી પાળનાર, પાણીનો પ્રવાહ તોડનાર, ઝાડ વાવનારો, બકરાં કે ઘેટાં પાળીને જીવન કરનારો, પોતાની સ્ત્રીને જાર કરવા દેઇ ઉપજીવન કરનારો, વિદ્યાર્થીઓ પાસેથી દ્રવ્ય લેઇને જીવન કરનારો, દ્રવ્યપ્રાપ્તિને સારૂ વેદ કહેનાર, ગામનો ઉપાધ્યાય, ઉન વેચનાર, ચોર, શિલ્પ કામ કરનારો, માબાપને ભાંડનારો, દ્રવ્ય મેળવવને તત્પર, શૂદ્રને ત્યાં હોમ હવન કરાવનાર, મુછ વગરનો, જટાવાળો, મુંડન કરેલો નિર્દય, જેની સ્ત્રી રજસ્વળા હોય તે, ફક્ત પોતાને વાસ્તેજ પાપ કરનારો, શાપ દેનાર, નપુંસક, અંગે કોડ નિકળેલો, લાલ આંખોવાળો, અંગે વળેલો, ઠિંગણો, અમસ્તી નઠારી ગાળો દેનાર, સંતાન વગરનો, ખોટો સાક્ષી, પેહેરો ભરનાર, જેનો હોમ હવન નિષેધ છે તેનો હોમ હવન કરનાર, બીજાની નોકરી કરનારો, મોટા ભાઇની પેહેલાં પોતાનો વિવાહ કરનાર, જાચણ કરીને જીવનારો, ચોર, અને ભયંકર મોંનો, એટલા બ્રાહ્મણ શ્રાદ્ધમાં વર્જ્ય કરવા.”

આ વર્જ્યમાં ફક્ત પૌનર્ભવ (પુનર્વિવાહ થએલી વિધવાથી ઉત્પન્ન થએલો) અને અગ્રેદિધિષુપતિ (પુનર્વિવાહ થએલી વિધવાનો પતિ) એમને લીધા છે. એટલે તેમને શ્રાદ્ધમાં જરાવાર પણ આમંત્રણ કરવું નહીં એવો નિષેધ કર્યો છે. પરંતુ ભારત, ચંદ્રિકા, શ્રાદ્ધકાશિકા, ઇત્યાદિ ગ્રંથના ઉતારા કમળાકર ભટ્ટે નિર્ણયસિંધુમાં તેજ પ્રસંગને વાસ્તે કર્યા છે, તેમાં ઉપર લખેલ તજવા લાયક બ્રાહ્મણોમાંથી ઘણા ખરાઓને ગણાવીને પૌનર્ભવ તથા પુનર્ભૂપતિ એમનાં નામ બિલકુલ લીધાં નથી.

બીજી એવી વાત છે કે શ્રાદ્ધમાં કહેવાના બ્રાહ્મણ અમુક લક્ષણના હોવા જોઇએ, એ વિશે કેટલાક ગ્રંથકર્તાએ એવો તો બારીક વિચાર કર્યો છે કે, તેઓએ કહેલા લક્ષણના બ્રાહ્મણ હજાર પાંચસેમાં વખતે એક પણ મળવો કઠણ પડે. આ પ્રમાણે હોવાથી તેમનાં લક્ષણો તેમના ગ્રંથમાંજ રહ્યાં છે, લોકોના ઉપયોગમાં જરાએ આવતાં નથી.

અને, તજવા લાયકના વર્ગમાં જ્યોતિષિ, કવિ, દેવપૂજક, અધ્યાપક વગેર કેટલાક હમણાં મનાતા બ્રાહ્મણ પણ લીધા છે વળી જે કર્મમાં આવા બ્રાહ્મણ અયોગ્ય કહ્યા છે, તેમાંજ પૌનર્ભવ અને પુનર્ભૂપતિ એ અયોગ્ય છે, એવું એકએ ગ્રંથકર્તાએ કહ્યું છે. માટે તેમના ગણતરી ક્યારે કરવી ને કયારે નહીં તે કંઇ જણાતુ નથી.

હવે પૌનર્ભવ અને પુનર્ભૂપતિનો શ્રાદ્ધમાં નિષેધ છે એવો જેમનો મત હોય તેમના પ્રમાણે તેનો વિચાર કરીએ. બધાં શાસ્ત્રોમાં એવો એક સાધારણ નિયમ છે કે જે બાબત વિશે મૂળથીજ આજ્ઞા ન હોય તેનો નિષેધ થઇ શકતોજ નથી. અને પૌનર્ભવ તથા પુનર્ભૂપતિનો શ્રાદ્ધમાં નિષેધ કહ્યો છે તે માટે તેમની તે વાતમાં પ્રાપ્ત હોવી જોઇએ.

પૌનર્ભવ અને પુનર્ભૂપતિની સાથે મૂળથીજ અન્નાદિ વહેવાર ન હોય તો, તેમને શ્રાદ્ધમાં બોલાવવા નહીં એ વાતજ શું કામ લખવી પડે? અને એવું હોય તો ઉપરનો નિષેધ વ્યર્થ થાય. માટે ઉપરના ગ્રંથમાં કહેલી બાબતને સંભાવ્યપણું લાવવાને એમ માનવુંજ જોઇએ કે, પુનર્ભૂ અને પૌનર્ભવની સાથે અન્નવ્યવહાર, શરીરસંબંધ વગેરે બધી વાતો ખુલ્લી રીતે થતી. અને શ્રાદ્ધ વગર બીજાં કામની વખતે તેમને બ્રાહ્મણ કહેવાને પણ જરાએ હરકત નહોતી.

આ પરિશિષ્ટમાંની બંને વાતોમાંથી સારાંશ એટલોજ સમજવો જોઇએ કે પુનર્વિવાહ અને નિયોગ એ પહેલાં પ્રચારમાં ઘણાં હતાં; અને પુનર્વિવાહ કરેલી વિધવાનો પતિ તથા તેના પેટનાં સંતાન બધા ધર્મ સંબંધી વ્યવહારમાં યોગ્ય હતાં. નિયોગનો સંપ્રદાય હમણાં ફરીને ચાલુ કરવો એવો તો આ લેખનો બીલકુલ મતલબ નથી. વળી પુનર્વિવાહિત વિધવાના પેટની પ્રજાને કળિયુગમાં પૌનર્ભવ ન ગણતાં ઔરસજ ગણવી જોઇએ એ પણ આ ગ્રંથના આરંભમાંજ સ્પષ્ટ રીતે સિદ્ધ કર્યું છે.

પરિશિષ્ટ ૨.

ઘણા લોકો વિધવાવિવાહને લગતા કેટલાએક સવાલ પુછેછે. તેનો ખુલાસો ઘણો ઉપયોગી જાણી આ ઠેકાણે દાખલ કરૂં છું. આ બાબતમાં રાવસાહેબ ગોપાળરાવ હરી દેશમુખ જેઓ હમણાં અમદાવાદની સ્માલકાજ કોરટના જડજ છે તેમણે, પોતાની સંસ્કૃત વિદ્યામાં કુશળતાને લીધે, સંસ્કૃત શ્લોક વગેરે કહાડી આપીને ઘણી મદત કરી છે; તેથી હું તેમનો મોટો ઉપકાર માનુંછું.

૧. કેટલાએક પ્રતિપક્ષીઓની તકરાર એવી છે કે, અંગિરાઋષિના મત પ્રમાણે (પૃષ્ઠ ૪૬ મે જુઓ) " આઠ વરસની છોકરીને ગૌરી, નવ વરસનીને રોહિણી, અને દશ વરસનીને કન્યા કહે છે. અને દશ વરસ પછી રજસ્વલા કહેવાય છે. માટે દશમું વરસ બેઠું એટલે ગમે તેમ કરીને કન્યાનો વિવાહ કરી નાંખવો. આ વિવાહ જો નિષિદ્ધ કાળે કર્યો તો પણ તેનો દોષ લાગતો નથી " આ વચન પ્રમાણે વિધવાને કન્યા કેમ કહી શકાય ?

આના ઉપર મારૂં કહેવું એવું છે કે, ' દરેક પરણનારી સ્ત્રીને કન્યા કહી શકાય છે,' એ બધાં શાસ્ત્રો ઉપરથી અને હાલની ચાલતી રીત ઉપરથી સિદ્ધ થાય છે. ઉ રના અંગિરાના વચન પ્રમાણે ફક્ત દશ વરસની છોકરીનેજ કન્યા એ શબ્દ લગાડી શકાય. તેનાથી નહાની અથવા મોટી હોય તો તેને તેના મત પ્રમાણે કન્યા ન કહી શકાય. વળી, " દશમે વરસે ગમે તેમ કરીને વિવાહ કરી નાખવો, " એ ઉપરથી એવુ અનુમાન નિકળે છે કે આઠ અને નવ વરસે તેનો વિવાહ થઇ શકે, નહીં તો દશમે વરસે તો કરવોજ. હવે જો આઠ નવ વરસની છોકરીનો વિવાહ કરવાનો કહ્યો તો તેને કન્યા કહેવીજ પડશે. અને તેથી તેનું પોતાનું વચન પોતાનાથીજ વિરૂદ્ધ થશે. વળી પૃષ્ઠ ૪૬ મે કહ્યું છે તેમ મનુનો મત એવોછે કે " ત્રીસ વરસના પુરૂષે બાર વરસની પોતાને ગમે તેવી કન્યા પરણવી. અથવા ચોવીસ વરસના પુરૂષે આઠ વરસની કન્યા પરણવી. આ નિયમ તોડનારને પાતક લાગે છે." હવે જો દશ વરસની છોકરી તેજ કન્યા કહીએ તો મનુએ બાર વરસની અને આ-

૯ વરસનીને કેમ કન્યા કહી? કન્યા એ શબ્દ લાક્ષણિક છે; તુલસીવિવાહમાં તુલસીને કન્યા કહીએ છીએ, અર્કવિવાહમાં આકડાને કન્યા કહીએ છીએ, અને માણસોના વિવાહમાં ગમે તેવી છોકરી (ગમે તો પાંચ વરસની પંદર વરસની કે રજસ્વલા) હોય તેને કન્યા કહીએ છીએ મતલબ કે દરેક સ્ત્રી જાતિને પરણતી વખત આપણે **કન્યા** કહીએ છીએ, અને પુરુષ જાતને પરણતી વખત **વર** કહીએ છીએ. પછી તેની ઉમર ગમે એટલા વરસની હોય આ ઉપરથી એ સિદ્ધ થયું કે વિધવાની ઉમર ગમે એટલી હોય તોપણ જો તે પરણે તો પરણતી વખત તેને કન્યા કહી શકાય.

૨. કેટલાએક પ્રતિપક્ષિયો એવું કહે છે કે પ્રથમ વિવાહનો પ્રયોગ છે તેવો વિધવાવિવાહનો પ્રયોગ નથી માટે કિયા મંત્રથી વિધિ કરવી ?

આ વિશે પૃષ્ટ ૯૭ મે અધ્યાય ૯ મામાં સાફ બતાવ્યું છે કે જે મંત્રવડે પ્રથમ વિવાહ થાય તેજ મંત્રવડે દ્વિતીય વિવાહ થાય. તેને વાસ્તે જુદો પ્રયોગ જોઇતો નથી. શાસ્ત્રમાં ઘણી ક્રિયાઓ એક વખત થયા પછી પુનઃ ફરીને) થઈ શકે છે, પણ કોઇ ઠેકાણે તેના જુદા મંત્ર લખ્યા નથી જેમકે पुनरुपनयन (ફરીને જનોઇ દેવું) पुनराधान (ફરી અગ્નિહોત્ર લેવો), पुनःश्राद्ध (ફરીને શ્રાદ્ધ કરવું), विधुरपुनर्विवाह (પુરૂષનુ ફરીને લગ્ન) એ ઘણે ઠેકાણે થાય છે, પણ મંત્ર તો પ્રથમની વિધિમાં હોય તેના તેજ રહે છે. ત્યાર વિધવાવિવાહને વાસ્તે વિધિ તથા મંત્ર શાના જુદા હોય ? વળી પરણવાથી ધણીનો નાશ થાય એવા કન્યાના ગ્રહ બહુ નબળા હોય છે ત્યારે પ્રથમ તે કન્યાનો ઘડાની સાથે વિવાહ કરી પરણાવે છે તેને કુંભવિવાહ કહે છે. પછી તે ઘડાને ફોડી નાખી ફરીને પુરૂષ સાથે પરણાવે છે. આ ઠેકાણે તે સ્ત્રી બે વખતજ પરણે છે. અને પુરૂષ સાથે તેનો પુનર્વિવાહ અથવા વિધવાવિવાહજ થાય છે. કેમકે તેનો પ્રથમનો પતિ તો ઘડો હતો. તોપણ વિધિ અને મંત્ર તો એકના એકજ રહે છે. વળી પુરૂષ ફરીથી પરણે છે ત્યારે તેને વાસ્તે જુદા મંત્ર અથવા વિધિ કહી નથી છતાં, પહેલીજ વારના મંત્ર અને વિધિથી કામ ચાલે છે, તો સ્ત્રીને એ પ્રમાણે કેમ ન હો-

ય ? માટે પ્રથમ વિવાહવિધિ તથા મંત્રથીજ વિધવાવિવાહ કરવો જોઇએ. નીચે વિવાહના પ્રયોગની મોટી મોટી બાબતો લખી છે તે ઉપરથી જણાશે કે પ્રથમ વિવાહની વિધિથી વિધવાવિવાહ કરવાને જરાએ હરકત નથી.

વિધવાવિવાહપદ્ધતિ.

કન્યાના **મૂળ જન્મ ગોત્રની** સાથે વરનું ગોત્ર મળતું ન આવે વગેરે બાબતો જોઇને વિવાહ કરવો. બ્રાહ્મવિવાહ પ્રમાણે તેની વિધિ કરવી. તેમાં પ્રથમ વાગ્દાન નીચે પ્રમાણે

કન્યાનો બાપ પોતાનાં સગાંવાહાલાં ઇષ્ટ મિત્ર વગેરેને લેઇને વરને ઘેર જાય. (કેટલેક ઠેકાણે વરનો બાપ કન્યાને ત્યાં જાય છે.) પછી કન્યાનો બાપ પૂર્વાભિમુખનો બેસે અને વરનો બાપ ઉત્તરાભિમુખનો બેસે. કન્યાનો બાપ વરનું પૂજન કરે અને બંને તરફવાળા અરસપરસ પૂજન કરે. પછી ગણપતિપૂજન કરે તેમાં સંકલ્પ નીચે પ્ર૦:—

अत्राद्य इ० करिष्यमाणकन्यादानांगभूतं वाग्दानं करिष्ये. तदंगत्वेन गणपतिपूजनं करिष्ये.

અર્થ:—આજ ઇ૦ (દિવસ વાર વગેરે બોલીને) કરવાના કન્યાદાનને અંગે વાગ્દાન કરૂંછું. અને તેને અંગે ગણપતિપૂજન કરૂંછું.

એ પ્રમાણે ગણપતિપૂજન કરીને કન્યાના બાપે હાથમાં કંકુ લગાડેલું શ્રીફળ લેઇને વાગ્દાનમાં નીચે પ્રમાણે બોલવું:—

आंगिरस,* भारद्वाज, बार्हस्पत्येतित्रिप्रवरान्वितभारद्वाजगोत्रोत्पन्नपंड्याशिवशंकरशर्मणः प्रपौत्राय, आंगि० पंड्यारामशंकरशर्मणःपौत्राय, आंगि० पंड्या मणिशंकरपुत्राय, करुणाशंकरशर्मणे वराय तुभ्य—वसिष्ठ, शक्ति, पराशरेतित्रिप्रवरान्वितपराशरगोत्रोत्पन्नरावललक्ष्मीशंकरशर्मणः प्रपौत्रीं, वसिष्ठ० रावलभवानीशंकरशर्मणः पौत्रीं, वसिष्ठ० रावल केशवलालशर्मणः पुत्रीं, जयकुंवरनाम्नीं कन्यां ज्योतिर्विदादिष्टे मुहूर्त्ते दास्ये.

અર્થ:—" આંગિરસ, ભારદ્વાજ, અને બાર્હસ્પત્ય એ ત્રણ પ્ર-

---

* બીજું ગોત્ર હોય તો બીજું બોલવું.

વરવાળા ભારદ્વાજ ગોત્રમાં ઉત્પન્ન થએલા પંડયા શિવશંકરનો પ્રપૌત્ર, આંગિરસ ૬૦ પંડયા રામશંકરનો પૌત્ર, આંગિરસ ૬૦ પંડયા મણિશંકરનો પુત્ર કરુણાશંકર નામનો વર તેનેઃ–વસિષ્ઠ, શક્તિ, અને પરાશર એ ત્રણ પ્રવરવાળા પરાશરગોત્રમાં ઉત્પન્ન થએલા રાવલ લક્ષ્મીશંકરની પ્રપૌત્રી, વસિષ્ટ ૬૦ રાવલ ભવાનીશંકરની પૌત્રી, વસિષ્ઠ ૬૦ રાવલ કેશવલાલની પુત્રી જયકુંવર નામની કન્યા જોશીએ બતાવેલા મુહૂર્તની વખતે હું આપીશ.”

પછી કન્યાનો બાપ નીચે પ્રમાણે બોલેઃ—

अव्यंगेऽपतितेऽक्लीबे दशदोषविवर्जिते ।
मम कन्यां प्रदास्यामि देवाग्निगुरुसंनिधौ ॥

અર્થઃ—“ ખોડવાળો, નપુંસક, પતિત, અને દશ દોષવાળો નથી એવા વરને મારી કન્યા હું દેવ, ગુરૂ, અને અગ્નિની સમક્ષ આપીશ.” એટલું કહીને કન્યાનો બાપ પછી પોતાના હાથમાંનું શ્રીફળ વગેરે હોય તે વરના બાપને આપે. તેજ પ્રમાણે વરનો બાપ પણ કેટલીક સરતો બોલીને પોતાના હાથમાંનું શ્રીફળ વગેરે કન્યાના બાપને આપે છેવટે મંત્રાશીર્વાદ કરી ઉઠી જાય.

પછી મુકરર કરેલે લગ્નને દિવસે વર અને કન્યાના બાપે પોતપોતાને ઘેર ગણપતિપૂજન, માતૃકાપૂજન, વૃદ્ધશ્રાદ્ધ; વગેરે ક્રિયાઓ થતી હોય તેમ કરવી. તેમાં વરના બાપે નીચે પ્રમાણે સંકલ્પ કરવોઃ §

---

§ કન્યાના બાપનો સંકલ્પઃ— मम अस्याः कन्यायाः भर्त्रा सह धर्मप्रजोत्पादनद्रव्यपरिग्रहषु अधिकारसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यसंस्कारकर्म करिष्ये

અર્થઃ—“ મારી આ કન્યાનો તેના પતિ સાથે ધર્મ, પ્રજોત્પત્તિ અને વારસાનો હક થવા સારૂ અને પરમેશ્વરની પ્રીતિને સારૂ હું વિવાહનું કામ કરૂંછું.” બીજા સંકલ્પ વરના બાપને કહ્યા તેજ પ્રમાણે કરવાના. બાપ વગર બીજો કોઇ કરનાર હોય તો મમ એ શબ્દ કહાડી નાખવો.

अत्राद्य इ० मम अस्य पुत्रस्य दैवपितृऋणापाकरणहेतुभूतधर्मप्रजोत्पादनसिद्धिद्वारा श्रीपरमेश्वरप्रीत्यर्थं विवाहाख्यसंस्कारकर्म करिष्ये॥ तदंगत्वेनमातृकापूजनं नांदिश्राद्धं च करिष्ये॥ तदादौ निर्विघ्नतासिद्ध्यर्थं गणपतिपूजनं करिष्ये ॥

અર્થઃ—"આજ ઇ૦ (તિથિ વાર વગેરે બોલીને) મારા આ છોકરાનું દેવ અને પિતૃનું કરજ મુક્ત કરવાનું કારણ જે ધર્મ અને પ્રજાની ઉત્પત્તિ તેની સિદ્ધિને અર્થે અને પરમેશ્વરની પ્રીતિને અર્થે હું વિવાહ સંસ્કારનું કામ કરૂંછું. તેને અંગે માતૃકાપૂજન અને નાંદિશ્રાદ્ધ કરૂંછું. તેમાં કંઈ વિઘ્ન ન થાય માટે પહેલું ગણપતિપૂજન કરૂંછું."

પછિ લગ્નની લગભગ વરઘોડો ચઢાવી વરને કન્યાને ઘેર લેઇ જવો. કન્યાને પણ અભ્યંગ સ્નાન કરાવીને તૈયાર કરવી. પછી લગ્નની એક ઘડી બાકી રહે ત્યારે વરકન્યાને મંડપમાં પૂર્વાભિમુખનાં બેસાડવાં. તેમની પાસે કન્યાના માબાપે (અથવા કન્યાદાન દેનારાં સ્ત્રી પુરૂષે) ઉત્તરાભિમુખ બેસવું. પછી લગ્નનો બરોબર વખત થાય એટલે વરકન્યાનો હસ્તમેળાપ કરાવવો. પછી કન્યાદાન દેનારાં મધુપર્ક § એટલે વરને આસન અર્ઘ્ય વગેરે આપીને પૂજા કરે અને દહીં મધ ને ઘી ચાર વખત ખવરાવે. પછી કન્યાદાન નીચે પ્રમાણે કરે.

પ્રથમ ગણપતિપૂજન, પુણ્યાહવાચન કરી વરકન્યાની પૂજા (કન્યાદાન દેનારાં) કરે; પછી ગોત્રોચ્ચાર કરે તે વાગ્દાનમાં બતાવ્યા પ્રમાણે છે, પણ છેવટ જરા ફેર છે તે નીચે પ્રમાણેઃ—

जयकुंवरनाम्नीं इमां कन्यां सवस्त्रां सालंकारां श्रौतस्मार्त्त-

---

§ કેટલેક ઠેકાણે હસ્તમેળાપ પહેલાં મધુપર્ક કરે છે. ખરેખરૂં જોઇએ તો એ વધારે સારૂં છે. કેમકે જેવો વર કન્યાના મંડપમાં આવે, તેવોજ તેને આસન વગેરે આપી પૂજા કરીને પછી કન્યા બોલાવવી અને હસ્તમેળાપ કરવો જોઇએ. વળી મધુપર્ક કરતી વખતે બ્રાહ્મણો જે સૂત્ર બોલે છે તેમાં ગોવધ અને માંસભક્ષણ કરવાનું કહેલું છે પણ તે કરવાનો ચાલ હમણાં આપણામાંથી જતો રહ્યો છે.

सहायिनीं संप्रददे.*

અર્થ:—" વસ્ત્ર અલંકાર સહિત અને શ્રૌતસ્માર્તમાં સામેલ રહે-નારી જયકુંવર નામની આ કન્યાને હું આપુંછું."

પછી લાજાહોમ, સપ્તપદી અને અન્નપ્રાશન વગેરે દસ્તુર મુ-જબ ક્રિયાઓ કરી કર્મ સમાપ્ત કરે.

૩. કેટલાએક લોકોનું કહેવું એવું છે કે, કન્યાનું લગ્ન થયા પ-હેલાં તે બાપના ગોત્રમાં રહે છે અને લગ્ન થયું એટલે તરત પતિના ગોત્રમાં જાય છે. માટે વિધવા થયા પછી તે સ્ત્રી તેના પતિના ગોત્ર-માં છે. ત્યારે બાપથી બીજા ગોત્રની કન્યાનું દાન કેમ થાય ?

કન્યાદાન દેવાનો અધિકાર કોને છે તે વિશે પહેલાં પાને ૯૨ મે અધ્યાય ૮ મામાં સારી પેઠે વિસ્તારથી લખેલું છે. તેનો એક ભાગ એ છે કેઃ—

पिता दद्यात् स्वयं कन्यां भ्राता वानुमतः पितुः ।
मातामहो मातुलश्च सकुल्यो बान्धवस्तथा ॥
माता त्वभावे सर्वेषां प्रकृतौ यदि वर्त्तते ।
तस्यामप्रकृतिस्थायां कन्यां दद्युः स्वजातयः ॥

અર્થ:—" કન્યાનું દાન તેના બાપે પોતે કરવું, અથવા બાપની આજ્ઞાથી તેના ભાઇએ કરવું. માતામહ એટલે માના બાપે, મામા-એ, કન્યાના બાપના ગોત્રજે, અથવા સગાં સંબંધીએ, તેનું દાન કરવું. આમાંનું કોઇ ન હોય ત્યારે, મા જો બરોબર શુદ્ધિમાં હોય તો તેણે પોતાની કન્યાનું દાન કરવું. પરંતુ જો તે શુદ્ધિમાં ન હોય તો કન્યાની જાતિવાળાઓએ તેનું દાન કરવું."

---

* આ ઠેકાણે દદે પછી ન મમ ન કહેવું જે વસ્તુ આપણે દા-નમાં આપીએ અને તેના ઉપરથી આપણું બીલકુલ માલીકીપણું ઉઠા-વીએ ત્યારે ન મમ (મારૂં નહીં) કહીએ છીએ. પણ આ ઠેકાણે સ્ત્રી ઉપરથી પોતાનું માલીકીપણું ઉઠાવતા નથી માટે ન મમ ન કહેવું કોઇ પણ ગ્રંથમાં કન્યાદાન વખતે ન મમ કહ્યું નથી એ ઉપરથી આપણને વધારે સાબીતિ મળે છે કે, " કોઇ પણ ગ્રંથમાં પરણાવ્યા પછી બા-પની સત્તા કન્યા ઉપરથી ઉઠી જાય છે એવું કહ્યું નથી."

વળી યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં,

गम्यत्वाभावे दातृणां कन्याकुर्यात् स्वयंवरम्*

અર્થઃ—" કન્યાદાન દેનારાં જો કન્યાદાન દેવાની ના કહે તો કન્યાએ સ્વયંવર કરવો."

અને મનુસ્મૃતિમાં,

यदा तु नैव कश्चित्स्यात् कन्या राजानमाव्रजेत्.

અર્થઃ—"જો કોઈ કન્યાદાન કરનારૂં ન હોય તો રાજાએ કન્યાના લગ્ન બાબત બંદોબસ્ત કરવો."

વળી નિર્ણયસિંધુમાં,

कन्या स्वयंवरे स्वप्रधानसंकल्पमात्रं कृत्वा।

वरस्तु भ्रात्राद्यभावे स्वयमेव नांदिश्राद्धं कुर्यात् ॥

અર્થઃ—" કન્યા સ્વયંવર કરે તો સંકલ્પમાં ફક્ત પોતાનુંજ નામ લે. વરને પણ ભાઈ વગેરે ન હોય તો પોતે નાંદિશ્રાદ્ધ વગેરે કરે."

આ બધાં વચન કહ્યાં તેમાં કન્યાદાન દેનારે કેવા ગોત્રની કન્યાનું દાન કરવું એ વિશે કંઈ કહ્યું નથી. पिता दद्यात् ૪૦ વચનોથી સાફ માલમ પડે છે કે ગમે તે ગોત્રની કન્યા હોય પણ જો તે પોતાની સગી, અથવા પોતાની જ્ઞાતિની હોય. તો તેને તે માણસ કન્યાદાન દેઈ શકે છે. અને સગામાં પણ બાપને પહેલે દરજ્જે મુકયો છે, માટે બાપ કન્યાદાન દે તો તે સૌથી ઉત્તમ છે. જો બાપ કન્યાદાન ન દે તો સદરહુ વચનમાં લખેલા ગમે તે માણસ તેને કન્યાદાન દેઈ શકે. અથવા કન્યા પોતે સ્વયંવર કરે, અથવા રાજા પણ તેનો બંદોબસ્ત કરે.

૪. કેટલાએક એવું કહે છે કે વિધવા થએલી કન્યા પતિના ગોત્રમાં છે, માટે બાપ અથવા બીજો કોઈ વિધવાનું કન્યાદાન દે તો તે વખત તેનો ગોત્રોચ્ચાર શી રીતે કરવો ?

આપણે ગોત્રોચ્ચારમાં જે કહીએ છીએ એનો સારી પેઠે અ-

---

* પુનર્વિવાહ સંબંધી સન ૧૮૫૬ ના ૧૫ મા આકટ પ્રમાણે સોળ વર્ષ પછી તે કન્યા પોતે મુખત્યાર છે. એટલે વડીલો ના કહે તોપણ તે પુનર્વિવાહ કરી શકે. (પરિશિષ્ટ ૩ જુઓ.)

ર્થ સમજવો જોઇએ. માટે કન્યાના ગોત્રોચ્ચારનો અર્થ ફરીને હું અ-ત્રે લખુંછું.

"વસિષ્ઠ, શક્તિ, અને પરાશર એ ત્રણ પ્રવરવાળા, પરાશર ગોત્રમાં ઉત્પન્ન થએલા લક્ષ્મીશંકરની પ્રપ્રૌત્રી (છોકરાના છોકરાની છો-કરી), વસિષ્ઠ, શકિત, અને પરાશર એ ત્રણ પ્રવરવાળા પરાશર ગો-ત્રમાં ઉત્પન્ન થએલા ભવાનીદાસની પૌત્રી (છોકરાની છોકરી), વસિષ્ઠ, શકિત, અને પરાશર એ ત્રણ પ્રવરવાળા પરાશર ગોત્રમાં ઉત્પન્ન થ-એલા કેશવરામની પુત્રી, શ્રૌતસ્માર્તમાં સામેલ રહેનારી અને વસ્ત્ર અ-લંકારવાળી જયકુંવર નામની આ કન્યાને હું આપુંછું"

આ ઉપર જરા વિચાર કરીશું તો તરત માલમ પડશે કે, પ-રણતી વખત કન્યા કયા ગોત્રમાં છે તે કહેવું પડતું નથી. કન્યા કયા ગોત્રમાં જન્મી છે તે આપણે બોલીએ છીએ. ઉપરના ગોત્રોચ્ચારમાં પરાશર ગોત્ર એ કન્યાનું વિશેષણ નથી પણ કન્યાના બાપ, તેના વ-ડાવા અને બાપના વડાવા એ ત્રણનું વિશેષણ છે. કન્યાને તો તેનો બાપ, વડાવો, અને બાપનો વડાવો એની સાથે સંબંધ છે. અમુક નામની કન્યાઓ બહુ હોય તેમાંની કઇ કન્યા સમજવી? તેને વાસ્તે લક્ષ્મીશંકરની પ્રપૌત્રી, ભવાનીશંકરની પૌત્રી, અને કેશવલાલની જય-કુંવર નામની છોકરી, કહી એટલે તે કન્યા મુકરર થઇ. હવે લક્ષ્મી-શંકર, ભવાનીશંકર, અને કેશવલાલ એ કયા, તે મુકરર કરવાને વાસ્તે તેમને ગોત્ર લગાડયું. જો આપણે એવું સિદ્ધ કરીએ કે વિધવા થયા પછી કોઇ છોકરી પોતાના પ્રથમ વિવાહ વખતના બાપની છોકરી ક-હેવાતી નથી, તો ઉપરનો ગોત્રોચ્ચાર કરવામાં હરકત પડે ખરી; પણ એ તો સ્વાભાવિક છે કે પતિ મરી જવાથી કન્યા વિધવા થાય છે, તો પણ તેનો, પોતાના બાપ, વડાવા, અને વડાવાના બાપની સાથે પુત્રી, પૌત્રી, અને પ્રપૌત્રીનો અનુક્રમે જે સબંધ છે તે નાશ પામતો નથી. માટે પુનર્વિવાહ થતી વખતે, ગોત્રોચ્ચાર કરવામાં, તે કન્યાને મુકરર કરવાને, તેને પહેલાં કહી હતી તે પ્રમાણે તેજ માણસોની પ્રપૌત્રી, પૌત્રી, અને પુત્રી કહીએ તો શાની હરકત? અલબત જરાએ નહીં. વળી જ્યારે પ્રથમનાજ માણસોની અનુક્રમે પ્રપૌત્રી, પૌત્રી અને પુત્રી કહી, ત્યારે તે માણસોને ઓળખવાને વાસ્તે તેમનું ગોત્ર હોય તે કહે-

વું જોઈએ. આ ઉપરથી એ સ્પષ્ટ સિદ્ધ થયું કે કન્યાના પ્રથમ વિવાહના ગોત્રોચ્ચારમાં જે કહ્યું હોય તેજ તેનો પુનર્વિવાહ કરીએ તેમાં પણ કહેવું.

વિધવા થએલી કન્યા ધણીના ગોત્રની છે પણ ધણીના ગોત્રમાં ઉત્પન્ન થએલી નથી, અને ગોત્રોચ્ચારમાં તો ક્યા ગોત્રમાં ઉત્પન્ન થએલી છે તે જોઇએ છે માટે ધણીનું ગોત્ર ન કહેતાં બાપનુંજ ગોત્ર લેવું જોઈએ.

૫. પુનર્વિવાહ કરેલી સ્ત્રીને પ્રથમના જેટલો અધિકાર રહે કે નહીં અને તેની પ્રજા ઉત્તમ પ્રતિની ગણાય કે નહીં ?

મનુ વગેરે જે ઋષિએએ જુદા જુદા બાર પ્રકારના છોકરા ગણાવ્યા છે, તેમણે પુનર્વિવાહ કરેલી સ્ત્રીને પુનર્ભૂ કહી છે, અને તેની સંતતને પૌનર્ભવ કહી છે. પણ કળિયુગને વાસ્તે મુખ્ય પરાશર સ્મૃતિ છે, તેમાં ફક્ત ઔરસ, દત્તક, અને કૃત્રિમ એ ત્રણજ પ્રકારના પુત્ર રાખ્યા છે. અને તે ઉપરથી પેહેલાં પૃષ્ઠ ૯ મે સિદ્ધ કરી બતાવ્યું છે કે પુનર્વિવાહ કરેલી સ્ત્રીની સંતતિને ઔરસ એટલે પહેલા દરજાની પ્રજા માનવી જોઇએ. હવે જયારે પ્રજા પહેલા દરજાની માના ત્યારે સ્ત્રી પણ તેમજ ગણવી જોઇએ પુરુષ બીજી વખત પરણે છે તોપણ તેને કંઇ અધિકાર પ્રથમના કરતાં ઓછા થતા નથી ત્યારે સ્ત્રીને કેમ થવા જોઇએ ? વળી જ્યાં જ્યાં પુનર્વિવાહની આજ્ઞા કરી છે ત્યાં વિધવાના અધિકાર ઓછા થાય છે એવું કંઇ લખ્યું નથી. પાછળ ૧૦ મા અધ્યાયમાં એવું કહ્યું છે કે બીજ કન્યા કરતાં પંથ કન્યા સારી છે, એ ઠેકાણે ઓછા વત્તા અધિકાર વિશે કંઇ કહ્યું નથી. પંથ કન્યા નહાની હોવાથી ઘણાં વરસ જીવવાની આશા રહે, સંસારનું સુખ સારી રીતે મળે, વગેરે કેટલાક ફાયદા છે. તેથી પંથ કન્યાને વધારે પસંદ કરી અને તેવાજ કારણોથી પંથ વરને વધારે સારો ગણ્યો છે. પણ હક કંઈ ઓછા વત્તા કહ્યાજ નથી. માટે પુનર્વિવાહિત સ્ત્રી પોતાના ધણીની સાથે શ્રૌતસ્માર્તમાં સામેલ રહે, ઔરસપુત્રની ઉત્પત્તિ કરે, અને તેની પ્રજા પણ શાસ્ત્રપૂર્વક પહેલા પ્રકારની ગણી શકાય એમાં કંઈ શક નહીં. પુનર્વિવાહિત સ્ત્રી અને તેની પ્રજાને હાલની માયાળુ સરકારે સન ૧૮૫૬ ના ૧૫ મા કાયદાથી વારસાનો હક તો આપ્યો છેજ, માટે તીકો પંચાયત રહીજ નથી.

૬. આગળ પેશવા મોટા મોટા રાજા ધર્મનૈષ્ઠિક હતા અને તે ધારે તે કરી શકે એવા શક્તિમાન હતા, તેમનામાંથી આજ સુધી પુનર્વિવાહ વિશે કેમ કોઇએ તપાસ ન કરી?

ઘણા લોકો આવો સવાલ કહાડે છે પણ તે પુનર્વિવાહની બાબતમાં નિરર્થક છે. ગાડરિયા પ્રવાહની પેઠે કોઇ કરે તેજ કરવું અને જુની રીતોને વળગી રહેવું, એ આપણા લોકોમાં એક મોટો અવગુણ છે, તેથી આવી જાતના સવાલ નિકળે છે. પેહેલાં કોઇ કારણથી કોઇએ કંઇ ન કર્યું હોય, અથવા તે ભુલી ગયો, તો આપણે પણ તેની પેઠેજ કરવું? આથીજ આપણે પડતી દશામાં આવ્યા છીએ. આપણે આપણું ગમે એટલું સારૂં કરીએ છીએ, તોપણ તેમાં કંઇ વાતની ખામી રહી જાય છે. તેમ રાજા ગમે એટલો સારો હોય તો પણ પ્રજાનાં કેટલાંક દુઃખ તેની નજરે ન આવે. ત્યારે વળી પેશ્વા સરકાર **આપણા દેશના** રાજા એમ કરે એમાં તો કહેવુંજ શું! તેમને સ્ત્રિયોની વેદનાની ખબર ઓછીજ હતી. એમનું અને આપણું મન કંઈ એક નથી. એમનો અને આપણો વખત કંઇ એક નથી. માટે ગમે તે કારણથી એમણે તપાસ ન કરી હોય તોપણ આપણે તો કરવી. પરંતુ સારાં નસીબે પેશ્વા સરકારે તેની તપાસ કરી છે, માટે પ્રતિપક્ષીઓને ઉપરના કરતાં નીચેનો જવાબ વધારે પસંદ પડશે. કહેવત છે કે **માથે પડે ત્યારે જણાય.** તેમ પેશ્વા સરકારને પણ જ્યારે ખરેખરી માથે પડી, અને પોતાના કુટુંબમાં વિધવાની આપત્ત આવી, ત્યારે તેમણે તપાસ કરી છે. એ વિશે સને ૧૮૨૨ ના જુલાઇના એશિયાટીક જર્નલને પાને ૮ મે, તથા સર ટામસ સ્ટ્રેંજના હિંદુશાસ્ત્રના ગ્રંથમાં અધ્યાય ૧૦ મામાં વિવાહપ્રકરણમા એવું લખ્યું છે કે:—

પુનામાં સવાઈ માધવરાવની કારકિર્દીમાં તેમના સરદાર પરશુરામ ભાઉ પટવર્ધન મિરજકરની છોકરી, કુબાનીકર જોશીના છોકરાને આપી હતી. તેનો પતિ લગ્ન થયા પછી ચોથે દિવસે મરણ પામ્યો. પછી જન્મ સુધી તેને વિધવા રાખવી એ અન્યાય ધારીને તેના બાપે કાશીમાં પત્ર મોકલ્યા. ત્યાંથી સંમતિ આવી, તે પેશવાને અને રામશાસ્ત્રી ન્યાયાધીશ વગેરેને દેખાડી. એ ઉપરથી બધા પંડિતોની સભા મળીને તે છો-

કરીનો પુનર્વિવાહ કરવાનો સિદ્ધાંત થયો. પરંતુ એટલામાં તો માધવરાવ પેશવા મરણ પામ્યા અને રાજ્યમાં ધાલમેલ થઇ.

૭. પહેલાં પુનર્વિવાહનો ચાલ બંધ કેમ પડયો? અને પુનર્વિવાહની હમણાં એટલી બધી જરૂર કેમ પડી?

પ્રાચીન કાળમાં હાલના જેવી આપણી સ્થીતિ નહોતી. નહાનપણમાં લગ્ન કરવાનો ચાલ હમણાં એટલો બધો વધી ગયો છે કે છોકરાં બે ત્રણ વરસનાં હોય ત્યારથી કેટલેક ઠેકાણે વિવાહ કરી મુકે છે, અને ઘણે ઠેકાણે પાંચ છ વરસનાં છોકરાં પરણાવે છે. આવી રીત પહેલાં નહોતી. અને તેથી વિધવા થવાનો પ્રસંગ હાલના કરતાં તે વખત થોડો હતો. તેઓ મોટી ઉમરે વિધવા થતી. અને તેમને પણ સતી થવું અથવા બ્રહ્મચર્યથી રહેવું એ બે રસ્તા હતા, તે પ્રમાણે તેમની આબરૂ ગણાતી. તેમાં ઘણીખરી સતી થતી એટલે બાકીનીને ધાસ્તી રેહેતી કે જો આપણે બ્રહ્મચર્યથી પણ નહી રહીએ તો આપણી આબરૂ જશે. વળી તે વખત હાલના જેટલો ઉદ્યોગ નહોતો, તેથી વિધવાઓના ઉપર ઘણી ચોકશી રહેતી. તેઓ ભણેલી હતી તેથી આખો દિવસ તેમના શરીરનું દમન કરાવીને તેમને બ્રહ્મચર્યમાં રાખી શકતા. તે વખત કુળ જોવાની રીત હાલના કરતાં જુદી હતી. કન્યા લેવા દેવાને વાસ્તે હાલની પેઠે છેક નહાની નાતો નહોતી થએલી. અને તેથી હાલની પેઠે કન્યાઓની ઘણી અછત નહોતી. હાલની પેઠે તે વખત ગમે તે જાતના માણસને લેઇને વિધવાઓ નિકળી જતી નહિં. આ વગેરે રીતે તે વખત અને આ વખત બીલકુલ જુદા છે તેથી બીજાં ઘણાં કારણો હશે અને તેથી તે વખતને વાસ્તે એ ચાલ બંધ પડેલો.§

---

§ તો પણ એ ચાલ બિલકુલ બંધ પડયો નથી. સારસ્વત, મારવાડી ઔદિચ્ય, જેવી કેટલીક ઉત્તમ નાતોમાં હાલ પણ તે ચાલ જારીજ છે. શું તેઓ શૂદ્ર ગણાય છે? ના, બ્રાહ્મણ તે બ્રાહ્મણ જેવા ગણાય છે. ત્યારે જો પુનર્વિવાહ વિશે શાસ્ત્રમાં નહોત અને તેનો આગળ ચાલ નહોત તો બ્રાહ્મણ જેવી ઉંચી જાતમાં પણ એ ચાલ કેમ રહેત? વળી શંકરાચાર્યથી તે આજ સુધી ઘણા ધર્માચાર્યો થઈ ગયા તેમાંથી

પછી આપણે ધીમે ધીમે પડતી દશામાં આવતા ગયા અને વિધવાનાં દુઃખ વધતાં ગયાં, સતી થવાનો ચાલ ગયો, વિધવાઓ બ્રહ્મચર્ય પાળવા ન લાગી, ન્હાનપણુમાં પરણુવાથી કેટલીક તો સંસારનું સુખ ભોગવ્યા વગર વિધવા થઈ. વળી કોગળીયા જેવો અકાળમૃત્યુનો રોગ ઉત્પન્ન થવાથી વિધવાઓની સંખ્યા ને તેમનું દુઃખ એટલું તો વધી ગયું છે કે તેનો આપણે ઉંડો વિચાર કરીએ છીએ તો અંતઃકરણુ ભરાઈ જાય છે. માટે હમણાં પુનર્વિવાહની અવશ્ય જરૂર છે. જો એટલું દુઃખ પુરુષને માથે હોત તો તેમણે શાસ્ત્રને તથા ચાલને બધી રીતે કોરાણે મુકી પોતાને સુખકારક રસ્તો કહાડ્યોજ હોત; પણ અરેરે ! બીચારી વિધવાઓ અબળા સ્ત્રિયો પુરુષને કબજે પડી એટલે નિર્દય પુરુષો શાસ્ત્રથી ઉલટા ચાલીને તેમનાં દુઃખને ગણુકારતા નથી. વિધવાઓ છાનું જારકર્મ કરે છે અને કેટલીક નિર્લજ્જ હોય છે. તે બીજી નાતના પુરુષને લેઇને જતી રહે છે એની પણ તમારા ઉપર જરાએ અસર થતી નથી.

કોઇએ પુનર્વિવાહ કરવામાં પાપ છે અથવા તે ન કરવો એવું કહ્યું નથી. બધા ધર્માચાર્યોએ ધર્મનાં મૂળતત્વ કહ્યાં છે, ત્યારે જો પુનર્વિવાહમાં પાપ હોત, તો તેમણે જે નાતોમાં પુનર્વિવાહ થાય છે અને જેઓ તેમનો મત માને છે, તેમને કયારનાએ અટકાવ્યા હોતજ. કોઇ એવું કહેશે કે નીચી જાતોમાં એ થાય છે માટે ધર્માચાર્યોએ ન કહ્યું. જો આમજ હોય તો ધર્માચાર્યો દર એક જણુને તેની નાતના ધારા માનવા દે, પણુ આપણે જાણીએ છીએ કે જ્યારે કોઈ માણુસ કોઇ ધર્મમાં જાય છે ત્યારે પોતાની જાતના જે કંઈ કરતા હોય તેમાંની કેટલીક બાબત, જો તે ધર્મમાં ના કહી હોય તો તેને તજવી પડે છે. તેમ પુનર્વિવાહમાં જો પાપ હોત તો દરેક ધર્માચાર્યે એવું લખત કે પુનર્વિવાહ કરવો એ પાપ છે, માટે અમારા ધર્મમાં આવે એણે એમ ન કરવું. આવું કોઇપણુ ધર્મમાં નથી માટે એ સ્પષ્ટ છે કે બધા ધર્માચાર્યોનો મત પુનર્વિવાહની તરફનો હતો. અને તેથીજ બ્રાહ્મણુ જેવી ઉત્તમ નાતોમાં જ્યાં પુનર્વિવાહનો ચાલ હતે ત્યાં તે તેમણે અટકાવ્યો નથી.

આ પ્રમાણે બધી રીતે વિચાર કર્યેથી માલમ પડે છે કે વિધવાવિવાહ કરવામાં જરાએ હરકત નથી. પરમેશ્વર ! હવે વિધવાઓનો પોકાર સાંભળો ! હિંદુઓને અજ્ઞાન રૂપી ઉંઘમાંથી જગાડો ! અને તેમને નાશકારક ચાલની ગુલામગીરીમાંથી દૂર કરો.

પરિશિષ્ટ ૩.

પેહેલાં લોકોને એવી ધાસ્તી રહેતી કે પુનર્વિવાહ કર્યા પછી સ્ત્રી તથા તેની પ્રજાને સરકાર વારસાનો હક નહીં અપાવે અને ઘરબાર લુંટી લેશે. પણ હાલની માયાળુ સરકારે તો ઉલટી મરજી બતાવી છે અને સન ૧૮૫૬ ના ૧૫ મા આકટથી જાહેર કર્યું છે કે પુનર્વિવાહિત સ્ત્રી અને તેની પ્રજાને વારસાનો હક મળશે. એ કાયદો નીચે પ્રમાણે.

સન ૧૮૫૬ નો આકટ ૧૫ નો.

લેજીસ્લેટીવ કાઉન્સિલે ઠરાવ્યો તે ઇંડિયાના ગવરનર જનરલે સન ૧૮૫૬ ના જુલાઇ મહિનાની ૨૫ મી તારીખે મંજુર કીધો.

હિંદુ જાતિની વિધવા સ્ત્રીઓનાં લગ્ન બાબત કાયદાની સર્વ હરકત દૂર કરવા બાબતનો આકટ.

" ઇસ્ટ-ઇંડિયા કંપની સરકારના કબજા માંહેના તથા તાબા માંહેના મુલકમાં સ્થાપેલી દિવાની કોરટોમાં કાયદો જેમ ચલાવે છે, તે કાયદા ઉપરથી હિંદુજાતિની કેટલીએક વિધવા સ્ત્રીઓ સિવાય બાકીની વિધવા સ્ત્રીઓથી તેમનું એકવાર લગ્ન થયાના સબબથી બીજીવાર કાયદાસર લગ્ન કરી શકાતું નથી, અને બીજી વારના લગ્નથી તે વિધવા સ્ત્રીઓને થયેલી સંતતિ અનૌરસ થાય છે, . તથા તેની માલ મિલકત ઉપર વારસનો હક પોંચતો નથી એવું જાહેર છે વાસ્તે; અને કાયદાની આ હરકત છે એવું કેહેછે તે હરકત ચાલતી આવેલી ચાલને મળતી છે તોપણ, તે હિંદુ ધર્મશાસ્ત્રના ખરા અર્થ પ્રમાણે નથી એવું

ઘણાએક હિંદુ લોકોનું મત છે, અને જે હિંદુલોક પોતાની બુદ્ધિ પ્રમાણે સદરહુ વાત બાબત બીજી ચાલ કાહાડવાને ઇચ્છતા હોય એવી ઘણાએક હિંદુલોકોની ઇચ્છા છે વાસ્તે; અને સદરહુ પ્રકારના હિંદુ લોક કાયદાની સદરહુ હરકત છે એવું કેહેછે તે દૂર કરવી એ વાજબી છે વાસ્તે, અને હિંદુ જાતિની વિધવા સ્ત્રીઓનાં લગ્ન થવા બાબત કાયદાની હરકતો છે તે સઘળી દૂર કરવાથી સુનીતિની વૃદ્ધિ થઇને લોકોનું કલ્યાણ થશે, વાસ્તે હેઠળ લખ્યા પ્રમાણે ઠરાવ્યું છે.

૧. હિંદુમાં લગ્ન થતી વખત કોઇ માણસ મરી ગયો હોય તેની સાથે આગળ સ્ત્રીનું લગ્ન, અથવા વિવાહ એટલે વેવિશાળ થઇ હતું એવાં કારણથી તે (ફરીથી થયેલું) લગ્ન કાયદા વિરૂદ્ધ છે, તથા તે લગ્ન થકી થયેલી સંતતિ અનૌરસ થાય છે એવું સમજવું નહીં; એ વાત વિરૂદ્ધ કોઈ ચાલ, તથા હિંદુશાસ્ત્રનો અર્થ હોય તોપણ સદરહુ પ્રમાણે સમજવું નહીં.

૨. કોઈ વિધવાનું ગુજરાન ચાલવા બાબત પોતાના મયત ભરથારથી માલ મિલકત ઉપર તેનો હક, તથા સંબંધ હોય તે; અથવા પોતાના ભરથારના વારસાના સબબથી, અથવા તેના અપ્રતિબંધ દાયાદના વારસાના સબબથી તે સ્ત્રીનો તે માલ મિલકત ઉપર હક તથા સંબંધ હોય તે; અથવા તે માલ મિલકત બીજાને આપવાનો અધિકાર તેને આપ્યા વગર તે મિલકતનો તેણીએ નિયમિત ઉપભોગ માત્ર કરવો એવું મૃત્યુપત્ર કર્યું હોય, અને તેમાં પુનર્વિવાહ કરવાની પરવાનગી સ્પષ્ટ લખી ન હોય તે મૃત્યુપત્ર ઉપરથી તે મિલકત ઉપર તેનો હક, તથા સંબંધ હોય તે સઘળો; તે મરી જાય, ને જે પ્રમાણે બંધ થાય, તથા પુરો થાય તે પ્રમાણે તેનો પુનર્વિવાહ થયો એટલે તે બંધ થશે, તથા પુરો થશે. અને તેના મયત ભરથારના નજીકના વારસ હોય તે, અથવા તે સ્ત્રી મરણ પામ્યા પછી તે માલ મિલકત ઉપર જે બીજા માણસોને હક પોંચતો હોય તે માણસો તે સ્ત્રીનો પુનર્વિવાહ થયા પછી, તે માલ મિલકતના ધણી થશે.

૩. મયત માણસના મૃત્યુપત્રમાં તેની વિધવા સ્ત્રીને, અથવા બી-

જો કોઇ માણસને તેનાં છોકરાંનું પાળગ્રહણ કરવા સારૂં સ્પષ્ટ રીતે નેમ્યો નહીં હોય, અને તેની વિધવા સ્ત્રી પુનર્વિવાહ કરે તે મયત ભ- રથાર પોતાના અંતકાળને સમે જે ઠેકાણે સ્થાયી રેહેતો હોય તે ઠેકાણે દિવાની અસલ ફરિયાદી લેવાનો જે કોરટને અધિકાર હોય તે ઉપલી કોરટને તે છોકરાંનું પાળગ્રહણ કરવા સારૂં યોગ્ય માણસ નેમવાની અ- રજી કરવાનો અધિકાર મયતભરથારના પિતાને (બાપને) અથવા પિ- તામહને (બાપના બાપને) અથવા માતાને (માને) અથવા પિતામહી- ને (બાપની માને) અથવા મયત ભરથારના હરકોઇ કુટુંબીને છે. એ પ્રમાણે અરજી થયા પછી કોરટની નજરમાં આવે તો સદરહુ પ્રમાણે પાળગ્રહણ કરનારો નેમવાનો કોરટને અધિકાર છે. પાળગ્રહણ કરનારો નેમ્યો એટલે તે સઘળાં છોકરાંને, અથવા તે માંહેના કેટલાંએકને તે- ઓની માની વતે પોતાને સ્વાધીન લેઈને તેઓની સંભાળ તેઓ નાની ઊમ્મરનાં હોય ત્યાં સુધી કરવાનો અધિકાર પાળગ્રહણ કરનારને છે. અને વગર માબાપનાં છોકરાંનું પાળગ્રહણ કરવા બાબત જે કાયદા, તથા કાનુન ચાલ્યા હોય તે પ્રમાણે કોરટે સદરહુ નેમણુંક કરતી વખતે ચા- લવું. અને એવું ઠરાવ્યું છે કે, સદરહુ પ્રકારનાં છોકરાં નાની ઊમ્મરનાં હોય ત્યા સુધી તેઓનું ગુજરાન ચલાવવા સારૂ તથા તેઓને યોગ્ય વિ- દ્યાભ્યાસ કરાવવા સારૂ જોઇયે તેટલી તેઓની માલ મિલકત નહી હોય તો, તેઓની માના અનુમત વગર સદરહુ પ્રકારની નેમણુંક કરવી નહી. પણ જેને પાળગ્રહણ કરનારો ઠરાવવા હોય તે છોકરાં નાની ઊમ્મર- નાં છે ત્યાં સુધી તેઓના ગુજરાન બાબત, તથા તેઓના યોગ્ય વિદ્યા- ભ્યાસ બાબત જામાન આપે તો માના અનુમત વગર નેમણુંક કરવી.

૪. માલ મિલકત મુકીને મરનારા કોઇ માણસના મરણની વ- ખતે કોઇ વિધવા સ્ત્રી સંતાન રહિત હોય, અને સંતાન રહિત વિધવા હોય તે સબબથી તે માલ મિલકત ઊપર આકટ ઠર્યા પેહેલાં તેનો વારસાનો દાવો ન ચાલે તો, તે સઘળી માલ મિલકત ઉપર, અથવા તે માલ મિલકતના કંઇ હીસ્સા ઉપર તેનો વારસાનો દાવો આ આકટ માં- હેની કોઇ વાત ઉપરથી ચાલશે એવું સમજવું નહીં.

૫. પાછલી ત્રણ કલમમાં ઠરાવ કીધા છે તે સિવાય કોઇ વિધવા સ્ત્રીનો કોઇ માલ મિલકત ઉપર દાવો હશે તે તેનો પુનર્વિવાહ થવાના સબબથી ડુબશે નહીં; અથવા બીજી રીતે તેનો હક પહોંચતો હોય તે પણ ડુબશે નહીં. અને વિધવા સ્ત્રીએ પુનર્વિવાહ કર્યો હોય તેનું તે પેહેલીવારનુંજ લગ્ન હોત તો વારસા બાબત તેનો જેવો હક ચાલે, તેવોજ પુનર્વિવાહ થયા પછી ચાલશે.

૬. હિંદુ જાતિની જે સ્ત્રીનું મૂળેજ લગ્ન થયું ન હોય, તેના લગ્ન સમય જે શબ્દનો ઉચ્ચાર કર્યાથી, અથવા જે વિધિ કર્યાથી, અથવા જે કરાર કર્યાથી, તે લગ્ન કાયદાસર થાય છે, તે શબ્દનો ઉચ્ચાર, અથવા તે વિધિ, અથવા તે કરાર, હિંદુજાતિની વિધવાના લગ્ન સમે કર્યાથી તે પુનર્વિવાહ કાયદાસર થાય છે એવું સમજવું. સદરહુ પ્રકારના શબ્દ, અથવા વિધિ અથવા કરાર વિધવાને લાગુ નથી એવા સબબથી તેનું લગ્ન કાયદા વિરૂદ્ધ થાય છે એવું સમજવું નહીં.

૭. પુનર્વિવાહ કરનારી વિધવા સ્ત્રી નાની ઉમ્મરની હોય, ને તેનો પોતાના પેહેલા વર સાથે સમાગમ થયો નહીં હોય તો તે સ્ત્રીએ પોતાના પિતાના, અથવા પિતા નહીં હોય તો પોતાના પિતામહના, અથવા પિતામહ નહીં હોયતો પોતાની માતાના, અથવા એ માંહેનું કોઇ નહીં હોયતો, પોતાના વડા ભાઇના, અથવા ભાઇયો પણ નહીં હોય તો તેઓનો નજીકનો કુટુંબી હોય તેના અનુમત વગર પુનર્વિવાહ કરવો નહીં. આ કલમના ઠરાવ વિરૂદ્ધ લગ્ન કરવાના કામમાં જે જાણી જોઇને મદદ કરશે તે સર્વ જણા ધણામાં ધણાં એક વર્ષ સુધી કેદની શિક્ષાને, અથવા દંડને, અથવા એ બેઊ શિક્ષાને પાત્ર થશે અને આ કલમના ઠરાવ વિરૂદ્ધ થએલું લગ્ન રદ છે એવું ઠરાવવાનો અધિકાર ઈનસાફની કોરટને છે. પણ એવું ઠરાવ્યું છે કે, આ કલમના ઠરાવ વિરૂદ્ધ થએલાં લગ્નના ખરાપણા બાબત તકરાર પડે તો, સદરહુ પ્રકારનું અનુમત લીધું નથી એવું સાબીત થાય ત્યાં સુધી સદરહુ પ્રકારનું અનુમત લીધું છે એવું સમજવું, અને સદરહુ પ્રકારનું લગ્ન થયા પછી વરની સાથે સમાગમ થયો એટલે તે લગ્ન રદ છે એવું ઠરાવવું નહિં. વિધવા સ્ત્રી પુખ્ત

ઉમ્મરની હોય, અથવા તેનો વરની સાથે સમાગમ થયો હોય તો, તેનો પુનર્વિવાહ કાયદાસર, તથા આધારયુક્ત થયા વિષે તેનું પોતાનુંજ અનુમત બસ છે એવું સમજવું.

(ખરો તરજુમો.)
વિનાયક વાસુદેવ.
સરકારનો પૂર્વ દેશોની ભાષાઓનો
તરજુમો કરનાર.

પરિશિષ્ટ ૪.

કેટલાએક શાસ્ત્ર નહિં ભણેલા લોકો આ પુસ્તકનું નામ વાંચતાં વારનેજ કહેશે કે એ તો અશાસ્ત્ર છે, અને મોઢાના કૃત્રિમ શ્લોકથી, અપ્રમાણ શાસ્ત્રોથી, તથા સારી યુક્તિથી લખેલું છે. સંસ્કૃત ભણેલા એવા મોટા મોટા શાસ્ત્રિયો પણ એવું કહેશે કે, આ પુસ્તકમાં ગમે તે શ્લોક, ગમે તે સ્મૃતિ અને ગમે તેવી યુક્તિ હોય પણ (એકાદ બે નિષેધના શ્લોક બોલીને) આ શ્લોકોમાં સાફ ના કહેલી છે માટે પુનર્વિવાહ થાયજ નહિં. આ પુસ્તક વાંચ્યા વગર ફક્ત એજ બોલને પકડી રહે ત્યારે પછી અંહનું ઓસડ શું થાય ? કાયદામાં એક ઠેકાણે લખ્યું હોય કે, એક માણસે બરોબર ઉમરમાં આવ્યા વગર કરજ કર્યું હોય તો તેની ફરિયાદ તેના ઉપર ન ચાલે; અને બીજે ઠેકાણે લખ્યું હોય કે, જો તે માણસે બરોબર ઉમરમાં આવ્યાની પહેલાં અન્નાદિ જરૂરની વસ્તુઓની તંગીને વાસ્તે કરજ કહાડયું હોય તો તેના ઉપર ફરીઆદી ચાલે. હવે ઉપરનો પહેલો નિયમ વાંચીને બધા ન્યાયાધીશો બરોબર વયમાં આવ્યાની પહેલાંના બધા કરજની ફરીઆદી ન સાંભળે, ત્યારે તેનો શો ઉપાય કરવો ? કેટલાંએક વરસ સુધી ન્યાયાધીશો ઉપરનો પહેલોજ નિયમ અમલમાં આણે, અને બીજા નિયમથી લોકોને બીલકુલ અજ્ઞાન રાખે, તો કાળે કરીને લોકોના મન ઉપર પહેલો નિયમ કેટલો બધો ઠસી જાય અને દશ વીસ જમાના ગયા પછી બી-

જા નિયમ વિશે લોકો કેટલા હઠીલા થાય, અને પોતાનું લહેણું નહીં મળવાની ધાસ્તીથી ઉમર વગરના માણસને કોઈ ન ધીરે, તેથી તેમની કેટલી માઠી દશા થાયઃ પછી ઉપરનો બીજો નિયમ કોઇ પ્રસિદ્ધ કરે, અને તે અમલમાં આણવાને પ્રયત્ન કરે, તો અજ્ઞાન લોકોમાં તેની કેવી બેઆબરૂ થાય; અને વિદ્યાવૃદ્ધિ તથા સુધારાથી આખરે તેનો કેવો જય થાય; તેનો સુજ્ઞ વાંચનારાઓએ વિચાર કરવો. આપણી સ્મૃતિઓ એ આપણા અચળ કાયદા છે. અને તે કાયદા અથવા સ્મૃતિઓ આપણા સ્વચ્છંદી અને સ્વતંત્ર ન્યાયાધીશો રૂપી બ્રાહ્મણોના હાથમાં છે. હાલની વિધવાઓ તે ઉપરના ઉદાહરણમાં આપેલા નાલાયક ઉમરના માણસોને ઠેકાણે છે. કળિયુગમાં વિધવાવિવાહ ન કરવો તે ઉપરના પહેલા નિયમને મળતો આવે છે. અને ધણી મરી જાય, તેનો પત્તો ન લાગે, તે સંન્યાસી થાય, નપુંસક હોય, અથવા પતિત હોય તો એ પાંચ આપત્તિની વખતે સ્ત્રીએ બીજો પતિ કરવો એ ઉપરના બીજા નિયમને મળતો આવે છે. પહેલાજ વચનને આપણા શાસ્ત્રીઓ આજ સુધી વળગી રહ્યા, અને બીજા વચન વિશે બધાને અજ્ઞાન રાખ્યા છે. તેથી અજ્ઞાન લોકોના મન ઉપર કેવી અસર થઈ છે, તે તેમની હઠીલાઈ ઉપરથી સાફ માલમ પડે છે. અને તેથી વિધવાઓને કેટલું દુઃખ પડે છે તથા કેટલો અનર્થ થાય છે તે આપણે નજરે જોઇએ છીએ. બીજું વચન શોધી કહાડવાને, તે પ્રમાણ કરવાને, અને તે અનુભવમાં લાવવાને હાલના કેળવણી પામેલા, અને સ્વદેશહિતેચ્છુ પરોપકારી માણસો કેટલી મહેનત લેછે, અને તેથી લોકો જેમ ભણતા જાય છે તેમ, તે મતની કેવી વૃદ્ધિ થાય છે તે બધાને માહિત છે. ત્યારે હવે જે સંકટનો થોડા દિવસમાં અંત આવવાનો તેને, કોઇનું કંઇ સાંભળ્યા વગર, હઠીલાઇથી વળગી રહેવું એ કેવું ઘાતકીપણું છે ! શાસ્ત્રી મહારાજો, અને તેમનું માનનારા ભોળા તથા અજ્ઞાન લોકો ! આ પુસ્તક પેહેલેથી તે છેલે સુધી વાંચો અથવા સાંભળો, તેના ઉપર સારી પેઠે વિચાર કરો, અને પછી તમારો અભિપ્રાય આપો કે પુનર્વિવાહ શાસ્ત્ર પ્રમાણે છે કે નહીં. આપણે બધા હિંદુ છીએ માટે હિંદુશાસ્ત્રમાં જે વાત કહેલી છે તે આપણાથી

ના કહેવાવાની નથી. હવે જ્યારે તમે એ વાતની ના કહોછો, ત્યારે બીજા અજાણ્યા પરદેશીઓ આપણને શું કહેશે ? આપણા શાસ્ત્રોમાં એકજ વાત વિશે બે મત હોય તો તેના ઉપર ગંભીરપણાથી વિચાર કરવો અને જે મત વધારે વજનદાર હોય તે ગ્રહણ કરવું. દરેક મત કેટલું વજનદાર છે તેની આ પુસ્તકમાં આપેલી બીના ઉપરથી નીચે તપશીલ કરી છે, તે ઉપરથી સાફ જણાય છે કે વિધવાવિવાહ કરવો એ વધારે વજનદાર છે.

૧. સંસ્કૃત અક્ષરથી લખેલાં એટલાં બધાં ધર્મશાસ્ત્રનાં પુસ્તક નથી પણ કેટલાએક અમુક ગ્રંથકારો અમુક ગ્રંથજ ફકત ધર્મશાસ્ત્રમાં આવે છે.

૨. જુદા જુદા યુગોમાં માણસોનો સ્વભાવ, સ્થિતિ, ને મત જુદી જુદી જાતનાં હોય છે માટે દરેક યુગને એકજ સ્મૃતિ લાગુ નથી પડતી. દર એક યુગને વાસ્તે જુદી જુદી મુકરર કરેલી સ્મૃતિઓ હોયછે તે પ્રધાન કહેવાય છે. પ્રધાન સ્મૃતિને મળતું બીજી સ્મૃતિઓમાં હોય તે માનવું ને એનાથી ઉલટું હોય તે ન માનવું.

૩. કળિયુગને વાસ્તે પ્રધાન સ્મૃતિ પરાશરની છે માટે તેમાં કહ્યું હોય તે મુખ્ય માનવું.

૪. પરાશર સ્મૃતિમાં વિધવાવિવાહ કરવાનો ઠરાવ છે માટે કરવો.

૫. સૌથી પહેલા વહેલો સ્મૃતિ કરનાર મનુ થઇ ગયો તેની સ્મૃતિમાંથી પણ પરાશરનાં વચનને ટેકો મળે છે માટે તે પ્રમાણ છે.

૬. વેદ એ આપણા ધર્મનો મૂળ ગ્રંથ છે. જ્યારે કોઇ સ્મૃતિ ને વેદમાં ફેર પડે ત્યારે વેદમાં કહેલું હોય તે ખરૂં માનવું.

૭. જો પરાશરમાં પુનર્વિવાહ કરવાનું ન કહ્યું હોય ને વેદમાં જ એકલું કહ્યું હોય તોપણ પરાશરનું વચન ખોટું થાય ને વેદનું વચન મનાય.

૮. વેદમાં અને પરાશરમાં બંનેમાં પુનર્વિવાહને વાસ્તે કહેલું છે. તે વચન તો વિશેષે કરીને માનવું જોઇએ.

૯. જો ચાલ ગણીએ તો પ્રાચીનકાળમાં તેનો ચાલ હતો. આપણે નીચી હાલતમાં આવતા ગયા તેમ ચાલ બંધ પડતો ગયો માટે તે ફરીથી જારી કરવો જોઇએ.

૧૦. જો પ્રાચીનકાળમાં ચાલ ન હોય તોપણ શાસ્ત્રમાં કહ્યું છે માટે નવો ચાલ કરવો. કેમકે પ્રાચીનકાળમાં તેમને વિધવાવિવાહની વધારે જરૂર નહીં પડેલી. હવે વખતના ગુજરવાથી આપણને તેની અગત્ય પડી છે. જે ચાલ થાય છે તે પ્રથમથી તો ધિક્કારાયજ કેમકે એ નવો થાય તારે કંઇ એ ચાલ હોતો નથી. અને દરેક ચાલ જ્યારે તે પહેલા થયા હશે ત્યારે તે કંઈ ચાલ નહોતા. માટે શાસ્ત્ર પ્રમાણે પુનર્લગ્ન કરવામાં આપણને કશી વાતે બાધ નથી.

૧૧. પુરાણ સ્મૃતિથી ઉતરતા ત્રીજા દરજાના ગ્રંથ છે એવું ધર્મશાસ્ત્રમાં કહેલું છે.

૧૨. બીજી સ્મૃતિઓથી પુરાણમાં ઉલટું લખ્યું હોય તો પુરાણનું તે વાક્ય માનવું નહીં એ ધર્મશાસ્ત્રમાં કહેલું છે માટે.

૧૩. પુરાણમાં જે વાકય વિરૂદ્ધમાં છે તે ધર્મશાસ્ત્ર પ્રમાણે માનવાં ન જોઈએ.

૧૪. બીજી કોઇ સ્મૃતિમાં વિધવાવિવાહની વિરૂદ્ધ વાકયો હોય તો તેમના ઉપર વજન થોડું રાખવું, કેમકે તે પ્રધાન સ્મૃતિ સાથે મળતાં નથી.

૧૫. પ્રમાણ કરવા લાયક એકાદ વચન હોય તોપણ વિધવાવિવાહ કરવાનાં ઘણાં ને મજબુત વચનો છે, અને તે વેદ સાથે મળતાં છે માટે તે ગ્રહણ કરવાં.

૧૬. જો પ્રમાણ કરવા લાયક બહુ વચન નિકળે તોપણ પુનર્વિવાહ કરવો ને ન કરવો તેને વાસ્તે સરખાં વચન થયાં તેથી આપણી નજરમાં આવે તે ગ્રહણ કરવું.

૧૭. હાલના વખતમાં વિધવાવિવાહની જરૂરજ છે માટે વિધવાવિવાહ કરવાનાં બધાં વચન કબુલ રાખવાં.

૧૮ જો પુનર્લગ્ન ન હોત તો શાસ્ત્રમાં તેની વાતજ શું કરવા લખત ?

ઇનસાફને કંઇ હાથ પગ હોતા નથી. કપાળે કપાળે બુદ્ધિ છે. દરેક ગુનાને વાસ્તે અને દરેક કામને વાસ્તે કાયદામાંથી બે વિરૂદ્ધ પક્ષ માલમ પડવાનાજ. તેમાંનો કયો લેવો તે ઇનસાફદારના હાથમાં છે. તેમજ આપણા કાયદા જેમને આપણ સ્મૃતિઓ એ નામથી ઓળખીએ છીએ તેમાં પણ છે. દરેક કામને વાસ્તે તેમાંથી ઘણું કરીને બે પક્ષ નિકળશે, તો વિધવાવિવાહ જેવા અગત્યના કામમાં બે પક્ષ ન હોય એવું હોયજ નહીં. હવે એ બેમાંથી વિચાર કરી કયો લેવો તે આપણા હાથમાં છે. અને બધી રીતે વિચાર કરતાં સાફ માલમ પડે છે કે હાલના વખતમાં વિધવાવિવાહ ઘણો અગત્યનો છે અને તે કરવાને શાસ્ત્રમાં કહેલું છે. માટે હિંદુ ભાઇઓ વિચાર કરો. આ પરમેશ્વરની પ્રેરણા થાય છે એમ સમજો. પરમેશ્વરે હવે વિધવાનાં દુઃખો સામું જોવા માંડયું છે. બહુ દેશહિતેચ્છુને હવે પરમેશ્વરે પેદા કરવા માંડયા છે. જો તમે નહીં ચેતો અને શાસ્ત્રનું તથા હાલના મહા પંડિતોનું મત નહીં ગ્રહણ કરો તો તમારે બહુજ દુઃખદાયક સ્થિતિમાં આવવું પડશે, અને પછી તમારી ભુલ તમને માલમ પડશે.